આંતરભારતી પુસ્તકમાળા

સફેદ લોહી

નાનકસિંહ

અનુવાદિકા
સરલા જગમોહન

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
નવી દિલ્હી

1975 (શક 1897)

રૂપિયા 9·00

વિતરક :
વોરા ઍન્ડ કંપની,
ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ 380 001

Original Title: CHITTA LAHU (Punjabi)
Gujarati Title : Safed Khoon

પ્રકાશક: ડાયરેક્ટર, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, એ–5 ગ્રીનપાર્ક, નવી દિલ્હી–16
મુદ્રક: ધીરુભાઈ દેસાઈ. સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, કોટ, મુંબઈ–1

ભૂમિકા

જમાનાની સાથે સાથે માનવીના આચારના સ્વરૂપ અંગેના ચિંતનમાં પણ વૃદ્ધિ થતી આવે છે. પહેલાં લેખકોની સામે સૌથી મોટા પ્રશ્નો એ હતા કે એક કોમ બીજી કોમ પર અત્યાચાર કરવા માગે છે, અથવા કોઈ પુરુષ કોઈ સ્ત્રીની કમજોરીનો ફાયદો ઉઠાવીને એની ઈજ્જત લૂંટવા માગે છે અને બીજો કોઈ પુરુષ સ્વાભિમાન અથવા પરોપકારની ભાવનાથી પ્રેરાઈને એની રક્ષા માટે જીવ આપવા તૈયાર થઈ જાય છે, વગેરે વગેરે. પણ હવે સામાજિક જીવન સીધુંસાદું રહ્યું નથી. તેની આંટીઘૂંટીઓ સહેલાઈથી સમજી શકાય તેવી નથી. હવે તો વિદ્યા અને પરસ્પરના સંબંધોમાં વધારો થઈ રહ્યો છે તેથી તરેહ તરેહના ગુણ-અવગુણ તેમાં ભળી ગયા છે અને મનુષ્યનું આચરણ એક ભારે ગોરખ-ધંધા જેવું બની ગયું છે.

નવલકથાકારનું કામ કેવળ કહાણી રચી કાઢવાનું નથી પણ કહાણીની પરિસ્થિતિ અનુસાર દરેક પાત્રનું સર્જન કરવાનું છે. સામાજિક આચરણ અને તે સાથે તેના સંપર્કમાં આવતાં સ્ત્રીપુરુષોનું વ્યકિતગત આચરણ બહુ સંશ્લિષ્ટ થઈ ગયાં છે. તેથી તો નવલકથાકારનું કામ ઘણું જ મુશ્કેલ બની ગયું છે. એક સારા નવલકથાકારમાં માનવીના આચરણને સમજવાની યોગ્યતા હોવી જરૂરી છે. એના બધા જ હિન્દુઓ કાયર, મુસલમાનો વિલાસી અને શીખ ગુરુમુખના પ્યારા જ ન હોવા જોઈએ. એને ખબર હોવી જોઈએ કે હિન્દુ-મુસલમાનોમાં પણ નેક વ્યકિતઓ હોઈ શકે છે અને શીખોમાં પણ ખરાબ લોકો હોઈ શકે છે. બીજા લેખકોને માટે તો ભલે એકાદ વિદ્યા જ આવશ્યક હોય, પણ નવલકથાકારને તો ધર્મ, દર્શન(વિશેષરૂપે મનોવિજ્ઞાન), ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, સાહિત્ય અને સમાજના સાધારણ પરિચયની સાથે જ પાસપડોશના સમાજનો પણ સહાનુભૂતિ-પૂર્ણ પરિચય હોય તે જરૂરી છે.

આવો પરિચય ઉતાવળે મેળવી શકાય નહિ, અને તેથી જ નવલકથા, સાહિ-ત્યનાં અન્ય રૂપોની પછી પ્રગટ થાય છે. નવલકથા પ્રગટ થઈ શકે તે માટે સામાજિક પરિસ્થિતિ કોઈક વિશેષ બિંદુએ પહોંચી હોય તે જરૂરનું છે. જે કોમમાં સ્ત્રીઓની હાલત ઘણી જ પછાત હોય તેમાં હજુ સુધી સામાજિક જીવનનો વિકાસ જ થયેલો નથી ત્યાં નવલકથા શી રીતે પ્રગટ થઈ શકે? સામાજિકતાને માટે

તો સ્ત્રી-પુરુષ વચ્ચેનો સંબંધ માલિક-ગુલામનો ન હોય, એમના પરસ્પર અધિકારોમાં કંઈક સમાનતા હોય અને જે કંઈ ખામીઓ રહેવા પામી હોય તેને સુધારી શકાય તેમ હોય એ આવશ્યક છે. તે સાથે જ આવશ્યક છે કે એક કોમ બીજી કોમ પર કાયમ જોરજુલમ ન કરતી હોય, ખુલ્લા વ્યવહારની ગુંજાશ હોય અથવા કંઈ નહિ તો એવી આશા સમાજ આખાને જાગ્રત રાખી રહી હોય.

આપણા દેશમાં પહેલાં સ્થિતિ આવી નહોતી, હવે ધીરે ધીરે એ સ્થિતિ આવી રહી છે. તેથી જ હવે નવલકથાઓ ધીરે ધીરે પ્રગટ થવા માંડી છે. સમાજ નીચે જઈ રહ્યો હોય એવે વખતે જે નવલકથાઓ લખાતી હોય તે સમાજ-સુધારાને વિશે જ હોય. ઉદાહરણ તરીકે, ભાઈ વીરસિંહજીની નવલકથા 'સુભાગજીકા સુધાર' લ્યો. એમાં નારીજાતિનાં દુ:ખોનું બયાન કરવામાં આવેલું છે. બાબા નૌધસિંહનું ચરિત્ર કેવળ આદર્શ ચરિત્ર જ નથી પણ તેમાં એવી નિષ્પક્ષતા અને સાધારણ હમદર્દીનું બયાન કરવામાં આવ્યું છે કે બાબા સૌને પોતાના બાબા લાગે છે. એના વ્યક્તિત્વમાં એવા ખાસ અનોખા ગુણ છે જે એને પોતાના જેવાં અન્ય પાત્રોથી અલગ કરી મૂકે છે. અને એટલે આ નવલકથા ભાઈસાહેબની તે પહેલાંની નવલકથાઓ કરતાં વધારે ઉચ્ચ કોટિની નવલકથા છે અને સાચા અર્થમાં નવલકથા છે.

ભાઈ નાનકસિંહની નવલકથાઓ પણ સમાજસુધારાને લગતી છે. પહેલાં પહેલાં એમણે 'મીઠા મદિરા,' 'પ્રેમસંગીત,' 'કાલચક્કર' આદિ નવલકથાઓ લખી અને તે દ્વારા પંજાબી સાહિત્યના રસિકો એમના નામથી ઘણા પરિચિત થઈ ચૂકેલા છે. પરંતુ પ્રસ્તુત નવલકથા 'સફેદ ખૂન' લખીને તો એમણે અભૂતપૂર્વ શક્તિનો પરિચય આપ્યો છે. પહેલાં તો તેઓ સમાજનું કોઈ એકાદ દૂષણ લઈને નવલકથા લખતા. પણ આ નવલકથામાં તો એમણે સમાજ આખાને પોતાના મજબૂત હાથો વડે ઝંઝેડી નાખ્યો છે અને દરેક બાજુથી તેના પર પ્રહાર કર્યા છે. આ નવલકથાને દેશના ખૂણે ખૂણે પહોંચાડી શકાય તો ઘણા સુધારાની આશા રાખી શકાય. અવિદ્યા, છૂતાછૂત, મદ્યસેવન, લગ્ન સમયની કુરીતિઓ, નારીજાતિ અને તેમાંયે વિધવાઓ પર થતા જુલમ, ગુરુદ્વારાની લાપરવાહી, વાતે વાતે થતા ઝઘડા, કોરટ, કેસ વગેરે કુકર્મ અને પ્રપંચી ચાલ વગેરે

પ્રસંગો એવી સુંદર રીતે નવલકથામાં ગૂંથ્યા છે કે વાચકના મન પર તેનો તત્કાળ અને ઊંડો પ્રભાવ પડી જાય છે.

આ નવલકથાનાં નાયક-નાયિકા અને બીજાં પાત્રોનાં ચિત્રણમાં બેહદ સમજદારી, અનુભવ અને શિલ્પનો પરિચય મળે છે.

એક મદારીની પોષિત બેટી સુંદરી ગુરુસિખ્ખીની વિદ્યા સંપાદન કરીને બચન-સિંહના સહવાસમાં ઊંચું વ્યક્તિત્વ પ્રાપ્ત કરી લે છે, પણ કલંદર અને વાંદરાની સાથેનો પ્રારંભિક સંપર્ક વારંવાર એને પાછળ ખેંચે છે. બચનસિંહનો પ્રભાવ એને સમાજસેવા તરફ જવા પ્રેરે છે, પણ એના પાછલા સંસ્કારો અને સમાજના અત્યાચારોની યાદ એને વારંવાર બદલો લેવા પ્રેરે છે. સારા-નરસા ભાવોના આંતરિક સંઘર્ષના ચિત્રણના હુન્નરની આ ખૂબી છે.

પંડિત રાધાકૃષ્ણનું ચિત્રણ અત્યંત સૂઝબૂઝ અને હાસ્યરસથી પરિપૂર્ણ છે. એ બીજા લોકોની કમાણી પર જીવનારો, લોકોની સામે છૂતછાતમાં માનનારો પણ અંદર બેસીને મુસલમાનોની સાથે એક જ ભાણે ખાનારો દંભી બ્રાહ્મણ છે. ગામની અંદર ધોખાબાજી, ચોરી, યારીની પ્રત્યેક યોજના એની જ સલાહથી ઘડવામાં આવતી, અને તોયે એનું ચૌધરીપણું અકબંધ રહ્યું હતું.

દસૌંધાસિંહની શારીરિક વિચિત્રતા, એની કાયરતા અને મૂર્ખતાનું રસપૂર્વક ચિત્રણ કરવામાં આવ્યું છે.

સૌથી વધારે હમદર્દી તો બુઢ્ઢા રોડૂ તરફ બતાવવામાં આવી છે. રોડૂ એક એવા કુદરતી પ્રેમનો નમૂનો છે જે નિમ્ન જાતિઓમાં વધારે જોવા મળે છે. એક વખત એવો હતો જ્યારે રોડૂ લોકોને પોતાનાં બાળકો પર પ્રેમ વરસાવતા જોઈને હસતો હતો અથવા મશ્કરી કરતો હતો પણ ઝાડીમાં પડેલી એક માસૂમ બાળકી એને મળી ગઈ તો એકદમ જ એ બાળકી પર એને કેવો પ્રેમ બંધાઈ ગયો અને કેવો અંતિમ ઘડી સુધી એ એના પ્રેમમાં લીન રહ્યો ! આ પ્રેમથી એની કેવી કાયાપલટ થઈ ગઈ અને એની પ્રાકૃત મનોવૃત્તિમાં ઉચ્ચ ભાવો અને જવાબદારીઓનો કેવો એહસાસ આવી ગયો તે લેખકે ખૂબ જ ખૂબીથી બતાવ્યું છે.

એ જ ખૂબી લેખકે બીજાં પાત્રોનાં ચરિત્રો આંકવામાં પણ બતાવી છે. લેખકનાં દૃશ્યોમાં પણ એ જ ખૂબી દેખાઈ આવે છે. દેશના લેખકોની દુર્દશા, માસૂમ સુંદરીને માટે કલંદર મદારીની માનતાઓ અને હાલરડાં; પાલાસિંહની

બદમાશ મંડળીનું ભાગ ઘૂંટવું, ધર્મશાળામાં નાની અમથી વાત માટે જાટોની આપસઆપસમાં મારપીટ, અનવરનો મુજરો અને ખાસ તો અનવરની પાસે જઈને 'માજી', 'માજી,' એવા એકબે શબ્દ બોલતાં સુંદરીના જીવનમાં આવી જતો પલટો—આ બધાં દશ્યો એવી ખૂબીથી આંકવામાં આવ્યાં છે જે પંજાબી સાહિત્યમાં આજ સુધી વાંચવામાં આવ્યાં નથી.

ભાષા અને શૈલી પણ ઉચ્ચ પ્રકારનાં છે. નવલકથામાં આરંભ અજબ ઢંગે થાય છે. હાસ્યને પ્રસંગે રચના સંયત અને શિષ્ટ બની જાય છે. દુઃખ અને દર્દનું વાતાવરણ ઊભું કરતી વેળા કૃતિમાં ગંભીરતા, જોશ અને દર્દ આવી જાય છે. પંડિતોની ભાષા લખવામાં જો કમાલ કરી છે તો જાટોકિસાનોની તળપદી ભાષા હૂબહૂ વાપરવામાં પણ ઓછી કમાલ કરી નથી. હા, ક્યાંક ક્યાંક પોઠોહારી શબ્દ અથવા રૂઢિપ્રયોગો સો પડદા ફાડીને લેખકનું પોતાનું વતન ક્યાં છે તેની ચાડી ખાઈ જાય છે.

નાનકસિંહની શૈલીની એક બીજી ખૂબી પણ છે જે એમની કુશળતા ઉચ્ચતમ કક્ષાએ પહોંચી ગઈ છે તે સૂચવે છે. આ છે નાટકીય વ્યંગ (dramatic irony) અથવા સાંકેતિક હાસ્યનો પ્રયોગ. આનાથી વાત વધારે અસરકારી બની જાય છે. જુઓ: રાધાકૃષ્ણ જેવો છૂતછાત કરનારો પંડિત મુસલમાનોને હાથે તો શું, પણ મુસલમાન રસોયાએ રાંધેલી વાનગી ખાઈ રહ્યો છે, એમના બોટેલા ગ્લાસમાંથી શરાબ પી રહ્યો છે. પોતાની વહુ-દીકરીઓ વિધવા થઈ જાય તો એમને માટે ઘરમાં કોઈ સ્થાન નથી, સમાજમાં કોઈ આદર નથી, પણ એ જ વિધવા મુસલમાન વેશ્યા બનીને કોઈકને ઘેર આવે છે, તો પંડિતજી જેવા સમાજના આગેવાન જઈને એને આંગણે નાકલીટી તાણે છે. કોઈક અછૂત આવીને માથું ટેકવી જાય તો કડાઈનો પરસાદ અપવિત્ર થઈ જાય છે, પણ કૂતરો આવીને કોઈના ખોળામાં બેસી જાય તો એ પ્રસાદ અપવિત્ર થઈ જતો નથી. પાલાસિંહ બચનસિંહનો વિરોધ એટલા માટે કરે છે અથવા બીજા પાસે કરાવે છે કે એક અછૂતની છોકરી(સુંદરી) સાથે એને ઉઠવાબેસવાનો સંબંધ છે, પણ એ પોતે જ એ સુંદરીને પોતાના ઘરમાં ઘાલવા માગે છે ત્યારે એવી દલીલ કરે છે 'ઓ યે, છોડો એ નકામી વાતોને. શીખોને તે વળી આવા વહેમોની સાથે કેવી લેવાદેવા?'

આ નવલકથા એક ટ્રેજેડી છે જે વાંચતાં મન પર ઘેરો પ્રભાવ પડે છે. કહેવાયું છે કે ડિકન્સની નવલકથાઓએ જે કામ કર્યું તે તો બ્રિટનની પાર્લમેન્ટના પસાર કરેલા કાનૂનો દ્વારા પણ થઈ શક્યું નહોતું. હવે જોઈએ, આ નવલકથા આપણા સમાજનું કેટલું સફેદ લોહી શુદ્ધ કરે છે અને તેમાં કેટલું સ્વસ્થ લોહી ભરે છે.

(પ્રિન્સિપાલ) તેજાસિંહ

૧૮ જુલાઈ ૧૯૩૨.

અધૂરો કાંડ

"સિપાઈ ! આ બદમાશને એક બાજુ ઊભો રાખ," કહીને ટિકિટ-કલેકટરે બીજા લોકોની ટિકિટ તપાસવા માંડી. સાંજના સાત વાગ્યા હતા. લોકો ટિકિટ બતાવીને દરવાજાની બહાર નીકળી રહ્યા હતા. સિપાઈએ મુસાફરનો હાથ પકડીને એને જોરથી ધક્કો દીધો અને દરવાજા પાસે એક બાજુએ ઊભો રાખ્યો. એ જ વખતે મુસાફરના લાંબા મેલા કોટનાં ફાટેલાં ખિસ્સામાંથી ચીંથરા થઈ ગયેલા કાગળોનો એક થોકડો નીચે પડ્યો. મુસાફરે એ થોકડો ઝટ દઈ ઉઠાવી લીધો.

એ યુવાન મુસાફરની પાસે કંઈ સામાન નહોતો. દેખાવે એ શીખ લાગતો હતો. અઢારેકની ઉંમર હતી. મૂછો હજુ ફૂટી નહોતી, એનું ખમીસ ગળા પાસે ફાટેલું હતું. એના કાળા લાંબા કોટના પણ એ જ હાલ હતા. કોટમાં ઠેકઠેકાણે થીગડાં મારેલાં હતાં. ગાજનાં કાણાં ફાટીને મોટાં થઈ ગયાં હતાં. લાગતું હતું કે એ ગાજ જાડા સફેદ દોરાથી અનેક વાર સીવી લેવાયા હશે. કોટને બટન તો હતાં જ નહિ. કદાચ ઠંડીથી બચવા મુસાફરે ગાજમાં દોરો પરોવીને કામ ચલાવી લીધું હતું. કોટનું એક ગજવું તો ફાટેલું હતું, પણ બીજું કંઈક સારી હાલતમાં હતું. મુસાફરના સુડોળ અને ગોરા શરીરનું એકેએક અંગ ગરીબી, નિરાશા અને શરમની મૂરત સમું બની ગયું હતુ.

સિપાઈના હાથનો સ્પર્શ થતાં જ મુસાફર પગથી માથા સુધી કાંપી ઊઠ્યો. સેંકડો મુસાફરો ટિકિટ આપીને એની સામેથી નીકળી ગયા હતા પણ ટિકિટ-કલેકટરે કોઈની સામે આવી ખોફનાક નજરે જોયું નહોતું. પણ આ મુસાફરની સામે તો એ બસ ક્રોધભરી નજર જ માંડી રહ્યો હતો. લોકોની નજરથી બચવા મુસાફર બે ડગલાં આગળ ગયો, અને દરવાજા તરફ પીઠ કરીને ઊભો રહી ગયો. સિપાઈએ કદાચ માન્યું હશે કે એ ભાગી છૂટવા માટે ચાલાકી કરી રહ્યો હતો. એણે મુસાફરને આંખોથી જ ધમકાવ્યો અને તાડૂકીને કહ્યું: "કેમ રે, કયાં જાય છે? એક જગ્યાએ સીધો ઊભો રહે, નહિ તો મારી મારીને ચામડી ઊતરડી નાખીશ!"

મુસાફર ચૂં-ચાં કર્યા વિના એ જ જગ્યાએ પાછો આવીને ઊભો રહ્યો. લગભગ પોણા કલાક પછી બધા મુસાફરો નીકળી ગયા ત્યારે ટિકિટ-કલેક્ટરે એના તરફ ધ્યાન આપ્યું અને તાડૂક્યો: "અરે એય, લાવ. આપી દે એક રૂપિયા અને દસ આના." ટિકિટ-કલેક્ટર કંઈ કહે તે પહેલાં જ મુસાફર કોટના ગજવામાં હાથ નાખીને આંગળીઓથી કંઈ શોધી રહ્યો હતો. એની પાસે જાડી ધારવાળો નિકલનો એક સિક્કો હતો. કોઈ માણસનો તરસે જીવ જતો હોય અને સામે કોઈએ નાનો અમથો પ્યાલો, અને તેય ખારા પાણીનો, ધર્યો હોય એવી આ મુસાફરની હાલત હતી. એના ગજવામાં ફકત એક ખોટી ચાર આની હતી.

મુસાફરે ડરતાં ડરતાં બહુ જ નરમાશથી કહ્યું: "સાહેબ! મારા પર રહેમ કરો, હું બહુ ગરીબ છું. બહુ કોશિશ કરી પણ ટિકિટ જેટલા પૈસા ભેગા કરી શક્યો નહિ. એટલે તો મારે વગર ટિકિટે મુસાફરી કરવી પડી."

ટિકિટ-કલેક્ટરે મજાક અને નફરતથી હસતાં હસતાં કહ્યું : "ઠીક છે! ગાડીભાડાના પૈસા નહોતા! ગાડી તારા બાપની ખરી ને?" વગર ટિકિટે મુસાફરી કરતી વખતે જેલની દાળ-રોટીનો ખ્યાલ આવ્યો નહિ?"

પાસે ઊભેલો સિપાઈ બોલ્યો : "સાહેબ, તમે એમ ધારો છો કે એની પાસે ગાડીભાડાના પૈસા નથી? મને તો લાગે છે કે જડતી લઈએ તો ખબર પડી જશે કે એ ખરેખર ગરીબ છે કે પછી બહાનાં કાઢી રહ્યો છે."

સિપાઈની વાતને ટેકો આપતાં ટિકિટ-કલેક્ટરે કહ્યું : "મને ખબર નથી શું? આ લોકો તો આ ધંધો માંડી બેઠા છે. વગર ટિકિટે મુસાફરી કરો અને જ્યાં કોઈ મૂરખ માલદાર મળી જાય ત્યાં અને મૂંડી નાખો, અને ચાલતી પકડો." પછી મુસાફરની સામે જોઈને કહ્યું : "ટિકિટના પૈસા આપે છે કે પછી મેમો ફાડું?"

ડરના માર્યા મુસાફરનું તો લોહી જ થીજી ગયું હતું. ચહેરા પર એક રંગ આવતો હતો અને બીજો રંગ ઊડી જતો હતો. બે ત્રણ વાર એની જીભ ખૂલતાં ખૂલતાં અટકી ગઈ. છેવટે હિંમત કરીને એણે કહ્યું : "સાહેબ, હું કોઈ ચોર કે ઉઠાવગીર નથી પણ આફતમાં આવી પડેલો એક ગરીબ માણસ છું.

બેશક, વગર ટિકિટે મુસાફરી કરીને મેં એક ગુનો કર્યો છે. મને ફાવે તે જગ્યાએ લઈ જાઓ, પણ ભગવાનને ખાતર આવા શબ્દો સંભળાવીને મારા દિલમાં છરી ભોંકો મા." આટલું કહેતાં તો મુસાફરની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં.

ટિકિટ-કલેકટરના કાન ટિકિટ વિના મુસાફરી કરનારા લોકોની આવી વાતોથી, અને આથી યે વધારે વાતોથી, ટેવાઈ ગયા હતા. એટલે જ તો આ મુસાફરની વાતો એણે બહુ લાપરવાહીથી સાંભળી. પણ જેવી એની નજર એ મુસાફરની આંખો પર પડી કે એ મૂંઝાઈ ગયો. મુસાફરની મોટી મોટી આંખોમાં લોહી ધસી આવ્યું હતું. ગુસ્સો અને નફરતથી એના હોઠ ફફડી રહ્યા હતા અને એના ગોરા ચહેરા પર લાલી ધસી આવી હતી.

સિપાઈનું હૃદય કદાચ વધારે કઠોર હતું; એટલે જ એણે એ તરફ ધ્યાન આપ્યું નહોતું. પણ આ દુખિયારા જીવના ચાર શબ્દોએ ટિકિટ-કલેકટરના મનમાં ઊથલપાથલ મચાવી દીધી હતી. એ દુઃખી હૃદયને આઘાત આપ્યો હતો તેનો એને પસ્તાવો થઈ રહ્યો હતો. કેટલીયે વાર સુધી એ ટીકી ટીકીને મુસાફરની આંખો સામે જોઈ રહ્યો. એ આંખો એના મન પર કોઈ ગજબ અસર જગાવી રહી હતી.

મુસાફર ક્યારેક હાથમાં પકડેલા કાગળોના બંડલને હાથમાં દબાવી લેતો હતો તો ક્યારેક તેને કોટના ગજવામાં મૂકી દેતો હતો. પણ પછી, એ ગજવું પણ બીજા ગજવાની જેમ ફાટી ન જાય એ વિચારે બંડલ બહાર કાઢીને બહુ સાવધાનીથી પાછું હાથમાં પકડી લેતો હતો.

"મારી સાથે આવ," કહી પોતાનો ચાર્જ બીજા ટિકિટ-કલેટકરને સોંપીને એ મુસાફરની સાથે બહાર આવ્યો. કદાચ એની ડયૂટી પૂરી થઈ ગઈ હશે. મુસાફરે પણ એની પાછળ પાછળ જવા માંડયું.

હવે ટિકિટ-કલેકટર એને સ્ટેશન-માસ્તર પાસે લઈ જાય કે પોલીસ અમલદારની પાસે લઈ જાય તેની એ મુસાફરને ચિંતા નહોતી. સ્ટેશનની બહાર નીકળીને ટિકિટ-કલેકટર એક મેદાનમાં જઈને લીલા ઘાસ પર બેસી ગયો તે જોઈને મુસાફર મૂંઝાયો. મુસાફરને પણ એણે ત્યાં બેસવાનો ઇશારો કર્યો.

ટિકિટ-કલેકટરે ફરી એક વાર મુસાફર સામે જોઈ લીધું અને પૂછ્યું: "ક્યાંથી આવે છે?"

"જી, લાહોરથી."

"ઘર ક્યાં છે?"

"અહીં જ, અમૃતસરમાં."

"ગજબ વાત કહેવાય. અમૃતસરમાં તારું ઘર હોય અને ગજવામાં દસ આના જેટલાય પૈસા નહિ! શું કામ કરે છે?"

આ વાતનો જવાબ દેવાનું કદાચ મુસાફરને મુશ્કેલ લાગતું હતું. થોડી વાર વિચાર કર્યા પછી એણે કહ્યું: "જી, કંઈ નહિ."

ટિકિટ-કલેક્ટરે મૂંઝાઈને પૂછ્યું: "કંઈ નહિ? તો પછી ખાય છે ક્યાંથી?" ટિકિટ-કલેક્ટરે વળી એના તરફ શંકાભરી નજરે જોયું. પણ શંકાની તો ત્યાં કોઈ ગુંજાશ જ હતી નહિ. મુસાફરની આંખોમાં કોઈ ઊંડુ આકર્ષણ હતું જે ટિકિટ-કલેક્ટરનું પરાણે ધ્યાન ખેંચી રહ્યું હતું અને તેની સૂતેલી ભાવનાઓમાં ધીમો એવો સળવળાટ પેદા કરી રહ્યું હતું.

મુસાફરે કહ્યું: "કેમ કરીને જણાવું કે હું ક્યાંથી ખાઉં છું?" પછી જરા અટકીને એ બોલ્યો: "સાહેબ, ખરેખર તો મોત બહુ બૂરી ચીજ છે. માણસ મોતથી કેટલો ડરે છે! ઈશ્વરે માણસને, ખાસ તો મારા જેવા લોકોને, કેવા ધીટ અને બેશરમ બનાવ્યા છે! બધું ફનાફાતિયાં થઈ જાય પછી પણ, બેઈજ્જતી અને જુલમોના શિકાર બન્યા પછી પણ, મને જીવતા રહેવાની ઈચ્છા છે. ધિક્કાર છે મારા જીવતર પર." કહેતાં કહેતાં મુસાફરનું ગળું ભરાઈ આવ્યું.

આ પછીની બીજી એકબે વાતની તો વળી ટિકિટ-કલેક્ટરના મન પર વધારે અસર પડી. મુસાફરને દિલાસો આપતાં એણે કહ્યું: "સરદાર! હિંમત રાખ. તું કોઈ ભારે મુસીબતમાં આવી પડ્યો લાગે છે. મારાથી બનતી મદદ કરવાનો પ્રયત્ન કરીશ."

મુસાફર કોઈ ઊંડા વિચારમાં ડૂબેલો હતો. ટિકિટ-કલેક્ટરની વાત પર ધ્યાન આપ્યા વિના જ એક ઠંડો શ્વાસ લેતાં એ બોલ્યો: "જનાબ! આ કંઈ મારા માટે સારું થયું નહિ. તમારે તો મને પોલીસને હવાલે કરી દેવો જોઈતો હતો. સાંજ પહેલાં તો હું પોલીસથાણે કોટડીમાં પહોંચી ગયો હોત, મારે માટે...... મારે માટે એ જ ઠીક હતું."

મુસાફરની વાતનો મર્મ સમજવા ટિકિટ-કલેકટરે ફરી એક વાર એના મોં સામે જોયું. એક મિનિટ માટે તો એને એવો વિચાર પણ આવી ગયો કે મુસાફર કદાચ પાગલ હશે, એનું ચક્કર ફરી ગયું હશે. એણે વળી પૂછયું : "તારે માટે એ ઠીક હતું – એટલે શું?"

મુસાફરે હાથમાં પકડેલા કાગળોના બંડલ તરફ જોઈને કહ્યું : "મારી નવલકથાનો અધૂરો કાંડ પૂરો થઈ જાત."

ટિકિટ-કલેકટરે કહ્યું : "ભાઈ, આ વાત જરા ફોડ પાડીને સમજાવ. મને કંઈ સમજાયું નહિ."

મુસાફરે કહ્યું : "જનાબ, હું આ જ શહેરમાં ભગતાંવાળા દરવાજામાં એક માંગીતૂટી કોટડીમાં રહું છું. તેનું ભાડું ભલે મહિને આઠ આના છે, પણ મારે માટે તો એ રકમ આઠ રૂપિયા બરાબર છે. હું એક અદનો એવો લેખક છું. મૂળે તો આ મારો વ્યવસાય નથી થોડા વખતથી જ મને સાહિત્ય રચવાનો શોખ લાગ્યો છે. આ પહેલાં પણ હું થોડી કૃતિઓ પ્રકાશકોને આપી ચૂક્યો છું અને તે છપાઈ પણ ચૂકી છે. એ સિવાય પણ કેટલાં યે માસિકોમાં મારી વાર્તાઓ છપાય છે. બેશક, લોકોએ મારી પ્રશંસા કરી છે. પણ હું કેવળ પ્રશંસાને શું કરું, જ્યારે કોઈએ મારા હાથમાં ચાર ઠીકરાં કરતાં વધારે કદી કંઈ જ મૂકયું નથી ? આ રકમ મારી જરૂરિયાતોને માટે બહુ જ ટૂંકી પડે છે."

થોડી વાર અટકીને મુસાફર ફરી બોલ્યો : "સાહેબ ! થોડા દિવસ પહેલાં જ હું આ લખી રહ્યો હતો (હાથમાં પકડેલી હસ્તપ્રત તરફ ઈશારો કરતાં) ત્યારે મારી પાસે એક ફૂટી કોડી પણ નહોતી. કોઈ મને ઉધાર પણ આપતું નહોતું. પરમ દિવસની જ વાત છે. મારા કાગળ ખલાસ થઈ ગયા. મારા તો હોશ ઊડી ગયા હતા. મારી આ નવલકથાનો છેલ્લો કાંડ બાકી હતો. ભૂખ્યો રહીને, શરીરે ઉઘાડો રહીને હું ચલાવી શકું તેમ હતું ; પણ કાગળ વિના મને પળભર પણ કેમ ચાલે ? દિવસ આખો હું ભટકતો રહ્યો. પણ ન તો મને કોઈએ ચાર આના આપ્યા કે ન તો કાગળ આપ્યા.

"હું બહુ નિરાશ થઈ ગયો. એ વખતે મેં મરવાનો વિચાર કર્યો. પણ કદાચ પુસ્તક અધૂરું રહી જશે એ ખ્યાલે કે પછી બીજી કોઈ વાતના મોહથી આ વખતે પણ હું મરી શકયો નહિ.

"હું બજારમાં જઈ રહ્યો હતો. કચરાના ઢગલામાં મેં થોડા મેલા અને ચોળાયેલા કાગળ જોયા. કદાચ કોઈ નિશાળિયાએ પોતાની રદ્દી નોટબુક ફેંકી દીધી હતી. એ કાગળો હાથમાં લઈને મેં જોયું તો બધા જ કાગળોને ભેજ લાગી ગયો હતો. થોડાં પાનાં પર એક બાજુએ લખેલું હતું અને બીજી બાજુએ એ કાગળ કોરા હતા. પણ શાહી પ્રસરી ગયેલી હતી એટલે કોરી બાજુ પણ રંગાઈ ગયેલી લાગતી હતી.

"મેં બધા જ કાગળ વીણી લીધા અને મારી કોટડીમાં જઈને દેવતાની ગરમીમાં સૂકવી દીધા. મારે માટે આ પણ બસ હતું.

"એ કાગળો પર મેં છસાત કલાક સુધી એકધારું લખ્યા કર્યું. બીજે દિવસે મારે લખવા માટે કોઈ કાગળ બચ્યા નહોતા. પણ ત્યારે મારી નવલકથા લગભગ પૂરી થવા આવી હતી અને છેલ્લો કાંડ પણ અર્ધો લખાઈ ચૂક્યો હતો. હવે હું નવલકથાને વેચવા અધીરો બન્યો હતો. હું ઈચ્છતો હતો કે તેના બદલામાં મને એકદમ જ ઘણા બધા પૈસા મળી જાય અને હું મારી ફરજ પૂરી કરી લઉં. કેવી ફરજ તે તો હું કહી શકું તેમ નથી. મારામાં જરા જેટલી પણ ધીરજ નહોતી.

"મારો ખ્યાલ હતો કે પહેલાંની મારી બધી રચનાઓ કરતાં આ રચના વધારે સારી છે. લાહોર જઈને કોઈક સારા કદરદાન પ્રકાશકને તે આપવાનો મારો ઈરાદો હતો. પણ પૈસા વગર તો લાહોર જવું તે પણ મારે માટે કલકત્તા જવા બરાબર હતું.

"કાલે જેમ તેમ કરીને મેં એક રૂપિયાની જોગવાઈ કરી. પણ જેણે મને એક રૂપિયો આપ્યો તે તો જુગારીઓનો શાહુકાર હતો. એણે મારી પાસે બે રૂપિયાની રસીદ લખાવી લીધી.

"આજે હું સવારથી ભૂખ્યો હતો. એ અધૂરા કાંડવાળી નવલકથા લઈને હું લાહોર જવા નીકળ્યો. મને એમ કે કોઈકની સાથે સોદો થઈ જશે તો એની પાસેથી જ કાગળ લઈને છેલ્લા કાંડનો બાકી રહેલો ભાગ ત્યાં જ કોઈક બાગમાં બેસીને પૂરો કરી નાખીશ અને પછી જ ખાવાનો વિચાર કરીશ.

"ટ્રેનની ટિકિટ લઈને હું લાહોર પહોંચ્યો. જઈને કેટલાયે પ્રકાશકો પાસે ગયો. મને એમ હતું કે જેને પણ હું આ નવલકથા બતાવીશ તેને પહેલેથી છેલ્લે સુધી વાંચી સંભળાવીશ જેથી એ પ્રકાશકના દિલ પર એવો ઘેરો પ્રભાવ પડશે કે મને સારા એવા પૈસા મળી જશે. પણ એ લોકો તો મારા એ કચરાના બંડલને જોતાં જ ગભરાઈ ઊઠયા અને દસપંદર રૂપિયાનું નામ પાડીને ઊભા રહ્યા. મારી જરૂરિયાત કંઈ એટલેથી પૂરી થાય તેમ નહોતું.

"કહેવાનો અર્થ એ કે દિવસ આખો હું ભટકતો રહ્યો, પણ મારી નવલકથાનો ક્યાંય સોદો થયો નહિ. હવે મને અમૃતસર પાછા વળવાની ચિંતા થઈ. ભૂખથી મારો જીવ જતો હતો. ત્યારે મારી પાસે ફક્ત ચાર આના હતા. એક ભઠિયારખાના પર જઈને મેં ચાર આનાનું ખાવાનું ખાધું. ભઠિયારાએ તો એ ચાર આના મારે માથે પાછા માર્યા. એની દુકાને કેટલાયે લોકો ખાવાનું ખાઈ રહ્યા હતા. મારી હાલત જોઈને દયા ખાવાને બદલે એ લોકો તો મારી મજાક ઉડાવી રહ્યા અને જાતજાતનાં ટોણાં મારી રહ્યા.

"ભઠિયારાએ મને બેચાર ખરી-ખોટી સંભળાવી. મારી પાસે હવે કોઈ ઉપાય નહોતો. મારા ખિસ્સામાં રેશમી રૂમાલ હતો. મારે મન એ રૂમાલ કેટલો કીમતી હતો તે હું તમને કેમ કરીને કહું? (કહેતાં કહેતાં મુસાફરનો સ્વર ગદગદ થઈ ગયો.) એ મારી જિન્દગીની વહી ગયેલી કમાણીનો માંડ બચવા પામેલો હિસ્સો હતો. હૃદય પર પથ્થર મૂકીને મેં ચાર આનામાં એ રૂમાલ હલવાઈને હવાલે કરી દીધો. એ રૂમાલ હાથમાંથી છોડતી વખતે મારી આંખોની સામે કોઈ સુંદર ચહેરો આવી ગયો. મને લાગ્યું કે આંખમાં આંસુ સાથે કોઈ મને કહી રહ્યું હતું: 'ઓ જાલિમ! તારું લોહી પણ સફેદ થઈ ગયું શું?'

"હિંમત કરીને હું સ્ટેશન પર પહોંચ્યો અને ટિકિટ લીધા વિના જ ટ્રેનમાં બેસી ગયો. ગાડીમાં બેસીને મેં છાપાંના રદ્દી કાગળો પર મારા અધૂરા કાંડનો બાકી રહેલો ભાગ લખવા માંડયો, પણ તે પૂરો થઈ શકયો નહિ. અને અહીં પહોંચ્યો તો હું તમારા કબજામાં આવી ગયો.

"સાહેબ, એટલા જ માટે હું કહી રહ્યો હતો કે તમે મને જેલમાં મોકલી દીધો હોત તો મારો અધૂરો કાંડ બહુ સુંદર રીતે પૂરો થઈ જાત કારણકે નવલ-કથાનું શીર્ષક છે 'સફેદ લોહી.' એમાં જેટલા જેટલા લોકોનો ઉલ્લેખ આવે છે તે

બધાનું લોહી, બે જણના અપવાદ સિવાય, સફેદ બતાવવામાં આવ્યું છે. તમે મારી નવલકથાનું છેલ્લું પાત્ર છો. તમારું લોહી પણ જો સફેદ હોત તો આ એક રસભરી ટ્રેજેડી બની જાત. હવે તેના આખરી હિસ્સામાં આ તૈયાર વિષયને બદલે મારે નવા જ વિષયની શોધ કરવી પડશે."

મુસાફરની નવલકથાનો આખરી કાંડ જો આવો દર્દભર્યો છે તો બાકીનો ભાગ કેવોક હશે? આ વિચારે મુસાફરની આપવીતી સાંભળીને ટિકિટ-કલેકટરના દિલમાં ભાવુકતા ઊભરાઈ આવી. એણે ભારે શ્રદ્ધા, સહાનુભૂતિ અને પ્રેમભરી નજરે એક વાર ફરીથી એ મુસાફરને પગથી માથા સુધી નિરખી લીધા અને એનો હાથ ચૂમીને શ્રદ્ધાપૂર્વક બોલ્યો:

"સરદારજી, માફ કરો. તમારું જીવન આવું ઊંચું હશે એવો તો મને ખ્યાલ જ નહોતો. ચાલો, આજની રાત આ ગરીબની ઝૂંપડીમાં ગાળો અને વાંધો ન હોય તો મહેરબાની કરીને તમારી નવલકથા પણ વાંચી સંભળાવો. મને પણ નવલકથા વાંચવાનો બહુ શોખ છે. કદાચ ક્યાંક છપાવવાની વ્યવસ્થા પણ કરી શકું. કેટલાક પ્રકાશકો જોડે મારે ઓળખાણ છે."

મુસાફરે કોઈ જવાબ આપ્યો નહિ અને ચૂપચાપ ઊઠીને ટિકિટ-કલેકટરની પાછળ ચાલવા માંડ્યું. આ પછી ટિકિટ-કલેકટરે એને બીજું કંઈ વધારે પૂછ્યું નહિ.

થોડી વારે મુસાફર ટિકિટ-કલેકટરને ઘેર પહોંચ્યો.

જતાંવેંત જ સૌથી પહેલાં તો ટિકિટ-કલેકટરે નોકરને બોલાવીને એને માટે ખાવાનું મગાવ્યું કારણકે ઘરમાં એ એકલો જ રહેતો હતો. ખાઈ લીધા પછી બન્ને જણા અંદરના રૂમમાં પહોંચ્યા તો ટિકિટ-કલેકટરે એને એક બિછાના પર બેસવાનો ઈશારો કર્યો અને કહ્યું: "લો સરદારજી, બેસો અને સૌથી પહેલાં તો તમારી આ નવલકથા વાંચી સંભળાવો."

રાતના નવ વાગ્યા હતા. મુસાફરે બંડલ પર વીંટાળેલું મેલું ચીંથરું છોડ્યું. છોડતાં જ તેમાંથી નાનામોટા કેટલાય કાગળ એના હાથમાંથી સરીને જમીન પર વેરાઈ ગયા. થોડી વાર સુધી મુસાફર એ કાગળોને એકઠા કરતો રહ્યો અને પાનાં મેળવતો રહ્યો. બધાં પાનાં નંબરવાર એકઠા થઈ ગયા તો એણે સૌથી પહેલાં શીર્ષક-વાળું પાનું લઈને ટિપોય પર મૂક્યું. ટિકિટ-કલેકટરની ત્યાં નજર પડી તો એકદમ

એ ચોંકીને ખુરસીમાંથી ઊભો થઈ ગયો. ક્યારેક પોતાનો ઉપરી-અધિકારી આવી ચડે તો એ આમ જ ઊભો થઈ જતો. ટાઈટલ-પેજ પરનું શીર્ષક બહુ લાંબું નહોતું. આટલું જ લખેલું હતું:

'સફેદ લોહી'

કર્તા: 'ગુપ્તેશ્વર'

આ 'ગુપ્તેશ્વર' નામ તો ટિકિટ-કલેકટરના રોમેરોમમાં રમી રહ્યું હતું. ગુપ્તેશ્વરનાં પુસ્તકો એ કેવી શ્રદ્ધાથી, કેવા પ્યાર અને શોખથી વાંચતો! એ પુસ્તકો વાંચતાં એને કેટલું સુખ મળતું, કેટલી શાન્તિ મળતી! ગુપ્તેશ્વરનાં પુસ્તકો જાણે ધાર્મિક ગ્રંથો હોય તેમ એ રૂમાલોમાં બાંધી રાખતો.

આ એ જ ગુપ્તેશ્વર છે? સાચેસાચ શું હું એ જ વ્યકિતને સાક્ષાત જોઈ રહ્યો છું, જેનું એક એક વાક્ય મારે મન દૈવીવાણી કરતાં ઓછું નથી? એના જેવી માનપાત્ર વ્યકિતના આ હાલ? આવા પ્રશ્નો એના મનમાં ઊઠી રહ્યા હતા.

ખુરશી પરથી ઊઠીને એ જમીન પર બેસી ગયો, અને બન્ને હાથે મુસાફરના પગને સ્પર્શ કરતાં બોલ્યો: "તમે જ ગુપ્તેશ્વર છો? મારા રોમેરોમમાં વસેલા એ મહાપુરુષ તે તમે જ છો?"

આમ ક્હેતાં ક્હેતાં એ ઝટપટ ઊભો થઈ ગયો અને કબાટ ખોલીને રૂમાલમાં બાંધેલું એક બંડલ લઈ આવ્યો. બંડલ લાવીને એની સામે ખોલતાં ખોલતાં એણે કહ્યું: "આ બધી તમારી જ રચનાઓ છે?"

એ બંડલમાં ગુપ્તેશ્વરની આજ સુધીની બધી જ રચનાઓ હતી—થોડાં પુસ્તકો અને માસિકોમાં એના નામે છપાયેલી કૃતિઓનાં કટિંગ.

આ પ્રશંસાની મુસાફરના હૃદય પર કોઈ અસર પડી નહિ, જે સામાન્ય રીતે લેખકોના હૃદય પર થતી હોય છે. પહેલાંની જેમ જ ગંભીરતાથી માથું હલાવીને એણે કહ્યું: "જી! આ બધી એ પરમાત્માની જ કૃપા છે."

બાબુ શામદાસ (ટિકિટ-કલેકટર) પોતાની બધી શ્રદ્ધા-ભકિત એકત્રિત કરીને એના કદમોમાં બિછાવી દેવા ઇચ્છતો હતો. ગદગદ થઈને એણે કહ્યું: "ઓહો! મારા પ્રિય ગુપ્તેશ્વરસાહેબ! હું ખરેખર બહુ જ નસીબદાર છું કે જેના નામની હું હમેશાં માળા

ફેરવ્યા કરતો હતો એ વસ્તું મને આજે મળી ગઈ. મારા મુક્તિદાતા! તમે મારા પર કેટકેટલા ઉપકાર કર્યા છે તે હું તમને શી રીતે સમજાવું? આજથી થોડાં વર્ષ પહેલાંની મારી જિન્દગી તો કૂતરાની જિન્દગી હતી. દુનિયાભરની એબ અને બુરાઈઓ મારામાં ભરેલી હતી અને હું છાતી ઠોકીને તેની શેખી મારતો હતો. પણ તમારી રચનાઓ વાંચવા માંડી ત્યારથી મારા જીવનમાં આપોઆપ જ પરિવર્તન થવા માંડયું. શોધી શોધીને તમારાં બધાં પુસ્તકો મેં એકઠાં કર્યાં અને તમારાં લેખ-વાર્તાઓ વગેરે જેમાં જેમાં આવતાં હતાં તે બધા સામયિકો વાંચવા માંડયાં. એ રચનાઓમાં કેટલી આધ્યાત્મિકતા છે, કેટલું દર્દ છે, કેટલી નસિયત છે અને તેને કારણે મારી જિન્દગીએ કેટલો ઝડપી પલટો લીધો હતો તેનું તો મારાથી વર્ણન થાય તેમ નથી. તમારાં દર્શનની ખ્વાહિશ લઈને હું કેટલુંયે ફર્યો પણ તમારો ક્યાંય પત્તો લાગ્યો નહિ. સૌએ એક જ જવાબ આપ્યો કે થોડા જ વખતમાં આટલી નામના મેળવનાર એ અજ્ઞાત લેખકને કોઈએ હજુ સુધી જોયો નથી. આટલી જલદી ખ્યાતિ તમને કેમ કરતાં મળી? ગુપ્તેશ્વરસાહેબ! આ જ બેઠકમાં થોડા વખત પહેલાં શરાબી, જુગારી અને બીજા વ્યસનીઓની ધૂમ રહેતી હતી અને હું એ સૌનો સરદાર હતો. એ સિવાય પણ એ પાપ, એ અપકૃત્યો જેને યાદ કરતાં...”

ગુપ્તેશ્વરને એની હાલત પર ઘણી દયા આવી અને જ્યારે એને ખ્યાલ આવ્યો કે આવડા મોટા ગુનેગારને પોતે આટલો જલદી સુધારી લીધો, તો શામદાસને માટે એના મનમાં પ્રેમ અને સહાનુભૂતિ જાગી. પ્રેમભેર એનો હાથ પકડીને એને ખુરશી પર બેસાડતાં ગુપ્તેશ્વરે કહ્યું: “મુરબ્બી, તમારા જેવા નસીબદારને જોઈને હું ખુશ છું. જેમાંથી નીકળવાનું મુશ્કેલ હતું એવા પાપના ખાડામાંથી તમે તમારી જાતને બહાર કાઢી લીધી એ ખુશીની વાત છે. પરમાત્માની કૃપા છે કે તમારા પર એણે આટલી કૃપા કરી છે.

બાબુ શામદાસનું હૃદય આનંદથી છલકાઈ રહ્યું. પણ તે સાથે જ આ પવિત્ર આત્માનું થોડી વાર પહેલાં જ પોતે કેવું અપમાન કર્યું હતું તે પણ એને યાદ આવ્યું, અને શરમથી એ પાણી પાણી થઈ ગયો. ગુપ્તેશ્વરના પગ પકડીને એણે કહ્યું: “મને માફ કરો. મેં આજે એવો ગુનો કર્યો છે જે કદી માફ ન થઈ શકે.”

પોતાના પગ પાસેથી શામદાસના હાથને દૂર કરતાં ગુપ્તેશ્વરે કહ્યું: "મુરબ્બી! આમ કહીને તમે મને નરકનો ભાગીદાર ન બનાવો. ઉંમરમાં તો તમે મારા બાપ જેવા છો."

શામદાસે કહ્યું: "એ તો ઠીક, પણ અક્કલ બડી કે ભેંસ?" પછી એણે ગુપ્તેશ્વરને વીનવ્યો કે બીજી બધી વાતો તો પછી થયા કરશે, પહેલાં નવલકથા સંભળાવો."

ગુપ્તેશ્વરે કહ્યું: "સંભળાવું છું. પણ ખાસ્સી લાંબી નવલકથા છે. સાંભળતાં સાંભળતાં તમે કંટાળી જશો."

"શું કહ્યું? કંટાળી જઈશ? આખી નવલકથા સાંભળી ન લઉં ત્યાં સુધી મારે માટે પાણી પીવું પણ હરામ છે. સિવાય કે તમે વાંચતાં વાંચતાં કંટાળી જાઓ."

"તો આજની રાત તમારે જાગરણ કરવું પડશે. ઝડપથી વાંચું તો યે આખી નવલકથા વાંચતાં ઓછામાં ઓછા આઠ-દસ કલાક તો જોઈશે જ."

"જોઈએ તો દસ દિવસ સુધી વાંચો—હું એક મટકું યે મારીશ નહિ."

"ઠીક, સાંભળો ત્યારે."

શામદાસે વીજળીનો ગોળો એની સામે લટકાવી દીધો અને કહ્યું: "હા, હવે શરૂ કરો."

ગુપ્તેશ્વરે ટાઈટલવાળું પાનું લઈને સામેની ટિપોય પર મૂકયું અને નવલકથા વાંચવાની શરૂઆત કરી—

[1]

પાનખરની ઋતુમાં જેમ જંગલની શાન્તિમાં ઝાડનું સૂકું પાંદડું ખડખડ કરતું ખરી પડે અને પછી તેનો અવાજ શાન્તિમાં ભળી જાય તેમ અડધી રાતે ઘાસની એક તૂટીફૂટી ઝૂંપડીમાં બેઠેલી એક દુ:ખી યુવતી ઠંડા નિ:શ્વાસ નાખે છે. અને એ અંધારી અને ભયાનક ક્ષણે ગરમ બાષ્પથી ઘેરાયેલો એનો સ્વર એક મંદ એવો ગુંજારવ જગાડીને ત્યાં જ ખોવાઈ જાય છે.

એક તો નિર્જન અંધકાર અને તેમાં વળી ગામની બહાર ઝૂંપડીમાં એ બદનસીબ દુખિયારી એકલી જ હતી. આસપાસમાં કોઈ નહોતું. લાગતું હતું કે નજીકમાં જ શાકભાજી વેચવાવાળા વાઘરીઓની એક ઝૂંપડી હતી જેમાં દિવસે એ લોકો બેઠા બેઠા હુક્કા-તમાકુ પીધા કરતા. એ યુવતીની ઉંમર માંડ અઢારેક વર્ષની હશે. જેમ કાંસાનું ચમકદાર વાસણ ધુમાડાથી ભરેલા રસોડામાં કાળું પડી જાય છે, તેમ એ અતિશય સુંદર હોવા છતાં એની સુંદરતાને દુ:ખની છાયાએ ઢાંકી દીધી હતી. એની આંખોની આસપાસ કાળાં કુંડાળાં જામી ગયાં હતાં. એના ગૂંચવાયેલા વાળ અને ચીંથરેહાલ કપડાં પરથી લાગતું હતું કે એના પર તો દુ:ખના પહાડ તૂટી પડયા હતા.

અમાસની ઘનઘોર રાત્રિ, ઉપરથી ઠંડીની મોસમ અને મહા મહિનો. આંધીના સૂસવાટા અને સૂકા પાંદડાંના કર્કશ અવાજોએ મળીને દુ:ખની આગમાં સળગી રહેલા એ દિલને માટે પ્રલયનું વાતાવરણ લાવી મૂકયું હતું. એનો દેહ ભલે ઠંડીમાં ઠૂંઠવાઈ રહ્યો હતો, પણ એના દિલમાં સળગી રહેલી આગ કોઈ લાકડાં કે કોલસાની આગ નહોતી કે કુદરતની આ ઠંડી તેને બુઝાવી શકે.

સુખોની યાદની જેમ રાત ધીમે ધીમે વીતી રહી હતી પણ ભાવિ દુ:ખોની સંભાવનાની જેમ ઠંડી અને તોફાન વધતાં જતાં હતાં.

એનું શરીર બિલકુલ સજ્જડ થઈ ગયું, એના હોશ-કોશ ઊડી ગયા અને એ ત્યાં જ ગોબર-ભૂસાથી લીંપેલી જમીન પર ઊંધે મોંએ પટકાઈ પડી, અને પડતાં વેંત જ બેહોશ થઈ ગઈ. એની અસહ્ય વેદના જોઈને આકાશમાં ચમકી રહેલા તારાઓએ પણ આંખ મીંચી દીધી અને શોકઘેરાં વાદળ એના દુ:ખ પર આંસુ વરસાવી રહ્યાં.

વરસાદ અને આંધીએ તો કેર વરતાવી દીધો. એ બિચારી એમ જ બેશુદ્ધ પડી હતી. પછી તો આંધીના એક જોશના સપાટાએ એનાં તૂટેલાં છાપરાંને પણ ઉપરથી ઉઠાવીને કયાંનું કયાં ફેંકી દીધું. તો યે ઘાસનાં તણખલાં અને ખપાટિયા ધીટ બનીને એ અભાગણીને આશ્રય આપતાં તેના માથા પર છવરાઈ રહ્યાં હતાં. પણ મુશ્કેલીના દિવસોના મિત્રોની જેમ ફરી પાછાં કયારે ઊડી ગયાં તેની ખબર પણ ન પડી.

હવે એ બિચારીને માથે અમાપ આકાશ સિવાય બીજું કંઈ બાકી રહ્યું નહોતું.

હિમ જેવો ઠંડો પવન ત્યારે એના લગભગ મરેલા જેવા દેહ પર મોટી મોટી કણીઓ જેવાં તીર ચલાવી રહ્યો હતો. એના રુક્ષ લાંબા વાળ પાણીમાં ભીંજાઈને ગુનેગારના દિલની જેમ સખત થઈ ગયા હતા. લાગતું હતું કે કોઈ નિર્દય રખેવાળ એના શરીર પર જાણે ચાબુક ફટકારી રહ્યો હતો.

અર્ધમૃત એ સ્ત્રી હવે ખુલ્લા મેદાનમાં હતી

[2]

એની બેશુદ્ધિ દૂર થવા માંડી. શરીરમાં કંઈક ગરમાં આવી. પોતાનાં અંદર એ કંઈક તાકાતનો અનુભવ કરી રહી હતી. એને લાગ્યું કે આસપાસની બધી વસ્તુઓ ઓળખી શકાય નહિ એ રીતે ઘૂમી રહી હતી. કોઈ પણ વસ્તુ પર એની નજર ઠરતી નહોતી. એનો હાથ આપોઆપ માથાની પાછળ ગયો અને એની આંગળીઓ એ જગ્યાને શોધ રહી જયાં એને પીડા થતી હતી. લાગતું હતું કે એના વાળ લોહીથી તરબોળ થઈ સુકાઈને ચોંટી ગયા હતા. એને માથે પાટો બાંધેલો હતો.

ધીરે ધીરે એને ભાન આવ્યું ત્યારે એને પોતાની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવ્યો. સાથે જ કોઈક તાજી ઘટના એને યાદ આવી ગઈ. એ જ પળે એના મોંમાંથી 'હાય' નીકળી ગયું અને એ પાછી બેહોશ થઈ ગઈ. પણ આ વખતે એની બેહોશી વધારે ટકી નહિ. તરત એ પાછી ભાનમાં આવી ગઈ અને ઊઠવા માટે ખાટલાની ઈસ પર હાથ ફેરવવા માંડી પણ કોઈકે એના બન્ને હાથ પકડીને અત્યંત કોમળ સ્વરે પ્રેમ અને સહાનુભૂતિથી કહ્યું: "બેટી! તારે હજી ઊઠવાનું નથી."

એણે આમ કહી રહેલી સ્ત્રી તરફ જોયું અને પછી એને ઓળખવાનો પ્રયત્ન કર્યો. પણ એ સ્ત્રીને કયાંય જોઈ હોય એવું એને યાદ આવ્યું નહિ. ત્યાં તો ફરી અવાજ આવ્યો: "બેટી, ખુદાની મહેરબાની છે કે તને નવી જિન્દગી મળી

મને તો બહુ ફિકર થઈ રહી હતી. હું કહી રહી હતી કે અલ્લાહ જાણે, શું એ થવા બેઠું છે."

રોગિણી એના શબ્દોને ધ્યાનથી સાંભળી રહી હતી. પણ 'ખુદાની મહેરબાની' અને 'અલ્લાહ' શબ્દો તો લાઉડસ્પીકરની જેમ તેના મૂળ અવાજથી સો ગણા મોટા બનીને એના કાનમાં ગાજી રહ્યા. હું કોઈ મુસલમાનના ઘરમાં છું શું? આ વિચારે જ એ એકદમ ગભરાઈ ઊઠી. વળી પાછી એ બેશુદ્ધ થઈ જાત કદાચ. પણ એ જ ક્ષણે એને લાગ્યું કે એ સ્ત્રી એના માથા પાસે બેસીને આંખોમાંથી ટપટપ આંસુ પાડી રહી છે. રોગિણીનું માથું પોતાની ગોદમાં લઈને વારંવાર એના કપાળે ચુંબન કરતાં એ કહી રહી છે: "મારી બચ્ચી, ડર નહિ. તારા ઓવારણા લઉં. તું લેશ પણ ફિકર કરીશ નહિ. હવે તો તને સારું થવા માંડયું છે."

રોગિણીને એ પુરાણી વાત યાદ આવી ગઈ. એ નાની હતી ત્યારે એક વાર એ મેલેરિયા તાવમાં તરફડી રહી હતી. એની મા કયાંક બહાર ગઈ હતી. તે પાછી આવી ત્યારે એના માથા પાસે બેસીને પ્યારથી એનું માથું ગોદમાં લીધું અને કપાળે ચૂમી કરીને આમ જ કહ્યું હતું. અને એ પછી તરત એનો તાવ ઊતરી ગયો હતો..

હોશના પડદાની પાછળ બેહોશી કામ કરી ગઈ. એને આ ઘર, તેની દીવાલો અને એકેએક વસ્તુ પોતાના માવતરના ઘર જેવી જ લાગવા માંડી. જાણે પોતે આઠ વર્ષની હતી અને એની મા એના માથા પાસે બેસીને મમતાભરી નજરે એના તરફ જોઈ રહી હતી. થોડા વખતથી ભુલાઈ ગયેલો માનો પ્રેમ એના હૃદયમાં પાછો તાજો થઈ ગયો અને એ બધાં દુ:ખદર્દ ભૂલીને માથાથી પગ સુધી માતાના પ્રેમમાં ગદગદ થઈ ગઈ.

સૂતાં સૂતાં જ માથું પાછળ ફેરવીને એણે ત્યાં બેઠેલી સ્ત્રી તરફ જોયું. પછી બન્ને હાથ પાછળ લઈને એને ગળે વીંટાળતાં એણે કહ્યું: "મા, તું મને છોડીને કયાં ચાલી ગઈ હતી? મને લઈ લે મા! તું મરી ગઈ હતી? લોકો કહે છે કે તું મરી ગઈ છે. (સહેજ વિચાર કરીને) હા, મેં ખુદ જોયું હતું. બાપુ તારી ચેહ સળગાવી રહ્યા હતા. તેં મને પણ..." આટલે આવીને માના પ્યારથી એનો અવાજ રૂંધાઈ ગયો અને એ હીબકાં ભરીને રોવા માંડી.

માથા પાસે બેઠેલી સ્ત્રી ધીરજ રાખી શકી નહિ એણે રોગિણીને પાસે લીધી

અને છાતીએ વળગાડીને બોલી: “મારી બચ્ચી! હું હમેશાં તારી પાસે જ રહીશ. હવે હું તને કદીએ છોડીશ નહિ, ખુદા... પરમેશ્વર કરે ને તું સાજી થઈ જા!”

રોગિણી હવે બિલકુલ ભાનમાં આવી ગઈ હતી. આ વખતે એણે જોયું કે ઘરની દરેક ચીજ અને એ સ્ત્રી, જેને એ મા સમજી રહી હતી, તેનું રૂપ બિલકુલ બદલાઈ ગયું હતું. એને ખ્યાલ આવી ગયો કે જે ઘરને એ પોતાની માનું ઘર સમજી રહી હતી તે ખરેખર તો કોઈ મુસલમાનનું ઘર હતું. એને પોતાની ઉટપુટાંગ વાતો પર શરમ આવી રહી અને એ મૂંઝાઈને બોલી: “હું કયાં છું?” એનું ગળું સુકાઈ રહ્યું હતું. એણે પાણી માગ્યું. એ વૃદ્ધ સ્ત્રીએ એને હળવેકથી ખાટલા પર સુવડાવી દીધી અને બોલી: “લે બચ્ચી, હું પાણી લઈ આવું,” કહીને ઓરડામાંથી બહાર ચાલી ગઈ.

રોગિણી હવે હોશમાં આવી ગઈ હતી. એ વિચારી રહી: “આ તો મુસલમાન છે. એના હાથનું પાણી મારાથી કેમ પીવાય? કદી નહિ પીઉં.”

એ જ પળે વૃદ્ધા અંદર આવી, એની સાથે એક હિન્દુ છોકરો હતો. એના હાથમાં એક પાણીનો ગ્લાસ હતો.

પાણી પીધું એટલે એ બિલકુલ સચેત થઈ ગઈ. એણે ફરી પૂછ્યું: “હું અહીં શી રીતે આવી ગઈ? હું તો......”

વૃદ્ધા વચ્ચે જ બોલી ઊઠી: “બેટી! કહું છું. પણ તું ફિકર કર નહિ. આ ઘરને તું તારું ઘર જ ગણી લે. અમે લોકો મુસલમાન જરૂર છીએ. પણ તારા ધરમને કોઈ આંચ આવશે નહિ. હું અને મારો દીકરો આજે જ અંબાલાથી આવ્યાં છીએ. મારો મોટો દીકરો ત્યાં ઠેકેદાર છે. સવારે ચાર વાગ્યે અમે લોકો ગાડીમાંથી ઊતર્યાં અને ભાડાના ટાંગામાં બેસીને માંડ દોઢેક માઈલ આવ્યાં હોઈશું કે અમારા કોચવાને તને રિહાનાવાળા ગામની બહાર જોઈ. તું બેહોશ પડેલી હતી. પહેલાં તો અમે લોકોએ માન્યું કે તું મરેલી પડી હતી. પણ મારા દીકરાને થોડીઘણી દાકતરી સમજ છે. એણે તને જોઈ અને કહ્યું, “અમ્મા, એની છાતી પર હાથ મૂકીને એના હૃદયના ધબકારા સાંભળી જો.” હાથ લગાડયો તો મને લાગ્યું કે ધીમા ધીમા ધબકારા થઈ રહ્યા હતા. છોકરાએ કહ્યું કે ચાલ અમ્મા, આને ગામના લોકોને હવાલે કરી આવીએ. ક્યાંક અજાણી છોકરી અમસ્તી જ મરી જાય નહિ. અમે આસપાસ નજર દોડાવી

પણ કોઈ દેખાયું નહિ. ત્યારે ધીમો ધીમો વરસાદ પડી રહ્યો હતો. અમને એમ કે કોઈ મળી જાય તો બહુ સારું. તને એના હાથમાં સોંપીને અમે જઈ શકીએ. પછી વિચાર થયો કે ગામમાં જઈને ખબર આપી આવીએ. પણ વળી થયું કે કોને ખબર આવી ઠંડીમાં કોઈ બહાર નીકળે કે ન યે નીકળે. અને આવે વખતે તો પોલીસના ડરથી પણ લોકો આગળ ન આવે. બીજી તરફ તારી હાલત પણ ખરાબ હતી. છેવટે દીકરાની સલાહથી તને ઊંચકીને મેં ટાંગામાં સુવડાવી અને ઘેર લઈ આવી. ઘેર આવીને તરત જ દાકતરને બોલાવવા માણસ મોકલ્યો. તારાં ભીનાં કપડાં બદલી નાખ્યાં. દેવતા કરીને તને શેક આપ્યો. ત્યાં તો દાકતર આવી ગયા. એનું ભલું થજો. બિચારો બે કલાક તારા માથા આગળ બેસીને દવાદારૂ કરતો રહ્યો. તારા માથામાં પાછળની તરફ જખમ હતો અને તારા વાળ લોહીથી ખરડાયેલા હતા. જખમને ટાંકા લઈને મલમપટ્ટી કર્યા પછી મને થોડી સૂચનાઓ આપીને દાકતર ગયા. ગફુર ક્યાંક બહાર ચાલી ગયો. તું આખી રાત બેહોશ રહી. ખુદાની મહેરબાનીથી હવે તું કંઈક ભાનમાં આવી છે."

થોડી વાર અટકીને વૃદ્ધાએ ફરીથી કહ્યું: "બચ્ચી, હવે તું તારી આપવીતી કહે. કિસ્મતે તને આવા દહાડા કેમ કરીને દેખાડયા અને ક્યા જાલિમે તારી આવી હાલત કરી નાખી? પહેલાં તો એ કહે કે તારું નામ શું છે, તને શું કહીને બોલાવું?"

રોગિણી સૂતી સૂતી વૃદ્ધાની વાતો સાંભળી રહી હતી. એના ચહેરા પર કેટલાયે ચડાવ-ઉતાર પ્રગટ થઈ રહ્યા હતા. ક્યારેક એ ગુસ્સાથી તતડી ઊઠતી હતી તો ક્યારેક નફરત અને ઈર્ષ્યાથી એના કપાળે કરચલીઓ પડી જતી હતી. ક્યારેક આ વૃદ્ધાના અહેસાનનો વિચાર આવતાં એની આંખો કૃતજ્ઞતાભર્યા પ્યારથી ચમકી ઊઠતી હતી.

વૃદ્ધાની વાતનો એણે કોઈ જવાબ ન આપ્યો. વૃદ્ધા વળી કહી રહી. "બચ્ચી, ફિકર કર નહિ. મુસીબત તો ભલભલા લોકો પર પણ આવે. કિસ્મતની સામે કોઈનું જોર ચાલતું નથી. અરે હા, તારું નામ શું છે?"

છોકરીએ દુપટ્ટાના છેડાથી આંખ લૂછીને જવાબ આપ્યો : "ગુરદેઈ."

વૃદ્ધાએ ફરી કહ્યું : "અચ્છા, ગુરદેઈ! બેટા, તારા હાલ સંભળાવ અને તારા ઘરનું ઠામઠેકાણું કહે. ગફુર બહુ ઉતાવળો થઈ રહ્યો છે. કહે છે કે જલદી

આના ઘરબારની ખબર પડે તો જઈને ત્યાં જ પહોંચાડી આવીએ. બચ્ચી, જમાનો ખરાબ રહ્યો. કોઈને હસાવો તો નામે ય લેશે નહિ, પણ રડાવો તો એકદમ બદનામી થઈ જાય."

ગુરદેઈએ એક ઠંડો શ્વાસ લીધો અને ફરીથી કહ્યું: "માજી! તમે તો મારા પર મોટો ઉપકાર કર્યો છે. પણ મારા પર તમે આ ભલાઈ ન કરી હોત તો જ સારું હતું, દુ:ખમાત્રમાંથી મારો છુટકારો થઈ જાત. પણ કરમબળ્યાંને પોતાનો યે ડર લાગે છે. કોને ખબર મારાં કરમમાં હજી કેવી તકલીફ લખેલી છે!" કહેતાં કહેતાં એનો ચહેરો આંસુથી ભીંજાઈ ગયો.

દુ:ખની મારી આ છોકરીની આવી વાત સાંભળીને વૃદ્ધાનું કાળજું કપાઈ ગયું. એનું માથું પોતાના હાથમાં લઈને એ એને દિલાસો આપી રહી. દુ:ખનો ભાર ઓછો થતાં ગુરદેઈનો જીવ કંઈક હળવો બન્યો. એણે કહેવા માંડ્યું: "મારું માવતર વેરોવાલ ગામે છે. મારી મા મરી ગઈ ત્યારે હું દસ વરસની હતી. ભાઈ-બહેનમાં મારે બીજું કોઈ નહોતું. બસ, એક બાપુનો સહારો હતો. પણ તે યે નહિ બરાબર. બૂરી સોબતમાં પડીને એ કોઈ કામના રહ્યા નહોતા. મા જેટલો વખત જીવતી રહી ત્યાં સુધી ઘરમાં આઠે પહોર કંકાસ ચાલ્યા કરતો. મા જો બાપુને શરાબ પીવાની મનાઈ કરે તો એ એને પીટી નાખતા. બિચારી એ દુ:ખમાં સળગતી, શેકાતી આ દુનિયામાંથી ચાલી ગઈ.

"માના મરતાં જ બાપુની લગામો ઢીલી થઈ ગઈ. દિવસ-રાત શરાબનો દોર ચાલ્યા કરતો. એના યારો-દોસ્તોની દાઢ જ્યાં સુધી ગરમ થતી રહી ત્યાં સુધી તો પડછાયાની જેમ એ લોકો એનો પીછો છોડતા નહિ. પણ બધું ખાઈ-પરવારીને એ ખાલીખમ થઈ ગયા ત્યારે બધા ત્યાંથી ખસી ગયા.

"આ તરફ હું બારણે હાથી બનીને ઝૂલી રહી હતી. પણ એને કંઈ પડી નહોતી. મને પંદરમું બેસી ગયું હતું."

વૃદ્ધાએ કહ્યું: "આટલી મોટી થઈ તોયે એણે તારી સગાઈ કેમ ન કરી?"

"સગાઈ તો મારી મા કરી ગઈ હતી, પણ બાપુએ તોડી નાખી."

"કેમ?"

"શું કહું? જીભ એટલી વાતો. માને જીવતે-જીવત તો કોઈ વાત બહાર નીકળી નહોતી. પણ જેવી એની આંખ મીંચાઈ કે જાતજાતની અફવાઓ ઊડવા માંડી. કોઈ કહેતું હતું કે છોકરાવાળાઓને ખબર પડી કે છોકરી અભણ છે એટલે એ લોકોએ સગાઈ તોડી નાખી. કોઈ કહેતું હતું કે બાપુએ છોકરાવાળાઓ પાસે પૈસા માગ્યા હતા."

વૃદ્ધાએ કહ્યું: "પણ બેટા, એ લોકોએ તને ભણાવી કેમ નહિ? તમારા હિંદુઓમાં તો જનમતાં વેંત જ છોકરાંને નિશાળે મૂકી દે છે."

"પણ મારો બાપ એમાંનો નહોતો. મારે તો ભણવું હતું. પણ બાપુ પાકી 'ના' ઝાલીને બેઠા હતા. કહે કે છોકરીઓ ભણીને બગડી જાય છે. તે સાથે વળી એમ પણ કહ્યા કરતા હતા કે અમારી સાત પેઢીમાં કોઈ ભણેલું નહોતું તો આપણે શા સારુ બાપદાદાની આબરૂ ગુમાવવી?"

"અચ્છા, પછી?"

"પછી શું? પહેલાં સગાઈ તૂટી અને પછી બાપુની એ જ પુરાણી ચંડાળ ચોકડી થોડા દિવસમાં પાછી એની આગળ-પાછળ ઘૂમવા માંડી, પોતાને પૈસે એને શરાબ પિવડાવવા માંડી."

"એટલે?"

"એટલે એમ કે બાપુને સમજાવી-ફોસલાવીને એ લોકો એક એવી જગ્યાએ મારો સંબંધ જોડવા માગતા હતા જેને માટે મારા બાપુ રાજી નહોતા. પણ કિસ્મતની સામે કોનું જોર ચાલે છે? એ લોકોએ બાપુને રાજી કરી જ લીધા. મારા બદલામાં બાપુએ હજાર-હજાર રૂપિયાની બે થેલીઓ મારાં સાસરિયાં પાસે થી લીધી.

"થોડા દિવસ પછી લગ્ન થઈ ગયાં. અહીંથી જ મારી દુ:ખની કહાણી શરૂ થાય છે. હું સાસરે આવી. મારા પતિની ઉંમર બાપુના કરતાં યે મોટી હતી. હજુ આગલે વરસે જ એના પૌત્રનું મૂંડણ થયું હતું. ખાંસી અને દમથી એમની તબિયત લાશ થઈ હતી. ઘરમાં વહુઓ હતી, દીકરા હતા, પૌત્ર-પૌત્રીઓ હતાં. દોલતનો કોઈ હિસાબ નહોતો. શાહુકારોની ગુમાસ્તાગીરીમાં એ ઘણું કમાયા હતા."

વૃદ્ધાએ કહ્યું: "પણ બેટી! તારા બાપે તો ભૂલ કરી પણ જાત-બિરાદરીવાળા-ઓએ પણ પૂછ્યું નહિ કે ઊંટને ગળે ઘંટડી બાંધી કેમ રહ્યા છો? અને તે પણ દીકરીને વેચીને અને સગાઈ તોડીને? એ લોકોએ કોઈ વાંધો લીધો નહિ?"

"માજી! બિરાદરીની તે કેવી વાત કહો છો? આ આખું કરતૂત જ બિરાદરીનું છે. જે ચંડાળ-ચોકડી બાપુની સાથે શરાબ ઢીંચતી એ જ તો બિરાદરીની સરદારી કરતી હતી. એ બિરાદરીએ જેમાં જેમાં હાથ નાખ્યો છે એ વાત વણસી જ છે. માજી, એ બહુ લાંબી વાત છે. બિરાદરીનાં વાતો એક એક કરીને ખોલીને સંભળાવવા બેસું તો એ વાત ખૂટે એમ નથી. બિરાદરીવાળાઓએ જો મારો બેડો પાર કર્યો હોત તો મારા આવા હાલ હોત ખરા?"

જમીન પર હાથ લગાડીને કાનને સ્પર્શ કરતાં વૃદ્ધાએ કહ્યું: "તોબા! તોબા! તો અચ્ચી! પછી શું થયું?"

"પછી તો જે ધાર્યું હતું તે જ બન્યું. લગ્નને હજુ એક વર્ષ પણ થયું નહોતું અને મારો બધો ખેલ ઊજડી ગયો. મહિને બે મહિને એમને દમનો હુમલો આવી જતો. છેલ્લો હુમલો એવો આવ્યો કે આઠ પ્રહરમાં એમને ઉપાડી ગયો અને હું મારાં નસીબને રોતી રહી.

"બદનસીબીએ અહીં જ મારો પીછો છોડી દીધો હોત તોયે હું બીજી દુખિયારી સ્ત્રીઓની જેમ મારો રંડાપો વિતાવી દેત. પણ એવાં કરમ કર્યા હોય તો ને? બે સાવકા દીકરાઓમાં એક કુંવારો હતો અને નિશાળમાં ભણતો હતો. એ તો મને કોઈ વાતે દખલ દેતો નહિ પણ મોટો દીકરો અને એની વહુ તો મારા પતિના જીવતે-જીવત મારી સામે દાંત પીસ્યા કરતાં. હવે મરણ પછી તો મને એ લોકો મનફાવે તેમ સંતાપવા લાગ્યાં. તેમાં હુંયે પાછી આખાબોલી અને જિદ્દી હતી. જ્યાં સુધી એકના બદલામાં ચાર સંભળાવું નહિ ત્યાં સુધી મને ચેન પડતું નહિ. ચાર અક્ષરનું જ્ઞાન હોત તો વળી આગળ-પાછળનો વિચાર પણ કરી લેત. પણ કરમ જ જ્યાં ખોટાં હતાં ત્યાં શું થાય.

"ઘરમાં આખો વખત મારી બૂરાઈની ચર્ચા થયા કરતી અને મારા પર જાતજાતના આરોપ કરવામાં આવતા. મારી સાથે કોઈ સીધી રીતે વાત કરતું નહિ. શરૂ શરૂમાં તો ગાળો ભાંડીને જ એ લોકો મારા પરનો ગુસ્સો ઠંડો કરી લેતા. પણ પછી તો

વહુની ચઢવણીથી મારો મોટો સપૂત કરમચંદ બહુ ગુસ્સે થઈ જાય ત્યારે મને મારપીટ પણ કરી લેતો.

"ગુસ્સાની મારી દિવસોના દિવસો સુધી હું જમતી નહિ. પણ ત્યાં મને કોણ ખવડાવવાળું હતું? છેવટે જખ મારીને મારી મેળાએ જ ખાઈ લેતી.

"આમ ને આમ દુ:ખની ઘડીઓ ગણતાં ગણતાં થોડો વધારે વખત નીકળી ગયો. એક દિવસ મારા બાપુની બીમારીના સમાચાર આવ્યા અને હું માવતરે જવા તૈયાર થઈ ગઈ.

"હું જવાની તૈયારી કરી રહી હતી ત્યાં જ મારો મોટો દીકરો કરમચંદ મારી પાસે આવ્યો અને બહુ ભાવથી મારા બાપુની માંદગીના ખબર પૂછયા અને પછી કહેવા માંડયો: 'મને લાગે છે કે ઘરમાં રોજનો કંકાસ સારો નહિ. તારી સલાહ હોય તો ચાર શરીફ માણસોને બોલાવીને ઘરની વહેંચણી કરી લઈએ.'

"હું તૈયાર થઈ ગઈ. થોડી વારમાં એણે ચારપાંચ જણાને ભેગા કર્યા. તેમાં એ ગામનો એક પંડિત પણ હતો. એ લોકોએ એક કાગળ પર લખાણ કર્યું અને તેના પર મારા અંગૂઠાની છાપ લેવા આગળ ધર્યો. તેમાં જે લખાણ કરેલું હતું તે મને નીચે પ્રમાણે વાંચી સંભળાવવામાં આવ્યું:

"'ઘરની કુલ મિલકત અને નગદ મળીને સાઠ હજારની યાદી કરવામાં આવી છે. જેમાંથી વીસ હજાર ગુરદેઈને આપવામાં આવ્યા છે, વીસ હજાર કરમચંદને આપવામાં આવ્યા છે અને બાકીના વીસ હજાર રૂપિયા નાના દીકરાને માટે અનામત રાખવામાં આવ્યા છે. તે ઉપરાંત ગુરદેઈ અને કરમચંદની વહુનાં ઝવેરાતની કિંમત અંકાવીને તેના ત્રણ ભાગ કરવા અને તેના બે ભાગ એ બે જણને આપવા તથા ત્રીજો ભાગ નાના દીકરાનાં લગ્ન માટે અનામત રાખવો.'

"આ કાગળ પર એ લોકોએ મારો અંગૂઠો લઈ લીધો અને કેટલાક લોકોએ સાક્ષી પણ આપી. પછી એ લોકોના કહેવાથી એક આ સાંથણો રાખીને બાકીનાં બધાં ઘરેણાં એમને સોંપી દીધાં. એ લોકોએ મને કહ્યું કે માવતરે જઈ આવ, પાછી આવીશ ત્યાં સુધીમાં ઘરેણાંની કિંમત અંકાઈ જશે અને મિલકતનો હિસ્સો પણ તારી ઝોળીમાં મૂકવામાં આવશે.

"તે જ દિવસે સાંજે હું માવતરે જતી રહી, ત્યાં જઈને જોયું તો બાપુ તો એડીઓ ઘસી રહ્યા હતા. પાસે એક ફૂટી કોડી પણ નહોતી. બધું એના ખાઉધરા

થારો હજમ કરી ગયા હતા. બીજે જ દિવસે એને મોતનું તેડું આવ્યું. એની ક્રિયા પતાવીને હું પાછી સાસરે આવી કારણકે મિલકતમાંથી મારો ભાગ લેવા હું અધીરી બની હતી.

"કાલે સાંજે હું પાછી આવી ત્યારે થોડો થોડો વરસાદ પડી રહ્યો હતો, તોફાન પણ હતું. હું ટાઢે થરથરતી હતી. ઘેર આવીને જોયું તો સૌના મિજાજ ચડેલા હતા. મારા ઓરડાનું તાળું તોડીને એ લોકોએ બધી પેટીઓ બહાર કાઢી હતી. આ જોતાં તો મારા હોશ જ ઊડી ગયા. વહુને પૂછયું તો એણે ગુસ્સામાં જવાબ દીધો: 'આ બધી વસ્તુઓની સાથે હવે તારે કેવી લેવાદેવા? જ્યાંથી આવી છે ત્યાં પાછી જતી રહે.'

"મને તો લાગ્યું કે હું જાણે અંગારા પર ઊભી હતી. મેં રોવા-પીટવા માંડયું અને કકળાણ મચાવી દીધું. આખી ગલી અને આડોશ-પાડોશના લોકો ભેગા થઈ ગયા. કરમચંદ પણ આવ્યો હતો. એની સાથે બીજા બે જાણીતા અને અજાણ્યા લોકો હતા.

"રડતાં રડતાં એ લોકોને મેં મામલો કહી સંભળાવ્યો. વહુએ પેટીમાંથી મારા અંગૂઠાની નિશાનીવાળો કાગળ કાઢીને મારા પગ પાસે ફેંકયો. એમાંના એક જણે વાંચી સંભળાવ્યું: 'હું મારા પતિની મિલકતમાંથી ત્રીજો ભાગ લઈને તીરથ કરવા જઈ રહી છું. હવે ઘરની કોઈ પણ ચીજની સાથે મારે કંઈ લેવાદેવા નથી.'

"આ સાંભળતાં મારાં અંગેઅંગમાં આગ લાગી ગઈ. પણ ત્યાં મારી વાત કોણ સાંભળવાનું હતું? ઘરના અને બહારના લોકો પણ મારા પર ધિક્કાર વરસાવી રહ્યા હતા. થોડી વારે સૌ પોતપોતાને ઘેર જતા રહ્યા. ગાળો ભાંડીને અને બુમરાણ મચાવીને હું ગામ ગજાવતી રહી. ઘરનાં ત્રણે જણાં ગુસ્સામાં પાગલ બનીને મારા પર ઝપટી રહ્યાં હતાં.

"છેવટે મેં જ્યારે ધમકી આપી કે હું ત્યાં ને ત્યાં જ ધરણું કરીને બેઠી રહીશ, ત્યારે તો વળી એ લોકોને વધારે જોશ ચડયું. તેમાં વળી એ લોકોને પંચનો યે આધાર હતો. એ લોકોએ મારા પર થપ્પડો અને ધૂંસાનો મારો ચલાવ્યો. આ માર-પીટમાં વહુએ વેલણ લઈને મારે માથે ફટકાર્યું અને હું લોહીલુહાણ થઈને પડી ગઈ. એ લોકોને પોતાની જ ફિકર પડી હતી. મારા મોઢામાં કપડું ઠાંસીને હાથેપગે ઢસ-ડીને એ લોકો મને કયાંય દૂર એક ખોલીમાં નાખી આવ્યા.

"ત્યારે ખૂબ જોરથી વરસાદ આવી રહ્યો હતો. મને હોશ આવ્યા ત્યારે જોયું તો મારા બધા કપડાં લોહી અને વરસાદથી ભીંજાયેલા હતાં. હું પડતી-આખડતી જેમ-તેમ ત્યાંથી નીકળી પડી. જઈને બેત્રણ પડોશીઓના બારણાં ઠોકયાં પણ કોઈએ બારણું ખોલ્યું નહિ.

"ત્યારે મને વિચાર આવ્યો કે હવે જીવીને શું કરવું? હવે તો કૂવામાં પડીને મરી જવાનું જ મારે માટે વધુ સહેલું કામ હતું. મેં ગામની બહારના કૂવા તરફ જવા માંડયું. રાત અંધારી હતી. પળેપળ વાદળ ગરજી રહ્યાં હતાં, વીજળી કડાકા કરી રહી હતી અને ધોધમાર વરસાદ પડી રહ્યો હતો. કૂવો સારો એવો દૂર હતો. આંધીના સપાટા મને આગળ ને આગળ ધકેલી રહ્યા હતા અને વરસાદની ઝડીઓ મને રોકી રહી હતી. મારા પગ પણ ઢીલા પડી રહ્યા હતા અને મારા હોશકોશ ઊડવા માંડયા હતા. એક ડગલું યે આગળ ચાલવાનું મને ભારે લાગતું હતું. એમાં વળી અંધારામાં કૂવો કઈ તરફ છે તેની યે ખબર પડતી નહોતી. કયારેક વીજળી ચમકી જતી તો રસ્તાનું અનુમાન લગાવીને હું એ તરફ જવા માંડતી. કમનસીબે હું જઈ રહી હતી તે તરફથી જ વરસાદ અને પવનના એવા જોરદાર સપાટા આવી રહ્યા હતા કે હું એક ડગલું આગળ વધુ તો કેટલાંયે ડગલાં પાછળ ધકેલાઈ જતી હતી.

"છેવટે હું પેલી ઝૂંપડીમાં જઈ પડી અને બેહોશ થઈ ગઈ. મને પાછું ભાન આવ્યું ત્યારે તો હું તમારા ઘરમાં હતી."

ગુરદેઈની દર્દભરી કહાણી સાંભળીને વૃદ્ધાનું દિલ પીગળી ગયું.

[3]

પંડિત રાધાકૃષ્ણને આ ગામમાં છોકરાં સુધ્ધાં જાણે છે. ખાસ કરીને ગામના અલબેલા અને મોજીલા જુવાનો તો એને દેવતાની જેમ પૂજે છે. કોઈ કોઈ એને 'હાતિમ તાઈ' અને કોઈક તો વળી 'રાજા વિક્રમાદિત્ય'નો અવતાર ગણે છે. ભલાઈ કરવાની તો જાણે એને બીમારી લાગુ પડી ગઈ છે. જ્યારે પણ કોઈના પર કેસ

મડાય અથવા કોઈના ઘરમાં ટંટોફિસાદ થાય તો એવે વખતે લોકો પહેલાં આપ-મેળે જ પંડિતજીની પાસે દોડી આવે છે. પણ એવે પ્રસંગે કોઈ અભાગિયો પંડિત-જીનું શરણ ન શોધે તો સાત કામ છોડીને ય પોતે જ એની પાસે પહોંચી જાય છે અને દરેક મામલામાં દિલચસ્પી લઈને તેનો નિકાલ કરવાની કોશિશ કરે છે.

એક વાર એક ગણોતિયાનાં ઢોર લાલા ભાનેશાહના ખેતરમાં ઘૂસી ગયાં. ત્યારે પંડિતજીની બુદ્ધિમત્તાને લીધે જ વીસ રૂપિયાના કાગળ પર સહી કરાવવામાં આવી હતી. ગણોતિયો નાસમજ હતો. પંડિતજીના 'તેજ પ્રતાપ'ને સમજ્યા વિના સામું બોલી પડયો. આથી તો એને પંડિતજીનો એવો શાપ લાગ્યો કે એને એની નાની યાદ આવી ગઈ. આ વાતને છ વરસ થઈ ગયાં છે, પણ ભાનેશાહના રૂપિયા તો એમ ને એમ ઊભા છે, બલકે આ ચક્કરમાં એનાં ગાય-વાછરડાં વેચાઈ ગયાં, પણ ભાનેશાહના રૂપિયા એમ ને એમ છે.

પંડિતજીમાં શ્રદ્ધા રાખનારાઓએ આવી હજારો કરામતોની વાતો સંભળાવીને લોકોમાં એવો વિશ્વાસ પેદા કરી દીધો છે કે પંડિતજી તો ખરેખરા ખુદાના બંદા છે. એની સૌથી મોટી કરામત તો એ છે કે એ નથી કોઈ કામધંધો કરતા, નથી એને કોઈની જનમપત્રી જોવાની જરૂર પડતી. અને છતાં એના ઘરમાં તો નવ નિધિઓ અને બાર સિદ્ધિઓ છે. જુવાનીના દિવસોમાં એણે પંડિતાણીને એટલા માટે કાઢી મૂકી હતી કે એના મતે એ દુષ્ટ અને હલકટ સ્વભાવની હતી. ઘરનું અર્ધું અનાજ એ ગરીબોમાં વહેંચી દેતી હતી અને પંડિતાણી હોવા છતાં યે યજમાનો પર રુઆબ કરીને એમની પાસેથી કંઈ વસૂલ કરી શકતી નહોતી. એથી ઊલટું, એનાં બધાં લક્ષણ શૂદ્ર સ્ત્રીઓની જેવાં હતાં. કોઈકને જરા જેટલી તકલીફ થાય તો હલકા વર્ણની સ્ત્રીઓની જેમ એકદમ એની નાનામાં નાની સેવા કરવા તૈયાર થઈ જતી. આખરે એક દિવસ જ્યારે પંડિતને આકાશવાણી સંભળાઈ કે પંડિતાણી પૂર્વજન્મમાં શૂદ્રાણી હતી તો એ જ દિવસથી એણે એની સાથે અસહયોગ કરવાની શરૂઆત કરી દીધી, અને આજ સુધી એણે એની સૂરત જોઈ નથી. જીભની શસ્ત્ર-વિદ્યામાં પંડિતજી બહુ નિપુણ છે. જિન્દગી આખી પુસ્તકિયાવેડા કર્યા પછી પણ લોકો ગુરુજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી, જ્યારે પંડિતજી બારાખડી ભણ્યા વિના અથવા કોઈ પુસ્તકને હાથ પણ લગાડયા વિના સર્વજ્ઞ બની ગયા છે. કોની મજાલ છે

કે શાસ્ત્રાર્થમાં એની સામે જીતી શકે? અવિદ્યાના અંધકારમાં જે દૈવી ગુણોને લોકો ભૂલી બેઠા હતા તેને પ્રકાશમાં લાવવાનો પંડિતજીનો મનોરથ સફળ થઈ રહ્યો હતો. ઉદાહરણ તરીકે, શિવની પ્રિય સહચરી ગણાવીને ભાંગ-ભવાનીનો પ્રચાર કરવો, શરાબને દેવતાઓનું ચૌદમું રત્ન અને સોમરસ ગણાવીને તેનું સેવન કરવું અને કરાવવું. દ્યૂતવિહારને કૌરવો-પાંડવોનું મનોરંજન ગણાવીને જનતાને એ દિશામાં પ્રવૃત્ત કરવી વગેરે અનેક પરોપકાર પંડિતજીએ એક જ જન્મમાં કરી નાખ્યા હતા.

શહેરના નવજુવાન અમીરજાદાઓની મંડળી પોતાના ગુરુકુળરૂપી ઘરમાં મળતી તો પંડિતજી નેતાના રૂપમાં શોભાયમાન થઈને શાસ્ત્રીય અને રાજનૈતિક વિષયો પર આલોચના શરૂ કરી દેતા, અને શ્રોતાગણ રાજી રાજી થઈ જતો.

આજે હું પાઠકોને એ જ પંડિતજીના સભામંડળનું દર્શન કરાવું છું. રાતના આઠ વાગી ગયા છે. શિયાળાની ઠંડી જરૂર છે, પણ પંડિતજીના તેજ-પ્રતાપની સામે એ ઠંડીનું કોઈ ગજું નથી. ઉપરની મેડીમાં તો ઠંડી એટલા માટે પ્રવેશી શકતી નથી કે ત્યાં કોલસાની સઘડી સળગી રહી છે, અને તેમાં એના કેટલાક સેવકો માછલી, મરઘાં અને બીજી જાતજાતની વાનગીઓ રાંધી રહ્યા છે. એના શ્રદ્ધાળુઓનાં દિલ અને દેહ સુધી ઠંડી પહોંચવી આમેય અસંભવ છે કારણકે ત્યાં સોમરસનો અધિકાર છે.

નવ વાગતાં સુધીમાં તો બધા સેવકજનો આવીને પોતપોતાને સ્થાને શોભાયમાન થઈ ગયા. તે પછી પંડિતજી પોતાનું આસન શોભાવવા બેઠા. એ વખતે પ્રેમીઓએ ઊભા થઈને પંડિતજીનો સત્કાર કર્યો અને ઝટપટ એક સેવકે બાટલીનું બૂચ ખોલી, ખાનપાનની સામગ્રી એકઠી કરી, એ શુભકાર્યના આરંભ માટે પંડિતજીની આજ્ઞા માગી.

પંડિતજી ધ્યાનપૂર્વક સૌની ઉપર કૃપાદૃષ્ટિ કરીને બોલ્યા: "મિત્રજનો! જરા થોભી જાઓ. હજુ આપણી સભાના શૃંગાર સમા ખ્વાજાસાહેબ પધાર્યા નથી. લાગે છે કે આજના ઉત્સવનો સંદેશો કોઈએ એને પહોંચાડયો નથી."

વચ્ચે જ એક જણ બોલી ઊઠયો: "નહિ, નહિ. હું ખુદ બે વાર એમને ઘેર જઈ આવ્યો છું. એ બિલકુલ તૈયાર હતા પણ કોઈક બે અજાણ્યા ગામડિયા આવી ચડયા એટલે એ પાછા બેસી ગયા. મને લાગે છે કે એ લોકોની સાથે વાતચીત કરવામાં જ મોડું થઈ ગયું હશે. નહિ તો ભલા એ રોકાઈ રહે એવા છે શું?"

ત્યાં તો બહાર કોઈકના બૂટનો કચડ-કચડ અવાજ સંભળાયો. "આવી પહોંચ્યા," કહીને પંડિતજી પોતાને આસનેથી ઊઠયા અને સ્વાગત માટે બારણે આવીને ઊભા રહ્યા.

પોલીસ સબ-ઇન્સ્પેકટર ખ્વાજા શેરખાન ત્રણેક વર્ષથી આ ઇલાકાની ઇજ્જત વધારી રહ્યા હતા. આવતાંની સાથે જ એ પંડિતજીને ખૂબ ભાવથી ભેટયા અને પછી બન્ને પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા. પંડિતએ કહ્યું: "બોલો, આટલા મોડા કેમ આવ્યા? તમારી રાહ જોતાં જોતાં તો આંખો પણ થાકી ગઈ જો બે ઘડીનું મોડું થયું હોત તો આજની સભા જ ભંગ થઈ જાત. ભલા, સેનાપતિ વિના તે સૈન્યની શોભા હોય ખરી?"

પોતાનાં વખાણ સાંભળીને ખ્વાજાસાહેબ ફુલાઈ ગયા, અને પાઘડીનાં ફૂમતાં પર હાથ ફેરવતાં બોલ્યા: "વાહ પંડિતજી, વાહ ! તમે મોજૂદ હો પછી કોઈ વાતની કમી રહે કે? હું તો કયારનો યે આવી ગયો હોત પણ કામ એવું આવી પડ્યું કે મોડું થઈ ગયું."

પંડિતજી જરા વધારે સરકીને ખ્વાજાસાહેબની નજીક આવી ગયા અને એના કાન સાથે મોં અડકાડીને બોલ્યા: "કેમ? કોઈ નવી મુર્ગી ?"

ખ્વાજાસાહેબે માથેથી શંકુ આકારની ટોપી પર બાંધેલી પાઘડી ઉતારીને એક સેવકને પકડાવી દીધી અને ટાલવાળા માથા પર હાથ ફેરવતાં બોલ્યા: "હા, ખુદાએ એક આસામી મોકલી આપ્યો હતો."

"કહો તો ખરા? મુઠ્ઠી બરાબર ગરમ થઈ? શાનો મામલો હતો?"

"મામલો તો એવો જ મામૂલી હતો."

"અચ્છા! મને તો એમ કે ખૂનનો કોઈ કેસ આવ્યો હશે."

"તોબા! તોબા! પંડિતજી, એવું તકદીર કયાં. કોઈક વાર વળી વરસે છ મહિને એકાદ મોટી મુર્ગી ફસાય. ભલા, રોજ રોજ આમ ખૂનના કેસ આવ્યા કરે તો તો અમે સોનાખાટે ઝૂલીએ નહિ?"

"તોય ચારસો-પાંચસોની આસામી તો હશે જ."

"ના રે, ફકત બસોની."

"શાનો મામલો હતો?"

"મામલો એ હતો કે બાજુના સુલતાનપુર ગામના કોઈક જાટોને ફેરો મારવા જવું હતું."

પંડિતજીએ મૂછોના વાળ પંપાળતાં કહ્યું: "અચ્છા! હજુ તો એ લોકો માનતા માનીને જ ગયા છે. મુરાદ બર અવી ગઈ તો એ લોકો મૂઠી ઠીક ઠીક ગરમ કરી દેશે એવી આશા ખરી."

"ઉમેદ તો છે. ચોથા ભાગનો ફેંસલો થઈ ગયો છે."

"શુકર છે. પરમાત્મા કોઈક ને કોઈક બહાને આપી જ દે છે. ખ્વાજાસાહેબ, પરમાત્મા તો અનંત છે. પથ્થરની અંદરના કીડાઓને પણ રોજી પહોંચાડે છે, (કરમચંદ અને પછી ખ્વાજાસાહેબ સામે જોઈને) અરે હા, આજની સભાનું કારણ તો તમને સમજાઈ જ ગયું હશે. અમારા યજમાને આજના બધા ખર્ચની જવાબદારી લઈ લીધી છે. ખ્વાજાસાહેબ, આ ઘણા સજ્જન માણસ છે. એના સ્વર્ગવાસી પિતાની સાથે અમારે બહુ સારો સંબંધ હતો અને એ પોતે પણ બહુ કદરદાન છે. (ઓડકાર ખાતાં) હરિ ઓ...મ !"

ખ્વાજાસાહેબે હસતાં હસતાં કરમચંદ તરફ જોયું અને એ એકદમ હાથ જોડીને ઊભો થઈ ગયો. હાથ વડે એને બેસી જવાનો ઈશારો કરતાં ખ્વાજાસાહેબ બોલ્યા: "અચ્છા! આ લોકો પેલી ઓરતના મામલા અંગે આવેલા છે? અરે હા, પંડિતજી, મને ખબર છે. સારું થયું કે એ ઓરતને કાઢી મૂકી, પણ કંઈ ખબર પડી કે ક્યાં ગઈ છે?"

પંડિતજીએ ગ્લાસ આગળ ધરતાં કહ્યું: "જી, હજી ખબર તો પડી નથી. પણ બપોરે એક શાકવાળા પાસેથી સાંભળ્યું કે સવારે એક બુરખાધારી ઓરત એને ટાંગામાં નાખીને ક્યાંક લઈ જતી હતી અને સાથે એક નવજુવાન પણ હતો."

ગટાગટ ગ્લાસ ચડાવીને એક બાજુએ મૂકતાં ખ્વાજાસાહેબ બોલ્યા: "શું કહ્યું? મુસલમાનની સાથે?"

"જી, હા."

એ જ વખતે ગામનો નંબરદાર[1] જવાલાસિંહ બોલ્યો: "હા સાહેબ. અમારા ખેતર પાસેથી જ ટાંગો નીકળ્યો હતો. મેં મારી સગી આંખે જોયું હતું."

---

1 મહેસૂલ ઉઘરાવનાર.

બીજો ગ્લાસ ચડાવ્યા પછી ખ્વાજાસાહેબ રંગમાં આવી ગયા અને માથે હાથ ફેરવતાં બોલ્યા: "ચાલો, જવા દો એ વાતને, જે થયું તે ઠીક જ થયું. હવે મજલિસની મોજ માણો."

એના કહેવાની જ વાર હતી અને બાટલીઓ ખૂલવા માંડી અને ગ્લાસ ખાલી થવા માંડયા.

પંડિતજી માછલીના એક ટુકડામાંથી કાંટા કાઢતાં કાઢતાં બોલ્યા: "ખ્વાજાસાહેબ! તમારો બબર્ચી તો મોટો કારીગર લાગે છે. માછલી બનાવવામાં કમાલ કરી નાખે છે. દાઢે લાગી રહે એવી છે."

"જી, હા. અમારે ત્યાં પાંચ વરસથી કામ કરે છે. એનો બાપ, ખુદા એને શાંતિ આપે, એના કરતાં યે મોટો કારીગર હતો. ખરેખર તો માંસ પકાવવાનો મહાવરો એને એટલા માટે થઈ ગયો છે કે મેજર બર્ટનસાહેબના બબર્ચીખાનામાં એણે ચાર વરસ ગાળ્યાં હતાં."

ત્યાં સુધીમાં સૌની ઉપર ધીરે ધીરે શરાબની અસર થવા માંડી હતી અને નશામાં સૌ પોતપોતાની વાતો કહી ચૂકયા હતા. પંડિતજીએ ઝૂમતાં ઝૂમતાં સૌને સંબોધીને કહ્યું: "મિત્રજનો! કેવો સૌભાગ્યનો સમય છે કે કોમી એકતા અને પારસ્પરિક પ્રેમનું રાજ્ય છે. ખરેખર, હિન્દુ-મુસલમાનોને એક જ સ્થળે ખાનપાન કરતાં જોઉં છું તો મારું મન પ્રસન્નતાથી ગદ્‌ગદ્‌ થઈ જાય છે. પરમાત્મા કરે ને ભારતભરમાં આવો જ મિત્રભાવ ફેલાય."

ખ્વાજાસાહેબ બોલ્યા: "પંડિતજી, ખુદાના કસમ, આ બધી આ જામની કરામત છે. લોકો તો કહે છે કે શરાબ ખુદાની ખાસ બક્ષિસોમાંની એક છે. વળી, તેને લીધે મોહબ્બત કેટલી વધે છે તે એ કમબખ્તો કયાંથી જાણે?"

પંડિતજી બોલ્યા: "ખ્વાજાસાહેબ! એ લોકોને તો ખબર જ હોતી નથી કે મિત્રતા કોને કહેવાય. અરે હા, ખ્વાજાસાહેબ! તમે કેટલીયે વાર ખ્વાહિશ જાહેર કરી ચૂકયા છો, તો આજે તમને એક નવી ભેટ આપવામાં આવે છે."

"શાની?"

"એ છે ઘરમાં બનાવેલો શરાબ!" પછી પ્યારાસિંહની સામે જોઈને પંડિતજીએ કહ્યું: "અબે નંબરદાર! લાવ તો. રોજ કહ્યા કરતો હતો કે ખ્વાજાસાહેબને પીવડાવીશ. લાવ, ઝટ કર."

"સતવચન જી," કહીને પ્યારાસિંહે પાસે જ બેઠેલા પોતાના ભાણેજ ધન્નાસિંહને ખભેથી ઢંઢોળીને કહ્યું: "જા રે ધન્ના, તારી માસીને કહે કે ભૂસાવાળી કોટડીનું બારણું ખોલીને, ખૂણામાં રાખેલા ખાટલાની પટ્ટીઓ ખેસવીને નીચેથી નાનો ઘડો કાઢી આપે. તેના પર વાટકી ઊંધી ઢાંકી દેજે. ઘડાનું મોઢું આટાથી સીલ કરેલું છે. ધ્યાન રાખીને ઉપાડજે. ઠોકર લાગી જાય નહિ ક્યાંક, જા મારા સાવજ, ઝટપટ ભાગ જોઉં!"

થોડી વાર પછી છોકરાએ ઘડો લાવીને ખ્વાજાસાહેબની સામે મૂકી દીધો. ખ્વાજાસાહેબ પહેલેથી જ નશામાં ચકચૂર હતા. પહેલાં તો એણે ઘડામાં આંગળાં ડુબાડીને સ્વાદ ચાખી જોયો અને સ્વાદ ગમ્યો એટલે ચાંગળાં ભરી ભરીને પીવા લાગ્યા. પછી મોંએથી પુચકારો મારતાં બોલ્યા:

"આહા, પંડિતજી! આ તો ભારે લહેજતદાર ચીજ છે!"

"હું ખોટું કહેતો હતો?"

"પહેલાં તો આ શરાબ તમે કદી મગાવ્યો નહોતો."

"તમારાથી ડરીને નહોતો મગાવ્યો."

"વાહ, પંડિતજી! મારો ડર! ઇમાનના કસમ, તમે તો મારા ભાઈ છો. મને તો બસ આ જ (ઘડામાં ગ્લાસ ડુબાડતાં) પીવડાવ્યા કરજો. (એ જ ગ્લાસ ભરીને પંડિતજીને આપતાં) વલ્લાહ! ભારે દર્લભ ચીજ છે."

રાતના બાર વાગ્યા સુધી મજલિસ ગરમ રહી. આખરે મંડળી વિખેરાઈ ત્યારે કોણ કેવી હાલતમાં હતું અને એ લોકો પોતપોતાને ઘેર કેમ કરીને પહોંચ્યા તેની કંઈ ખબર નથી.

[4]

સાંજનો અંધકાર ચારે બાજુ ફેલાઈ ચૂકયો હતો. ત્યાં તો એક ટાંગો સામેની સડક પર થઈને ગામના અડ્ડા પાસે થોભ્યો. એક મુસલમાન ટાંગામાંથી ઊતર્યો અને એક વટેમાર્ગુને પૂછ્યું: "પંડિત રાધાકૃષ્ણનું ઘર ક્યાં છે?"

"આ સામેના મકાનમાં," વટેમાર્ગુએ જવાબ આપ્યો અને પૂછ્યું: "કેમ, શું કામ છે?"

"એક જરૂરી કામ છે," ટાંગામાં બેઠેલી સ્ત્રી તરફ જોઈને નવજુવાને જવાબ આપ્યો અને ટાંગા પાસે આવીને બોલ્યો: "આવો બહેન, તમને એને ઘેર પહોંચાડી દઉં."

એ સ્ત્રીએ ચુપચાપ એની પાછળ ચાલવા માંડ્યું અને થોડી વારમાં તેઓ પંડિત રાધાકૃષ્ણના મકાનની સામે આવી પહોંચ્યાં. નવજવાને બારણું ખખડાવ્યું તો અંદરથી એક દૂબળા એવા છોકરાએ પૂછ્યું: "શું છે?"

નવજુવાને જવાબ આપ્યો: "પંડિતજી ઘરમાં છે? એમનું કામ છે."

"હા, ઘરમાં છે. પણ અત્યારે નહિ મળી શકે. અત્યારે એમનો પૂજાપાઠનો વખત છે."

"વાંધો નહિ. અમે થોડી વાર રાહ જોઈશું. તમને શું લાગે છે? કેટલી વાર પછી એમને ફુરસદ મળશે?"

"એકાદ કલાકમાં."

"અચ્છા, એમને ફુરસદ મળે ત્યારે કહેજો કે અમે બેઠાં છીએ."

"સારું," કહીને છોકરો અંદર જતો રહ્યો.

લગભગ પોણા કલાકે પંડિતજી બહાર આવ્યા. નવજુવાને ઊભા થઈને એને સલામ કરી.

આવતાંની સાથે પંડિતજીએ કહ્યું: "બારણાંથી જરા છેટાં જઈને ઊભા રહો. ખબર નથી આ બ્રાહ્મણનું ઘર છે?"

નવજુવાન પોતાની ભૂલ પર શરમાઈ ગયો અને બોલ્યો: "માફ કરો. મારાથી સાચે જ ભૂલ થઈ ગઈ."

નવજુવાને ઓરત તરફ જોઈને કહ્યું: "આ બહેન કાલે સવારે ગામની બહાર બેહોશ પડેલાં હતાં. હું અને મારી વાલિદા[1] એને અમારે ઘેર લઈ ગયાં કારણકે આસપાસમાં કોઈ જ હતું નહિ અને એની હાલત બહુ જ ખરાબ હતી. હવે અલ્લાહની રહેમથી એની તબિયત ઠીક થઈ ગઈ છે. એ કહે છે કે એ લાલા મિઠ્ઠા-મલની વિધવા છે. બાકીનો હાલ તો તમે એને જ પૂછી લો અને ગમે તેમ કરીને

---

[1] મા.

એના વારસદારોની સાથે સમાધાન કરાવી આપો. બહુ મોટી મહેરબાની થશે." પછી નવજુવાને કહ્યું: "બહેન, તમે પોતે જ આવીને પંડિતજીને વાત કરો."

વાત સાંભળતાં સાંભળતાં પંડિતજીનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો. એણે નવજુવાનને કહ્યું: "જુવાન! તારો વેશ તો ભણેલા-ગણેલા માણસ જેવો છે. પણ લાગે છે કે તું અભણ જ છે."

નવજુવાન મૂંઝાઈને બોલ્યો: "બંદાનવાજ! તમારા જેવા વૃદ્ધની સામે તો હું ખરેખર અભણ જ છું. બાકી હું એફ. એ. પાસ તો છું. ગુસ્તાખીનો એકાદ શબ્દ મોંમાંથી નીકળી ગયો હોય તો માફી માગું છું."

"બસ, હું સમજી ગયો," પંડિતજી હસીને બોલ્યા. "આ અંગ્રેજીએ તો ભારતવર્ષનું સત્યાનાશ કરી નાખ્યું છે. તું અંગ્રેજી ન ભણ્યો હોત તો એક હિન્દુ છોકરીને 'બહેન' કહીને બોલાવવાની ભૂલ ન કરત અને તારી સાથે એને ટાંગામાં બેસાડીને તારે ઘેર લઈ જઈને એનો ધર્મ ભ્રષ્ટ ન કરત."

પંડિતજીનાં આ વાક્યો સાંભળીને નવજુવાન હેરત પામી ગયો અને શો જવાબ આપવો તે વિચારી રહ્યો. છેવટે ઘણો વિચાર કર્યા પછી એણે કહ્યું: "ખેર, હું મારી દરેક ભૂલની માફી માગું છું. મહેરબાની કરીને એ બિચારી દુખિયારીને એને ઘેર પહોંચાડી દો. એની પાસેથી અમે જે વાતો સાંભળી છે તે પરથી લાગે છે કે એના પર બહુ જુલમ થયેલો છે."

પંડિતજીએ ઉશ્કેરાઈને કહ્યું : "નહિ. હવે એ હિન્દુ ધર્મથી પતિત થઈ ચૂકી છે. એને કોઈ પણ રીતે ...(પછી કંઈક વિચારીને દાંતમાં આંગળાં નાખતાં) એમ તો મને એની હાલત પર દયા આવી રહી છે. કાલે મેં સાંભળ્યું કે એના સાવકા દીકરાએ એને ઘરમાંથી કાઢી મૂકી છે ત્યારથી મેં અન્નજળ લીધું નથી. પણ (ગુરદેઈને) પુત્રી, તું અંદર જઈને બેસ, એ દુષ્ટોને બોલાવીને હમણાં જ સીધા કરું છું. તું કોઈ ચિંતા કરીશ નહિ. (ઓડકાર ખાઈને) હરિ... ઓ...મ્!"

પંડિતજીને આમ એકદમ ગુસ્સો છોડીને દયાળુ બની જતા જોઈને નવજુવાનની આંખોમાં ખુશીનાં આંસુ આવી ગયાં. વિહ્વળ થઈને એ પંડિતજીના પગ આગળ ઝૂકી પડયો અને બોલ્યો: "તમે તો ખરેખરા ફિરસ્તા છો. હું..."

એ કંઈ વધારે બોલે તે પહેલાં પંડિતજી બેત્રણ ડગલાં પાછળ હઠી ગયા અને બોલ્યા: "જોજે, પગને અડકી જતો નહિ. આ ઠંડીમાં પાછું સ્નાન કરવું પડશે."

નવજુવાનને પાછી પોતાની અધીરાઈ પર શરમ આવી ગઈ. દૂરથી જ હાથ જોડીને ઝૂકીને સલામ કરતાં એણે કહ્યું: "અચ્છા તો..." એકદમ એને પોતાની પહેલી ભૂલ યાદ આવી ગઈ. વધારે કંઈ પણ બોલ્યા વિના એ જઈને ટાંગામાં બેસી ગયો. કોચવાને ઘોડાને ચાબુક લગાવી અને ટાંગો સડક પર દોડી રહ્યો. ટાંગો આંખો સામેથી અદશ્ય ન થયો ત્યાં સુધી ગુરદેઈ કૃતજ્ઞ નજરે એકસરખી એ તરફ જોઈ રહી.

ગુરદેઈ અંદર ગઈ. સામેની કોટડીની ડાબી બાજુએ પંડિતજીનું પૂજાસ્થાન હતું. પૂજા માટે એ બાજુએ જતાં જતાં એ ગુરદેઈને કહેતા ગયા: "પુત્રી, તું સામે પાટ પર બેસ. હું પૂજાપાઠ આટોપીને હમણાં જ આવું છું. હરિ... ઓ... મ્."

ગુરદેઈ સંકોચાઈને જમીન પર એક ખૂણામાં બેસી ગઈ અને પંડિતજી પૂજાપાઠમાં પડી ગયા. પહેલાં એણે સંધ્યાનો પાઠ કર્યો અને પછી હાથમાં ગૌમુખી લઈને કેટલીયે વાર સુધી માળા ફેરવ્યા કરી. ત્યાર પછી એની સમાધિ તૂટી અને ઊઠીને કોઈક મંત્રનો જાપ કરતા કરતા ગુરદેઈ પાસે આવીને ખાટલા પર બેસી ગયા અને બોલ્યા: "હાં, પુત્રી! બોલ શું કહેવું છે?"

થોડી વાર ચૂપ રહ્યા પછી એક તણખલાથી જમીન ખોતરતાં ખોતરતાં બહુ ધીમે સ્વરે એ બોલી: "જી, તમારાથી શું અજાણ્યું છે?"

પંડિતજીએ એક ઓડકાર સાથે લાંબા સૂરે "હરિ...ઓ...મ્" કહીને પેટ પર હાથ ફેરવ્યો. "હા, રાજારામે (પંડિતજીના નોકરે) કાલે રાતે કહ્યું હતું કે કરમચંદે તને મારી-પીટીને ઘરમાંથી કાઢી મૂકી છે. હું તો પૂજાપાઠમાં હતો એથી લોકોને પૂછવાનો વખત પણ ન મળ્યો. હરિ... ઓ... મ્."

કંઈક ખચકાઈને ગુરદેઈ બોલી: "જી, તમને યાદ નહિ રહ્યું હોય પણ ત્યારે તમે ત્યાં જ ઊભેલા હતા અને કરમચંદના કાનમાં કંઈક કહી રહ્યા હતા."

પંડિતજી હાથની આંગળીથી કાનની બૂટ ખજવાળી રહ્યા-જાણે કાંઈક ભુલાઇ ગયેલી વાત યાદ કરી રહ્યા હોય. પછી એ બોલ્યા; "અરે હા, બરાબર છે. યાદ આવી ગયું. આ મગજ એવું દુર્બળ થઈ ગયું છે કે રાતે શું ખાધું હતું તે પણ

યાદ રહેતું નથી. ત્યારે હું પૂજાપાઠનો સામાન લાવી રહ્યો હતો. તારા ઘર પાસેથી નીકળ્યો તો રડવાનો અવાજ કાને આવી રહ્યો હતો. બરાબર મેં જ એને કાનમાં કહ્યું હતું કે આ અબળા પર અત્યાચાર ન કર અને મિલકતમાંથી એનો હિસ્સો અલગ કરીને એને હવાલે કરી દે. પણ એ દુષ્ટ તો કેમે કર્યો માનતો જ નહોતો. અચ્છા, પછી શું થયું?"

ગુરદેઈએ એ વખતથી માંડીને છેવટ સુધીની આપવીતી કહી સંભળાવી. અબ્દુલ ગફુર અને એની માની ઉદારતા અને ઉપકારની વાત સાંભળીને પંડિતજી ગુસ્સામાં હોઠ ચાવી રહ્યા, એ બોલ્યા: "બેટી, તું હજી એ લોકોની ચાલને સમજી શકી નથી. એ લોકોએ તારો ધર્મ ભ્રષ્ટ કરી દીધો છે. કોને ખબર બીજી તો કેવી યે શેતાની એ લોકો કરી લેત! કાલે મેં સાંભળ્યું કે ગામનો કોઈ મુસલમાન તને બેભાન હાલતમાં ઉઠાવી ગયો છે તો મારી છાતી જ બેસી ગઈ. એ જ પળે મેં મારા એક સેવકને ઘોડી પર દોડાવીને કહેવડાવ્યું કે છોકરીને તરત મારે ઘેર પહોંચાડી દો, નહિ તો આખા ગામ પર આફત આવી પડશે. એ દુષ્ટ તને ચુપચાપ અહીં મૂકી ગયો તે એનું જ ફળ છે. (ઓડકાર ખાતાં) હરિ... ઓ... મ્."

આ વાત સાંભળતાં ગુરદેઈ જરા જોશમાં આવી ગઈ. કંઈક કહેતાં કહેતાં એ અટકી ગઈ. અને પછી જીભ પર કાબૂ રાખતાં કહ્યું: "જી, એને તો મેં જ કહ્યું હતું."

"શું?"

"એ જ કે મને મારે ઘેર મોકલી દો, બલકે, પંડિતજીને ઘેર પહોંચાડી દો. મને એમ કે તમે કરમચંદને કહેશો તો એની મેળાએ માની જશે."

"ઠીક છે. તેં પણ કહ્યું અને મારો સંદેશો પણ પહોંચી ગયો. પછી એ લોકો તને અહીં પહોંચાડે જ ને! ઠીક, જે થયું તે થયું. હવે કહે, તારો શો વિચાર છે?"

"જી, મને મારો હિસ્સો અપાવી દો"

"પણ પહેલાંની જેમ ઘરમાં જ ટકી રહે તો શો વાંધો છે?"

"જી, એ લોકો મને એક ઘડી પણ રહેવા દેશે નહિ."

પંડિતજીએ જરા વિચાર કરીને કહ્યું: "અચ્છા. તું જઈને ઉપરની બેઠકમાં બેસ, હું હમણાં જ એ લોકોને બોલાવી આવું છું."

ગુરદેઈ માથું નમાવીને ઉપર જતી રહી અને પંડિતજી રામનામી અંગૂછો ખભે નાખીને ચાખડી પહેરીને બહાર જતા રહ્યા.

[5]

થોડી વાર પછી લાલા કરમચંદની ડેલીમાં પંચાયતના મુખીઓની એક સભા થઈ રહી હતી. પંડિતજી તેમાં કર્તાહર્તા હતા.

ચૌધરીસાહેબ દિન્તામલ્લે હુક્કાનું મોં ફેરવીને એક દમ લીધો અને ખાંસી ખાતા બોલ્યા: "હા, ભાઈ કરમચંદ, પછી શું થયું એ મામલાનું?"

કરમચંદે પાઘડી પર હાથ ફેરવતાં કહ્યું: "ચૌધરીજી, આખો મામલો તમારી નજર સામે જ બન્યો હતો. આજે પંડિતજી નવી ખબર લઇ આવ્યા છે તેયે સાંભળી લો."

એ જ વખતે પંડિતજીએ ઓડકાર સાથે હરિ... ઓ... મ્નો લાંબો સૂર કાઢયો અને કહ્યું: "શું કહેવું, ચૌધરીજી! કહેવા જેવું રહ્યું છે પણ શું? હવે તો ઘોર કળિયુગ આવી ગયો છે. હું તો સવાર-સાંજ હાથ જોડું છું કે આવો ઉપદ્રવ જોવાનો વારો આવે તે પહેલાં જ પરમાત્મા આ ધરતી પરથી મને ઉઠાવી લે. પણ કોણ જાણે પ્રારબ્ધમાં શું યે લખ્યું છે, (ઓડકાર ખાઈને) હરિ... ઓ... મ્".

સૌ કોઈને નવીન સમાચાર સાંભળવાની તાલાવેલી લાગી હતી: "હા, મહારાજ! કહો, કહો!"નો શોર મચી ગયો.

પંડિતજીએ ગુસ્સે થઈને કહ્યું: "અરે ભાઈ, હું શું કહું? આ બધું તમારા લોકોની હીન પ્રકૃતિનું જ ફળ છે તો! દિવસે દિવસે ધરમનીમથી દૂર ને દૂર જવું, પૂજા-પાઠ, સંધ્યા-તર્પણથી વિમુખ થઈને દુષ્ટ કર્મોમાં રચ્યાપચ્યા રહેવું. પછી ભલા ધરતી પર આવા અત્યાચારો ન થાય તો બીજું થાય પણ શું? શિવ, શિવ, શિવ! (થોડી વારના મૌન પછી કરમચંદને ઉદ્દેશીને) ઓ ભાઈ, ભલા માણસ, મેં એક વાર નહિ, હજાર વાર સમજાવ્યું છે કે એ હલકટ બાઈને માથે ચડાવ્યે જા નહિ. એને ઠેકાણે લાવવાનો પ્રયત્ન કર. છેવટે જેની સંભાવના હતી તે જ બનીને ઊભું. એ કુલટા મુસલમાનોના ઘરમાં જઈને રહી આવી છે. ઈશ્વર સાક્ષી છે. આ સાંભળ્યું ત્યારથી મારો જીવ અંદર ને અંદર શોષાઈ રહ્યો છે. આપણે આ નગરીમાં બેઠા છીએ અને આવો અનર્થ થઈ જાય! ધિક્કાર છે કે આપણે અહીં વસીએ છીએ. (ઓડકાર ખાઈને) હરિ...ઓ......મ્."

સમાજ પ્રત્યેની પંડિતજીની આ ઉદારતા જોઈને સૌ એકી અવાજે બોલી ઊઠયા: "ધન્ય છે, ધન્ય છે!"

પછી પંડિતજી કરમચંદ અને સોહનલાલ તરફ જોઈને બોલ્યા: "આજકાલના છોકરાઓની મતિ તો બિલકુલ મલિન થઈ ગઈ છે. જે કરે તે બસ પોતાની મરજી પ્રમાણે કર્યે જાય છે ભડવાઓ! મને પહેલેથી પૂછી જોયું હોત તો શું નુકસાન થવાનું હતું? આ બ્રાહ્મણ તમારો દશ્મન તો હતો નહિ. તમારા વડીલોના ટુકડા ખાઈને જ તો મોટો થયો છું. કોઈ નેક સલાહ ન આપી શકત તો ખોટી સલાહ પણ ન આપત. ઠીક ભાઈ, મારે શું એ ઝઘડાની સાથે? મોજ કરો અને જે મનમાં સૂઝે તે કરો. મારે શું કામ વચ્ચે ડોયો હલાવવો જોઈએ?" કહેતાં કહેતાં ઘૂંટણે હાથ ટેકવીને એ ઊઠયા અને જવાને તૈયાર થઈ ગયા.

આ જોઈને સૌને ફિકર પડી ગઈ અને "ના મહારાજ, બેસો મહારાજ! વાત તો સાંભળો! ગુસ્સે કેમ થઈ ગયા?" વગેરે કહીને પંડિતજીની ફરતે ઊભા રહી ગયા.

લાચાર બનીને પંડિતજીએ બેસવું જ પડયું. એટલામાં કરમચંદ ખેસ ગળે વીંટાળીને પંડિતજીને પગે પડયો અને કરગરીને કહેવા લાગ્યો: "મહારાજ! અમારી ઈજ્જત તમારા જ હાથમાં છે. આ વાતનો જરૂર ફેંસલો કરતા જાઓ, નહિ તો જાતવાળા અમને ટકવા દેશે નહિ."

પાસે બેઠેલો એક જણ બોલી ઊઠયો: "હા મહારાજ, એ બિચારાની બહુ બદનામી થઈ રહી છે."

એ બધાંની વચ્ચે મુનશી દેવીદયાલનો દીકરો મોહનલાલ પણ બેઠો હતો. થોડા દિવસથી એ ડી. એ. વી. કૉલેજ છોડીને ઘેર આવતો રહ્યો હતો. એણે કહ્યું: "પંડિતજી, આ સાચે જ ઉપકારનું કામ છે. તમારા જેવા મહાપુરુષોના પુરુષાર્થથી જ આવી સમસ્યાનો ઉકેલ આવી શકે. તમે પ્રયત્ન કરો તો હજુ એ પાછી આવશે."

"શું કહ્યું? પાછી આવશે?" પંડિતજીએ પંચની સામે જોયું. "જોઈ આ મૂરખની અક્કલ?" પછી એ છોકરા તરફ જોઈને કહ્યું: "આર્યસમાજીઓએ તને આ જ વિદ્યા શીખવી છે? બાબા! જેવડું મોં હોય એવડી જ વાત કરવી જોઈએ. વડીલોની વાતોમાં ભલા તારે બોલવાનું શું કામ? શાણા હોય એ સમજીને બોલે. આ તો નાના મોંએ મોટી વાત કરવા જેવી મૂર્ખાઈ છે."

આ સાંભળીને સૌ ત્રાંસી આંખે મોહનલાલ પર લ્યાનત વરસાવી રહ્યા. પણ તોયે મોહનલાલથી રહેવાયું નહિ: "માફ કરજો, પંડિતજી! મેં કંઈ બૂરી વાત કરી નથી. એને બિરાદરીમાં પાછી લઈ લેવામાં શાનો વાંધો છે? તેમાં વળી એ બિચારી તો બાળ-વિધવા છે. લાલા કરમચંદ એની દેખભાળ ન કરી શકે તો કોઈ સુપાત્ર વર..."

આ વખતે તો પંડિતજીનો ગુસ્સો ચારગણો વધી ગયો, અને એની વાત વચ્ચેથી જ કાપીને બોલ્યા: "બસ, બસ! આવી મ્લેચ્છવાણી બીજી વાર મોંએ લાવતો નહિ. સાબુથી ઘસી ઘસીને કંઈ ગધેડાને ગાય બનાવી શકાય? હિન્દુ ધર્મમાં વિધવા-વિવાહની વાત કરીને આ પવિત્ર જાતિને કલંકિત કરતા તને શરમ આવતી નથી? (બન્ને હાથ કપાળે ઠોકીને) ભાઈઓ, અંધેર આવી ગયું છે. આ આર્યસમાજીઓ અને અકાલીઓને લીધે તો આ ભારતદેશ રસાતાળ ગયો છે. (ઓડકાર ખાઈને) હરિ...ઓ... મ્."

મોહનલાલે ફરીથી કહ્યું: "તો પછી મહારાજ, તમારાં જ વચન પ્રમાણે જો ગધેડું ગાય ન બની શકે તો ગાય ગધેડું કેમ કરતાં બની શકે?"

અને ત્યારે કેટલાક જણા ખીજ કાઢતા મોહનલાલની પાછળ પડયા અને એને ચુપ કરીને જ છોડયો. બાબા કનૈયાલાલે કહ્યું: "છોકરા, બસ કર. બહુ આગળ પડતી વાત કર મા. એક શરીફની વિધવાની બાબતમાં આવી વાત કરતાં તારે શરમાવું જોઈએ. વળી તું તો ભણેલો છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં કેવી આજ્ઞા છે તે તું જાણતો નથી? (પંડિતજીને) હા, પંડિતજી, તમે તમારું કામ ચલાવો. આ તો છોકરું કહેવાય. એની વાત પર ગુસ્સો કરવાનો હોય નહિ. બોલો, હવે આનું શું કરવું જોઈએ?"

કરમચંદ બોલ્યો: "પંચ મહાજનો! મારી એક અરજ છે. એને જો ઈજ્જતની સાથે રંડાપો ગાળવો હોત તો મારા ઘરમાં કઈ ચીજની કમી હતી? પણ હું તો કેટલાયે દિવસથી જોતો આવ્યો છું કે એનાં લક્ષણ સાવ બદલાઈ ગયાં હતાં. તો યે હું ભેંસના જેટલી ધીરજ રાખીને બેઠો હતો. મનમાં થયું કે અમારું શું લૂંટી જાય છે? કરશે તેવું ભોગવશે. પણ કોઈકે કહ્યું છે ને કે જેણે છોડી લાજ તેને નાનું સરખું લાજ. એ તો અમારા પૂર્વજોની ઈજ્જતને સૂપડામાં નાખીને ઝાટકવા માટે ઊતરી આવી છે. મને શું પૂછો છો? કહ્યું છે ને કે પેટ ચીરી નાખું તો પછી પાટો ક્યાં બાંધું? આ વાતો તે ભલા કહેવા જેવી છે? તો યે મેં ધીરજનો ઘૂંટડો ભર્યો.

ત્યાર પછી તો એ જાતે જ કેવી રીતે મોં કાળું કરીને આવી છે તે તમે જાણો જ છો."

ચારે તરફથી અવાજો ઊઠયા: "બરાબર છે! બરાબર છે! આ બિચારાને માટે તો એ અજાણી હતી. બાકી આટલી ભલાઈ તો પેટનાં જાણ્યાં પણ કરે નહિ. એનું પોતાનું જ નસીબ વાંકું હતું તેમાં પછી કોઈનો કેવો દોષ?"

પંડિતજી વિચાર કરીને બોલ્યા: "હવે શું કરવું?"

બાબા રાધાસિંહ પાઘડી કપાળ પરથી પાછળ ખસેડતાં બોલ્યો: "કરવાનું તે શું? જે ધરમમાંથી ગયું તે વસતિમાંથી યે ગયું. ભર્યાભાદર્યા ઘરમાંથી ખાલી હાથે પાછું જાય એ કરમફૂટયાંને માટે બીજું શું કરવાનું હોય? એ જ્યાં છે ત્યાં જ ભલે રહી. પોતાનાં કરમનાં ફળ પોતે જ ભોગવશે."

સૌએ કહ્યું: "બરાબર, બરાબર, બાબાજીએ લાખ રૂપિયાની વાત કરી."

પંડિતજીએ કહ્યું: "મને યે એમ લાગે છે કે એ કુલટાને ત્યાં જ રહેવા દો. એ સિવાય બીજું થઈ પણ શું શકે? કેમ ભાઈ કરમચંદા! તારી કેવી મરજી છે? (ઓડ-કાર સાથે) હરિ... ઓ...મ્."

કરમચંદ હાથ જોડીને ઉત્સાહભર્યા સ્વરે બોલ્યો: "મહારાજ! જે તમારી મરજી તે મારી મરજી! તમે તો શાણા છો. આ ઘરમાં હવે એ કદી પગ નહિ મૂકી શકે. વળી એ પણ ખરું કે તોડેલાં ફૂલ અને તૂટેલાં દિલ જોડવાં તે તો અસંભવિત વાત છે."

આ વાતમાં સૌએ પોતાની સંમતિ જાહેર કરી દીધી. સૌ પંડિતજીની ઉદારતા અને કરમચંદની અક્કલનાં વખાણ કરવા માંડયાં અને ધીરે ધીરે ઊઠીને જતા રહ્યા. પંડિતજી "હરિ...ઓ...મ્" કહેતા સૌથી છેલ્લા ઊઠયા. જતાં જતાં કરમચંદે ચૂપકીથી એના હાથમાં થોડા ચાંદીના સિક્કા મૂકતાં કહ્યું: "મહારાજ, અમારા પર દયાદૃષ્ટિ રાખજો."

પંડિતજી ભરેલી મુઠ્ઠીથી ગજવું ફંફોસવા માંડયા અને બીજા હાથે કરમચંદનો ખભો પકડીને કહેવા માંડયા: "રહેવા દે, રહેવા દે." અને પછી કહ્યું: "હા, સાચે જ. મેં જે વાત કરેલી..."

"હા, જી. એ જ વખતે હું ખ્વાજાસાહેબ પાસે ગયો હતો. પહેલાં તો એ માનતા નહોતા. પણ તમારી સિફારસ સાંભળીને માની ગયા."

"ખેર, સારું થયું. કેટલામાં...?"

"પચાસ રૂપિયા નગદ આપી આવ્યો હતો અને કહી આવ્યો હતો કે મામલો પતી ગયો તો પચાસ રૂપિયા પછી આપીશ."

"ખેર, કામ સસ્તે પતી ગયું."

"જી હા, બધું તમારી કૃપાનું ફળ છે. નહિ તો..."

આ પછી આશીર્વાદ દઈને પંડિતજી લાકડી ઠોકતા ઠોકતા ઘર તરફ જવા નીકળ્યા. ઘેર પહોંચતાં પહેલાં એ કોને કોને ઘેર ગયા અને કેવી કેવી સલાહ-મસલત કરી તે તો ઈશ્વર જ જાણે.

[6]

ગુરદેઈ ચિંતાના સાગરમાં ગોથાં ખાઈ રહી હતી. ત્યાં પંડિતજી અંદર આવતા દેખાયા. આમ તેમ થોડી વાત કરીને એ બોલ્યા: "બેટી, તારે ખાતર આજે આખા શહેરમાં ઘૂમ્યો, પંચાયત ભેગી કરી, જેનું મોં પણ નહોતું જોવું તેના પગ જોયા. પણ ખબર નથી પડતી કે ઈશ્વરે એ લોકોની અક્કલની આડે કોણ જાણે કેવો યે પડદો નાખી દીધો છે કે કેમે ય કાબૂમાં આવતા નથી. (ઓડકાર સાથે) હરિ... ઓ... મ્."

ગુરદેઈએ શ્રદ્ધાથી કપાળે હાથ દેતાં કહ્યુ: "મારા જેવી દુખિયારીને માટે તમે નહિ તો ભલા બીજું કોણ તકલીફ ઉઠાવવાનું હતું?"

"પણ બેટી, તારો મનોરથ ફળે એમ લાગતું નથી."

"જી, કેમ?"

"કરમચંદ કહે છે કે એણે અમને લખી આપ્યું છે. અને અમારું એ શું બગાડી નાખવાની હતી?"

ગુરદેઈએ નિરાશાનો ઠંડો શ્વાસ લીધો અને બોલી: "અને બિરાદરીએ શું કહ્યું?"

"બેટી, બિરાદરીના હાથમાં તે વળી શું છે? બિરાદરી લોકોને બળજબરીથી થોડું જ કંઈ મનાવી શકે છે? એ કંઈ થોડી સરકારી અદાલત છે કે ધાર્યું કરાવી શકે?"

"તો હવે હું શું કરું?"

થોડી વાર વિચાર કર્યા પછી પંડિતજીએ કહ્યું: "શું કરું બેટી? સમસ્યા જ બહુ વિકટ છે. કોરટ્રે ચડીને યે કંઈ વળે એમ લાગતું નથી કારણકે આવા કામમાં તો પૈસા જોઈએ."

"કેટલો ખરચ થાય?"

"ઓછામાં ઓછા ત્રણસો તો થાય."

પોતાના હાથ પરનાં કંગન પર નજર નાખતાં ગુરદેઈ બોલી: "આ કેટલાનાં હશે?"

પંડિતજી લાલચભરી નજરે કંગનને જોઈ રહ્યા. બોલ્યા: "દોઢસો-બસોનાં હશે."

ગુરદેઈ નિરાશ થઈ ગઈ.

પંડિતજીએ દિલાસો આપ્યો: "બેટી, તું ચિંતા કર મા, જે ખૂટશે તે મારા તરફથી ઉમેરીશ. તારું કામ પાર પાડવા તૈયાર છું."

ગુરદેઈએ કંગન ઉતારીને પંડિતજીના પગ પાસે મૂકયાં અને પછી માથું ટેકવીને બોલી: "જી, હું તો તમારે ભરોસે છું. તમે જ મારો બેડો પાર કરી શકો તેમ છો."

પંડિતજીએ એને માથે હાથ મૂકીને કહ્યું: "બેટી, ભગવાન તારું કામ પાર પાડી દેશે. આ મુકદ્દમાની જવાબદારી આજથી હું મારે માથે લઉં છું અને તને ખાતરી આપું છું કે ઈશ્વરકૃપાથી તેમાં બહુ જલદી સફળતા મળી જશે. (ઓડકાર ખાઈને) હરિ...ઓ...મ્. પણ તું અહીં જ રહે તો કામ બગડી જવાનો ભય છે."

"પણ હું કયા જાઉં? ક્હો તો પિયર ચાલી જાઉં. પણ ત્યાંયે મારું કોઈ નથી. હા, રહેવા માટે મકાન છે."

"ના બેટી, તું ચિંતા ન કર.સિયાલકોટમાં મારો એક મિત્ર છે. તારી ઈચ્છા હોય તો તને એની પાસે મોકલી શકું."

"મહારાજ! તમારે આશરે આવી છું. જે કહેશો તે કરીશ."

પંડિતજીએ કંગન લઈને ખિસ્સામાં મૂકયાં અને એને ધીરજ આપતાં કહ્યું: "પુત્રી! હમણાં તેની વ્યવસ્થા કરું છું. તું જમી લે અને આરામ કર. કોઈ વાતે ચિન્તા કરીશ નહિ."

"મહારાજ! તમે છો પછી મારે કેવી ચિંતા? તમે તો જાણે થાંભલો ફાડીને મારી મદદે આવી પહોંચ્યા છો. તમારા ઉપકારનો બદલો કેમ કરીને ચૂકવીશ?"

"હરિ... ઓ... મ્" કહેતાં પંડિતજી નીચે જતા રહ્યા. થોડી વાર પછી છોકરો ગુરદેઈ માટે ઉપર ખાવાનું લઈ આવ્યો. થોડુંઘણું ખાઈને એ કોટડીમાં પડેલા ખાટલામાં સૂતી.

ક્યાંય સુધી ચિંતામાં ને ચિંતામાં એને ઊંઘ આવી નહિ. અને જ્યાં જરા આંખ મળી ત્યાં કોઈક ઉપર આવતું હોય એવો સંચાર સાંભળીને એ બેઠી થઈ ગઈ. પંડિતજી એક ઊંચા એવા જુવાનની સાથે કોટડીમાં દાખલ થયા અને બોલ્યા: "બેટી, મારી સલાહ છે કે આજે જ તું મારા આ મિત્રની સાથે સિયાલકોટ ચાલી જા. ત્યાં તારી રહેવાકરવાની બધી વ્યવસ્થા થઈ રહેશે. તને કોઈ વાતે તકલીફ થશે નહિ."

કૃતજ્ઞતાભરી નજરે પંડિતજી તરફ જોતાં ગુરદેઈ બોલી: "તમારો ઉપકાર હું કદી નહિ ભૂલું." અને એ જવા માટે તૈયાર થઈ ગઈ.

થોડી વારમાં તો એ માણસની સાથે એ રેલગાડીમાં મુસાફરી કરી રહી હતી.

[7]

ગુરદેઈ સિલાયકોટ પહોંચી ગઈ અને થોડા જ દિવસમાં આ નાટકનું નવું દશ્ય એની સામે આવી ગયું. સાચી વાત એનાથી ઝાઝા દિવસ છૂપી રહી શકી નહિ. જે પંડિતને એ ઈશ્વરનો અવતાર સમજીને મનમાં ને મનમાં પૂજા કરી રહી હતી તે ખરેખર તો મિત્ર લાગવા છતાં દુશ્મન હતો. ગુરદેઈનાં ઘરેણાં હજમ કરીને એણે એને તારાચંદ નામના એક જુવાનને વેચી દીધી હતી. એને અહીં લાવનાર માણસ ખરેખર તો પંડિતજીનો દલાલ હતો. ગુરદેઈ કરમની મારી કપાળ કૂટતી બેસી રહી. હવે એનાથી શું થાય એમ હતું? તારાચંદે એને જે મોટી મોટી આશાઓ દેખાડી હતી તેની લાલચે તો વળી એને પોતાના લક્ષ્યથી વધારે દૂર ફેંકી દીધી હતી. અને અલ્લડ ગુરદેઈએ એની જાળમાં ફસાઈને પોતાનું સર્વસ્વ એના પગ આગળ ધરી દીધું હતું.

તારાચંદ થોડુંઘણું ભણેલો હતો અને સરકારી ઑફિસમાં કારકુન તરીકે મહિને ત્રીસ રૂપિયા કમાતો હતો. એણે ગુરદેઈને કહ્યું કે મારું મૂળ ઘર તો ગુજરાંવાલામાં

છે, પણ બાપ મારા પર નારાજ છે એટલે હું ત્યાં જતો નથી. ગામમાં મારે લાખો રૂપિયાની મિલકત છે,"

પણ અસત્ય લાંબો વખત છૂપું રહેતું નથી.

થોડા મહિનામાં તારાચંદની આ ફરેબની પોલ પણ ઉઘાડી પડી ગઈ. એક દિવસ એની માનો કાગળ આવ્યો. તારાચંદ ઘેર નહોતો એટલે ગુરદેઈએ એ કાગળ કોઈકની પાસે વંચાવી લીધો. કાગળમાં એની માએ લખ્યું હતું:

"હું મહેનત-મજૂરી કરીને પેટ ભરું છું. તું અહીંથી જતો રહ્યો તે પછી મને એક પૈસોયે મોકલ્યો નથી, મેં એમ પણ સાંભળ્યું છે કે તું કોઈક બાઈને ભગાડી લાવ્યો છે. આ વાત તારે માટે સારી ન કહેવાય..."

ગુરદેઈ હવે વિવશ બની ગઈ. એને માટે ન તો સાસરામાં સ્થાન હતું, ન તો પિયરમાં. એમાં પોતે વળી મૂઢ અને નાસમજ હતી. જે કોઈ જરા માયાથી બોલાવે એને વળગવા જેવી એની મતિ હતી. તેથી જ તો સ્વાભિમાન છોડીને એ પોતાને સ્થાનેથી ભ્રષ્ટ થઈ ગઈ હતી.

છેવટે એ જ હાલતમાં પડયા રહેવાનું એને પોતાને માટે ઠીક લાગ્યું. બીજું કંઈ નહિ તો લૂખોસૂકો રોટલો તો મળી રહેશે. પણ એને ખબર નહોતી કે કમનસીબી હજુ યે એનો પીછો કરી રહી હતી.

નસીબનો પ્રહાર—આ જ વખતે સરકારી ઑફિસોમાં માણસો કમી કરવામાં આવ્યા અને તારાચંદને સૂકી ડાળખીની જેમ કાઢીને ફેંકી દેવામાં આવ્યો. બીજી તરફ ગુરદેઈ બીમાર થઈને ખાટલે પડી હતી.

જે તારાચંદ થોડા વખત પહેલાં ગુરદેઈના પ્રેમમાં પાગલ બનીને ઘૂમતો હતો તે આઠદસ મહિનામાં એનાથી એવો કંટાળી ગયો હતો કે હવે ગુરદેઈ એને દીઠી ગમતી નહોતી. એટલે સુધી કે એને દવાદારૂ આપતાં પણ કતરાવા લાગ્યો હતો. એ પહેલા નંબરનો વ્યસની, જિદ્દી અને ઝઘડાખોર બની ગયો હતો. ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હતો જયારે તારાચંદે ગુરદેઈને ચોટલો ઝાલીને મારી ન હોય, કે બન્ને વચ્ચે ઝઘડો થયો ન હોય.

હવે ગુરદેઈ બિલકલ થાકી ગઈ હતી. એક તો ઘેર ઘેર ભટકવા જેવી સ્થિતિ અને બીજું જક્કી પતિ સાથે નાતો. ત્રીજી વાત ગરીબી અને ચોથી સૌથી મોટી વાત

એ કે ગુરદેઈને પોતાની કમનસીબી વળી વધારે મોટી લાગી રહી હતી. ઓહ! જેનો વર્તમાન આટલો ભયાનક છે એનું ભવિષ્ય તે કેવું હશે? આ વિચાર આવતાં જ એ પગથી માથા સુધી ધ્રૂજી ઊઠની હતી. એ સ્પષ્ટ સમજી રહી હતી કે આ પતિની પાસે મોટી ઇચ્છાઓ રાખવી તો બાજુએ રહી, પણ નાની નાની ઇચ્છાઓ પૂરી પડે એવી આશા રાખવી પણ ફોગટ છે. અને વળી કહેવાયું છે ને કે ઘરના બળ્યા વનમાં ગયા તો વનમાં લાગી આગ. ગુરદેઈ વિચારી રહી કે હવે આ પાપનું પોટલું ક્યાં લઈ જવું? જિન્દગીના બાકીના દિવસો ક્યાં અને કેવી રીતે ગાળવા? અંધકારઘેરા દિલમાં આ સવાલનો એક જ જવાબ હતો: "ક્યાંય નહિ."

છેવટે, જેનો એને હમેશાં ડર હતો એ દિવસ આવી જ ગયો... એને સખત તાવ ચડયો હતો, આંખ પણ ખૂલતી નહોતી. એ જ હાલતમાં ઘણો વખત પસાર થઈ ગયો પણ તાવ ઊતર્યો નહિ.

એક દિવસ અડધી રાતે એ એડીઓ ઘસી રહી હતી. એને ઘૂંટડો પાણી પાવાવાળુંયે કોઈ નહોતું. તારાચંદ પરમ દિવસનો ઘેર આવ્યો નહોતો, ન તો એના આવવાની કોઈ આશા પણ હતી કારણકે જતાં જતાં એ કહેતો ગયો હતો: "મારા આવવાની હવે આશા રાખતી નહિ. ભોગવ તારાં નસીબ. ચાહે જીવતી રહે, ચાહે મર. મેં કંઈ ઇસ્પિતાલ ખોલી મૂકી નથી. ભૂખે મરું છું તેમાં તને તે ક્યાં સંભાળું? ક્યાંક દેશ-પરદેશ જઈને રોટીનો ટુકડો કમાઈ લઈશ. આ આફતથી તો જાન છૂટશે." તેમાં વળી જુલમ તો એ થયો હતો કે ગુરદેઈની બેહોશીનો લાભ લઈને ઘરની બધી જ વસ્તુઓ પણ એ ઉઠાવી ગયો હતો.

કમનસીબે એનું મકાન પણ એવા લત્તામાં હતું કે આસપાસમાં હિન્દુઓનું એક પણ ઘર નહોતું.

તરસથી અધમૂઈ બનીને જેમ તેમ કરીને પડતીઆખડતી એ ખાટલા પરથી ઊઠી અને પાણીના માટલા પાસે પહોંચી. પણ એના કિસ્મતની જેમ માટલુંયે ખાલી હતું. સંજોગવશાત ગ્લાસમાં થોડું ગંદું પાણી હતું, ગુરદેઈએ કાંપતા હાથે ગ્લાસ મોંએ માંડયો. થોડું પાણી ઢોળાઈ ગયું અને થોડું એના મોંમાં પહોંચ્યું. ત્યાં સુધીમાં એની હાલત એવી ખરાબ થઈ ચૂકી હતી કે એ ત્યાંથી ઊઠી શકી નહિ અને ત્યાં જ બેહોશ થઈ ગઈ. ઈશ્વર જાણે એ જ હાલતમાં એ ત્યાં કેટલી વાર સુધી પડી રહી.

[8]

આસો માસના તડકામાં દિવસ આખો વાંદરીનો ખેલ કરી કરીને રોડૂ મદારી પોતાના ડેરામાં પાછો આવ્યો હતો. એની ઝોળીમાં રોટીના થોડા ટુકડા અને થોડો લોટ હતો. એક ફાટી ગયેલો કામળો, માટીના બે પ્યાલા, બે કટોરા અને એક ઝોળો અને એવી જ પરચૂરણ વસ્તુઓ–બસ, આ હતી એની મિલકત. એક પોતે અને એક એની લચ્છો વાંદરી, આ હતો એનો કુટુંબકબીલો. દુનિયામાં એનું કોઈ જ નહોતું. માબાપ મરી ગયા ત્યારે તો હજુ એ દૂધ પીતો બાળક જ હતો. એક આંખે કાણો હતો એટલે એનાં લગ્ન પણ થયાં નહોતાં.

બાબા રોડુની ઉંમર સાઠની ઉપર થઈ ગઈ હતી. પણ સંસારની મોહમમતા શું હોય એનું એને લવલેશ પણ ભાન નહોતું. જ્યારે પણ એ કોઈની પાસેથી સાંભળતો કે અમુકને અમુકના પર બહુ પ્રેમ હતો તો એવી વાહિયાત વાત પર એ ક્યાંય સુધી હસતો રહેતો. એ ફક્ત એટલું જાણતો હતો કે માણસ જન્મે છે અને મરી જાય છે. બસ! હા, ઈશ્વર પર અને ગુરુદેવતા પર એને શ્રદ્ધા હતી ખરી. હલકા વરણનો અછૂત હોવા છતાં એ પોતાને શ્રદ્ધાળુ હિન્દુ ગણતો હતો.

રોટી અને આટાવાળો ઝોળો ઉતારીને એણે ઝૂંપડીની વચ્ચોવચ્ચ વાંસમાં ખોડેલી એક ખીલી પર ટાંગી દીધો. વાંદરીને બાંધવા-છોડવાની તો એને કદી જરૂર જ પડતી નહિ, એ તો એની જિન્દગીભરની સાથી હતી, વાંદરી પર રોડુને બેહદ પ્રેમ હતો. એ તો પોતાની મેળે જ જઈને વડનાં ઠંડા મૂળિયા પર માથું ટેકવીને સૂઈ ગઈ. રોડુએ આંગળીથી કપાળ પરનો પસીનો લૂછ્યો. પરસેવાથી ભીંજાઈ ગયેલો અને આરીભરતવાળો ચાદરો ઉતારીને એ જરા આડો પડ્યો.

ઠંડા પવનની લહેરોથી એનો પસીનો સુકાઈ ગયો તે પછી એણે લટકી રહેલી ભંભલીમાંથી ગ્લાસમાં પાણી રેડ્યું. પછી થેલામાંથી ગોળનો ટુકડો કાઢીને તેને પથ્થરથી ઝીણો કૂટ્યો અને શરબત બનાવ્યું. અર્ધા કરતાં વધારે શરબત એણે પોતે પીધું અને બાકીનું શરબત એણે વાંદરી માટે બીજા ગ્લાસમાં રેડીને એના તરફ જોયું.

વાંદરી તો રાહ જોઈને જ બેઠી હતી. એક જ છલાંગમાં તે એની પાસે પહોંચી ગઈ અને ઝટપટ ગ્લાસ ખાલી કરીને પાછી પોતાની જગ્યાએ જઈ બેઠી.

પળવારમાં તો કોણ જાણે ક્યાંથી કૂતરાની એક આખી જમાત ભેગી થઈ ગઈ. લટૂડાપટૂડા કરતાં એ કૂતરાં રોડૂની ફરતે ચક્કર મારવા માંડયાં. રોડૂએ ઝોળો ઉઠાવ્યો અને તેમાંથી રોટલાના ટુકડા વીણી વીણીને કૂતરાંને ફેંકવા લાગ્યો. છેવટે ફક્ત લોટ જ બાકી રહ્યો ત્યારે ઊઠીને એણે ઝોળો ખીલીએ ટાંગી દીધો અને પોતે આડો પડયો.

આજે એ મોડેથી ખાવાનું બનાવવાનો હતો. સૂતાં વેંત જ એને ઊંઘ આવી ગઈ. થોડી વારે એણે પડખું બદલ્યું. જરા આંખ ખૂલી પણ એ પાછો સૂઈ ગયો. એક મિનિટ પછી એ પાછો જાગ્યો અને બેઠો થઈ ગયો. પછી હાથને નળીની જેમ ગોળ વાળીને એણે કાન પાસે ધર્યો અને કંઈક સાંભળવાનો પ્રયત્ન કર્યો. અવાજ વધારે સ્પષ્ટ સંભળાયો. ગૂંઝાઈને એણે જે તરફથી અવાજ આવવાનો આભાસ થતો હતો એ દિશામાં જવા માંડયું.

માલિકને આમ જતો જોઈને વાંદરી પણ એની પાછળ ગઈ.

ચાલતાં ચાલતાં એક ઝાડી પાસે અટકયો. અવાજ પરથી લાગતું હતું કે જાણે કોઈ તરતનું જન્મેલું બાળક રડી રહ્યું હતું. ઝૂકીને એણે ઝાડી તરફ જોયું તો એને કોઈક લાલ રંગની વસ્તુ પડી હોય એવો ભાસ થયો. એ વધારે નજીક ગયો. લાલ રંગના કપડામાં વીંટાળેલી એક છોકરી હતી અને એકીશ્વાસે 'ઊંઆં! ઊંઆં!' કરતી રડી રહી હતી.

રોડૂથી છોકરીની આ દુર્દશા જોવાઈ નહિ. સહેજ પણ વિચાર કરવા થોભ્યા વિના એકદમ જ એણે એ છોકરીને ઊંચકી લીધી અને એને લઈને પોતાની ઝૂંપડીમાં પાછો આવી ગયો. હજુ ભલે ગુલાબી મોસમ હતી પણ આ માસૂમ જીવને માટે તો સાંજની ઠંડી હવા વધારે પડતી હતી. લાલ ચીંથરામાં વીંટળાયેલી એ છોકરી જાણે થીજી જતી હતી. એના હોઠ ભૂરા થઈ ગયા હતા.

ગભરાયેલા રોડૂને વિચાર થયો કે હવે આ છોકરીનું શું કરવું? એને ક્યાં લઈ જવી? એને શી રીતે બચાવવી? વાંદરીને કુદરતી રીતે જ નાનાં બાળકો પર બહુ પ્યાર હોય છે. રોડૂ ઘુરકિયાં કરતો એને દૂર હઠાવી રહ્યો હતો તો પણ વારેઘડીએ છોકરીને રોડૂના હાથમાંથી આંચકી લેવા એ પાસે આવતી હતી. રોડૂએ ઝટપટ ગોદડી

ભેગી કરી અને છોકરીને તેમા છપાવી દીધી. પછી એને વિચાર આવ્યો કે બિલાડીનાં બચ્ચાં જેવડી એ છોકરી કોણ જાણે કેટલા દિવસથી ભૂખી હશે. એને માટે દૂધ લાવવું જોઈએ, એમ વિચારીને એણે છોકરીને ત્યાં જ સુવડાવી દીધી અને પોતે ગ્લાસ લઈને ગામ તરફ દોડયો. રસ્તામાં એને ચિંતા થવા માંડી: એ છોકરીને હું આમ એકલી મૂકીને આવ્યો છું—તે પણ વાંદરી જેવા ચંચળ પ્રાણીની પાસે. આ મેં એક બહુ મોટી ભૂલ કરી, છોકરીને સાથે લઈ આવવામાં શાનો ડર હતો? ભલા મને તે કોઈ શું કહેવાનું હતું? કોઈ પૂછત તો કહી દેત કે કોઈક સગાની દીકરી છે.

એને તરત જ પાછા જવાનું મન થયું. પણ છોકરી ભૂખી હશે એવો વિચાર આવતાં એનાં પગલાં પાછાં વળ્યાં નહિ. હાથ જોડીને અને આંખો બંધ કરીને એણે શિવ-પાર્વતીનું નામ લીધું અને આગળ ચાલ્યો.

કામ તો એણે બહુ ઝપાટે પતાવ્યું હતું. પણ તો યે આવવા-જવામાં અર્ધો કલાક તો લાગી જ ગયો. દૂધ લઈને એ પોતાની ઝૂંપડી તરફ પાછો ફર્યો ત્યારે દિલમાં તો ધક્ધક્ થતું હતું. મનમાં થતું હતું કે કયાંક મારી બેવકૂફીને કારણે પરમાત્માના એક જીવનો અંત આવી જાય નહિ.

ઉતાવળે પગલે એ ઝૂંપડી પર આવી પહોંચ્યો પણ એણે ત્યાં જે જોયું એથી એ આભો જ બની ગયો. લચ્છો એ છોકરીને માની જેમ ગોદમાં લઈને બેઠી હતી અને ગોદડી એક ખૂણામાં પડી હતી. છોકરીની આંખો ખુલ્લી હતી અને હવે એ બિલકુલ રડતી નહોતી. લચ્છોએ પોતાના શરીરની ગરમીથી છોકરીની ઠંડી દૂર કરી દીધી હતી. માલિકને માથે ઊભેલો જોઈને એણે છોકરીને પાછી ગોદડીમાં સુવાડી દીધી અને પોતે ભયભીત બનીને એક બાજુ ઊભી રહી ગઈ.

રોડૂએ ગોદડીમાંથી રૂનું પૂમડું કાઢયું અને દૂધમાં ભીંજવી ભીંજવીને છોકરીના મોંમાં મૂકવા માંડયું. દૂધ પીતાં પીતાં છોકરી ઊંઘી ગઈ, અને રોડૂએ નિરાંતનો શ્વાસ લીધો.

રાતે હમેશની જેમ પથ્થર જોડીને બનાવેલા ચૂલા પર એણે ત્રણ રોટી પકાવી. બે રોટી એણે પોતે ખાધી અને ત્રીજી વાંદરીને આપી. આજે રોડૂને ધૂળ-માટીમાં જ સૂવું પડયું. એણે ગોદડી લાંબી કરીને અર્ધા ભાગમાં છોકરીને સુવાડી અને અર્ધો ભાગ એને ઓઢાડી દીધો. અને ગોદડીનો છેડો પેટ પર દાબીને પોતે સૂઈ ગયો.

અર્ધી રાતે પડખું બદલ્યું તો રોડૂને છોકરીનો ખ્યાલ આવ્યો. એ ગભરાટમાં બેઠો થઈ ગયો. પણ છોકરી ત્યાં નહોતી. એને થયું, કોઈ જંગલી જાનવર તો છોકરીને ઉપાડી નહીં ગયું હોય ને! એણે પાછળ ફરીને જોયું તો છોકરી સાચે જ જંગલી જાનવરના કબજામાં હતી. લચ્છો એને પોતાની ગોદમાં લઈને બરાબર રોડૂની જેમ જ રૂના પૂમડાથી રાતનું દૂધ પાઈ રહી હતી.

ઈશ્વરની કુદરતનો આ અનોખો ચમત્કાર જોઈને રોડૂને હસવું આવી ગયું. એને થયું: માલિક કેવો અનંત અપાર છે. આ છોકરીને એની ખરેખરી મા પાસેથી છીનવીને એણે આ જંગલી માને હવાલે કરી દીધી છે.

મોહ-મમતાનું પ્રથમ કિરણ રોડૂના અંધકારમય અને ઠંડા હૃદયમાં પ્રવેશ પામ્યું હતું અને તેની હૂંફ આપતી ઉષ્મા અને પ્રકાશનો આજે એણે પહેલી વાર અનુભવ કર્યો હતો.

સમય વીતતો ચાલ્યો. જે રોડૂ હમેશાં સૂરજ સાથે હોડમાં ઊતરીને સૂતો હતો, એની હવે તો પળેપળ ઊંઘ ઊડી જતી હતી. રાતે જો સુંદરી જાગીને રડવે ચડી જાય તો એને ખભે લઈને એ કલાકો સુધી આંટા માર્યા કરતો અને હાલરડાં ગાતો:

હાલ-વાલને રે હાલો
બેન મારી ચંપાનો છોડ રૂપાળો[1]

આ જ હાલરડાં લોકોને મોઢે સાંભળીને એ મજાક ઉડાવતો પણ હવે તેમાંથી જ એને કેવો આનંદ મળી રહ્યો હતો!

રામ રાખે તેને કોણ ચાખે? જે છોકરીને કોઈ જાણીબૂઝીને મોતના મોંમાં મૂકી ગયું હતું તે હવે બચી ગઈ હતી કારણકે એણે આ દુનિયા જોવાની હતી. અને જો રોડૂના સૂના હૃદયમાં વાત્સલ્યનો દીપક પ્રગટાવવા માટે ઈશ્વરે સંસારમાં મોકલી હતી તો પોતાની એ કામગીરી બજાવ્યા વિના ભલા સંસારમાંથી એ કેમ કરીને વિદાય થવાની હતી?

છોકરીનાં નેણ-નાક અત્યંત સુંદર અને નમણાં હતાં. એની ભૂરી આંખો, ગોરો

---

1 सदके सदके सद माईयां
चंवे दोआं बूटियां रब्ब लाईयां
હું વારી જાઉં, ભગવાને ચંપાનો છોડ વાવ્યો છે.

વાન અને સોનેરી રેશમી વાળ કુદરતના હાથની અનોખી કારીગરીનાં સાક્ષી હતાં. કદાચ એની એ સુંદરતા જોઈને જ રોડૂએ એનું નામ સુંદરી રાખ્યું હતું

વૃદ્ધ રોડૂને કેટલાયે વખતના જૂના સવાલોના જવાબ આપોઆપ મળી રહ્યા હતા. એ જ રોડૂ પહેલાં લોકોની મજાક ઉડાવતો અને વિચારતો: "જુઓ તો ખરા ભલા, દીકરા-દીકરીઓ ખાતર દુનિયાભરની ફિકર મન પર લાદી લેવી, એ તે અક્કલનું કામ છે?"

બે જીવનું પેટ ભરવા જેટલો લોટ માગીને ઝાડના શીળા છાંયડામાં પગ લંબાવી સૂઈ રહેનારો વૃદ્ધ રોડૂ મદારી હવે વહેલી સવારે ઘેરથી નીકળીને સાંજે અંધારું થતાં પાછો ફરે છે. હવે એને લોટ ઉપરાંત પૈસાની પણ જરૂર છે. રોટીના જે ટુકડા પહેલાં કૂતરાંને નાખતો તે હવે રબારીઓના ઘરમાં ઢોરોની નીરણ તરીકે જતા હતા.

થોડા જ વખતમાં રોડૂએ કંઈક પૈસા પણ જમા કરી લીધા. તેમાંથી સૌથી પહેલાં તો એણે સુંદરી માટે એક ખાટલી ખરીદી, થોડાં કપડાં ખરીદ્યાં અને બેચાર રમકડાં પણ લઈ આવ્યો. પહેલાં તો એને જે મળતું તેમાંથી જ ધીરજ-સંતોષથી એનું કામ ચાલી જતું પણ હવે તો "એ ભાઈ! છોકરીને માટે કોઈ ફાટ્યું-તૂટ્યું કપડું આલજો. બેન–બા! આ નાના જીવને માટે દૂધના પૈસા...!" એવું એવું કહીને વીનવતો ફરતો.

રોડૂને તો સુંદરી પર પ્રેમ હતો જ પણ એક જાનવરનો એના પરનો મોહ તો તેથીએ વધારે હતો. લચ્છો એકાદ પળ માટે પણ સુંદરીને પોતાની નજર સામેથી ખસવા દેતી નહોતી.

શરૂ શરૂમાં તો રોડૂને સુંદરી એક આફત સમી લાગતી હતી. પણ હવે એનો જીવ સુંદરીમાં લાગી રહ્યો હતો. હવે એ સુંદરીને સાથે લઈને જ માગવા જતો. પહેલાં એની પાસે એક વાંદરી હતી, હવે બે થઈ ગઈ. છોકરીની દયા ખાઈને લોકો એને કંઈ ને કંઈ આપી જ દેતા. અને રોતી સૂરત કરીને જ્યારે એ કહેતો, "બાબા, જનમતાં જ આ છોકરીની મા મરી ગઈ છે. મારી દીકરી પર દયા કરો!" તો લોકોનાં દિલ વળી વધારે નરમ થઈ જતાં.

સુંદરી હવે બે વરસની થઈ ગઈ હતી. મદારીની અંધારી ઝૂંપડીમાં કુદરતે રોશની મોકલી દીધી હતી. એને જોતાં રોડૂનું મન ધરાતું જ નહોતું. વાંદરીમાની સાથે રહી રહીને સુંદરીની આદતો પણ વાંદરાં જેવી જ ચંચળ બની હતી. એ પણ

લચ્છોની જેમ ઊલટી-સીધી છલાંગો મારતી. ક્યારેક બે હાથ જમીન પર ટેકવીને પગ ઊંચે લઈને ઊભી રહી જતી તો ક્યારેક ઝૂંપડીના વાંસમાં પગ ભેરવીને ઉપર ચડવાની કોશિશ કરતી. મતલબ કે વાંદરીને જે કંઈ કરતાં જોતી તે એ પોતે પણ સહજપણે જ કરવા માંડી જતી.

સુંદરી ગરીબોનાં બાળકોની સાથે રમતી હતી અને બધાં બાળકોને એ વહાલી લાગતી હતી તે જોઈને રોડૂની છાતી ખુશીથી ગજગજ ફૂલી જતી. સુંદરીમાં રૂપ હતું તો બુદ્ધિ પણ એટલી જ હતી. જે કંઈ જુએ તે તરત પોતે કરવા માંડી જતી, જે સાંભળતી તે બોલવા માંડતી. રોડૂને હવે એના લાલનપાલનમાંથી જ ફુરસદ મળતી નહોતી.

ઘેર આવે ત્યારે રોડૂ સુંદરી માટે કોઈ ને કોઈ ચીજ જરૂર લઈ આવતો. ખરેખર તો એને આ એક ટેવ જ પડી ગઈ હતી. જ્યારે પણ એ કોઈ ચીજ લઈને ઘેર આવતો તો એના પગમાં વીજળીની ત્વરા આવી જતી. એને ઘરની નજીક આવતો જોઈને સુંદરી દોડતી દોડતી એની પાસે આવી પહોંચતી અને એની ચાદરના છેડા ફંફોસતાં ઊછળતી-કૂદતી કહેતી: "બાબા, શું લાવ્યા છો મારા માટે? મને આપો ઝટ," ત્યારે રોડૂને જે ખુશી થતી તે તો સુંદરીને ખાવાનું આપતાં પણ નહોતી થતી. ચાદરનો છેડો છોડીને એ સુંદરીના હાથમાં મીઠાઈનું પડિકું મૂકી દેતો અને એ નાચતી-કૂદતી બીજી છોકરીઓને મીઠાઈ બતાવવા દોડી જતી ત્યારે રોડૂને જાણે એક નશો જ ચડી જતો. ખુશીમાં એ પાગલ થઈ જતો. એની એ ક્ષણો એવા સુખ અને આરમમાં વીતતી કે રાજામહારાજાઓના નસીબમાં પણ એવી ક્ષણો તો ઓછી આવતી હશે.

બીજા બાળકોની સાથે રમતાં રમતાં સુંદરી કોઈ કોઈ વાર બાળકોની માતાઓને પણ જોતી. બે છોકરાં આપસમાં લડી પડે તો પોતપોતાની માને બોલાવતાં: "મા, જો આ મને મારે છે! મા, આ મારી લખોટી આપતો નથી" વગેરે. સુંદરીને માટે તો "મા" શબ્દનો કોઈ અર્થ હતો નહિ. એને માટે તો બાબા રોડૂમાં જ એની દુનિયા આવી જતી, અને નહિ તો વાંદરી લચ્છો. પણ ક્યારેક એ જોતી કે એ માતાઓ પોતપોતાનાં બાળકોને હેત કરતી હતી. એમના વાળમાં કાંસકો ફેરવતી હતી અને એમને જાતજાતની વસ્તુઓ આપતી; તો એ પણ મા માટે હઠ કરી

બેસતી–જેમ કોઈની પાસે રમકડું જોઈને પણ એ હઠ કરવા માંડતી.

એક રાતે ચાંદની ખીલી હતી. બુઢ્ઢો રોડૂ બહાર કંતાન પાથરીને સૂતો સૂતો સુંદરીને ધૂંટણ પર ઝુલાવી રહ્યો હતો.

"પાગલો પા, મામાને ઘેર ખીચડી ખાવા જા"[1] એમ બોલી બોલીને એ સુંદરીને ઝુલાવતો હતો. એકાદબે વાર ઝુલાવીને એ સુંદરીને મૂકી દેતો તો સુંદરી કહેતી: "બાબા, હજી કરો."

વારે વારે સુંદરીને ઝુલાવીને રોડૂના પગ થાકી ગયા તો હારીને એ બોલ્યો: "લે સુંદરો! હવે તને ગલગીલી કરું," અને સુંદરીના નાનકડા હાથને પોતાના હાથમાં મૂકીને કહેતો: "આ તો નાની નાની નાની, આ તો પૂજરાની દાસી"[2] અને છેવટે "મળી ગઈ, મળી ગઈ" કહીને તેને ગલીગલી કરતો ત્યારે સુંદરી હસી હસીને બેવડી વળી જતી. આ હાસ્યમાં તો રોડૂને અમૃતના ઘૂંટડાનો સ્વાદ આવતો.

ત્યાં તો દૂર કોઈ બાળકે મોટે સાદે પોતાની માને બોલાવી: "મા!"

આ સાંભળતાં હસવું ભૂલીને બન્ને હાથે રોડૂની ચિબુક પકડીને સુંદરીએ કહ્યું: "બાબા, મારી મા ક્યાં?"

એ બિચારો આ નાનકડા પણ બહુ જ મોટા સવાલનો શો જવાબ આપે? એના દિલને જરા આંચકો લાગી ગયો. પછી એણે સુંદરીનું મોં ચૂમી લીધું: "દીકરી, તારી મા ચાલી ગઈ."

છોકરીએ ફરી કહ્યું: "બાબા, મારી મા ક્યાં?"

"દીકરા, તારી મા દૂ...ર ચાલી ગઈ છે."

"બાબા, મા દૂ...ર!"

હવે સુંદરી સૂતી સૂતી આકાશ સામું જોઈ રહી હતી. એ બોલી: "બાબા, મા દૂ..."

"હા, દીકરી, દૂ...!"

"બાબા, મા ઉપર?"

---

1 हूटे माईयां सोने दो गडचलाईयां

2 यहां पडो फुट्टो, कौअे ने मारो झुट्टी

"હા દીકરા, ઉપર ચાલી ગઈ છે!"

"મા ચાંદામામા પાસે ગઈ?"

"હા દીકરા, ચાંદામામા પાસે!"

"બાબા, મા કાગા?"

"હા દીકરા, માને કાગા લઈ ગયા."

"બાબા, મા દૂ......ર કાગા?"

"હા મારી બેટી? દૂ......ર, કાગા લઈ ગયા છે."

આમ વાત કરતાં કરતાં થોડી વારમાં સુંદરી ઊંઘી ગઈ......રોડૂ પણ ઊંઘી ગયો.

[9]

(દસબાર વર્ષ પછી)

લગની ચાહે ખરાબ હોય કે સારી, એ માણસને બિલકુલ બદલી નાખે છે. લગની એક બિન્દુ છે જે 'મેળવણ'ની જેમ દૂધને દહીંમાં બદલી નાખે છે. પણ એ જ બિન્દુ જો 'કાંજી'[1] બની જાય તો બધા દૂધને ફાડી નાખે છે અને તેનો નાશ કરી નાખે છે.

દીવાનપુરના જીવાસિંહના દીકરા બચનસિંહને પણ એક લગની લાગેલી હતી. દસમી પાસ કરીને એ ખાલસા કૉલેજમાં દાખલ થયો ત્યારથી એને એ લગની લાગેલી હતી. બસ, સમજી લો કે એ લગનીથી યા તો એક મહાન હસ્તીના સંસર્ગથી એના જીવનનું પાસું જ પલટાઈ ગયું હતું.

---

[1] રાઈ, મીઠું, જીરુ અને સૂંઠ નાખીને રાખેલા પાણીને 'કાંજી' કહેવાય છે. એમા વડાં કે અથાણાં નાખીને સ્વાદિષ્ટ વાનગી બને છે.

બચનસિંહની ઉંમર અઢાર-ઓગણીસની હશે. થોડાં વરસથી અમૃતસરની ગંદી હવામાં રહેવા છતાં એના શરીરમાં હજુ ગ્રામીણ લોહી મોજૂદ હતું. એનું શરીર હૃષ્ટપુષ્ટ હતું અને ચહેરો ભર્યો ભર્યો હતો. એને મૂછનો દોરો ફૂટવા માંડ્યો હતો. તેનાથી તો એનો ચહેરો વળી ઓર શોભી ઊઠયો હતો. એની નિશ્ચલ આંખો અને મીઠી જીભે એને આખી કૉલેજનો હીરો બનાવી દીધો હતો. એનું એક કારણ એ પણ હતું કે બચનસિંહને કવિતા લખવાનો અને ખાસ તો સ્ટેજ પર ભાષણ કરવાનો બહુ શોખ હતો. કૉલેજના યુનિયનનો પણ એ લીડર હતો. વિદ્યાર્થીઓના સમારંભો, સભાઓ વગેરેમાં એ હમેશાં આગળ રહેતો. સાર્વજનિક સભાઓમાં પણ એને સારું માન મળતું. મોટા મોટા સમારંભોમાં પણ બચનસિંહની કવિતાને મહત્ત્વ આપવામાં આવતું. એની કવિતામાં ભાવના ઊંચા સ્તરની હતી એવું તો ન હતું, એ કવિતા તો સાધારણ જ હતી; પણ એનો કંઠ સૂરીલો હતો અને તેને લીધે બચનસિંહનું પિત્તળ પણ સોનાના ભાવે વેચાતું. ગમે તેવા સમારંભમાં એનો જોશભર્યો સ્વર ગૂંજી ઊઠે તો શ્રોતાઓ સ્તબ્ધ બની જતા.

જે નવી લગનીએ બચનસિંહના જીવનમાં ક્રાન્તિ પેદા કરી દીધી હતી તેની ભૂમિકા આ પ્રમાણે છે: દસમી પાસ કરીને બચનસિંહ ખાલસા કોલેજમાં ફર્સ્ટ ઈયરમાં દાખલ થયો. એ દિવસોમાં શહેરોમાં અને ગામડાંમાં ગ્રામ-સુધારને અંગે ઘણી સભાઓ થતી. ગામમાં ફેલાયેલી કુરુઢિઓ અને ખોટા ખર્ચ બંધ કરાવવાનો આ સભાઓનો ઉદ્દેશ હતો.

આવી જ એક સભા જલિયાંવાલા બાગમાં ભરાઈ હતી, લગભગ દસ હજાર શ્રોતાઓ એકઠા થયા હતા.

જેવું સેક્રેટરીએ બચનસિંહનું નામ જાહેર કર્યું કે સભામાં હલચલ મચી ગઈ. સૂત્રોના પોકારો વચ્ચે એ સ્ટેજ પર આવ્યો.

એણે પોતાની કવિતા વાંચી. સભામાં સ્તબ્ધતા છવાઈ ગઈ. એને બીજી વાર કવિતા વાંચવાની ફરજ પડી.

સભા પૂરી થઈ. આજની સભાની સફળતાથી બચનસિંહને બેહદ ખુશી થઈ હતી. એ જમીન પર ચાલતો હતો, પણ લાગતું હતું કે એ આસમાનમાં ઊડી રહ્યો હતો. એની આસપાસ પ્રશંસકોની ભીડ જામી ગઈ હતી.

આ ભીડ જરા ઓછી થઈ પછી સફેદ રેશમી દાઢીવાળો ભર્યોભર્યો એક ચકચકિત ચહેરો એની સામે આવ્યો. એ પચાસ-સાઠ વર્ષના એક વૃદ્ધજનનો ચહેરો હતો. પણ ચહેરો આકર્ષક હતો. ખાદીના સીધાસાદા વેશમાં એ વૃદ્ધ કોઈ ફિરસ્તો લાગતો હતો.

સામે આવતાં જ આ વૃદ્ધ માણસે બચનસિંહનો હાથ પ્રેમથી પકડી લીધો અને ખૂબ જ આદરથી એને ભીડમાંથી એક બાજુએ લીધો. એક ઘાસના મેદાનમાં બેસતાં વૃદ્ધે કહ્યું: "બેટા, તમારી કવિતા મને તમારી પાસે ખેંચી લાવી છે."

બચનસિંહે એની પાસે બેસતાં કહ્યું: "તમારી મોટી મહેરબાની, બાબા. તમે કષ્ટ લીધું તે માટે હું......"

વાત ટોકીને વૃદ્ધે કહ્યું: "હું કંઈ ખાસ ભણેલો નથી, એટલે જ તો તમારી કવિતાનો અર્થ પૂછવા માગું છું." વૃદ્ધના હાથમાં કાગળનો એક ટુકડો હતો. એણે વાંચવા માંડ્યું:

કસમ તારા ચરણોની, ઓ હિન્દમાતા,
સેવામાં તારી, જીવન અર્પિત કરીશ આ,
ઘૂમી ફરીને દેશની ગલીકૂંચીઓમાં,
મિટાવી દઈશ દુષ્ટ રીતરિવાજ સઘળા."

આ કવિતા બચનસિંહે આજની સભામાં જ વાંચી સંભળાવી હતી. કવિતા ઠીક ઠીક લાંબી હતી પણ વૃદ્ધે તેની બે કડીઓ જ લખી લીધી હતી. બચનસિંહે કહ્યું: "બાબા, આ કડીઓનો અર્થ તો બહુ સહેલો છે."

વૃદ્ધે પ્રેમ અને ઉદારતાભરી નજરે બચનસિંહ સામે જોયું અને કહ્યું: "ના, બેટા! સહેલો નહિ, બહુ અઘરો છે. જરા વિચાર કરી જુઓ."

બચનસિંહ વિચારમાં પડી ગયો.

વૃદ્ધ ફરી બોલી ઊઠયા: "કસમ તારા ચરણોની...એનો અર્થ તમે સમજ્યા છો ?"

હવે બચનસિંહને મૂળ વાતની સમજ પડી, એણે ફરી એક વાર વૃદ્ધની સામે જોયું. પણ આ વખતે એની આંખો એ વૃદ્ધ માનવીની આંખોનો તાપ જીરવી શકી નહિ. એની આંખો ઝૂકી ગઈ. બચનસિંહ નિરુત્તર થઈ ગયો.

વૃદ્ધે કહ્યું: "કસમ ન ખાઈએ. બહુ પાપ લાગે."

બચનસિંહ જમીન પર નજર માંડીને ઊભો હતો: "બેટા, ફકત વાહવાહ બોલાવવી એ જ કંઈ સેવામાં જિંદગી ગાળવાનો અર્થ થતો નથી."

બચનસિંહનું મસ્તક વૃદ્ધનાં ચરણોમાં ઝૂકી ગયું.

"તારા હૃદયમાં ખરેખરી તમન્ના હોય તો આ ખોટી ડિંગ છોડી દે અને કંઈક કરી બતાવ." વૃદ્ધ બાબાએ એની પીઠ પર હાથ ફેરવતા કહ્યું.

બચનસિંહની આંખો ખૂલી ગઈ હતી. સાચે જ એની કવિતાની એ પંક્તિઓનો અર્થ બહુ મુશ્કેલ હતો. હજુ સુધી તો બચનસિંહ એમ માનતો હતો કે જોશીલી કવિતાઓ લખીને જનતામાં જોશ જગાવવામાં અને અસીમ પ્રશંસા પામીને ખુશીથી ફૂલાઈ જવામાં જ સેવાઉપકાર આવી જાય છે—આ જ એની દૃષ્ટિ રહી હતી. પણ આજે પહેલી વાર એને સમજાયું કે પોતે જે કરી રહ્યો હતો તે નરી બનાવટ અને દંભ હતો. આ જિન્દગી કરતાં જુદી, અને ઊંચી પણ, કોઈ જિન્દગી હોઈ શકે એવો એને આજ પહેલાં કદી અનુભવ થયો નહોતો.

ઉપર લખેલી સંક્ષિપ્ત વાતચીત પછી પેલો વૃદ્ધ ત્યાંથી જતો રહ્યો, પણ જતાં જતાં બચનસિંહના દિલમાં એક નવી લગની જગાડતો ગયો. બચનસિંહે પૂછ્યું એટલે એણે પોતાનું નામ-ઠેકાણું પણ આપ્યું હતું. એનું નામ દીદારસિંહ હતું. આજકાલ થોડા દિવસથી એનો અમૃતસરમાં મુકામ હતો.

એ દિવસથી જ બચનસિંહના જીવનમાં પરિવર્તન આવવા માંડ્યું. જ્ઞાની દીદારસિંહ જેટલા દિવસ અમૃતસરમાં રહ્યા તેટલા દિવસ એકાદ દિવસ પણ ચૂક્યા વિના બચનસિંહ રોજ એની પાસે જતો. થોડા મહિનાના આ સહવાસથી એનામાં એટલું પરિવર્તન આવી ગયું કે પહેલાંનો બચનસિંહ અને આ બચનસિંહમાં આસમાન-જમીનનું અંતર પડવા લાગ્યું. કવિતા તો એ હજીયે લખતો હતો; પણ દુનિયાને માટે નહિ, પોતાને માટે. તે દિવસે જે પંકિત દીદારસિંહે વાંચી સંભળાવી હતી તે એનાથી ભુલાતી જ નહોતી ......"

"કસમ તારા ચરણોની......"

[10]

આ વખતે ઉનાળાની રજામાં બચનસિંહને ઘેર જવાની ઇચ્છા નહોતી. પોતાની કવિતાને વાસ્તવમાં પલટી દેવા માટે થોડા દિવસ ગામડાંમાં ફરવાનું એને મન હતું. પણ બાપની માંદગીનો કાગળ આવતાં એનાથી રહેવાયું નહિ અને રજા પડતાં જ એ ઘેર પહોંચ્યો.

દીકરાના રંગઢંગ જોઈને જીવાસિંહના તનમનમાં આગ લાગી ગઈ. ક્યાં પેલાં સૂટબૂટ, કૉલર અને નેકટાઈ, અને ક્યાં ખાદીનાં જાડાં જાડાં પહેરણ, પાયજામો અને પગમાં બાર આનાના જોડા!

બીમાર જીવાસિંહ બહુ ખિજાયો, નારાજ થયો, પણ કરે શું? એક જ તો દીકરો હતો. મોઢે કંઈ કહેવાની હિંમત થતી નહોતી. ગુસ્સે થઈને કદાચ ઘરમાંથી નીકળી પડે તો તો શું કરવું?

છેવટે એમ જ નક્કી થયું કે ભણતર છોડાવીને બચનસિંહને કામધંધે લગાડી દેવો. પાછું એવું ન બને કે ભણાવતાં-ભણાવતાં છોકરાને જ હાથમાંથી ગુમાવવો પડે.

બચનસિંહને સેવાની લગની લાગી હતી, પણ માબાપનું દુ:ખ એનાથી જોવાતું નહોતું. મન મારીને એણે ઘરનાં કામકાજમાં મન પરોવ્યું.

એક દિવસ એ ખેતરોની રખેવાળી માટે જઈ રહ્યો હતો. ગુરુદ્વારા પાસેથી પસાર થતાં જોયું તો ત્યાં તાળું હતું. એને થયું કે શીખોના આવડા મોટા ગામમાં ગુરુદ્વારાની આવી હાલત? પાસે ઊભેલા એક છોકરાને એણે પૂછ્યું: "કેમ બચ્ચા, ગુરુદ્વારામાં કોઈ ગ્રંથી[1] નથી?" છોકરાએ આંગળીથી ઉપર ઇશારો કરીને કહ્યું: "એ જુઓ ઉપર, ભાઈજી બારી પાસે બેઠેલા છે."

બચનસિંહ વળી વધારે મૂંઝાયો. રખેવાળ ખેતરમાં જ બેઠો હોય અને પરાયાં ઢોરને ત્યાં ચરી રહેલાં જોઈને જે મૂંઝવણ થાય એવું જ બચનસિંહને પણ થયું.

---

[1] શીખ ગુરુદ્વારામાં ગ્રંથ-સાહેબ વાંચનાર ગ્રંથી. તેને ભાઈજી કહીને પણ બોલાવવામાં આવે છે.

એણે ફરીથી પૂછ્યું: "તો શું ભાઈજી ગુરુ ગ્રંથ-સાહેબનો 'પ્રકાશ'(પાઠ) ઉપર બેઠાં બેઠાં જ કરે છે?"

છોકરાને કંઈ સમજાયું નહિ. એણે કહ્યું: "પરસાદ? કડાઈનો પરસાદ? એ તો ગુરુ પર્વને દિવસે બનાવાય છે."

બચનસિંહને ખાતરી થઈ ગઈ કે છોકરો એની વાત સમજ્યો નથી. એણે ભાઈ-જીને આકબે વાર બોલાવ્યા; ભાઈજી બારીમાં ડોકાયા. નીચે જમીનદાર સરદાર જીવા-સિંહના દીકરાને ઊભેલો જોઈને એ ઝટપટ નીચે આવ્યા. આવતાંની સાથે બે ફૂટ નીચા વળીને, અત્યંત પ્રેમપૂર્વક હાથ જોડીને એ બોલ્યો: "આવો સરદારજી! વાહેગુરુજી કા ખાલસા! શ્રી વાહેગુરુજીકી ફતેહ![1] તમે અહીં આવ્યા તે મોટી કૃપા કરી છે. તમારાં ચરણોથી આ ગરીબની ઝૂંપડીને પાવન કરી છે. આવો, ઉપર આવીને દર્શન કરો."

બચનસિંહ તો ગ્રંથીની સાથે વાતો કરવાનો મોકો જ શોધી રહ્યો હતો. પણ ગ્રંથીના મોંએ ગુરુદ્વારાને માટે 'ગરીબની ઝૂંપડી' અને 'ચરણ મૂકો' જેવા શબ્દો સાંભળીને તો એને પાછા ફરી જવાનું મન થયું. પછી જરા વિચાર કરીને એ ભાઈજીની સાથે ઉપર ગયો.

ભાઈજીનું કદ લગભગ સવા છ ફૂટનું હતું. એવું લાગતું હતું કે એણે ખાધેલુ અન્ન માંસને બદલે હાડકાંના પિંજરને જ વધારી રહ્યું હતું. એના ગાલ એટલા ઊંડા ઊતરી ગયા હતા કે તેમાં નાના નાના દડા મૂકયા હોય તો તે યે અદશ્ય થઈ જાય! અને પેટને જરા અમસ્તું દાબ્યું હોય તો તે કરોડનાં હાડકાં સુધી પહોંચી જાય. નીચેના જડબામાં તો એકે ય દાંત હતાં નહિ. ભકતજનો વિનાના ગુરુદ્વારાની જેમ એ જડબું ખાલી હતું.

ઉપરના જડબામાં બધા મળીને ચાર દાંત હતા, અને તે પણ બહાર નીકળી આવેલા હતા. એના સોટી જેવા પાતળા પગને જોતાં મનમાં થતું હતું કે ધરતી તો ધોળા બળદોનાં શિંગડાં પર ઊભેલી છે, પણ ગ્રંથીની આવી લાંબી કાયા શાના પર ટકી રહી છે? પેટમાંથી ડૂંટી એક અંગૂઠા

---

[1] શીખો મળે ત્યારે એકબીજાને અભિવાદન કરવાની પદ્ધતિ.

જેટલી બહાર નીકળી આવી હતી. એનું પેટ એટલું પાતળું લાગતું હતું કે જાણે કોઈ પરાત મેલાઘાણ કપડામાં વીંટાળી દીધી ન હોય! ઢળી પડતા કાનમાંની વાળી-ઓએ વીંધ ફાડીને તેને એટલાં મોટાં કરી નાખ્યા હતા કે તેમાંથી એક ગાજર પસાર કરી શકાય. એના પગની લંબાઈ જોઈને લાગતું હતું કે વાણિયાની જેમ ઈશ્વરે પણ કદાચ બેવડી ભૂલ કરી નાખી હતી. કુદરતે ભાઈજીના શરીરને ઘડવાનું કામ કદાચ રોજીને બદલે ઈજારા પર લીધું હતું.

ખાટલા પર પડેલો તકિયો માથાની ચિકાશથી કંદોઈની દુકાનના કંતાન જેવો બની ગયો હતો. ભાઈજીએ તેને ઝટપટ નીચે ફેંકયો અને જાજમનો ફાટેલો ભાગ છુપાવીને તેને બેવડી કરીને પાથરી દીધી. પછી ઉપલા હોઠને આગળ લંબાવીને દાંતને ઢાંક-વાની કોશિશ કરતાં એણે કહ્યું: "આવો સરદારજી, બેસો 'આન કર કર કે'[1] આ તમારું જ ઘર છે. તમે તો કદી દર્શન જ દેતા નથી. આન કર કર કે આજે તો કીડીને ઘેર ભગવાન આવી પહોંચ્યો છે, આન કર કર કે."

"તમારી કૃપા છે." બચનસિંહે ઓરડામાં પડેલી વસ્તુઓ પર નજર દોડાવી અને પૂછ્યું. "મહારાજનો 'પ્રકાશ' કયાં થાય છે?"[2]

"શું કહું સરદારજી, અહીં તો ગુરુદ્વારામાં કોઈ આવતું જ નથી. (પછી કંઈક વિચાર કરીને) પ્રકાશ તો નીચે જ થાય છે. પણ આન કર કર કે આજે જરા તબિયત ઠીક નહોતી એટલે પ્રકાશ નથી કર્યો."

બચનસિંહ કોઈ અબુધ બાળક નહોતો. એકબે વાતમાં જ સમજી ગયો કે ભાઈજી ચાપલૂસી કરી રહ્યા છે. પણ ભાઈજીની સચ્ચાઈનું પારખું કરવા એણે કહ્યું: "ચાલો, તમને કષ્ટ તો થશે પણ નીચે આવીને દરવાજો ખોલો અને મહારાજનો 'પ્રકાશ' કરી દો. ગામમાં આવ્યો છું ત્યારથી પાઠ કરવાનો મોકો જ મળ્યો નથી."

ભાઈજીનો વાર ખાલી ગયો અને હારીને એને નીચે ઊતરવું જ પડયું. પાંચ-સાત મિનિટની મથામણ પછી ચાવી તો મળી. પણ ચાવી તાળાંને લગાવી તો તાળું ખૂલે

---

[1] ભાઈજીને મોઢે વારંવાર આવી જતો એક વિચિત્ર શબ્દપ્રયોગ. જેનો કોઈ ખાસ અર્થ થતો નથી.

[2] ગ્રંથ-સાહેબ કયાં વંચાય છે?

જ નહીં. બચનસિંહ ખિજાઈને બોલ્યો: "ભૂલમાં કંઈક બીજી ચાવી તો નથી ફેરવી રહ્યા ને?"

આંચકો ખાતાં ભાઈજીએ ઉપર જવા માંડયું અને કહ્યું: "જરા થોભો, કદાચ ચાવી જ બદલાઈ ગઈ હશે." અને ઉપર જઈને ઝટપટ ચાવી પર દીવામાંથી તેલ ચોપડી લાવ્યા. તાળું ખૂલતાં જ ભાઈજીએ કહ્યું: "હું કહું છું કે એવી તે કેવી આફત આવી ગઈ છે આન કર કર કે ચાવી બીજા જ કબાટમાં પડી હતી અને હું આંગણાના બારણાની ચાવી ઉઠાવી લાવ્યો હતો."

ગુરુદ્વારામાં જતાં બન્નેએ જે હાલત જોઈ તે વિશે એટલું જ કહેવું બસ થશે કે હાલત જોઈને બન્ને જણ ધ્રૂજી રહ્યા હતા. બચનસિંહ ગુસ્સાથી અને ભાઈજી શરમથી.

આ પછી ભાઈજીને જાતજાતની ચેતવણીઓ આપીને અને એનો ઊધડો લઈને બચનસિંહ પોતાનાં ખેતરો ભણી જતો રહ્યો.

[11]

"કહો ગ્રંથીજી! આજકાલ તો તમારે લહેર છેને!"

પાલાસિંહે ખૂબ જ પ્યારથી સત શ્રી અકાલ કહીને ભાઈજીને કહ્યું. ભાઈજી ત્યારે ગુરુદ્વારાના આંગણામાં ઝાડૂ મારી રહ્યા હતા. ઝાડૂ ઊભું ટેકવીને ખમીસ પર ધૂળવાળા હાથ લૂછતાં ભાઈજીએ કહ્યું: "આવો, આવો! પધારો. શું વાત કરું? સરદાર જીવાસિંહના દીકરાએ આવીને તો મને મુસીબતમાં મૂકી દીધો છે. આન કર કર કે એ આવ્યો ત્યારથી મારું તો લોહી સુકાઈ ગયું છે. ડરના માર્યા કંઈ કહેવાતું યે નથી, આન કર કે કરવું યે શું? બળિયાના તો વીસ સત્તા સો થાય ને?"

પાલાસિંહ ગામનો નામચીન બદમાશ હતો. એની ટોળકી એને પીરની જેમ પૂજતી હતી. માબાપ મરી ગયાં તે પછી એની પાસે જે થોડીઘણી જમીન

હતી તેને એ ખાઈપીને ઠેકાણે કરી ચૂકયો હતો. આમ તો એ છડોછૂટો હતો. ગામ આખું એનાથી ડરતું હતું. લડાઈ-ઝઘડાનો કે એવો કોઈ મામલો હોય તો પાલાસિંહ પોતાની પાર્ટી સાથે હાજર થઈ જતો.

એનામાં વહેંચી ખાવાનો યે ગુણ હતો. એ જ કારણે તો એની ઇજ્જત કદી યે કમ થતી નહોતી. દર પંદર દિવસે એ ફેરો મારવા[1] જતો. ફેરો મારવા જતા પહેલાં એ ગુરુદ્વારામાં જઈને માનતા માનતો. તેથી જ તો ભાઈજી એના પર પારાવાર ખુશ હતા. જયારે જયારે એ મોટો ફેરો મારીને આવતો ત્યારે એ ગુરુદ્વારામાં કડાઈનો પરસાદ ચડાવતો. એ સિવાય પણ ઠંડાઈની મહેફિલ હમેશાં એના જ ખર્ચે ચાલ્યા જ કરતી.

થોડા દિવસથી પાલાસિંહ ફેરો મારવા ગયો હતો અને લાંબે વખતે ખૂબ હાથ મારીને પાછો ફર્યો હતો.

પાલાસિંહ કેટલાયે વખતથી જીવાસિંહ પર બળી રહ્યો હતો. એ દાંત પીસ્યા કરતો હતો અને જીવાસિંહ પર આગલો-પાછલો બદલો લઈ શકે એવો મોકો શોધી રહ્યો હતો. એક તો જીવાસિંહ એનાથી દબાતો નહોતો; અને બીજું, એક વાર એણે અફસરોની સામે પાલાસિંહનાં કરતૂતોનો ભાંડો ફોડયો હતો. એટલે જ તો જીવાસિંહ તરફથી એને કાયમનો ભય હતો. અને હવે એ બચનસિંહ પર પણ ખાર રાખવા લાગ્યો હતો કારણકે બચનસિંહ એના રસ્તામાં એક મોટી આડખીલી સમો હતો.

ભાઈજીની વાત સાંભળીને પાલાસિંહે કહ્યું: "મજાલ છે એ છોકરાની કે તમારી સામે ચૂં-ચાં કરી શકે? કહો તો ખરા એણે તમને એવી તે કેવીક મુસીબતમાં મૂકી દીધા છે?"

"મહારાજ, કંઈ પૂછશો મા. આન કર કર કે નવા નિશાળિયા ઊભા થયા છે તે જે વાત કરશે તે ઊંધી જ કરશે. એ કહેતો હતો કે રોજ સવારે ઊઠીને ગ્રંથ-સાહેબ ખોલો, બન્ને વખત ઝાપટઝૂપટ કરીને ઝાડૂ મારો અને સાંજનો પાઠ કરો આન કર કર કે."

---

[1] ચોરી કરવા

પાલાસિંહ ભવાં ચડાવીને બોલ્યો: "જુઓ તો ખરા! એની તો આક્કલ જ બહેર મારી ગઈ છે. આ ગામને એણે અમૃતસર સમજી લીધું છે કે શું? ભલા, કોણ પોતાનાં ખેતર છોડીને રોજ ગુરુદ્વારે આવવા બેઠું હતું? કયારેક સંકરાંત-અમાસને દિવસે કોઈ ઘડી બે ઘડી આવી જાય તે જુદી વાત છે. અને ભાઈજી, મારી વાતથી તમે ગુસ્સે થશો, પણ તમે ય છો નર્યા માટીના માધવ. ભલા, તમે તે જીવાસિંહના પગારદાર નોકર છો!"

પોતાની તરફેણમાં આ ભાષણ સાંભળીને ભાઈજી હિંમતથી બોલ્યા: બાળબચ્ચાં ઘણું જીવો. તમે લાખ રૂપિયાની વાત કરી. તમારાં આન કર કર કે મહારાજ, એ તો રહ્યો કાચી ઉંમરનો છોકરો. શું કરવું! ગુજારો કરવાનો છે. કોઈની વાત ન માનીએ તો કહેશે કે ટકાનો ગ્રંથી થઈને વધારે પડતું બોલે છે. એટલે આન કર કર કે ચુપ જ રહી જાઉં છું. કહું છું કે જેટલો વખત પસાર થાય એટલો સારો, આન કર કર કે. અને પાછું એમ પણ ખરું ને કે એવા બખેડામાં પડવાનું કામેય શું? અહીં તો કોઈ કોઈને રોટીનો બળેલો ટુકડોયે આપતું નથી. આન કર કર કે તમારા જેવા દાતાઓને આશરે ગુજારો ચાલે છે. અને નહિ તો ગામમાં મહિને-દસ દિવસે કોઈ ને કોઈ મામલો-મુકદ્દમો ઊભો થઈ જ જાય છે અને તેને લીધે પાઠ કરાવનારા લોકો પાસેથી પણ ચાર પૈસા મળી જાય છે. નહિ તો વળી ગુરુદ્વારામાં કોણ આવી નાખે છે કે આન કર કર કે એને ખાતર સવારના પહોરમાં નીંદર બગાડીએ?"

"એટલે જ તો ભાઈજી ગમે તેવા અજાણ્યા લોકો તમારી સામે લાકડી વીંઝી જાય છે. આમ તો તે ભલા કોઈનું કામ ચાલી શકે? તમે બેશક એને રોકડો જવાબ પરખાવી દો. જોઈ લઈશું, એ તમારું શું બગાડી નાખે છે! હું બેઠો છું ત્યાં સુધી મજાલ કોની છે કે તમારા તરફ નજર સરખી પણ નાખી જાય?"

પાલાસિંહની વાત સાંભળીને ભાઈજીનું સૂતેલું બળ જાગી ઊઠયું. ભારે જોશમાં આવીને એણે કહ્યું: "ના સરદારજી! મને ભલા એની શેની પરવા છે આન કર કર કે? મને તો એમ છે કે કાલે ઊઠીને તમે ય પાછા એની વાતોમાં આવીને મને જ ભૂંડો કહેવા માંડો તો? તમારી શરમ ન હોત તો આન કર કર કે એ જ

ઘડીએ એને ખબર પાડી દેત નહિ? સરદારજી, આપણે રહ્યા નશાબાજ. અફીણથી પાછી ઊંઘ પણ વધારે આવે. આન કર કર કે સવારમાં જ તલપ લાગે છે. જરા સૂઈ લેવાનો પણ એ જ તો વખત હોય છે. અને હા, સાચે જ, હજી તો મારા ગળામાં એ એક બીજી મુસીબત નાખવાની પેરવીમાં છે, આન કર કર કે."

"કેવી મુસીબત?"

"કહે છે કે ભાઈજી, તમે દિવસ આખો નવરા બેઠા ખાટલો ભાંગો છો તે આન કર કર કે કંઈ નહિ તો ગામનાં છોકરાંને ભણાવતા જાઓ."

પાલાસિંહ ગુસ્સામાં હોઠ ચાવતાં બોલ્યો: "ના, ના. એવી કોઈ જરૂર નથી. જોઈ લીધું કે બાર વરસ સુધી ભણી ભણીને એણે કઈ મોટી ધાડ મારી છે. કેવો મજાનો છોકરો હતો. રીતભાતથી વાત કરતો. પણ વાંકાચૂંકા અક્ષર વાંચતો થઈ ગયો તે દિવસથી એની અક્કલ બહેર મારી ગઈ છે. અને જોયું ને કેવો વેશ કાઢીને અહીં આવ્યો છે! જાટનો દીકરો છે પણ કંગાલ જેવા હાલ બનાવી બેઠો છે. લોકો તો કહે છે કે ખાલસા કૉલેજમાં ભણતર સારું હોય છે. હા, તો પછી તમે એને શું કહ્યું?"

"કંઈ નહિ. મારે થોડું જ એને ઘેર જઈને ભાણું માંડવું છે? આન કર કર કે મેં તો કહી દીધું કે બાબા, મારાથી દિવસ આખો એ છોકરા-છોકરીઓની સાથે લમણાંઝીક કરવાનું બને નહિ. આન કર કર કે બપોરનો વખત તો અફીણ ઠંડાઈ માટે હોય છે. જંગલપાણી માટે યે ત્યારે જ તો વખત મળે છે. એવી ઝંઝટમાં પડવાની મને વળી ફુરસદ જ કયારે હોય છે આન કર કર કે?"

અફીણની વાત પર જોર દેતાં પાલાસિંહે કહ્યું: "તમે તો આજકાલ એકલા જ મોજ ઉડાવતા હશો. ધ્યાનસિંહ અને નરેનસિંહ આજ સવારના મારી પાછળ પડયા છે. કહે છે કે ભાઈજીની બેઠકમાં જઈને ચરણામૃત લેવું જોઈએ."

"મોજ તો કયાંથી ઉડાવીએ મહારાજ? એ છોકરાના ડરથી રગડોયે બનાવી શકતો નથી. કેટલાય દિવસથી સૂકાટાટ બેઠા છીએ."

"વળી પાછી એ જ વાત! તમને કહ્યું તો ખરું કે એ છોકરાની રત્તીભાર પણ પરવા કરો મા. એને તો હું જાતે જ જોઈ લઈશ. તમે બેશક આજે રગડો બનાવો. જોઈ લઈશ હું એનો રુઆબ."

"સારું. આજે આપણે પાછલી બાકી કસર પણ પૂરી કરીશું. તમે પણ આવશો ને?"

"હા, જરૂર."

"તો પછી મહેરબાની કરીને વહેલા આવજો, સાંજ ઢળતાં પહેલાં જ આવી જજો. તમારા સાથીદારો પણ આવશે ને? આન કર કર કે."

"હા રે, બલ્કે એ લોકો તો મારો પીછો છોડતા નથી."

"મહારાજ, આ તો એમ કહો કે ભારે ખુશ થવાની વાત છે."

"ઠીક તો, વાહેગુરુજીની ફતેહ," કહીને પાલાસિંહ જતો રહ્યો. ભાઈજીનું ઝાડૂ ત્યાં જ પડી રહ્યું અને અત્યારથી જ એ રગડાની તૈયારીમાં લાગી ગયા. એમ તો સવારની બનાવેલી ભાંગની બેચાર ગોળીઓ એણે માવાની સાથે લઈ લીધી હતી અને નશો પણ આકારો ચડયો હતો. પણ આ તો 'જેણે મુઠ્ઠીઓ ભરી ભરીને આરોગ્યું હોય તેને આંગળાં ચાટવામાં તે સ્વાદ કયાંથી આવે?'વાળો હિસાબ હતો. સત્સંગીઓની સાથે બેઠાં બેઠાં ગોઠણ પર કોણી ટેકવીને ગટાગટ વાટકીઓ ચડાવી જવામાં જે રંગત ચડતી હતી તે આ ચટકાંમાં કયાં હતી?

[12]

બપોરના લગભગ ત્રણ વાગ્યાનો વખત હતો. ગુરુદ્વારાની ઉપલી બેઠકમાં ભાઈજીની મંડળી આવીને બેઠી હતી. ભાઈજી એક તરફ બેઠા હતા અને પ્રેમથી રગડાનો ડંડો સાફ કરી રહ્યા હતા કારણકે બચનસિંહના ડરના માર્યા કેટલાયે દિવસથી તે સાફ કરવાનો મોકો જ મળ્યો ન હતો.

પાલાસિંહે ચાદરને છેડેથી થોડો ગોળ કાઢીને બાજુએ મૂકયો અને કહ્યું: "ભાઈજી, જરા ઝટ હાથ ચલાવો ને?"

અંગૂછાથી કૂંડી-ડંડો લૂછીને લાવતા લાવતા ભાઈજીએ કહ્યું: "લો મહારાજ! આન કર કર કે તમે તપેલામાં ગોળ ઘોળતા થાઓ. હું જઈને ભાંગનો સામાન લઈ આવું."

મંડળીમાંથી એક નવજુવાન ઊઠયો અને ગોળ ઘોળવા માંડયો. એક બીજો નવજુવાન અફીણ ઘોવા માંડયો. ભાઈજી ભીના હાથ ખમીસથી જ લૂછીને બજારે જવા નીકળ્યા. પાલાસિંહે ચાદરને છેડે બાંધેલી ચાર આની છોડતાં કહ્યું: "જરા કહેજો કે પ્રેમથી બનાવી આપે—બે આનાની ભાંગ અને બે આનાની બદામ."

ગોપાલસિંહે એક મેલી એવી પોટલી છોડી અને કહ્યું: "ભાઈજી, બદામ ન લાવશો." એણે ચાદરના છેડામાંથી લગભગ પોણો શેર બદામનો ઢગલો કર્યો.

પાલાસિંહે કહ્યું: "ભલે ત્યારે. ચાર આનાની ભાંગ જ લાવજો."

"સત વચન" કહેતાં ભાઈજી ઝટપટ બજારે પહોંચ્યા. એને થયું કે જાટોની તો અક્કલ જ મરી ગઈ છે. એણે બે આનાની ભાંગ ખરીદી અને બે આનાના પૈસા પોતાના ગજવામાં મૂકયા.

ડેરા પર પહોંચ્યા તો બધા ફટાફટ બદામ તોડી રહ્યા હતા. દેવાસિંહે કહ્યું: "ભાઈજી, તમે તો ત્યાં જ બેસી રહ્યા. લાવો, અહીં આપી દો," અને એણે ભાઈજી તરફ હાથ લંબાવ્યો.

ભાઈજીએ ખમીસના ખિસ્સામાંથી પડીકું કાઢીને ઝટપટ આગળ ધરતાં કહ્યું: "મહારાજ, હું તો દોડતો દોડતો આવ્યો છું."

મંડળી આખી હસી પડી. સૌ હસી હસીને બેવડ વળી ગયા. ભાઈજીને સવારની ભાંગનો નશો ચડયો હતો કે પછી કોણ જાણે શું યે હતું; પડીકું એના ખિસ્સામાં જ ખૂલી ગયું હતું અને એણે ખાલી કાગળ જ દેવાસિંહના હાથમાં પકડાવી દીધો હતો. કાગળમાં ચોંટેલી ભાંગ કાગળ ફાટતાં જ જમીન પર વેરાઈ ગઈ.

ભાઈજી શરમાઈ ગયા, અને જમીન પર બેસી પડયા. ખિસ્સામાંથી ભાંગ કાઢીને કૂંડીમાં નાખતાં બોલ્યા: "ઓહો! જુઓ ને મહારાજ! આ વાણિયાના ઉલ્લૂ છોકરડાઓને આન કર કર કે પડીકું બાંધવા જેટલી યે અક્કલ નથી. માના પેટમાંથી બહાર નીકળે તેવા જ આવીને દુકાને બેસી જાય છે આન કર કર કે."

આખી મંડળી ભાઈજીને ઘેરીને બેસી ગઈ. વારાફરતી કૂંડી-ડંડાની કસરત શરૂ થઈ ગઈ. ઘૂંટતાં ઘૂંટતાં પોણો કલાક થઈ ગયો અને ભાંગ સુરમા કરતાં યે વધારે ઝીણી થઈ ગઈ. અને ત્યારે લખ્ખાસિંહ બોલ્યો: "ચાલો, હવે બસ કરો. રાત સુધી આ જ ચાલ્યા કરશે શું?"

ભાઈજી પાસે બેસીને ગ્લાસ ધોઈ રહ્યા હતા. એક કટોરીને થોડી ચિકાશ લાગેલી હતી તે તેને ગોઠણ પર રાખીને, આંગળીથી સાફ કરતાં કરતાં એણે કહ્યું: મહારાજ, આન કર કર કે હજી બે-ચાર વાર લસોટી લ્યો. હજી જરા વધારે વાર લસોટો. મહાજનોનું કથન છે:

सुक्खा घोटन सैन में, जेता करो विलंब
तेता ही बहु गुन करे, कहे शिव शंभू आप."

આજે ક્યાંકથી એક નિર્મળા સાધુ[1] પણ ગુરુદ્વારામાં આવી ચડ્યો હતો. મંડળીની પાસે જ એક ખૂણામાં બેઠો બેઠો એ ભાવરસામૃત પરનું ભાષ્ય વાંચી રહ્યો હતો. ભાઈજીની કવિતા સાંભળીને પોથીના અર્થોમાંથી એનું મન ઊઠી ગયું અને એ એકદમ બોલી ઊઠ્યો: "ભાઈજી, તમે તો કવિ લાગો છો, પણ તમે પ્રાસ મેળવ્યો નહિ."

એના પર રોફ મારવા ભાઈજીએ કહ્યું: "આન કર કર કે આને તો સિરખંડી[2] છંદ કહે છે. મોટા મોટા કવિરો આન કર કર કે આ જ છંદમાં કવિતાઓ લખતા હોય છે ને એક કવિએ કહ્યું છે:

मुख पर गंग सहाय, विश्वनाथ कैलाश पत।
जोऊ भजे सुख पाये, मन चित्त सेती ध्यान धर।।"

બીજા કોઈને તો આમાં કંઈ સમજાયું નહિ; પણ નિર્મળા સાધુથી ચુપ રહેવાયું નહિ. એણે હસીને કહ્યું: ભાઈજી, આને તો સોરઠા કહે છે. અને લાગે છે કે કવિતા પણ તમે જ બનાવી છે—मुखपर गंग सहाय! વાહ, કેવો સુંદર અલંકાર! ગંગા શિવજીના મુખમાંથી નીકળી હતી કે મસ્તક પરથી?"

ઉત્સાહમાં ને ઉત્સાહમાં ભાઈજીને યાદ જ નહોતુ રહ્યું કે એ બધા માટીના માધવોની વચ્ચે કોઈ મહાજ્ઞાની પણ બેઠેલો છે. હવે એને પીછેહઠ કરવાની ફિકર પડી. પગની ભમરીને નખથી ખોતરતાં એણે કહ્યું: "મહારાજ, સોરઠા અને સિરખંડી આન કર કર કે બન્ને એક જ છે ને! કવિ લોકોએ એનાં નામ જ આન કર કર કે અલગ અલગ રાખ્યાં છે."

---

1 એક સંપ્રદાય
2 શ્રીખંડી

સાધુને વધારે હસવું આવી ગયું. એ બોલ્યો: "બરાબર છે શાસ્ત્રીજી. ગમે તેમ તો પણ બન્નેની રાશિ તો એક જ છે. તમે તો બહુ મોટા વિદ્વાન છો."

ભાઈજીની આ જીત પર સૌએ તાળીઓ પાડી. આવી મજાકની વાતોમાં અર્ધો કલાક થઈ ગયો. કૂંડીની ધાર પર ચોંટેલી ભાંગને આંગળી વતી ભેગી કરતાં પ્યારાસિંહ બોલ્યો: "ભાઈજી, બસ, કે હજુ વધારે લસોટવી પડશે?"

"બસ, મહારાજ, બસ!" કહી વળગણી પરથી અંગૂછો ઉતારીને ભાઈજી આગળ આવીને બેસી ગયા. બેસતાં બેસતાં એના ગોઠણના ટાચકા ફૂટયા, જાણે કોઈએ ફડાકડો ન ફોડયો હોય! પાલાસિંહ આંગળીનાં ટેરવાથી તપેલામાં ગોળની ગાંગડીઓ ભાંગતાં બોલ્યો: "હા, સાચે જ ભાઈજી! આજે એક બીજી વાતનો ખ્યાલ રાખજો. બે જાતની ભાંગ બનાવજો: એક પાકા ફોજીઓને માટે અને બીજી રંગરૂટોને માટે. (હાથનો ઈશારો કરતાં) આ સરદારજી ગંડાસિંહના જમાઈ છે. પહેલી વાર સાસરે આવેલા છે. પાછું એવું ન બને કે સાસરે આવતા જ બંધ થઈ જાય. આ વસાવાસિંહ અને માનસિંહ પણ નવા નવા ભરતી થયેલા છે."

"સત વચન" કહીને ભાઈજી પોતાના કામમાં લાગી ગયા. થોડી વારમાં બધું તૈયાર થઈ ગયું.

ગંડાસિંહનો જમાઈ પરતાપસિંહ ચાહે શહેરનો હતો પણ એ ફકત નામનું જ ભણેલો હતો. આમ પહેરવેશમાં અને કૉલર-નેકટાઈમાં એ બી. એ. એમ. એ.ના કરતાં કમ લાગતો નહોતો. એ બિચારાએ આજ પહેલાં ભાંગ ભાગ્યે જ જોઈ હતી. આજે ભાંગના શોખીનોની મંડળીમાં ફસાઈને એ વિચારી રહ્યો હતો: "ખુદા બચાવે."

સૌને ભાંગ આપતાં પરતાપસિંહે જોયું કે હવે ભાંગનો એનો વારો આવે છે. એણે પાછળ બેઠાં બેઠાં જ ભાઈજીની પીઠ પર આંગળી ઘોંચીને કહ્યું: "ભાઈજી, સવાયું નાખજો" પાછળ જોયા વિના જ એણે સવાયાનો અર્થ થોડી વધારે એવો કર્યો. ભંગેરીઓ ખરેખર તો આ વાતથી જ ચિડાઈ જતા હોય છે. કોઈ ઘમંડ કરે કે પોતે ખૂબ ચડાવીને પચાવી શકે છે તો એને એવી ઘૂંટી ઘૂંટીને આપી દે છે કે એનો ઘમંડ બરાબર તૂટી જાય.

ભાઈજીએ પણ પરતાપસિંહની સાથે એવું જ કર્યું. ગુલાબી છોડીને લાલમાંથી અને તે પણ નીચેના ઘટ્ટ ભાગમાંથી ગ્લાસ ભરી દીધો.

પરતાપસિંહે કેટલું યે કહ્યું કે, "ઓછી કરો, ઓછી કરો," પણ ભાઈજીએ મહામુશ્કેલીએ એકાદ ઘૂંટડો ઓછો કર્યો અને ગ્લાસ એને પકડાવી દીધો. ડરતાં ડરતાં એણે પીધી તો ખરી, પણ તો યે ચોથા ભાગની તો છોડી જ દીધી.

સૌને ચરણામૃત વહેંચીને બાકી રહેલા બે ગ્લાસ ભાઈજી પોતે ચડાવી ગયા.

આ પછી થોડી વાર સુધી આમની તેમની વાતો ચાલી. મોં પર હાથ ફેરવતાં ઉજાગરસિંહે કહ્યું: "ભાઈ, આહા! આજે તો જાણે સ્વર્ગને હીંચકે ઝૂલીએ છીએ. થાય છે, ચૂપચાપ આનંદ માણ્યા કરીએ. ચારે બાજુ બસ બાગ ખીલ્યો છે."

મોં સંકોચીને આંખો મીંચતા ઈંદરસિંહ બોલ્યો: "શું કહ્યું? બાગ ખીલ્યો છે? બચ્ચા, તું હજુ બૌઢૂવાલ[1]નાં છાણા થાપવાને લાયક છે. બાગ ખીલે કે ફોરે?"

આંખો જોરથી ખોલીને ભાનસિંહ બોલ્યો: "પાલાસિંહ, શાની વાત છે? તને તો પીતાંની સાથે ચડવા માંડી કે? તું તો પુરાણો પાપી છો અને હવે આંખ બંધ કરવા માંડયો છે!"

પાલાસિંહ મુશ્કેલીએ થૂંક ગળતાં બોલ્યો: "ભાનસિંહ, તું મને કહે છે પણ પોતે જ તો આંખ મીંચી રહ્યો છે."

ચોંકીને ભાનસિંહે જવાબ આપ્યો: "શું કહ્યું? (વળી એને ભાંગ ચડવા માંડી)ના, મને તો ખબર જ નથી."

"જરા સાંભળો આની વાત! તારી આંખ જ કહી દેતી નથી?"

"ઠીક ભાઈ, નહિ તો નહિ. તને ખાતરી ન થતી હોય તો લે ભાઈ, જે મરજી પડે તે પૂછી જો. હું સરખો જવાબ ન આપું તો કહેજે."

"ઠીક ભાઈ, એમ ત્યારે," પાલાસિંહે કહ્યું, પછી કંઈક વિચારીને એ બોલ્યો: "અચ્છા, કહે તો ખરો, કાલોકીવાળા કાલાસિંહના મુકદ્દમામાં કોણે કોણે જુબાની આપી હતી?"

---

1 એક ગામનું નામ.

જવાબની રાહ જોઈ રહેલા પાલાસિંહે જોયું તો ભાનસિંહની આંખ મીંચાઈ ગઈ હતી. પાલાસિંહ પોતાની જીત પર ખુશ થઈને કંઈક કહેવા જતો હતો ત્યાં એ વાત જ એનાથી ભુલાઈ ગઈ. ભુલાઈ ગયેલી વાતને યાદ કરવા એ ધ્યાનથી વિચાર કરવા માંડયો તો એ પણ યાદ ન રહ્યું કે શાને વિશે વાત ચાલી રહી હતી. થોડીવાર વધારે વિચાર કર્યો તો એને એ પણ યાદ ન રહ્યું કે પોતે કોની સાથે વાત કરી રહ્યો હતો. છેવટે બહુ કોશિશ કરી તો એને વાત યાદ આવી—જાણે કોઈ ખોવાઈ ગયેલી ચીજ પાછી મળી ગઈ! વાત ક્યાંક ભુલાઈ ન જાય એ ડરે એણે ઝટપટ કહી નાખ્યું : "કોણે કોણે જુબાની આપી હતી ?"

ભાનસિંહની સમાધિ ખૂલી પણ એને કંઈ વાત સમજાઈ નહિ. એણે કહ્યું : "શું કહ્યું ?"

આંખો વધારે જોરથી પહોળી કરતાં પાલાસિંહે કહ્યું : "શું ? મેં તો કંઈ કહ્યું નથી. (જરા વિચાર કરીને) હા, સાચે જ મેં કહ્યું હતું : "લાખા બળદને ન જોતરતો. બિચારો આખી રાત કૂવા પર જોતરાયો હતો."

હોઠ પર જીભ ફેરવતાં ભાનસિંહે કહ્યું : "અરે, જવા દે ને ! તું તો કહેતો હતો...તું તો કહેતો હતો...(વાત ભૂલી જતાં) હા, મળ્યો હતો. પણ મને ભાડાના બે રૂપિયા (રોકાઈને) જતી રહી હતી." (હસવા લાગ્યો.)

પાલાસિંહે મોં પર હાથ ફેરવતાં કહ્યું : "ભાઈ ભાનસિંહ, આજે તો હદ થઈ ગઈ. મને તો કદી હતું જ નહિ."

વાત કરતાં કરતાં એને કંઈક ખાવાની ઇચ્છા થઈ. એને ખબર પડી કે બચેલો એકાદ શેર ગોળ સામે રાખેલો હતો તે તો ખવાઈ ચૂક્યો હતો. એણે કહ્યું : "ભાઈજી, જાઓ, કંઈક ખાવાનું લાવો."

ભાઈજી નશામાં ઝૂમી રહ્યા હતા. કંઈ કહ્યા-સાંભળ્યા વિના એક રૂપિયો લઈને એ બહાર નીકળ્યા. ગલીના વળાંક આગળ એને યાદ જ ન આવ્યું કે એ શાને માટે જઈ રહ્યા હતા. પણ વળી એકદમ યાદ આવી ગયું અને બહુ ચોકસાઈથી એ દુકાનદાર પાસે પહોંચ્યા. આઠ આનાની રેવડી જોખાવીને, મગજ પર પૂરતું જોર લગાવીને એ ઘેર પાછા ફર્યા. ત્યાં તો આખી યે રંગરૂટ

ફોજ ચત્તીપાટ થઈને પડી હતી અને પાકા ફોજીઓમાંથી કોઈક છત તરફ તાકી રહ્યું હતું, તો કોઈ હસી રહ્યું હતું, તો વળી કોઈ પોતાની જગ્યા પર પૂતળું બનીને બેઠું હતું. કોઈક આગળ નમીને કોઈને બોલાવવા ગયું હતું તે એમ ને એમ રહી ગયું હતું.

સુનારા તો સૂઈ રહ્યા. પણ જાગનારાઓને માટે રેવડીઓ, ભૂતોને સત્તુ ઓછા પડે તેમ, ઓછી પડી. પાલાસિંહે બીજો એક રૂપિયો કાઢીને ભાઈજીને આપ્યો. અમસ્તા તો ભાઈજી ના પાડી દેત. પણ આઠ આના કમાવાની લાલચે અને પહેલી વારની રેવડીઓમાંથી એક પણ પોતાને મળી નહોતી એટલે એ બીજી વાર જવા નીકળ્યા.

આ વખતે પોતે કયાં જઈ રહ્યા છે તે કયાંક ભૂલી જવાય નહિ અને રસ્તામાં જ કયાંક ભટકાઈ પડાય નહિ તેનો પૂરો ખ્યાલ રાખવાની ભાઈજી કોશિશ કરી રહ્યા હતા. જેમ તરતાં ન શીખેલો માણસ લાકડાની મદદથી તરવા માંડે અને ડૂબી જવાના ભયે લાકડાને વળગી રહે તેમ ભાઈજીએ પણ યાદ રાખવાનો પ્રયત્ન કર્યો.

ભાઈજી ખભા પરનો અંગૂછો કોણ જાણે કયાં છોડી આવ્યા હતા. (અંગૂછામાં પોતે રેવડી બાંધી લાવ્યા હતા તે તો એ ભૂલી જ ગયા હતા) અંગૂછો શોધવા એ ખાટલાની નીચે હાથ ફેરવી રહ્યા.

કેટલી યે વાર સુધી ભાઈજી પાછા ન આવ્યા તો પાલાસિંહને રેવડીનો ખ્યાલ આવ્યો. ઊઠીને એ ભાઈજીની શોધમાં નીકળ્યો પણ એ યે પાછો ન ફર્યો.

આ કામમાં નિર્મળા સાધુ કંઈક પાકો હતો. એકાદ કલાકે એનું ઘેન ઊતર્યું તો એને યાદ આવ્યું કે ત્રણ જણા રેવડી લેવા ગયા હતા તેમાંથી એક પણ પાછો આવ્યો નહોતો. એની ઉપકારવૃત્તિએ એને ઘરમાં ટકી રહેવા ન દીધો— પછી ભલે ને એ ઉપકારવૃત્તિ રેવડીઓના તલ માટેની જ હતી. ઊઠીને એ પેલા લોકોની શોધમાં નીકળ્યો.

એ બજારમાં પહોંચ્યો. ઘણી શોધ કર્યા પછી પણ ત્રણમાંથી એકેયનો પત્તો લાગ્યો નહિ. થાકયો-હાર્યો એ ડેરા પર પાછો આવ્યો તો રસ્તામાં કૂવાના ગંદા પાણીથી જામી ગયેલા ખાબડામાં પાલાસિંહને ઊંધે મોંએ જોયો. કેટલાક લોકો એને

ઢંઢોળી રહ્યા હતા, પણ એ તો કહ્યે રાખતો હતો, "ઓ યે, મને આગ લાગી ગઈ છે. મારાં કપડાં સળગી રહ્યાં છે. પાણી રેડીને પેટની આગ તો બુઝાવી દીધી છે પણ પીઠ હજુ સળગી રહી છે. પીઠ પર કોઈ બાલદી ભરીને પાણી નાખો. હાય રે! હું મરી ગયો!"

સાધુએ આ બધું જોયું અને ચૂપચાપ ડેરા પર પાછો આવી ગયો. પણ ભાઈજીનો ક્યાંય પત્તો ન લાગ્યો. સૂવા માટે સાધુ હજુ ખાટલા પર બેઠો ત્યાં એના પગને કોઈક વસ્તુનો સ્પર્શ થયો. નીચે નીમીને જોયું તો ભાઈજી ટૂંટિયું વાળીને ખાટલાની નીચે સૂતેલા હતા અને રૂપિયો એની મુઠ્ઠીમાં જ પકડેલો હતો.

સાધુએ ભાઈજીને હલાવી હલાવીને બહાર ઘસડવાની કોશિશ કરી, પણ ભાઈજી તો વધારે સંકોચાઈને કહી રહ્યા: "પકડો, પકડો, બચનાને પકડો, આન કર કર કે! સરદાર પાલાસિંહ તમે તો કહેતા હતા ને કે તમે એની ખબર લઈ નાખશો? (કરગરીને) જલદી કરો. જુઓ, આન કર કર કે! એ મારું ગળું દબાવી રહ્યો છે. એ મને (જોરથી થૂંક ગળીને) મારી નાખશે. ઓયે ઝટ આવો! મારા મોંમાં આન કર કર કે રેતી ભરી રહ્યો છે. ઓ યે! મારું ગળું સૂકાઈ રહ્યું છે. ઓ યે, મારા મોંમાંથી રેતી કાઢી લો આન કર કર કે!"

અહીં તો સૌ બેહોશ હતા. ભાઈજીના લવારા પર ધ્યાન દેવા જેટલા હોશ પણ કોને હતા?

પછી સાધુને ખ્યાલ આવ્યો કે રાત થવા આવી છે. હવે આ લોકોનું શું થશે? એણે સૌને ઢંઢોળીને ઉઠાડવા માંડયા. બીજા બધા તો જેમ તેમ કરીને ઊઠયા અને પડતા-આખડતા જતા રહ્યા પણ હજાર જતન કરતાં યે પરતાપસિંહ ન ઊઠયો. સાધુએ એના તરફ ધ્યાનથી જોયું તો એ ડરી ગયો અને બિસ્તર-કમંડળ સાથે નાસી જવાની તૈયારી કરવા લાગ્યો. પણ આ હાલતમાં જવું યે મુશ્કેલ લાગ્યું એટલે ત્યાં જ પાછો સૂઈ ગયો.

બીજે દિવસે તડકો ચડી ગયો ત્યારે સાધુ એકબે વાર અંગ મરડીને ઊઠયો. ચારે તરફ નજર કરી પણ ભાઈજી ક્યાંય દેખાયા નહિ. સાધુના ત્યારે બૂરા હાલ હતા. પછી એને રાતની બધી વાત યાદ આવી. એને એ પણ યાદ આવ્યું કે ભાઈજી તો ખાટલાની નીચે સૂતા પડયા હતા. પણ અત્યારે ત્યાં હતા નહિ. રાતે જમીન પર જે જુવાન ઊંધે મોંએ પડયો હતો તે પણ અત્યારે ત્યાં હતો નહિ.

સાધુને ડર જેવું લાગ્યું અને એ ત્યાંથી ભાગી છૂટયો. ગામથી અર્ધો એક માઈલ દૂર ગયો હશે તો એણે જોયું કે બચનસિંહ ભાઈજીને પીઠ પર ઊંચકીને આવી રહ્યો હતો. પણ સાધુ નજર ચૂકવીને ત્યાંથી સરકી ગયો.

[13]

ગામ આખામાં હલચલ મચી ગઈ. ઘેરેઘેર ભાંગની ચર્ચા ચાલી. બીજાં બધાં ઘરોમાં તો વાત ઢાંકી રહી પણ ગંડાસિંહના ઘરમાં વાત ઊંધી જ થઈ ગઈ. જમાઈ પહેલીવાર ઘેર આવ્યો હતો અને એના હાલ એવા હતા કે બિચારાની આખી રાત આંખ ખૂલી નહોતી. બચનસિંહ પાસેથી જાણવા મળ્યું હતું કે એણે ગુરુદ્વારે જઈને ભાંગ પીધી હતી. પીઠ પર ઊંચકીને બચનસિંહ રાતે એને ઘેર પહોંચાડવા આવ્યો હતો અને એણે કહ્યું કે હું ગુરુદ્વારે ગયો ત્યારે ભાઈજી તો ત્યાં હતા નહિ પણ એક સાધુ ખાટલા પર સૂતેલો હતો અને પરતાપસિંહ ખાટલાની નીચે પડેલો હતો.

ગંડાસિંહના ઘરનાંએ ઘણી કોશિશ કરી, કાનમાં તેલ નાખ્યું, માથે માલિશ કરી, કેરીનું અથાણું મોંમાં ઠાંસ્યું પણ એ બિચારાને ગળેથી કંઈ ઊતરતું નહોતું. દૂધમાં ઘી ભેળવીને પાયું પણ તેયે મોંમાંથી બહાર વહી નીકળ્યું.

છોકરાંની હાલત તો બગડતી ચાલી. આંખો સ્થિર થઈ ગઈ. ચહેરો ભૂરો પડી ગયો. એટલે સુધી કે એનું શરીર પણ પાટિયાંની જેમ અકડાઈ ગયું. સૌના હોશ ઊડવા માંડયા. બાજુના ગામમાં સરકારી ઇસ્પિતાલ હતી. સવારે જઈને દાકતરને બોલાવ્યો. એણે કહ્યું કે છોકરાને ઝેર આપવામાં આવ્યું છે. પરતાપસિંહને સરકારી ઇસ્પિતાલમાં પહોંચાડવામાં આવ્યો.

બીજી તરફ પાલાસિંહ અને એની મંડળીના હાથપગ ફૂલી રહ્યા હતા. ચોરને પોતાની જ ફિકર હોય છે. પાલાસિંહને વધારે ફિકર તો એટલા માટે થઈ કે ક્યાંક પોલીસને જો એ લોકોનાં રાતનાં કારનામાંની ખબર પડી ગઈ તો આખી

વાત પોતાને માથે જ આવી પડશે. પહેલાં પણ બેત્રણ વાર તો એ દસ નંબરિયાઓની યાદીમાં આવી ચૂકયો હતો અને પછી લગાતાર કેટકેટલી રીતે પોલીસની સેવા કરી ત્યારે માંડ દસ નંબરની આફત એને ગળેથી ઊતરી હતી. પરતાપસિંહને એ જે હાલતમાં જોઈ આવ્યો હતો તેનાથી તો એનો ડર એકદમ વધી ગયો હતો.

એને એક તરકીબ સૂઝી. એક કાંકરે બે પક્ષી કેમ ન મારવાં? એકદમ પોલીસ થાણે જઈને એણે રિપોર્ટ લખાવી દીધો કે જીવાસિંહના દીકરા બચનસિંહે ગંડા-સિંહના જમાઈને ભાંગમાં ઝેર ભેળવીને પાઈ દીધું છે.

બપોરે ધડાધડ કરતી પોલીસ આવી પહોંચી. આવતાંની સાથે એક પોલીસને જીવાસિંહને બારણે ઊભો રાખીને થાણેદાર ગંડાસિંહને ઘેર પહોંચ્યો.

એક હવાલદાર બચનસિંહના ઘરની જડતી લઈ રહ્યો અને બીજી તરફ એક થાણેદાર મોકો શોધતો ગુરુદ્વારે પહોંચ્યો. એની સાથે એક ખાસ્સુ એવું ટોળું પણ પાછળ ગયું. ગુરુદ્વારે જઈને જોયું તો બચનસિંહ ભાઈજીને માથે તેલની માલિશ કરી રહ્યો હતો અને ભાઈજી સામે બેઠા બેઠા ઝૂમી રહ્યા હતા.

પોલીસે બન્નેને અટકમાં લીધા. પછી મકાનની જડતી લેવામાં આવી. એ લોકો જેની શોધમાં હતા એ ચીજ તો એકદમ હાથમાં આવી ગઈ. બહુ તકલીફ પડી નહિ. એક ખૂણામાં એક અંગૂછો પડયો હતો તેમાં ભાંગનો કૂચો પડેલો હતો. ભાંગ છાણીને ભાઈજીએ કૂચો એમ ને એમ રહેવા દીધો હતો. ઉતાવળમાં એણે નહોતો કૂચો ફેંકી દીધો કે નહોતો અંગૂછો સાફ કર્યો.

દાકતરને બોલાવવામાં આવ્યો. એણે એ કૂચાને તપાસવા માટે મસળી જોયો તો તેમાંથી તાંબાના બે ઘસાયેલા પૈસા નીકળ્યા. એ પૈસા એટલા ઘસાઈ ગયા હતા કે તેનું વજન માંડ અર્ધું રહ્યું હતું.

હવે દાકતરને સમજતાં વાર ન લાગી કે પરતાપસિંહને જે ભાંગ પાવામાં આવી હતી તેમાં આ જ પૈસા ઘસાયેલા હતા. બચનસિંહ અને જીવાસિંહને હાથકડીઓ પહેરાવાઈ અને પેલી બાજુ જીવાસિંહના ઘરમાં કકળાણ મચી ગયું.

પાસે જ પાલાસિંહ અને એની મંડળીના થોડા લોકો બેઠેલા હતા. બેશક, ભાંગની ખુશ્કીથી સૌના માથા ચકરાઈ રહ્યાં હતાં, પણ આવે વખતે એ લોકો કોઈ બેપરવાઈ બતાવવા નહોતા માગતા. ભાંગના કૂચામાંથી નીકળેલા પૈસા જોઈને એ લોકો હેબતાઈ

ગયા હતા. એમને સમજાતું નહોતું કે એ પૈસા ભાંગમાં કોણે નાખી દીધા હશે. પણ એ ગમે તેમ હોય, એ વાતે એ લોકો રાજી થયા હતા કે બચનસિંહને ફસાવવા અને પોતાનો પીછો છોડાવવા એમણે જે પ્રયાસ કર્યો હતો તેનાથી હવે આપોઆપ જ બચનસિંહની વિરુદ્ધ પુરાવો મળી ગયો હતો. બચનસિંહ વખતસર જ પકડાઈ ગયો હતો અને પરતાપસિંહના સાસરાવાળાઓએ લખાવ્યું હતું કે રાતના લગભગ નવ વાગ્યે બચનસિંહ અમારે ઘેર જમાઈને ઊંચકી લાવ્યો હતો અને કહી ગયો હતો કે વધારે પડતી ભાંગ પીને એ બેહોશ બની ગયો હતો. આથી તો વળી આ વાત પાકી થઈ ગઈ. એ સિવાય પાલાસિંહની મંડળીએ છૂટે હાથે પોલીસની મુઠ્ઠી પણ ગરમ કરી દીધી હતી.

બન્ને પ્રતિવાદીઓની સામે ફરિયાદ નોંધાવવામાં આવી અને મામલો અદાલતમાં રજૂ થયો. જીવાસિંહને ખાંસીની બીમારી હતી, પણ એના તરફથી વકીલને ઊભો રાખવામાં આવ્યો. ફરિયાદી પક્ષ તરફથી આપવામાં આવેલી જુબાનીમાં પાલાસિંહની જુબાની આ પ્રમાણે હતી :

"આ ઘટના બની ત્યારે હું મારા ઘરમાં હતો. સાંજના પાંચ વાગ્યે ગુરુદ્વારે જઈને જોયું તો બચનસિંહ અને પરતાપસિંહ ભાંગ પીસી રહ્યા હતા. ભાઈજી પૂજાપાઠમાં લાગેલા હતા. થોડી વાર બેસીને હું પાછો ફર્યો. રાતે નવ વાગ્યે ગલીમાંથી નીકળ્યો તો મેં બચનસિંહને જોયો. પરતાપસિંહને પીઠે ઊંચકીને એ એનાં સાસરિયાંને ઘેર લઈ જતો હતો. મેં કેટલી યે વાર સાદ દીધો પણ એણે જવાબ આપ્યો નહિ."

આ પછી પાલાસિંહની મંડળીની થોડી જુબાનીઓ લેવાઈ. એ જુબાનીઓનો અર્થ પણ કંઈક આવો જ હતો:

પ્રતિવાદીઓનાં બયાન લેવામાં આવ્યાં તો ભાઈજીએ પણ એને પઢાવવામાં આવેલું બયાન આપ્યું: "આન કર કર કે બચનસિંહે મને ભાંગ પીસવાનું કહ્યું હતું. ભાંગ લાવવા માટે આન કર કર કે ચાર આનાના પૈસા મને એણે જ આપ્યા હતા. હું જ બે આનાની ......" કહેતાં કહેતાં ભાઈજી અટકી ગયા.

ન્યાયાધીશ એંગ્લો-ઇન્ડિયન હતો. એણે સરકારી વકીલને પૂછ્યું : "હેલ ! આ પ્રતિવાદી એના બયાનમાં કર કર કર કર શું બોલે છે?" વકીલે એનો અંગ્રેજીમાં જવાબ આપ્યો, અને સાહેબ હસી પડયો.

બયાન પાછું શરૂ કરતાં ભાઈજીએ કહ્યું: "બે આનાની ભાંગ લાવ્યો હતો હજૂર ! આન કર કર કે મારો તો આમાં કોઇ દોષ નથી. કહો તેના સોગંદ ખાઉં."

બચનસિંહનો વકીલ પૂરો ઉસ્તાદ હતો. એણે ઊલટ તપાસ દરમિયાન ભાઈજીને પૂછયું : "ભાંગ તમે કોની દુકાનેથી લાવ્યા હતા ?"

"આન કર કર કે દેવીદયાળ હાટવાણિયાના દીકરા પાસેથી."

"એને તમે શું આપ્યું હતું ?"

"ચાર આના."

"એણે તમને શું આપ્યું હતું ?"

"બે આના."

"અચ્છા, બે આનામાં એણે પૈસા કેટલા આપ્યા હતા ?"

આ વખતે પાછળ ઊભેલા પાલાસિંહે ઈશારાથી બે આંગળી બતાવીને ભાઈજીને બહુ સમજાવ્યા. પણ એ તો નર્યા મૂરખ જ હતા. એને કંઈ સમજાયું નહિ. એ બોલ્યા :

"આઠ પૈસા."

પછી વકીલે પૂછયું : "એ પૈસાનું તમે શું કર્યું ?"

"મેં એ પૈસા આન કર કર કે મારા ખમીસના ગજવામાં મૂકી દીધા હતા."

"અને ભાંગનું પડીકું ?"

"એ પણ ખિસ્સામાં મૂકયું હતું, આન કર કર કે."

"ડેરા પર જઈને તમે પૈસા કયાં મૂકયા હતા ?"

ભાઈજીને ભુલાઈ ગયેલી વાત યાદ આવી ગઈ અને ગભરાઈને બોલ્યા : "પાછળથી મારા ખિસ્સામાંથી છ પૈસા નીકળ્યા હતા. કદાચ બે પૈસા કૂંડીમાં... અરે ના, સાચે જ (વિચાર કરીને) જમીન પર પડી ગયા હશે આન કર કર કે."

"અને ભાંગના કૂચામાંથી નીકળ્યા તે પૈસા કયાંથી આવ્યા ?"

ભાઈજીના ટાંટિયા ધ્રૂજવા માંડયા અને એના ઉઘાડા ઘૂંટણ એકબીજા સાથે અથડાઈને ખટખટ અવાજ કરી રહ્યા. મામલો ઉકલી રહ્યો હતો તે જોઈને એ મૂંઝાઈ ગયા. એને મૂંઝવણમાં પડેલો જોઈને વકીલે ત્રાંસી નજર કરીને કહ્યું : "સાચું બોલશો તો બચી જશો, નહિ તો જિંદગી આખી કેદ ભોગવવી પડશે, અને પછી બેઠા બેઠા કરમને રડશો."

ભાઈજીના રહ્યાસહ્યા હોશ પણ ઊડી ગયા. વકીલની સામે હાથ જોડીને એ બોલ્યા : "હજૂર, આન કર કર કે સાચેસાચું જ કહી દઈશ. એ મારા જ પૈસા ભાંગની કૂંડીમાં પડી ગયા હતા. મને પાછળથી ખ્યાલ આવ્યો હતો."

પાલાસિંહ અને એના સાથીઓના ચહેરા પરથી તો રંગ જ ઊડી ગયો. એ લોકોની નાવનું સુકાન એક એવા સુકાનીના હાથમાં હતું કે એમને થતું હતું કે આ ડૂબ્યા, આ ડૂબ્યા.

વકીલે ભાઈજીને મીઠાશથી કહ્યું : "શાબાશ ! તમારા પર હું ઘણો ખુશ છું. ગુરુના શીખ, અને તેમાં પાછા તમારા જેવા ગ્રન્થી કદી જૂઠું ન બોલે." આ શાબાશીએ તો જાણે ભાઈજીની કાયાપલટ કરી નાખી. એણે પહેલેથી છેલ્લે સુધીની રજેરજ વાત બની હતી તેવી જણાવી દીધી અને એ પણ કહી દીધું કે આ મામલામાં બચનસિંહનો કોઈ હાથ હતો નહિ.

એ પછી બચનસિંહનું બયાન લેવાયું. એણે કહ્યું : "આ ઘટના બની તે દિવસે હુ સવારના સાત વાગ્યાનો તહેસીલમાં ગયો હતો. એક જમીનનો ઝઘડો પતાવવા બાપુએ મને મોકલ્યો હતો. (આના પુરાવા લેખે તહેસીલદારની જુબાની લેવાઈ.) રાતના આઠ-સવાઆઠે હું ગામ પાછો આવ્યો તો થયું કે ભાઈજીને મળતો જાઉં કારણકે ગુરુદ્વારામાં છોકરા-છોકરીઓની એક નિશાળ ખોલવા માટે મારે એની સાથે વાતચીત ચાલી રહી હતી.

"ગુરુદ્વારાને ઉપલે માળે જઈને જોયું તો ભાઈજી તો ત્યાં હતા નહિ. એક નિર્મળા સાધુ (જે એ દિવસ પછી પાછો દેખાયો નહોતો) ત્યાં સૂતેલો હતો અને પરતાપસિંહ ખાટલાની નીચે સૂતેલો હતો. એ બન્નેને મેં જગાડી જોયા પણ એ તો જાગ્યા જ નહિ. પાસે જ ભાંગનું વાસણ અને કૂંડી-ઘોકો પડેલાં જોઈને હું સમજી ગયો કે એ લોકોએ ભાંગ પીધેલી હતી. પરતાપસિંહની હાલત જોઈને હું ડરી ગયો. ગામનો જમાઈ હતો એટલે ઊંચકીને એના સાસરાવાળાને ઘેર પહોંચાડી દીધો.

"સવારે હું ખેતર તરફ જઈ રહ્યો હતો તો કોઈએ ખબર આપ્યા કે નદી-કિનારે કોઈ શીખ મરેલો પડયો છે. એ જ પળે હું બતાવેલી જગ્યાએ દોડયો. જોયું તો ભાઈજી ત્યાં બેહોશ હાલતમાં પડેલા હતા. એને ઊંચકીને હું ગુરુદ્વારે લઈ આવ્યો. કેટલાયે પ્રયત્ન પછી એને ભાન આવ્યું તો એણે કહ્યું : 'કોણ

જાણે ક્યારે ભાંગના નશામાં ખાટલાની નીચે ઘૂસી ગયો હતો. સાંજે સાતેક વાગ્યે હું જંગલપાણી જવાનો થયો. એમ ને એમ પડતો-આખડતો હું ગામની બહાર નીકળી આવ્યો. પાસે જ આર્યસમાજીઓનો બાગ હતો. ત્યાં જંગલપાણી કરીને પાછો આવ્યો તો હું ક્યાંથી આવ્યો હતો અને ક્યાં જવાનો હતો તેનું કંઈ ભાન ન રહ્યું. અને પછી ક્યારે અને કયે રસ્તે નદીકિનારે પહોંચીને હું બેહોશ થઈ ગયો તે મને યાદ નથી'."

આ પછી પરતાપસિંહની જુબાની લેવાઈ. એ હજુ ઇસ્પિતાલમાં હતો. માંડ એને બોલવાની તાકાત આવી હતી. એને જે પ્રમાણે પઢાવવામાં આવ્યો હતો તે પ્રમાણે એણે આમનેમ ઘણા ગપગોળા માર્યા પણ વકીલની ઊલટ તપાસની સામે એ ટકી શક્યો નહિ.

મુકદ્દમાનું સ્વરૂપ જ બદલાઈ ગયું. પાલાસિંહ, ગ્રંથી અને પાંચેય સાથીઓને અદાલતના હુકમથી ગિરફતાર કરવામાં આવ્યા અને કેટલીક સુનાવણીઓ પછી નીચે પ્રમાણે ફેંસલો આપવામાં આવ્યો :

"બચનસિંને છોડી મૂકવામાં આવે છે. ભાઈ દસૌંધાસિંહ(ભાઈન)ને લાપરવાહીથી એક જાન ખતરામાં નાખવાના ગુના બદલ એક વરસની કેદ. પાલાસિંહને ખોટો રિપોર્ટ આપવા બદલ કલમ ૧૭૭ મુજબ બે વરસની કેદ. બાકીના પાંચેયને ખોટી જુબાની આપવા બદલ કલમ ૧૯૬ મુજબ છ છ મહિનાની કેદ."

[14]

પાલાસિંહ અને એની મંડળીને અને ભાઈજીને એમની કરણીનું ફળ ભલે મળી ગયું, પણ તેની એ લોકોના પર ઊંધી જ અસર પડી અને ઊલટા તેઓ બચનસિંહ સામે દાંત ભીંસવા માંડ્યા. ખાસ કરીને પાલાસિંહના થોડા જિગરી મિત્રો તો એ રાહ જોઈને બેઠા હતા કે ક્યારે પાલાસિંહ જેલમાંથી છૂટે અને ક્યારે એ લોકો ગણી ગણીને બચનસિંહ પર વેર વાળે. એ લોકોએ આખા ગામમાં વાત ફેલાવી દીધી કે બચનસિંહે જ ભાંગમાં પૈસા ભેળવીને પાલાસિંહની સાથે

દુશ્મનાવટ કરી હતી અને એણે જ ભાઈજીની જુબાની ઊલટાવીને સૌને ફસાવી દીધા હતા.

આ તરફ બચનસિંહને થયું કે કેવળ અવિદ્યાને કારણે જ આપણા ભાઈઓની આવી દુર્દશા થઈ છે. ગુરુદ્વારા જેવા પવિત્ર સ્થાનો પર પણ ભાંગ અને અફીણનો મારો ચલાવીને પોતાનો અને પોતાની જાતિનો તેઓ સત્યાનાશ કરી રહ્યા છે. આ અવિદ્યાને દૂર કરવાના અને ભાઈચારો વધારે એવા સુધારાના પાકા ઈરાદાથી એ કોઈક વ્યવહારુ યોજના વિચારવા લાગ્યો.

અમૃતસરથી આવતી વખતે બચનસિંહે જ્ઞાની દીદારસિંહ પાસેથી વચન લીધું હતું કે એ પોતાને ગામ એને મળવા આવશે. આ વચન પ્રમાણે બચનસિંહે જ્ઞાનીને બોલાવી લીધા હતા અને એ તરત જ આવી ગયા હતા.

જ્ઞાની દીદારસિંહ સિયાલકોટમાં રહેતા હતા અને એના બે દીકરાઓ ત્યાં મામુલી ધંધો કરતા હતા. થોડા વખતથી જ્ઞાનીજીએ એવો નિર્ણય કરી લીધો હતો કે ઘણો વખત સંસાર ભોગવી લીધો, હવે બાકીની જિંદગી લોકસેવામાં ગાળવી. બન્ને દીકરા એને જ્યાં હોય ત્યાં મહિના દસ દસ રૂપિયા મોકલવા તૈયાર થયા હતા. એ સિવાય થોડીઘણી રકમ એની પોતાની પાસે જમા પણ હતી.

જ્ઞાનીજીના દર્શનથી બચનસિંહ ખૂબ પ્રસન્ન થયો. પોતાના ગામ અને આસપાસના પ્રદેશની વાત એણે એવા દર્દભર્યા શબ્દોમાં કહી સંભળાવી કે જ્ઞાનીજીની આંખો ભરાઈ આવી. પછી એણે મુકદ્દમાની વાત સાંભળી અને બહુ દુ:ખી થયા અને બચનસિંહ કેટલો સાચો, દિલેર અને નિર્ભિક જુવાન હતો, અને એના જીવનમાં કેટલું પરિવર્તન આવી ગયું હતું તેનો પણ એને અનુભવ થઈ ગયો.

આખરે જ્યારે બચનસિંહે એને સાથે લઈ જઈને ગુરુદ્વારાની હાલત બતાવી ત્યારે તો જ્ઞાનીજીથી સહન જ થયું નહિ અને થોડા દિવસ માટે એ દીવાનપુરમાં જ રોકાઈ ગયા.

જ્ઞાનીજી બહુ જ ગુરુમુખ, સીધાસાદા, ગુરુવાણીમાં રાચનારા અને મૃદુભાષી હતા. રોજ નિયમ લેખે એ અમૃતવેળામાં ઊઠી જતા, નાહીધોઈને ગુરુવાણીનો પાઠ કરતા અને પછી મહારાજનો પ્રકાશ કરતા. જ્ઞાનીજીના આવવાથી જાટોને એક ફાયદો જરૂર થયો. વહેલી સવારે ચાર વાગ્યામાં ઊઠીને એ કૂવા પર સ્નાન કરવા

જતા ત્યારે ગરગડીના અવાજથી જાટોની ઊંઘ ઊડી જતી અને એ લોકો ધૂંસરી સંભાળીને ખેતરો તરફ નીકળી પડતા.

ધીરે ધીરે જાટ સ્ત્રીઓ પર જ્ઞાનીજીનો કંઈક પ્રભાવ પડવા માંડયો. ખેતરોમાં ભાજીપાલો તોડવા જાય તો કોઈક સ્ત્રીઓ મુઠ્ઠીભર અનાજ તો કોઈક તુંબડું ભરીને કપાસ તો કોઈ વળી મકાઈના બે ડોડા લઈ આવતી અને જ્ઞાનીજી પાસે માથું ટેકવી આવતી.

થોડો સમય પસાર થઈ ગયો. હવે તો કયારેક જાટો પણ ત્યાંથી પસાર થતાં હળધૂંસરી દીવાલ સામે ટેકવીને અને ઢોરોને આગળ હાંકીને ગુરુદ્વારામાં આવતા અથવા બહારથી જ માથું ટેકવી જતા.

બચનસિંહના ઉદ્યમથી જ્ઞાનીજીએ જાટોનાં નાનાં નાનાં છોકરાંને ભેગાં કરીને ભણાવવાનું બીડું ઝડપ્યું. એક સુતાર પાસે એણે લાકડાની દસ-પંદર પાટીઓ બનાવડાવી, કલમ માટે બેલે જઈને સરકંડાની એક ભારી લઈ આવ્યા અને ગામના કુંભાર પાસેથી થોડો ગેરુ અને માટીનાં કોડિયાં લાવીને બાળકોને લખવાની સામગ્રી વહેંચી દીધી. જાટોનાં મોંયે ચડાવેલાં બાળકોને માટે શરૂઆતમાં આખો દિવસ સ્થિર થઈને બેસવાનું જમીન, ગોડવા કરતાં પણ વધારે મુશ્કેલ લાગતું. પણ જ્ઞાનીજીએ પોતાના મીઠા સ્વભાવ અને પ્યારભર્યા વર્તનથી બાળકોનાં મનને કાબૂમાં લઈ જ લીધાં.

જ્ઞાનીજીએ પણ મન પરોવી રાખવાનું સારું કામ મળી ગયું. આખો દિવસ એ બાળકોને ભણાવવામાં વ્યસ્ત રહેતા. એક બાળકને અક્ષર ઘૂંટાવવા લાગતા તો બીજું કહેતું : "ઓ જ્ઞાનીજી, મંગૂએ મારી કલમ તોડી નાખી." જ્ઞાનીજી એને નવી કલમ ઘડી આપતા. ત્યાં જ કોઈ બીજું બાળક બોલી ઊઠતું : "જ્ઞાનીજી, જુઓ, બંતો મારાં કપડાં કાઢી નાખે છે." ત્યાં તો નજીકમાં જ ટાટ પર બેઠેલી છોકરીઓ આપસમાં આખડી પડતી અને જ્ઞાનીજી એમના મુકદ્દમાનો ફેંસલો કરવામાં રોકાઈ જતા.

આ કાગડા-કાબરોને ભણાવવામાં જ્ઞાનીજીએ રાતદિવસ એક કરી નાખ્યાં. અને મહામુશ્કેલીએ બે મહિને એ બાળકોને સીધાં બેસવાની ટેવ પાડી. જ્ઞાનીજીની સફેદ દાઢી એની છાતી પર હાલી રહેતી તો ચંચળ છોકરાં હસી હસીને બેવડ વળી

જતાં. જ્ઞાનીજી સહેજ પણ નજર સામેથી દૂર થાય તો છોકરીઓ એકદમ દુપટ્ટા માથેથી ઊતારીને તેના ગેંદ બનાવીને પાટીઓ પર ઉછાળતી અને રમવા માંડતી; અથવા તો એકબીજાના ચોટલા બાંધીને 'ભાંગડા' નાચવા માંડતી. પણ જ્ઞાનીજી તો મોટો મનસૂબો ઘડીને બેઠા હતા. એને હતું કે કોઈક વાર તો એ મનસૂબો જરૂર ફળશે.

એક દિવસ જ્ઞાનીજી અને બચનસિંહ બેઠા બેઠા કોઈક મુદ્દા પર ચર્ચા કરી રહ્યા હતા. સામે એક ચટાઈ પર બેઠાં બેઠાં છોકરાં ભણી રહ્યાં હતાં. વાતોનો વિષય હતો 'સેવા.' જ્ઞાનીજી કહી રહ્યા હતા: "સેવા કરવાનું બહુ અઘરું છે. જેને લોકો સેવા સમજીને ચાલે છે તે તો ખરેખર સેવાનો સ્વાંગ..."

જ્ઞાનીજીના મોંમાંથી નીકળતો એકેએક શબ્દ બચનસિંહના દિલ પર ઊંડી અસર કરી રહ્યો હતો. બચનસિંહ કંઈ પૂછવા માગતો હતો એ જ વખતે એનું ધ્યાન બીજી બાજુ ગયું. એનું મોં બારણા તરફ હતું. ક્યારનો એ જોતો હતો કે બારણાની બહાર એક છોકરી ઊભી હતી. બાર-ચૌદ વર્ષની એની ઉંમર હશે. એને માથે કચરાથી ભરેલો એક ટોપલો હતો. ટોપલાના ભારથી એ પરેશાન થઈ રહી હતી. વચ્ચે વચ્ચે ગર્દન થાકી જાય તો એ ટોપલાને બન્ને હાથે ઊંચક લેતી હતી. કંગાલિયતનાં વાદળોની વચ્ચે એનો ચન્દ્રમા જેવો ચહેરો ચમકી રહ્યો હતો.

બચનસિંહે જોયું કે બારણા પાસે ભણી રહેલી છોકરીઓ એ છોકરીની સામું જોઈને અને પછી એકબીજાની સામું જોઈને હસી રહી હતી. કોઈ એના પર શેરડીનાં એઠાં છોતરાં ફેંકતી હતી, તો કોઈ ચટાઈમાંથી સળીઓ કાઢી કાઢીને એના પર ફેંકતી હતી, તો કોઈ એની સામેથી પસાર થવાને બહાને એના પર થૂંકી દેતી હતી.

પણ છોકરીનું એ તરફ ધ્યાન નહોતું. એ તો ટીકી ટીકીને બાળકોની પાટીઓ, વર્ણમાળાનાં પુસ્તકો અને લખવાની પદ્ધતિ જોઈ રહી હતી. વળી એણે બન્ને હાથે ટોપલો ઊંચો કર્યો. અચાનક એના માથા પર રાખેલી ઈંઢોણી પડી ગઈ. છોકરીઓએ આ જોયું તો એમને તો મજાક ઉડાવવાનું બહાનું મળી ગયું. હસવું ખાળવાની એમણે કોશિશ તો કરી પણ મોં બંધ કરતાં કરતાં પણ બેત્રણ છોકરીઓ

જોરથી હસી પડી. આ હાસ્ય જ્ઞાનીને કાને પડ્યું. બિચારી છોકરી શરમાઈ ગઈ અને ત્યાં ઊભી રહી શકી નહિ.

જ્ઞાનીજીએ છોકરીઓને ટોકી. બધી છોકરીઓ પાટીઓની પાછળ માથાં સંતાડીને ચુપ થઈ ગઈ. આ પછી જ્ઞાનીજીએ કહ્યું કે, "આ ચૂડેલો ક્યારનીય એ છોકરીને સતાવી રહી છે." જ્ઞાનીજીને તો ફક્ત એ છોકરીઓના હસવા પર જ ગુસ્સો આવ્યો હતો. બીજું કંઈ તો એણે જોયું જ નહોતું. એ બોલ્યા: "ખબરદાર! ફરી ઉત્પાત મચાવ્યો છે તો!" પછી બચનસિંહને સંબોધીને કહ્યું: "મૂંગા રહેવામાં જ માલ છે. આ લોકોની સાથે કેટલી યે માથાફોડ કરી છે, પણ કોઈ વાતની એમના પર અસર થતી નથી. કોઈકે સાચું જ કહ્યું છે. कुडोआँ, चिडियाँ, बकरियाँ, ते तिन्ने जातां अथरोआँ[1] એને તો ...."

વાત અટકાવીને બચનસિંહે કહ્યું: "જ્ઞાનીજી, આ તો એમ સમજો કે તમારામાં હિંમત છે તો એમના પેટમાં ચાર અક્ષર નાખો છો. નહિ તો (છોકરાં તરફ ઇશારો કરીને) આ ચોરટાં કેવુંક ભણવાનાં હતાં? એ તો બસ બળદોની પાછળ તત્ તત્ કરી જાણે છે."

થોડી વાર વાતો કર્યા પછી બચનસિંહ જતો રહ્યો.

[15]

બાબા રોડૂ માગીતાગીને સાંજે ઘેર પાછો ફરી રહ્યો હતો. રસ્તામાં એને યાદ આવ્યું કે ઘણા દિવસથી એ સુંદરી માટે કોઈ ચીજ લઈ ગયો નથી. એણે પાઘડીનો છેડો છોડયો તો તેમાંથી ત્રણ અધેલા અને એક પૈસો નીકળ્યા. પછી એણે લૂંગીના છેડા પર હાથ ફેરવ્યો અને થેલામાંથી એક ચીંથરું કાઢીને તેની ગાંઠ છોડી. એક ચબૂતરા પર ઊભા રહીને એણે બધા પૈસા ગણ્યા. બધુ મળીને ત્રણ આના થયા. ક્યાંય સુધી એ વિચાર કરતો બેઠો રહ્યો કે આ પૈસાનું શું ખરીદવું. છેવટે એને

1 છોકરી, પંખી અને બકરી, ત્રણેની જાત ચંચળ.

ખ્યાલ આવ્યો કે સુંદરી રોજ વાજું લેવાની હઠ કરતી હતી. એ એક પરચૂરણ સામાનની દુકાને આવ્યો. એણે અઢી આનાનું વાજું ખરીદ્યું અને કંદોઈ પાસેથી એક ઢબૂની બરફી લીધી. બધું લઈને એ ઝટપટ ઘેર પહોંચ્યો.

ઘેર પહોંચતાં જ વાંદરીને એણે બારણા પાસે છોડી દીધી અને પોતે "સુંદરો! સુંદરો!" કહેતો કોટડીમાં આવ્યો. પણ હમેશાં એના સ્વાગત માટે પહેલેથી જ ઝૂંપડીને બારણે ઊભી રહેનારી સુંદરી આજે ઊભેલી દેખાઈ નહિ.

એ ઝટપટ બહાર આવ્યો. આમતેમ નજર કરી, કેટલી યે વાર સાદ દીધો, પણ સુંદરીનો કોઈ પત્તો લાગ્યો નહિ. એ ગુસ્સામાં ફફડી ઊઠ્યો. એ ગુસ્સામાં કેટલો પ્રેમ, કેટલો તલસાટ અને કેટલી અધીરાઈ ભળેલી હતી તેનું અનુમાન લગાવવું મુશ્કેલ હતું.

એ ઉતાવળો ઝૂંપડીની પછવાડે પહોંચ્યો. સુંદરી એક ખાટલી ઊભી કરીને તેની પાછળ બેઠી હતી અને જમીન પર કંઈક લખી રહી હતી.

બિચારા રોડૂના જીવમાં જીવ આવ્યો. એને જોતાં જ સુંદરી લખવાનું છોડીને પ્રેમથી હસી રહી અને રોડૂની કમ્મરે હાથ મૂકીને એને પોતાની તરફ ખેંચી રહી. "બાબા! આવો, તમને કંઈક બતાવું. અહીં આવો. જલદી અહીં જુઓ!" એણે રોડૂને પણ એ જ જગ્યાએ બેસાડી દીધો. પછી એની પાછળ જઈને બન્ને હથેળીઓથી એના મોઢા પર થપકી મારીને એ બોલી: "અહીં જુઓ બાબા!" અને એની સામે એ એવી ઉછળી રહી કે જાણે એને ક્યાંકથી રૂપિયા ભરેલો ચરુ મળી આવ્યો હોય.

રોડૂ છોકરીની ચંચળ બાળલીલા પર મુગ્ધ થઈ રહ્યો હતો. એણે પ્યારથી સુંદરીને પોતાની તરફ ખેંચી અને એનું માથું ચૂમીને કહ્યું: "આ શું ચીતરામણ કરી રહી છે, બેટી?"

સુંદરી એનાથી અળગી થઈ ગઈ અને જમીન પર રોડૂનું ધ્યાન ખેંચતાં કહ્યું: "ચીતરામણ છે, આ?" (અક્ષરો પર આંગળી રાખીને) આ જુઓ તો ખરા, બાબા, આ 'ઊડા'[1] છે અને આ જુઓ 'સસ્સા'[2] છે અને (વિચાર કરીને) જરા થોભો. હું તો આ નામ જ ભૂલી ગઈ... અરે હા, આને પપ્પા[3] કહે છે."

---

1 પંજાબી વર્ણમાળાનો પહેલો અક્ષર 'ਊ'. 2 'ਸ'. 3 'ਪ'.

રોડૂ બિચારો ક્યાંથી જાણે કે કઈ બલાને સસ્સા કહેવાય અને કઈને પપ્પા કહેવાય? એ હસીને બોલ્યો: "અરે વાહ રે મારી ભણેસરી બેટી! આ બધું કેમ લખાય તેની તને ક્યાંથી ખબર?"

"હા બાબા, એ બધી આમ જ લખી રહી હતી."

"કોણ?"

"એ છોકરીઓ, બીજું કોણ?"

"કઈ છોકરાઓ?"

"ગુરુદ્વારામાં ભણે છે એ જ તો વળી."

"બેટી, એ છોકરીઓ આમ જ લખે છે તે તેં ક્યાંથી જાણ્યું?"

"મને ખબર છે તો! હું તો રોજ જોઉં છું. હું ઉકરડે કચરો નાખવા ગઈ ત્યારે એ છોકરીઓ લખી રહી હતી."

"લખ્યા કરે, તારે શું?"

બાળકના જેવી જ જિદ્દ કરીને રડતી સૂરત કરીને હઠ કરતાં એ બોલી: "ના, બાબા! હું પણ લખીશ."

હસતાં હસતાં કંઈક ઉદાસભાવે સુંદરીની ચિબુક પકડીને રોડૂ બોલ્યો: "જુઓ તો ખરા, મોટી ભણેસરીને! પગલી, વાંચવા-લખવાનું તે ભલા આપણા લોકોનું કામ છે?"

સુંદરીનું મન નિરાશ થઈ ગયું. પ્રશ્નભરી નજરે એ રોડૂને જોઈ રહી અને બોલી: "તો પછી કોનું કામ છે?"

"દીકરા, એ તો બધી છે સરદાર-મહાજનની દીકરીઓ! અને આપણે રહ્યાં ગરીબ ભિખારી. એ બધાં કામની સાથે આપણે કેવી લેવાદેવા?"

ભિખારી ભણે નહિ એવું સાંભળીને સુંદરીના ચહેરા પર નિરાશા છવાઈ ગઈ. એને થયું: "મેં સાચે જ બહુ ખોટું કામ કર્યું છે. પણ વળી, બાળકના જેવી જિદ્દ કરતાં એણે કહ્યું: "બાબા, આપણે ... આપણાથી ... આપણે ભણી ન શકીએ?"

"દીકરા! તેં સાંભળ્યું નથી કે બળિયાના તો સાત વીસું સો થાય છે? કહે છે કે હલકી જાતો પણ વાંચતીલખતી થઈ જશે પછી એમના કામધંધા કોણ કરશે?"

છોકરીનું મન તો હજુયે માન્યું નહિ અને એણે તો હઠ પકડી: "ના બાબા, હું તો લખવાની. અંદર બેસીને લખીશ તો એ લોકોને કેવી રીતે ખબર પડી જવાની હતી? દિવસે કચરો ફેંકવા જઈશ ત્યારે એ છોકરીઓના અક્ષર જોયા કરીશ અને રાતે ......"

રોડૂ વચ્ચે જ બોલી ઊઠયો : "ચાલ, છોડ એ વાતોને. લે, આ લે." એણે સુંદરીને વાજું અને મીઠાઈનો પડિયો આપ્યો.

જે વાજાંની સુંદરી કેટલાં યે અઠવાડિયાંથી માગણી કર્યા કરતી હતી તે આજે એને મળી ગયું હતું. રોડૂનો ખ્યાલ હતો કે વાજું મળતાં સુંદરી કૂદાકૂદ કરી મૂકશે. પણ એ તો બન્ને વસ્તુઓને લાપરવાહીથી પકડી રહી અને પછી અંદર જઈને એક ખૂણામાં મૂકી આવી.

[16]

બચનસિંહ એક નિયમ લેખે દરરોજ જ્ઞાનીજીની પાસે જઈને બેસતો અને બંને વચ્ચે જાતજાતની ચર્ચા ચાલતી. બચનસિંહને આ ચર્ચામાં બહુ મજા પડતી. જ્ઞાનીજીના સત્સંગથી દિનોદિન એની કાયાપલટ થવા માંડી અને એના જીવનપ્રવાહની દિશા જ બદલાઈ ગઈ.

એ રોજ જોયા કરતો હતો કે એ છોકરી વાંસનો તૂટેલો ટોપલો ક્યારેક હાથમાં પકડીને તો ક્યારેક માથે મૂકીને કેટલી ય વાર સુધી ચોકની બહાર દરવાજા પાસે ઊભી ઊભી બાળકોને લખતાં જોયા કરતી.

એક દિવસ બપોરેને વખતે એ ગુરુદ્વારે પહોંચ્યો તો જોયું કે જ્ઞાનીજી છોકરાંને લેસન કરવાની સૂચના આપીને ક્યાંક જવા માટે તૈયાર ઊભા હતા.

આવતાં જ બચનસિંહે પૂછ્યું: "ક્યાં જવાની તૈયારી ચાલે છે?"

"તારી જ રાહ જોતો હતો. કપડાં મેલાં થઈ ગયાં છે. થયું કે કૂવે જઈને ધોઈ આવું. મનમાં હતું કે તું યે આવે તો સારું. જરા ફરવાનું પણ થઈ જશે."

"તો પછી ચાલો," કહીને બચનસિંહ એમની સાથે નીકળ્યો. બન્ને જણા દરવાજા બહાર નીકળ્યા. પેલી છોકરી ખાલી ટોપલો એક બાજુ રાખીને દીવાલ તરફ મો કરીને બેઠી હતી અને જમીન પર કંઈક લખી રહી હતી. એની પાસે કાગળનો એક ટુકડો પડેલો હતો તેમાં જોઈ જોઈને એ લખતી હતી. એના મોતીના દાણા જેવા સુંદર અક્ષર છાપેલા હોય એવા લાગતા હતા. આ જોઈને બન્ને મૂંઝાઈ ગયા. એ કાગળ તે બાળબોધનું પહેલું પાનું હતું. તેના પર મોટા અક્ષરોમાં પંજાબી વર્ણ-માળા છપાયેલી હતી. કાગળ રદ્દી અને ફાટેલો હતો અને આ કાગળને એણે એટલી કોમળતાથી પકડયો હતો કે એ જાણે કોઈ શાહી હુકમનામું હોય!

બંને જણા ઊભા ઊભા એ છોકરીને જોઈ રહ્યા અને એના લખાણ પર આશ્ચર્ય પ્રગટ કરી રહ્યા. સૌથી છેલ્લો અક્ષર લખવા માટે છોકરીએ કાગળ તરફ નજર કરી તો સામે ઊભેલા બે માણસો તરફ એનું ધ્યાન ગયું. એ એટલી ડરી ગઈ, એવી તો થીજી ગઈ કે ટોપલો ત્યાં ને ત્યાં જ છોડીને એ નાસી ગઈ."

છોકરીની તેજ બુદ્ધિ અને સુંદર લખાણ જોઈને બન્ને જણા ગદ્‌ગદ્‌ થઈ ગયા. છોકરી હજુ ચારપાંચ ડગલાં દૂર ગઈ હશે કે જ્ઞાનીજીએ એને બોલાવી: "એ છોકરી!"

અવાજ સાંભળીને પહેલાં તો છોકરીને પહેલાંની જેમ જ ભાગી છૂટવાનું મન થયું. ત્યાં તો જ્ઞાનીજીએ એને વળી બોલાવી: "બેટી, ડર નહિ. હું તને મારીશ નહિ. અહીં આવ. મારી વાત સાંભળ."

છોકરીના જીવમાં જીવ આવ્યો, અને એ માથું નમાવીને અપરાધીની જેમ ધીમે પગલે પાછી આવી ને એમની સામે ઊભી રહી. જ્ઞાનીજીએ પ્યારથી પૂછ્યું: "છોકરી! આ અક્ષર તું ક્યાંથી શીખી?"

છોકરી વળી ધ્રૂજી ઊઠી. એને સમજાઈ ગયું કે ચોર પાસે ચોરી કબૂલ કરાવવાની તરકીબ અજમાવાઈ રહી હતી. જ્ઞાનીજીની કોઈ વાતનો જવાબ આપવાનું એને સૂઝયું નહિ.

જ્ઞાનીજીએ એને માથે હાથ ફેરવતાં એને પોતાની નજીક ખેંચીને પૂછ્યું: "બેટી! તું ડર નહિ, તને હું જરાય વઢીશ નહિ. તારા સુંદર અક્ષરો જોઈને હું બહુ રાજી થયો છું. આ અક્ષર તું કોની પાસેથી શીખી?"

હવે છોકરીને મનમાં કંઈક શાંતિ થઈ. એનો ક્ષોભ દૂર થઈ ગયો. ધીમે સાદે એણે કહ્યું: 'હું મારી જાતે જ લખતી રહું છું."

બચનસિંહ હજુ યે મૂંઝાઈને આ દશ્ય જોઈ રહ્યો હતો. છોકરીની વાત સાંભળીને એ અનાયાસ જ બોલી ઊઠયો: "આ અક્ષરો તેં જાતે જ લખ્યા છે? કોઈની પાસેથી શીખી નથી?"

છોકરીનો "ના" એવો જવાબ સાંભળીને બન્નેને બેહદ ખુશી થઈ. જ્ઞાનીજીએ ફરીથી પૂછયું: "તને આ અક્ષર ઓળખતાં આવડે છે?"

"જી, હા."

"ઓળખાવ જોઉં?"

છોકરીએ સડસડાટ વર્ણમાળા વાંચી સંભળાવી અને કહ્યું: "જી, મને મુહારનાં પણ આવડે છે."

જ્ઞાનીજીએ બચનસિંહ તરફ જોઈને કહ્યું: "લખતાં તો એણે આ પાનાંમાંથી શીખી લીધું છે, પણ વાંચતાં?"

છોકરીએ કહ્યું: "જી, એ છોકરા-છોકરીઓ રોજ બપોરે બે વખત ગુહારની બોલે છે તે હું સાંભળ્યા કરું છું."

જ્ઞાનીજીએ એની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું: "શાબાશ, બચ્ચી, શાબાશ! તું તો ભારે અક્કલવાળી છે. લે, હું તને બાળપોથી અને પાટી લાવી આપું છું. તું ભણ્યા કર. તારું નામ શું છે, બેટી?"

"જી, સુંદરી."

બચનસિંહે કહ્યું: "બાબા, આ તો કદાચ અછૂતોની છોકરી છે. તમે આમ એને બેધડક અડકી રહ્યા છો. મને તો એ વાતનું કંઈ નથી પણ ગામના લોકો બહુ વાંકા છે."

જ્ઞાનીજીએ બેપરવાહીથી કહ્યું: "એ લોકો જો આવી આશાસ્પદ છોકરીને અડકતાં અને વિદ્યા આપતાં રોકે તો એ અન્યાય છે. એવા લોકોની મને કોઈ પરવા નથી."

બચનસિંહ કંઈ વધારે બોલ્યો નહિ. જ્ઞાનીજી અંદર જઈને બાળપોથી, પાટી અને કલમ-ખડિયો લઈ આવ્યા અને એને આપતાં કહ્યું: "લે દીકરી! રોજ નિયમિત લખતી-વાંચતી રહેજે. મન થાય તો અહીં આવીને ય ભણજે."

છોકરીએ એ બધી વસ્તુઓ લીધી અને જ્ઞાનીજીના સ્નેહભર્યા શબ્દો સાંભળી રહી. એને કેવું લાગ્યું? એવું લાગ્યું જાણે કે કોઈ જન્મથી જ અંધ વ્યક્તિને આંખો મળી ગઈ. આ પછી સૌ પોતપોતાને રસ્તે ગયાં.

સુંદરીને તો જાણે પગે પાંખ આવી ગઈ. દોડતી દોડતી એ ઘેર આવી.

[17]

"બાબા, જુઓ તો હું શું લાવી છું?" કહેતાં ખુશીથી છલકાતી સુંદરીએ એક એક કરીને બધી વસ્તુઓ રોડને બતાવી અને કહ્યું: "તમે તો કહેતા હતા કે ભણ મા, એ લોકો મારશે. એ લોકો તો કહે છે કે તું તારે ભણ, અમે ખુદ તને ભણાવશું. જુઓ આ, કેવી મજાની પાટી છે! સાથે આ બાળપોથી અને તેની સાથે પાછા બબ્બે કિત્તા! મુલતાની માટીયે છે તો! આમ લાવો. માટી ફરીને ખડિયામાં નાખું. જોયું! અહા જી! આપણે તો પાટીમાં લખવાનાં!"

છોકરીની આ ચીજો જોઈને રોડૂ મૂંઝાયો. ભલા, કોણે આ બધી વસ્તુઓ એને આપી હતી? ... એને શંકા થઈ, ક્યાંકથી આ બધી વસ્તુઓ એ ઉઠાવી તો નથી લાવી ને? આ વિચાર આવતાં એણે પૂછ્યું: "આ કોની ચીજો ઉઠાવી લાવી છે? જા, દીકરા, જેની હોય એને પાછી આપી આવ. મારું માથું ફોડાવતી નહિ પાછી."

"ના બાબા, દેવીના સોગંદ. મને તો ખુદ જ્ઞાનીજીએ આ ચીજો આપી છે. ચાલો, પુછાવી દઉં." સુંદરી રોડૂનો હાથ પકડીને ખેંચી રહી.

સુંદરીના ચહેરા પર જે દઢતા અને નીડરતા હતી તે જોઈને રોડૂને એની વાત પર વિશ્વાસ પડયો. અને પછી સુંદરીએ આખી વાત કહી ત્યારે તો રોડૂના મનમાં કોઈ શંકા જ રહી નહિ.

તે જ દિવસથી સુંદરીને વાંચવા-લખવાની સગવડ મળી ગઈ. કામકાજમાંથી મળે તે બધો વખત સુંદરી ભણવામાં ગાળતી. એટલે સુધી કે રાતે સૂતી વખતે પણ તેનું ધ્યાન ભણવામાં જ રહેતું. રોજ કલાક બે કલાક માટે એ જ્ઞાનીજી પાસે શીખવા જતી. બેશક, જ્ઞાનીજી તો અંતરથી ઇચ્છતા હતા કે સુંદરી બીજી છોકરીઓની સાથે નિશાળમાં બેસે. પણ રસ્તામાં જે અંતરાયો હતા તેનો ખ્યાલ કરીને એણે દરવાજાની બહાર જ એને માટે ગુણપાટનો એક ટુકડો પાથરી દીધો. સુંદરી ત્યાં બેસીને એકલી જ ભણ્યા કરતી. આ એને માટે ઠીક જ હતું કારણકે બીજી છોકરીઓની સાથે બેસતી હોત તો એ લોકોના ઉત્પાતને કારણે એના પલ્લામાં રૂપિયે એક પૈસા જેટલું યે જ્ઞાન આવત નહિ. પણ હવે એના એકાંતમાં વિઘ્ન પડવાની શરૂઆત થઈ. છોકરા-છોકરીઓ આવતાં-જતાં એની સાથે કંઈક ને કંઈક અડપલું કરી જ લેતાં. કોઈ છોકરી બીજી છોકરીને ધક્કો મારીને સુંદરી પર પાડી દેતી અને પછી "અડકી ગઈ, અડકી ગઈ," એમ બૂમો પાડીને ચીડવતી. આમ પાડી નાખેલી છોકરી બીજી છોકરીઓને અડકવા દોડતી. કોઈ છોકરી હળવે રહીને પગ મારીને એનો ખડિયો ઊંધો કરી નાખતી તો કોઈ કિત્તાનાં છોડાં ઉતારીને બન્ને આંગળીઓથી કમાન બનાવીને એના મોં પર નિશાન તાકતી. આવી બધી પ્રવૃત્તિઓ બંધ એટલા માટે નહોતી થતી કે સુંદરી કોઈને ફરિયાદ કરતી નહિ.

આ અંતરાયો પર ધ્યાન આપ્યા વિના સુંદરી મન પરોવીને પોતાના કામમાં મંડી રહેતી. પણ ત્યાં તો એના રસ્તામાં વળી એક બીજો અંતરાય આવી ગયો. ગામનાં સારાં ગણાતાં ઘરનાં સ્ત્રી-પુરુષોની વચ્ચે પણ આ વિશે ઘુસપુસ શરૂ થઈ ગઈ હતી. પાલાસિંહ અને એની મંડળીએ સૌને ભડકાવી મૂકયાં હતાં તેનું જ આ પરિણામ હતું. કોઈક ને કોઈક બહાને એ લોકો જ્ઞાનીજીને પણ ધમકી આપી જતા હતા. પણ જ્ઞાનીજીએ સુંદરીને ભણાવવાનું છોડયું નહિ.

વધતાં વધતાં વાત તો બહુ વધી ગઈ. એટલે સુધી કે ચંદાસિંહની માની નનામી નીકળવાની હતી ત્યારે એની હવેલીમાં લોકો એકઠા મળ્યા તો ત્યાં પણ એ જ ચર્ચા શરૂ થઈ ગઈ. ગ્વાલાસિંહે કહ્યું: "દાકતર ગામના કૂવાઓમાં દવા નાખી રહ્યા છે." તો સુંદરસિંહે કહ્યું: "દવા તો આપણા ફાયદા માટે જ છે. તે દિવસે જીવાસિંહનો દીકરો બચનો કહેતો હતો કે દવાથી પાણીની અંદરના જંતુ મરી જાય છે."

નત્થાસિંહ પાઘડીને આંખ પરથી સરકાવતાં બોલ્યો: "ઓ યે સાંભળો. બલકે દવાથી તો બીમારી વધે છે. ખબર છે બે વરસ પર મરકી કેમ ફેલાઈ હતી? અંગ્રેજોએ ગોળીઓ નખાવી હતી. ગોળીઓ ખાઈને ઉંદર મરી ગયો અને તેની બદબૂથી મરકી ફેલાઈ ગઈ. ઘરનાં ઘર ઉજ્જડ થઈ ગયાં."

સુંદરસિંહે કહ્યું: "ભાઈ, આપણે અભણ લોક એમાં શું સમજીએ? જે સાંભળવામાં આવે તે માની લઈએ. જાણીએ કે એમ જ હશે. ભણેલા લોકોને એમાં સમજ પડે."

ત્યાં તો બાબા ભાનસિંહ બોલી ઊઠયો: "ઓ યે, તારા એ ભણેલાઓને યે જોઈ લીધા. સાચી વાતથી તો તમે લોકો કદાચ ગુસ્સે થશો, પણ આ કમબખ્ત જબાન બોલ્યા વિના રહેતી નથી. જીવાસિંહે દીકરાને ભણાવ્યો તો શું, કહો કે એની અક્કલને તાળું મારી દીધું છે. આ છોકરાઓ રંગેજી[1] શીખીને તો આવે છે અને ભંગી-ચમારોને સાથે ભેળવી દેવાનો ઠેકો પણ લેતા આવે છે. કાલે રાતે વરિયાભા કહેતો હતો કે બચનાની વાત માનીને પેલો ધરમસાલીઓ કોઈ મદારીની છોકરીને ભણાવી રહ્યો છે."

બીજો એક જણ બોલ્યો: "ભાઈ, વાત તો લાખ રૂપિયાની કરી છે. હું ખુદ કેટલાય દિવસથી એ છોકરીને ગુરુદ્વારાની સામે બેઠેલી જોઉં છું. કેટલી યે વાર મનમાં થઈ આવ્યું કે જઈને જીવાસિંહને સમજાવું અને જ્ઞાનીને પણ પૂછું. પણ વળી થયું કે કોણ રસ્તે ચાલતાં ઝઘડો નોતરે? તેમાં પાછો જીવાસિંહ તો ખાટલે પડેલો છે, એને કહીને ફાયદો યે શો થવાનો હતો? પણ આમ તે કેમ ચાલશે? આજે ગુરુદ્વારે જઈ રહી છે, કાલે કૂવા પર પણ પહોંચી જશે."

બીજાએ કહ્યું: "અરે હા, બીજું શું? આ હલકટ લોકો કંઈ ટળવાના છે? ખાણી ગામમાં કેટલી ધાંધલ મચી ગઈ હતી, ખબર છે? ખાલસા બિરાદરીવાળાઓએ એક સત્સંગ કર્યો અને કહ્યુ કે ભંગી-ચમારોની શુદ્ધિ કરવી છે."

ત્રીજો બોલ્યો: "ઓ ભાઈઓ, હું તો સાચી વાત કરી રહ્યો છું. હજી યે કંઈ બગડયું નથી. આ જ્ઞાનીને કોઈએ અટકાવ્યો નહિ તો અહીં પણ ખાણીવાળી ધાંધલ થઈ જ ગણી લો. કહ્યુ છે ને એક ને એક અગિયાર. પહેલાં એકલો બચનો જ ક્યાં કમ હતો, તે હવે એના જેવો જ જ્ઞાની પણ આવી મળ્યો છે."

એક જણે કહ્યું: "એટલે જ તો કહ્યું છે ને કે સત્સંગ તારે, પણ કુસંગ ડુબાડે.

1 અંગ્રેજી

ભાઈજી આવા દેવ જેવા માણસ હતા. કદી ચૂં-ચાં કરતા નહિ. વેળા-કવેળાએ કામ લાગતા. અને હતા પણ કેવા ભલા, જે કહો તે માની લેતા."

બીજો બોલ્યો: "તેથી જ તો ગામમાં આવતાંની સાથે બચનો એનો વેરી બન્યો હતો. બહાનાં કાઢી કાઢીને એને દૂર કરવા પ્રયત્ન કરતો હતો. કદીક કહેશે, છોકરાં ભણાવ, કદીક કહેશે, ગ્રંથસાહેબ માંડ, આ કર ને તે કર. પણ ભાઈજી ભલા એની વાતોમાં કયાં આવવાના હતા? એણે તો......."

ત્રીજાએ કહ્યું: "નહિ તો શું? એ વાતથી જ ખિજાઈને તો બચનાએ એ બિચારાને પકડાવી દીધા છે. પણ ભાઈ, આ બધી વચ્ચેની વાત આપણે શું જાણીએ? બચનસિંહ રોજ આવી આવીને કહ્યા કરતો કે છોકરાંને ભણવા મોકલો. અમે પણ એની વાતમાં આવી ગયા."

ચોથાએ કહ્યું: "અને કહો જોઉં, આટલા દિવસમાં એણે કેવુંક ભણાવી નાખ્યું છે? બલકે, છોકરાં ઘરમાં નાનાં નાનાં કામ કરતાં તે યે ગયું. ભાઈ, આપણે તો દીકરીને હવે નિશાળે મોકલવાના નહિ. કહેવત છે ને કે કાનને ખાઈ જાય એ સોનું જાય ચૂલામાં. એવા ભણતરથી તે શો ફાયદો?"

પાંચમો બોલ્યો: "તાયા! તું નહિ મોકલે તો પછી બીજા બધા પણ પોતાનાં છોકરાંને નહિ મોકલે. હું તો જઈને બધી પાટીઓ ફગાવી દઈશ કૂવામાં. છોકરી મજાની બધાં કામ કરતી હતી. જ્યારથી ભણવા માંડયું છે ત્યારથી કોઈ કામને હાથ લગાડતી નથી. બસ, જુવારના રોટલા જેવો ગુટકો હાથમાં લઈને ખૂણામાં બેસી જાય છે."

છઠ્ઠો બોલ્યો: "અત્યાર સુધીમાં તો આ બધી ચટાઈઓ વીંટાળીને ફેંકી દીધી હોત અને પાલાસિંહ પણ જેલમાંથી બહાર આવી ગયો હોત."

સાતમો બોલ્યો: "ભાઈઓ, વાએ વાત લઈ જાય. હું તો મોં ફાડીને કંઈ બોલતો નથી પણ વાત લોકોથી છૂપી છે શું? પાલાસિંહે અને......."

બીજા એકે કહ્યું: "જવા દે ને જુવાન! એ વાત છોડીને શો ફાયદો? એની જેલની મુદત હવે થોડીક જ બાકી રહી છે. સૌથી પહેલી વાત તો એ કે કદાચ એ અપીલમાં જ છૂટી જાય. એ ખુદ આવશે ત્યારે શું સાચું અને શું ખોટું તે સામે આવીને ઊભું રહેશે. આપણને શી પંચાત?"

ઘણી વાર સુધી આવી વાતો ચાલી. પણ કોઈ નતીજો આવ્યો નહિ કારણકે ગામનો મોરમુગટ પાલાસિંહ અને એની મંડળી તો જેલમાં હતી.

[18]

વરસ દોઢ વરસ બીમાર રહીને જીવાસિંહે પોતાની જીવનલીલા સમેટી લીધી અને સંસારમાંથી કૂચ કરી ગયો. ઘરનો બધો ભાર હવે બચનસિંહ પર હતો. બચનસિંહની મા હવે એની સામે નજર માંડીને જ જીવી રહી હતી. બીજો કોઈ દીકરો કે દીકરી તો એને હતું નહિ.

આ બાજુ પાલાસિંહ અને એના સાથીઓ પણ સજા પૂરી કરીને વારાફરતી બહાર આવી ગયા હતા અને ભાઈ દર્સોંધાસિંહ પણ છૂટી આવ્યા હતા. જેલમાં જ એને સમાચાર મળી ચૂક્યા હતા કે બચનસિંહે ગુરુદ્વારામાં કોઈ બીજા ગ્રંથીને લાવીને બેસાડયો છે. એટલે તો એ નવા ગ્રંથીનાં ગાંસડાં-પોટલાં બંધાયા પછી જ ગામમાં પગ મૂકવામાં એને પોતાનું સ્વાભિમાન દેખાયું. પાલાસિંહ અને એના સાથી બેશક ભાઈ દર્સોંધાસિંહના બયાનને કારણે જ જેલમાં ગયા હતા. પણ એ લોકો જાણતા હતા કે ભાઈજીએ એ કામ તો અક્કલને ગીરવે મૂકીને જ કર્યું હતું. તેથી જ તો એમણે ભાઈજીની એ ભૂલ માફ કરી દીધી. સાથે સાથે ભાઈજી કેટલા કામમાં આવે એવા હતા તે પણ એ લોકો જાણતા હતા. એટલે તો એમણે એને પાછા બોલાવી લીધા હતા.

પાલાસિંહ જેલમાંથી છૂટીને આવ્યો તે દિવસે થોડાં ઘરોને બાદ કરતાં આખા ગામે એનું ભારે ઉત્સાહથી સ્વાગત કર્યું. ખાસ કરીને ભાઈજીનાં માન અને આદર તો પહેલાં કરતાં દસગણાં વધી ગયાં હતાં. સૌની જીભે એક વાત હતી: "જોયું! દેવતાસ્વરૂપ નિર્દોષ ભાઈજીને ફસાવીને બચનસિંહને શું મળ્યું? એવો ઘા લાગ્યો ... જોતજોતામાં બાપ મરી પરવાર્યો. રબ્બના ખોફથી ડરવું જોઈએ. આખરે કંઈ અમસ્તું કહેવાયું નથી કે ગરીબની આહ જબરદસ્ત હોય છે.

હવે લોકોને જ્ઞાનીજી દીઠા ગમતા નહોતા. એટલે સુધી કે જે થોડાં કુટુંબો એમના પક્ષમાં હતાં તેયે હવે વિરુદ્ધ થઈ ગયાં હતાં અને ઘણા લોકોએ પોતાનાં છોકરાંને ગુરુદ્વારાની નિશાળેથી ઉઠાડી લીધાં હતાં.

જ્ઞાનીજી પણ ઉદાસ થઈ ગયા. છેવટે એમણે આ લમણાઝીંકમાંથી છુટકારો પામવામાં જ લાભ માન્યો અને એક દિવસ તેઓ જતા રહ્યા. બચનસિંહે કહ્યું

તો પણ રોકાયા નહિ. એમને ખાતરી થઈ ગઈ કે ગામમાં રહ્યા તો મામલો લડાઈ-ઝઘડા સુધી પહોંચી જશે. કોને ખબર છે કે એનું પરિણામ ગામને માટે ખતરનાક પણ નીવડે.

પાલાસિંહના સાથીઓને એમ હતું કે જ્ઞાનીજીને કાઢવા માટે કોણ જાણે કેટલાં વાનાં કરવાં પડશે! પણ એવો પ્રસંગ જ ઊભો થયો નહિ અને ભાઈ દસૌંધાસિંહ પણ ચૂપકેથી આવીને ગુરુદ્વારામાં બેસી ગયા.

આના કરતાં યે એને વધારે ખટકો તો એ હતો કે જ્ઞાનીજીએ આવીને ગુરુદ્વારાની રોનક વધારી દીધી હતી. એણે વિચાર્યું કે પોતે તો એ કરતાં યે રોનક વધારીને જ્ઞાનીજીની હોશિયારીને મહાત કરી દે. આ પાછળ એનો આશય એટલો જ હતો કે ગામમાં જે થોડાઘણા હિમાયતીઓ હતા એમને પણ કોઈ ફરિયાદ રહે નહિ.

શ્રી ગુરુ નાનકદેવજીનું ગુરુપર્વ પાસે આવી રહ્યું હતું. એ પ્રસંગે ગુરુદ્વારામાં રોનક થઈ રહે તે માટે એ લોકોએ ગાયકોની મંડળીને બોલાવવાનો પ્રબંધ પણ કરી લીધો.

આવતાંની સાથે ભાઈજીએ જાહેર કરી દીધું કે બચનસિંહે જ આડીઅવળી વાતો કરીને અને હાકેમોને રુશવત દઈને અદાલતમાં એમની પાસે ઊલટાંસીધાં બયાન કરાવ્યાં હતાં અને તેને પરિણામે જ સૌને જેલ ભોગવવી પડી હતી. આ વાતે ભાઈજી પ્રત્યે લોકોની શ્રદ્ધા વધી ગઈ, એટલું જ નહિ, પણ તેઓ બચનસિંહને લાલ-પીળી આંખે જોઈ રહ્યા. અંદર અંદર ઘુસપુસ વાત ચાલી રહી કે બને તેટલો વહેલો બચનસિંહને બિરાદરીમાંથી બરતરફ કરવો જોઈએ કારણકે મદારીની દીકરી સાથે એનો સંબંધ દિવસે દિવસે વધી રહ્યો છે. એને ભણાવવાને બહાને એ રોજ બાબા રોડૂની ઝૂંપડીમાં જાય છે અને કલાકોના કલાકો ત્યાં જ ગાળે છે. આ બાબત અમુક અંશે એમ નક્કી થયું કે ગુરુપર્વને દિવસે આખી બિરાદરી ભેગી થાય ત્યારે એ વિશે વિચાર કરીને છેવટનો નિર્ણય લેવો.

આ બાજુ સુંદરી પણ પહેલાંની સુંદરી રહી નહોતી. એક સરખા અભ્યાસ અને જ્ઞાનીજી અને બચનસિંહના સહવાસે એની બુદ્ધિને ઓર ચમકાવી દીધી હતી. અને હવે એ શીખ સિદ્ધાંતો, સાહિત્ય અને ઇતિહાસથી ઠીક ઠીક વાકેફ થઈ ગઈ હતી. બચનસિંહની મા જૂના વિચારની હતી. એની પડોસણો રોજ મીઠું-મરચું

ભભરાવીને બચનસિંહને વિશે તરેહ તરેહની વાતો કરીને એને ભડકાવવાનો પ્રયત્ન કરતી. પણ બચનસિંહ અને જ્ઞાનીજીએ એને સમજાવી દીધું હતું એટલે એ વાતોની એના પર બહુ અસર થતી નહિ.

ગુરુપર્વ નજીક આવી રહ્યું હતું અને સુંદરીના હૃદયમાં એ અલૌકિક દશ્ય જોવાની બેહદ ચાહના હતી. જ્ઞાનીજી પાસેથી ગુરુદ્વારાનાં ચમત્કાર અને શહીદોના પ્રસંગો સાંભળી સાંભળીને એના દિલમાં ગુરુના ઘરના પ્રેમનો સાગર ઉછાળા મારી રહ્યો હતો. પણ એ પ્રસંગનું દશ્ય જોવા નહિ મળે એ વિચારે એના દિલમાં દુઃખ થઈ રહ્યું હતું. સૌથી વધારે તો રોડૂએ એના મનમાં ડર પેસાડી દીધો હતો. પણ એને તો એક જ તમન્ના હતી કે ગુરુપર્વને દિવસે ગમે તેમ કરીને ચોરીછૂપીથી કે પછી ખુલ્લંખુલ્લાં, સતગુરુના દરબારમાં માથું ટેકવવાનો મોકો મળી જાય.

ગુરુપર્વને એક દિવસ આડો હતો. ગુરુદ્વારામાં ધામધૂમથી તૈયારીઓ થઈ રહી હતી. સુંદરીના સાંભળવામાં આવ્યું હતું કે કાલે વહેલી સવારે કીર્તનકારો કીર્તન કરશે. રાત આખી ઘડીઓ ગણતાં ગણતાં એને ઊંઘ આવી નહિ. વાંદરીની સોબતમાં એની આદતો પણ સાચે જ વાંદરાં જેવી થઈ ગઈ હતી. ક્યારેક એને વિચાર આવતો હતો કે વહેલી સવારમાં જ ગુરુદ્વારાનું બારણું ખૂલતાં વેંત જ સૌની નજર ચુકાવીને પોતે અંદર પહોંચી જશે અને ચોકમાં ઊભેલી બોરડીની એક સઘન ડાળી પણ ચડીને બેસી જશે. તો વળી થતું હતું કે ના એમ તો કોઈક જોઈ જશે. ના, સતગુરુના દરબારમાં શું હું ઊંચી જગ્યા પર જઈને બેસીશ? ગમે તેમ પણ કોઈ એવી રીત શોધવી જોઈએ કે મને કોઈ દેખી શકે નહિ.

આખી રાત એને એવા જ વિચારો આવ્યા કર્યા અને એ વિચારોમાં જ એની આંખ મળી ગઈ.

જાગી તો સામે સફેદ પ્રકાશ ફેલાયો હતો. એ બહુ દુઃખી થઈ ગઈ. આવી બેખબર થઈને હું કેમ સૂતી રહી કે દિવસ પણ ચડી ગયો?

હવે તો એ એક ઘડી પણ રોકાઈ શકે તેમ નહોતું. એણે જોયું કે બાબા રોડૂ નસકોરાં બોલાવી રહ્યો હતો. દબાતે પગલે એ ઝૂંપડીમાંથી બહાર નીકળીને સીધી ગુરુદ્વારા તરફ ગઈ. એને થયું, વાજાં અને જોડીના સૂરની સાથે શબ્દ પણ એના કાનમાં ગૂંજી રહેશે. પણ એનો ખ્યાલ ખોટો નીકળ્યો. ગુરુ-દ્વારાનો દરવાજો હજી બંધ હતો. એણે અનુમાન કર્યું કે હજુ દિવસ ચડ્યો નહોતો. ચાંદનીને લીધે એને ભ્રમ થયો હતો. આથી એ ઘણી ખુશ થઈ ગઈ.

હવે એણે ગમે તેમ કરીને અંદર જવાની યુકિત વિચારવા માંડી.

અચાનક જ એને ખ્યાલ આવ્યો કે ગુરુદ્વારાના જે ઓરડામાં શ્રી ગુરુ ગ્રંથ-સાહેબનો પ્રકાશ થતો હતો તેની જોડેના જ ઓરડામાં ભૂસાની એક કોટડી ખુલ્લી રહેતી હતી. તેનું બારણું ગુરુ ગ્રંથ-સાહેબવાળા ઓરડામાં ખૂલતું હતું. ઘણી યે વાર એણે બહારથી અથવા ચોકમાંથી એ ઓરડામાં શું શું હતું તે જોયું હતું.

હવે ફકત ચોકવાળા બારણામાંથી અંદર પહોંચવાનું કામ જ બાકી હતું. પણ ચાંદની એની રાહમાં રુકાવટ બની રહી હતી. એ ઊંડા વિચારમાં ડૂબી ગઈ અને ગુરુદ્વારાની પછીતે પહોંચી. ત્યાં એણે ઢોરોને ચારો નીરવા માટે પાકી બનાવેલી જમીનથી સહેજ ઊંચી જગ્યા જોઈ. છલાંગ મારીને એ એના પર ચડી ગઈ અને એક બાકોરામાં પગ ભેરવીને છત પર પહોંચી ગઈ. કાચી કોટડીની છત તે ભલા કેટલી ઊંચી હોઈ શકે, અને એય તે એના જેવી વાંદરીને માટે? છત પરથી એ ચોકમાં ઊગેલી બોરડીની એક ડાળ પર લટકી ગઈ અને નીચે કૂદી પડી.

પછી એ ઝટપટ ભૂસાવાળી કોટડીમાં ઘૂસી ગઈ અને એક ખૂણામાં સંતાઈ ગઈ. ગુરુ ગ્રંથસાહેબવાળા ઓરડાનું બારણું ખુલ્લું છે કે નહિ તે જોવા એણે બારણાંને સહેજ ધક્કો માર્યો તો તે ખૂલી ગયું. એને ખાતરી થઈ કે બારણું ગુરુ ગ્રંથ-સાહેબવાળા ઓરડામાં જ ખૂલે છે. અંદર ભૂસાનો ઢગલો હતો એટલે બારણું જોરથી બહારની તરફ ખૂલતાં પુષ્કળ ભૂસું ગુરુ ગ્રંથસાહેબવાળા ઓરડામાં જઈ પડયું.

સુંદરીને બહુ ચિંતા થઈ, પણ એ નિરાશ થઈ નહિ. પછી એણે જોયું કે જાજમ પર ત્રણચાર માણસો સૂઈ રહ્યા હતા, પણ તેમાં કોઈ જાગતું નહોતું. અંદર કંઈક અંધારું પણ હતું. ફકત એક ઝરૂખામાંથી ચન્દ્રમાનું તેજ અંદર આવી રહ્યું હતું. પછી બહાર જઈને એ એક ગુણપાટનો ટુકડો ઉઠાવી લાવી. તેના પર ભૂસું નાખીને એણે કોટડીમાં ફેંકવા માંડયું.

લગાતાર કલાકોની મહેનત પછી એણે પોતાને માટે ઊભા રહેવાની જગ્યા કરી લીધી. એની પાછળ માથા સુધી ભૂસાનો ઢગલો થઈ ગયો હતો. આ પછી બીજી તરફથી ભૂસું ઉપાડીને એણે જગ્યા સાફ કરી લીધી અને ખૂદ બારણું બંધ કરીને તેની પાસે બેસી ગઈ. એ જ ક્ષણે એને ઝોકું આવી ગયું.

આ વખતે એને બચનસિંહે સંભળાવેલી ગુરુ નાનકની સાખીઓ એક એક કરીને યાદ આવી ગઈ. અને એ પ્રસંગો જાણે એની નજર સામે જ ભજવાઈ

રહ્યા હોય તેમ બધાં દશ્યો ધીરે ધીરે એની આંખોની સામે ઘૂમી રહ્યાં. આજને દિવસે એ બરાબર આ જ વેળા 'આરશી પિતા'[1] અવતર્યા હતા તેનું એને અતિ-જીવંતપણે ભાન થયું. એ જોઈ રહી હતી રાયે ભોયેની તલવંડી[2]માં ધૂમધામ છે. કાલૂ પટવારી[3] ને ઘેર કરોડો વીજળીઓનો પ્રકાશ થઈ રહ્યો છે. સંસાર-ભરની વનસ્પતિઓએ મળીને એ સ્થાનને સુરભિત કરી દીધું છે. માતા તૃપ્તાની ગોદમાં અંધકારમય હૃદયોને ઝગમગાવી રહેલો અને શીતળ કિરણો ફેલાવી રહેલો ચન્દ્રમા ચમકી રહ્યો છે. એક વાર જે કોઈ એને આંખ ભરીને જુએ છે તેના અંતરમાં અનોખું તેજ ચમકી ઊઠે છે અને એ ગદ્‌ગદ્ થઈ જાય છે.

પછી એણે કિશોર પ્રીતમને બાળકોની સાથે સંતાકૂકડી રમતો જોયો. પછી એને વૃક્ષોની નીચે છાંયડામાં સૂતેલો જોયો અને સર્પને એના પર છાયા પાથરતો જોયો. આ જ ખ્યાલોમાં વિહ્‌વળ બનીને એ એનાં ચરણોમાં ઢળી પડી અને એ દાતાનાં ચરણોને આંસુથી ધોતાં ધોતાં વિનવી રહી: "હે પ્રીતમ, એક વાર અમૃતભર્યાં નયને મને જોઈ લો અને મને સમજાવો કે મેં અભાગણીએ એવો કેવો અપરાધ કર્યો છે કે તમારાં ચરણોમાં માથું ટેકવવાનો મને અધિકાર નથી? ઓ મારા સ્વામી, કેટકેટલી નજરો ચુકાવીને હું અહીં સુધી પહોંચી છું. મારા હૃદયના સ્વામી! તમારા સંગી-સાથીઓની સાથે તમે બેશક સંતાકૂકડી રમો, પણ હું તો બળહીન છું. તમને શોધી શકું એવી મારામાં તાકાત નથી. મારી સાથે સંતાકૂકડી ન રમો. તમારી પાસે આવતાં મને ન રોકો."

વળી આકાશમાંથી કોઈક અવાજ સંભળાયો. જાણે કોઈએ નગારા પર થાપ દીધી, અને તે સાથે જ કોઈ સાજમાંથી મધુર સ્વર નીકળી ચોમેર ગૂંજી ઊઠયો. અને એ ગુંજનની સાથે જ સમસ્ત બ્રહ્માંડ જાણે કોઈ અનોખી સૌરભે મહેંકી ઊઠ્યું. પછી જોયું તો એ જ પ્રીતમ આકાશમાંથી ઊતરીને નીચે આવી રહ્યો હતો. એની સાથે બે મૂર્તિઓ પણ હતી. જંગલી ફૂલોથી લચી પડતા છોડવાથી હસી રહેલી ખીણમાં એક આસન પર પ્રીતમ વિરાજ્યા હતા. એના બે સાથીઓ પણ એને ડાબે-જમણે બેસી ગયા.

---

1 દૈવી પિતા.

2 ગુરુ નાનક જન્મ્યા હતા એ ગામ.

3 ગુરુ નાનકના પિતા.

સુંદરીએ વળી સ્વપ્નલોકમાં દોટ મૂકી અને પ્રીતમનાં ચરણ ઝાલી લીધાં. એ ચરણોને આંસુથી ભીવજતાં એ વીનવી રહી: "મારા દિલના સ્વામી, તમારાં ચરણોમાં આવતાં મને રોકશો નહિ. કોઈ મને અટકાવે તો તમે એને રોકી દેજો. હે દાતા, મારું દિલ તોડશો નહિ."

એવું લાગ્યું જાણે કે એ દિવ્ય પ્રિયતમ એને માથે હાથ ફેરવી રહ્યો છે અને કહી રહ્યો છે: "સુંદરી! પ્રસન્ન થા! તને કોઈ નહિ રોકે. તું કોઈની રોકી રોકાઈ શકે તેમ નથી. ઊઠ, સાંભળ."

આ પછી સુંદરીએ ચરણ પરથી માથું ઊંચું કર્યું. એની અંદર અને બહાર એક અજબ એવો આનંદ વ્યાપી ગયો હતો. એના રોમરોમમાં કોઈક અદ્ભુત અનુભવનાં ઝરણાં વહી રહ્યાં હતાં અને એના કાનમાં આધ્યાત્મિકતાના રસમાં તરબોળ બનેલા શબ્દો ગુંજી રહ્યા હતા. લાગતું હતું કે સંસારની રાગરાગિણીઓ જાણે કોઈ મહાન સંગીતનું રૂપ ધારણ કરીને ગાઈ રહી હતી. એની જમણી તરફ બેઠેલા મહાત્મા આ ગાઈ રહ્યા હતા. એના રબાબ[1]માંથી હૃદયોને હલાવી દે એવો સ્વર નીકળી રહ્યો હતો:

હર અમૃત ભિન્ને લોઈના, મન પ્રેમ રતન્ના રામરાજે
મન રામ કસવટી લાઈયા, કંચન સોવિન્ના
ગુરમુખ રંગ ચલૂલિયા મેરા મન તન ભિન્ના!
જન નાનક મુસક ઝકોલિયા સબ જનમ ધન ધન્ના![2]

સુંદરીની આંખો ખૂલી ગઈ અને જોયું તો પોતે તો ભૂસાવળી કોટડીમાં હતી. બારણાની તડમાંથી એણે જોયું કે રાગીઓએ કીર્તનની આખરી ધૂન શરૂ કરી દીધી હતી. પહેલો છપ્પો પૂરો કરીને તેઓ ગુરુ નાનકના શ્લોક ગાઈ રહ્યા હતા.

સુંદરી ત્યાં જ પલાંઠી મારીને બેસી ગઈ અને કીર્તનનું અમૃતપાન કરી રહી. આજે પહેલી વાર એણે ગુરુ ગ્રંથ-સાહેબનાં દર્શન કર્યાં હતાં. પણ આગળ આવીને

---

1 સારંગી જેવું એક વાદ્ય.

2 પ્રભુનાં લોચન અમૃતભીનાં છે. (મોથી) મન પ્રેમવિભોર થઈ જાય છે. પ્રભુરૂપી કસોટી-પથ્થરથી મન સોના જેવું ચોકખું થઈ ગયું છે. ગુરુમુખના રંગથી મારું મન ભીંજાઈ ગયું છે. નાનકરૂપી સુગંધમાં જગત ઝબોળાઈ ગયું છે. સહુનો જનમ ધન્ય થઈ ગયો છે.

માથું કેમ ટેકવવું? આ તમન્નાએ એને એવી વિહ્વળ બનાવી દીધી કે એનાથી સ્થિર બેસી શકાતું નહોતું.

કીર્તનની સાથે સુંદરીના દિલમાં અજબ ઉત્સાહ અને ઉમંગ જાગી રહ્યો હતો.

દિવસ ઘણો ચડી ગયો હતો. છેલ્લા કીર્તનના ચારપાંચ શ્લોક જ બાકી રહ્યા હતા, એ જ વખતે એકલદોકલ વ્યકિતઓ ગુરુદ્વારામાં આવવા માંડી. સુંદરી તો એમ જ ઇચ્છી રહી હતી કે આજનો દિવસ એક વરસ બની જાય અને એનું મન સતગુરુમાં લાગેલું રહે. બ્રહ્મા-વિષ્ણુ પણ એને એ અમૃતરસ પીતાં રોકે નહિ.

બિચારા રાગીઓ નિરાશ થઈ ગયા. વાર[1]નું સમાપત થવાનું હતું પણ હજી સુધી લોકો આવ્યા નહોતા. એમને થયું કે આમ જ ચાલ્યું તો ગુરુપર્વ નકામું જ જવાનું.

એમનામાંથી એક જણ ઊઠીને ભાઈજી પાસે આવ્યો અને બોલ્યો: "ભાઈજી, ભોગ પડવાની વેળા થઈ છે અને હજી સુધી લોકો તો આવ્યા નથી."

ભાઈજી તો મહારાજની સેવામાં બેઠા બેઠા ઊંઘી રહ્યા હતા. ચોંકીને આંખો ચોળતાં ચોળતાં એણે કહ્યું: "શું કહ્યું આન કર કર કે?"

રાગીએ ફરીથી એ જ વાત કરી તો ભાઈજીએ કહ્યું: "આન કર કર કે આ તો બધા ગામડાના લોકો રહ્યા. અચ્છા, હું જઈને બોલાવી આવું છું, આન કર કર કે." અને એ લોકોને બોલાવવા ઊપડયા.

કીર્તનકારો જાણી જોઈને વાર લગાડી રહ્યા હતા કે લોકો ભેગા થાય અને ભોગ નંખાય. ભાઈજી એક વાર ગયા, બીજી વાર ગયા અને પાછા ત્રીજી વાર પણ ગયા.

બપોર સુધીમાં તો કડાઈના પરસાદની સુગંધ દૂર દૂર સુધી ફેલાવા માંડી અને ગુરુદ્વારા સ્ત્રીઓ, પુરુષો અને બાળકોથી ભરાઈ ગયું.

લોકોને આવ્યે હજુ થોડી જ વાર થઈ હતી. એ લોકો કીર્તનકારોને ડાબે-જમણે કોણીઓ મારી રહ્યા: "જલદી ભોગ નાખો. આમારે આગળ પણ જવાનું છે"-ના. અવાજો એમના કાન પર અથડાઈ રહ્યા. છેલ્લી વારનો ભોગ પડયો અને ભાઈજી

---

1 ગુરુ નાનકની પ્રશંસાનું ગાન

બહુ હિંમત અને ખુથીશી પ્રાર્થના કરવા આગળ આવ્યા. આજે કડાઈના પરસાદના ઢગલેઢગલા થયેલા હતા. અગિયાર રૂપિયાનો પ્રસાદ તો પાલાસિંહ અને એની પાર્ટીએ બનાવડાવ્યો હતો. અને પંચાયતનો પ્રસાદ તો વળી જુદો હતો.

'સિકખ પઢદે સુણદે સરબત લાહે વંદ, જો આવે સો રાજી જાયે! ગુરુ નાનક નામ ચઢદી કલા, તેરે ભાણે સરબત દા ભલા.'[1] બોલતાં બોલતાં લોકોએ માથું ટેકવ્યું.

એ જ વખતે ભૂસાવાળી કોટડીનું બારણું ખડાક કરતું ખૂલી ગયું અને ભૂસાનો આખો ઢગલો ઓરડામાં આવી પડયો. તેની સાથે જ એક છોકરી ત્યાં ચત્તીપાટ પછડાઈ પડી અને ગુરુ ગ્રંથસાહેબના હજૂરમાં બરાબર માથું ટેકવવાની જગ્યાએ જ એનું માથું જોરથી અફળાયું; અને ભૂસાની નીચે એ લગભગ દબાઈ ગયું.

સૌનું ધ્યાન એ તરફ ખેંચાયું. એ તો પેલી મદારીની છોકરી હતી તે જોઈને મૂંઝવણ અને ગુસ્સાથી લોકો સળગી ઊઠયા. ઈશ્વર કષ્ટ દે તે એના સેવકો સહી લે. લોકો તો એ અભાગણી પર તૂટી પડયા. કોઈએ મુક્કો, કોઈએ થપ્પડ, કોઈએ લાત, કોઈએ ધૂંસો મારી મારીને છોકરીને અધમૂઈ કરી નાખી. એક તો મૂળે જ એ લોકો એ છોકરીની વાતે ઝઘડો કરવાના હતા અને હવે એ અછૂત અંદર આવી જતા તો કડાઈનો પરસાદ હવે જાણે કાગડા-કૂતરાંને લાયક જ થઈ ગયો હતો એવું અંધેર થઈ ગયું હતું.

હજુ તો એ લોકો એને કોણ જાણે કેટલીએ સજા દઈ દેત, પણ કેટલાક લોકોને ફિકર થઈ પડી કે એ છોકરી કયાંક મરી જાય નહિ. પહેલાં પણ એક મુકદ્દમામાં ગામવાળાનો માંડ જાન છૂટયો હતો. વળી પાછી કયાંક નવી આફત ઊભી થઈ જાય નહિ.

એ લોકો છોકરીને લાતો મારતા અને ગાળો બકતા બહાર ચોકમાં લઈ આવ્યા. છોકરીના નાક-મોં અને માથામાંથી એકધારું લોહી વહી રહ્યું હતું. અને એનાં કપડાં લોહીથી તરબોળ થઈ ગયાં હતાં. કોઈકને તો લાગ્યું કે હવે એ છોકરીનો ખેલ ખતમ જ સમજી લો. વચ્ચે વચ્ચે કેટલાક લોકો ચિંતાતુર બનીને માંહોમાંહે ઘુસપુસ કરી રહ્યા હતા. અને ત્યાં તો બચનસિંહ બહારથી આવી લાગ્યો.

---

1 'सर्वेऽत्र सुखीन: सन्तु' જેવી શીખ પ્રાર્થના—સહુ શ્રોતાનું ભલું થાય. જે આવે તે સુખી થાય. ગુરુના નામની કળા વધે.

બચનસિંહને જોતાં તો લોકોનો ગુસ્સો વળી ઓર વધી ગયો. એના પર તૂટી પડવાનું કોઈક ને કોઈક બહાનું તો એ લોકો આમેય શોધી જ રહ્યા હતા. અને હવે તો એમને તૈયાર વાત જ મળી ગઈ હતી. એટલું જ નહિ પણ કોઈકને તો પૂરેપૂરી શંકા થઈ કે આ આખું કારસ્તાન જ નહિ પણ બધી બદચાલ બચનસિંહની જ હતી.

બચનસિંહને ત્યારે કોઈને કંઈ પૂછવાનો ખ્યાલ જ આવ્યો નહિ. સુંદરીને આમ લોહીમાં લથપથ અને બેહોશ જોઈને એનામાં ક્રોધનું માર્યું જોશ આવી ગયું. એનું લોહી ઊકળી આવ્યું અને એણે ઘાંટો પાડયો. "આને શા માટે માર મારવામાં આવે છે? એણે શો ગુનો કર્યો હતો?"

આ એક સવાલના જવાબમાં ડઝનબંધ જીભો ચાલુ થઈ ગઈ: "એનું અહીંયાં શું કામ છે?" "એને અહીં કોણ લઈ આવ્યું છે?" "અમને બધી ખબર પડી ગઈ છે." "ધરમનો નાશ થઈ ગયો છે." "કળિયુગનો ચમત્કાર તો જુઓ!" "અમારું સત્યાનાશ કરી નાખ્યું." "આટલા બધા કડાઈના પરસાદનું શું થશે?" વગેરે.

લોકો શોર મચાવતા બચનસિંહને છોડીને સુંદરીની આસપાસ એકઠા થઈ ગયા, અને ઉંદરને મારતા બિલાડી જેમ ઉંદરને જોઈ રહે તેમ એને જોઈ રહ્યા.

પણ બચનસિંહનો ગુસ્સો જરા પણ ઠંડો પડયો નહિ. ગુસ્સામાં કાંપતો કાંપતો એ બોલ્યો: "આ તો બેહદનું કસાઈપણું છે. શબદ-કીર્તન સાંભળવા એ બિચારી પ્રેમવશ અહીં આવી ગઈ તો તેમાં શું અંધેર થઈ ગયું? એવી નિર્દયપણે મારી છે કે ..."

એનું ગળું ભરાઈ આવ્યું અને આંખોમાંથી આંસુ ધસી આવ્યાં.

શરાબખાનામાં બેઠેલા શરાબીઓ પર વેદમંત્રની જે અસર થાય છે તેવી જ અસર બચનસિંહની વાતોની એમના પર થઈ. એ લોકો બધા એવી રીતે હસી રહ્યા જાણે બચનસિંહ બેહોશીમાં બબડાટ કરી રહ્યો હોય. એક જણ આગળ આવીને બોલ્યો: "શું કહ્યું? શબ્દ સાંભળવા આવી હતી? સરદારજી, આવી ચાલાકી બીજા કોઈની પાસે બતાવજો."

બીજો જણ બોલ્યો: "એક તો ચોર અને ઉપરથી પાછો ચતુર."

ત્રીજાએ કહ્યું : "અમે તો પહેલેથી જ જાણી ચૂક્યું હતું કે આ કોઈક ને કોઈક દિવસ બદનામી કરીને જ રહેવાનો. સો દિવસ ચોરના તો એક દિવસ સાધુનો. ભલા, પાપ કદી છુપાવ્યું છૂપે ખરું ?"

ચોથો બોલ્યો : "સૌને જ્ઞાનીજી સમજી બેઠો છે બિચારો કે એની બધી વાત આપણે માની લેશું. પણ એને ખબર નથી કે આપણા ભાઈજી ગુરુદ્વારામાં આવી શેતાની ચાલવા દેતા નથી."

બચનસિંહને હજુ એ લોકોની ઊટપુટાંગ વાતો સમજાઈ નહિ અને એમના અજબ હાવભાવ જોઈને એ કંઈક ગભરાઈ ગયો.

એનું ધ્યાન સુંદરી તરફ ગયું અને એ ડરી ગયો. એને થયું કે એ કદાચ બચી શકશે નહિ. ત્યાં વધારે વાર રોકવામાં એને જોખમ લાગ્યું. આગળ જઈને એણે સુંદરીને ઊંચકી લીધી અને "જાલિમ ! નિર્દયી ! લો, આને હું મારે ઘેર લઈ જાઉં છું. જાઓ, મને બિરાદરીમાંથી કાઢી મૂકજો. હું તમને બધાયને ધિક્કારું છું," કહીને દરવાજામાંથી બહાર નીકળી ગયો. સૌએ "હોયે ! હોયે !" કરીને એની હાંસી ઉડાવી અને હસી હસીને બેવડા વળી ગયા, અને જે મોઢે આવ્યું તે બકવા માંડયા.

એ લોકોનો ગુસ્સો લગભગ ઊતરી ગયો હતો. માણસ જ્યારે જુએ કે એનો દુશ્મન નવી આફતમાં ફસાઈ ગયો છે ત્યારે એને પોતાના નુકસાનમાં પણ ફાયદો જ દેખાય છે. એ સિવાય પણ તેઓ બચનસિંહની વિરુદ્ધ જે પગલાં લેવા માગતા હતા તેની હવે જરૂર રહી નહોતી કારણકે એમનો હેતુ તો આપોઆપ જ સરી ગયો હતો.

સંગત પાછી ગુરુદ્વારામાં જઈને બેઠી. એમણે બધો પ્રસાદ કઢાવી નાખ્યો અને પછી નવી સામગ્રી મંગાવીને બીજો કડાઈનો પ્રસાદ બનાવડાવ્યો. પહેલાં બનાવેલા કડાઈના પરસાદનું શું થયું ? ઈશ્વર જાણે.

દિવસ ઘણો ચડી ગયો હતો. લોકો પાછા જવા અધીરા બન્યા હતા.

આ જ વખતે નંબરદાર નત્થાસિંહનો નાનો દીકરો ગુરુદ્વારામાં આવ્યો. એની પાછળ એનો હિંસક જાતનો કૂતરો પણ પૂંછડી હલાવતો અંદર આવ્યો. નંબરદારને જોતાં જ કૂતરો એકદમ એની ગોદમાં આવીને બેઠો અને એનું મોં ચાટવા માટે ઊંચો થઈ થઈને ઊછળવા માંડયો. કદાચ એને કડાઈના પરસાદની ગંધ આવી ગઈ હતી. નંબરદાર એની છાતીને થાબડતાં અને એનું મોઢું નીચે નમાવતા એની સાથે નાના બાળકને કરવામાં આવે એવા લાડ કરી રહ્યો હતો.

પાસે બેઠેલા જવાલાસિંહે હાથ લંબાવીને કૂતરાની પીઠ થાબડી અને કહ્યું: "આ સોગાદ ક્યાંથી લઈ આવ્યો છે? કૂતરો તો ભાઈ શાનદાર લાગે છે!"

નંબરદાર તો કૂતરાનાં વખાણ સાંભળવા તૈયાર જ બેઠો હતો. એણે કહ્યું: "હા, જવાલાસિંહ. કેટલીય વાર ભાઈબાપા કરી કરીને મંગાવેલો છે. તહેસીલદાર ટેકચંદની સાથે બાપુને ઘણા વખતથી સારો સંબંધ ચાલતો આવ્યો છે. ગયે વરસે અફસર વિલાયત જઈ રહ્યો હતો ત્યારે પોતાની કૂતરી એને આપતો ગયો હતો. કૂતરીને બચ્ચાં થયાં તે પહેલાંથી જ બાપુએ વાયદો કરી લીધો હતો. પાંચ-છ વાર મારે પણ ત્યાં જવું પડ્યું. તોયે પચ્ચીસ રૂપિયા આપ્યા અને ભાઈબાપા કર્યું તે તો વધારાનું. જવાલાસિંહ, ભારે સમજદાર કૂતરો છે. બાપુ કહેતા હતા કે એક વાર તહેસીલદારની ભેંસ ચોરાઈ ગઈ હતી. આ કૂતરાની માએ ચોરને ઘેર જઈને ખૂંટેથી ભેંસ છોડાવી હતી."

પછી જરા અટકીને નંબરદાર બોલ્યો: "અર્ધો શેર રાંધેલું માંસ રોજ મંગાવીએ છીએ અને દૂધ જેટલું પીએ તે તો જુદું. (કૂતરાના મોંમાં ચારે આંગળાં નાખીને) જોયું ને, એને ગમે તે કરો ને, એ કરડતો જ નથી. પણ કોઈ બહારનું માણસ આવી જાય તો બસ ઘર આખું માથે કરી લે છે, અને સાંકળ ખેંચતો કહે છે કે બસ મને છૂટો કરો. હું જઈને પકડી લઉં."

નવો કડાઈનો પરસાદ આવી ગયો અને વહેંચાવા માંડ્યો. નંબરદારે કૂતરાને એનો હિસ્સો ખવડાવીને પછી પોતાના દોણામાંથી પણ પોણો ભાગ એને આપી દીધો અને માંડ ચોથો ભાગ પોતે ખાધો.

પ્રસાદ વહેંચાયા પછી રાગીઓને માટે ઉઘરાણું કરવાની વાત આવી. નંબરદાર લદ્ધાસિંહ આ કામમાં આગેવાન ગણાતો એટલે એને સૌથી આગળ બેસાડવામાં આવતો.

સૌથી પહેલાં ભાઈજીએ ઊઠીને કહ્યું: "ખાલસાજી, રાગીઓએ આન કર કર કે બહુ પ્રેમથી વ્યાખ્યાન કર્યું છે. હવે આન કર કર કે તમે એમને માટે માયાની ગાડીઓ ભરીને જનમ સફળ કરી લો."

સૌની નજર લદ્ધાસિંહ પર મંડાયેલી હતી. એ શું આપે છે તે જોવા તેઓ એકબીજા સામે જોઈ રહ્યા. કેટલી યે વાર સુધી "પહેલાં તું, પહેલાં તું" થતું રહ્યું. છેવટે લદ્ધાસિંહે પાઘડીનો છેડો છોડીને આઠ આના આપ્યા. આ જોઈને તો રાગીઓના

દિલ પર જાણે શોક છવાઈ ગયો. એટલામાં પાછળ ખસીને બેઠેલો સુથાર દેવાસિંહ ઊઠયો અને એક રૂપિયો આપીને બેસી ગયો.

આ જોઈને નંબરદાર લદ્ધાસિંહના અંગેઅંગમાં ઝાળ લાગી ગઈ. ગામ આખાનો આ હલકી વરણનો નોકર થઈને અમારા કરતાં વધારે પૈસા આપે ? ઊઠીને એની મરમ્મત કરવાનું એને મન થયું. પણ વળી બીજી કોઈ વાર વાત, એમ વિચારીને એ વખતે તો એણે એ કામ ટાળી દીધું.

બાબા કરમસિંહ ઘણો સાચો અને સાફ દિલનો આદમી હતો. તડાક દઈને સાચી વાત એ મોં પર જ ફટકારી દેતો. એ એકદમ બોલી ઊઠયો : "ભાઈ નંબરદાર, તેં તો સત્યાનાશ કરી નાખ્યો. આપવા બેઠો તો કંઈક આપી જ દેવું હતું. ફક્ત એક આઠ આની ? નહિ બે કે નહિ ચાર ? જો તો ખરો, દેવાસિંહે કેવો ચમકતો રૂપિયો ખખડાવીને ફેંકયો ! "

પહેલો ઘા તો નંબરદારે જેમ તેમ કરીને સહી લીધો. પણ આ તો ઉપરથી બીજો ઘા આવી પડયો. ધીરજની પણ હદ હોય છે. એનું માજું ફરી ગયું અને એ બોલ્યો : "બાબા કરમા ! તને પહેલાં પણ કેટલી યે વાર સમજાવી ચૂકયો છું કે વાત કરતાં કંઈક ભાન રાખતો જા. પોતાને અક્કલ ન હોય તો માણસ બીજાની અક્કલે ય ચાલે. તું કેવો દરિયાવ છે તે હું કયાં નથી જાણતો ? વાણિયો તારા ઢોરઢાંખર જપ્ત કરવા તૈયાર થયો હતો...અને તું અને તારો બાપ મારા પગ આગળ પાઘડી મૂકીને રોયા હતા તે ભૂલી ગયો ? ત્યારે મારા બાપુ વચ્ચે ન પડયા હોત તો તું ટકાના ત્રણના ભાવે વેચાતો હોત."

બાબા કરમસિંહના બન્ને દીકરાઓ ત્યાં જ બેઠા હતા. બાપની આબરૂ જતી જોઈને બેલાસિંહ બોલ્યો : "સંભાળ, નંબરદાર ! જરા મોં સંભાળીને બોલ. રૂપિયા પડાવીને પાછો લોક-આપમાં મોકલી દીધો એ રુજજુ કુંભાર જેવા અમને સમજી લેતો નહિ. એક વાર કહી લીધું. હવે પછી ખબરદાર અમારા બાપુનું નામ લીધું તો. અમારાથી ખરાબ બીજું કોઈ નહિ હોય. ઈજ્જત તો સૌની પોતપોતાના હાથમાં હોય છે."

નંબરદાર કંઈક કહેવા જતો હતો ત્યાં જ પાસે બેઠેલો એનો ભત્રીજો બોલી ઊઠયો : "બસ, બસ ! ફાટેલા જોડાની જેમ બહુ પહોળો થતો જા મા. જાત તો ઘરોળીની અને પાછો પાટડાને ભેટવા નીકળ્યો છે. જા, તારાથી થાય એટલું જોર કરી લે. તેં જે કહ્યું છે તે અમે સો વાર કહીશું. કોઈનું સાલાનું દીધેલું તો ખાતાં નથી."

કરમસિંહનો નાનો દીકરો ખીવાસિંહ બોલી ઊઠયો : "હા, જી. ભલા, તને ટકા-ટકાની વાત કરતાં કેમ આવડતી નહિ હોય? બાપ તો રોટલીના ટુકડાને ખાતર તલસી તલસીને મરી ગયો, અને પોતાને મિજાજનો કોઈ પાર નથી."

નંબરદાર બોલ્યો : "તેં અમારો કેવોક મિજાજ જોઈ નાખ્યો છે?"

કરમસિંહનો એકે બીજો હિમાયતી બોલી ઊઠયો : "હાસ્તો! તારો મિજાજ કેમ હોય નહિ? કંઈક તો સંતાન વિનાના એ બિચારા કમનસીબ નાનાના ઘરની તૈયાર કમાણી મળી ગઈ હતી. બાકી જે કસર રહી ગઈ હતી તે પૂરી કરવા દીકરીઓને વેચીને કમાણી ઘરમાં નાખી. પછી મિજાજ કેમ ન હોય? ત્રણે ભાઈઓ એક ધાડમાં પકડાઈ ગયા હતા અને બાપ ઘેર ઘેર જઈને રોતો હતો એ દિવસ ભૂલી ગયો શું? અમે મદદે ન આવ્યા હોત તો પોલીસ તમારી બૈરીઓના ઘાઘરા સુધ્ધાં લીલામ કરી દેત."

"બસ, બસ ઓ યે કુત્તા!"

"ચુપ, ઓ યે બદમાશની ઓલાદ!"

"પકડો એને, કયાં ભાગે છે?"

"કોણ મને હાથ લગાડનારો જન્મ્યો છે!"

"એમ કે?"

"હા!"

"ત્યારે તો આ લે!"

"આવી જા ત્યારે."

બસ, પછી શાની વાર હતી? બેઉ તરફથી મહાભારત શરૂ થઈ ગયું. જોત-જોતાંમાં તો ધમસાણ મચી ગયું. એ યે વળી ગનીમત હતું કે બધા ગુરુદ્વારામાં હતા અને કોઈની પાસે લાઠી કે ફરસી જેવું કંઈ હતું નહિ. એમ હોત તો કોણ જાણે કેટલાં યે ખૂન થઈ જાત. બેશક, રાગીઓનાં વાજાં અને તબલાંઓ અમુક અંશે હથિયારોનું કામ આપ્યું. પણ તો યે વધારે વાર ટકી શકયાં નહિ. જેને જેને માથે એ પટકાયાં તેનાં માથાં ફૂટે તે પહેલાં તો વાજિંત્રોના બખિયા ઉખડી ગયા.

ભાઈજી તો પાટ પર ઢાંકેલી ચાદરની નીચે ઘૂસી ગયા અને રાગીઓ પણ જીવતો નર ભદ્રા પામે ગણીને મળેલી ભેટ લઈને ઉઘાડે પગે ભાગી છૂટયા. એટલા ઉતાવળા કે રેલવે સ્ટેશન પર પહોંચીને જ શ્વાસ લીધો.

સાંજ પડતાં તો પોલીસ પણ આવી પહોંચી અને બધાં નાનાંમોટાંને પકડી લીધા.

છેવટે પરિણામ શું આવ્યું? હમેશાં આવે છે એવું જ તો. થોડા જ દિવસોમાં ગામની દોલત થોડાં વકીલોનાં ગજવામાં, કચેરીઓમાં અને જે બચવા પામી તે પોલીસનાં ખીસામાં ચાલી ગઈ.

[19]

બચનસિંહ સુંદરીને પોતાને ઘેર લઈ તો આવ્યો પણ એ વસ્તુ એને માટે આફતરૂપ બની ગઈ. એની મા તો આમેય સુંદરીને કારણે દુ:ખી હતી. તેમાં આ ધાંધલ જોતાં તો એ એટલી ગભરાઈ ગઈ કે એના હોશકોશ ઊડી ગયા. એને માટે આ એક ભારે સંકટનો સમય હતો. એ બચનસિંહને કંઈ કહેવાનીયે હિંમત કરી શકતી નહોતી. બચનસિંહને મદારીની દીકરીથી બચાવવાની તરેહ તરેહની તરકીબો એ વિચારી જ રહી હતી. પણ હવે તો એ છોકરી ઘરમાં જ ઘૂસી આવી હતી.

આ સિવાય પણ ઘેર ઘેર બચનસિંહના આ કરતૂતની ચર્ચા ચાલી રહી અને પરિણામ એ આવ્યું કે લોકોએ મા-દીકરાની સાથે બોલવાનું અને સંબંધ રાખવાનું છોડી દીધું.

બચનસિંહ આથી અજાણ નહોતો. એને માનું દુ:ખ પણ સમજાતું હતું અને ગામના લોકો ક્યાં સુધી પહોંચશે તેનો પણ એને ખ્યાલ આવી રહ્યો હતો. પણ આ બધું જાણવા છતાં એ સુંદરીને પોતાના ઘરે લઈ આવ્યો હતો અને આવતાં વેંત જ એક નાઈને બોલાવીને પાટાપીંડી કરાવવાનું શરૂ કર્યું હતું. જઈને એણે રોડૂને પણ બધી વાત કરી દીધી હતી અને એને પોતાની સાથે લેતો આવ્યો હતો.

રોડૂએ આવીને સુંદરીની હાલત જોઈ તો એને લગભગ મૂર્છા આવી ગઈ. પછી એને ખ્યાલ આવ્યો કે બચનસિંહ તો પહેલેથી જ એને ખાતર તહોમતનું પોટલું માથે ઊંચકીને ફરી રહ્યો હતો. અને હવે આ ગુના માટે તો બિરાદરી તરફથી એને કોણ જાણે કેવીયે સજા ભોગવવી પડશે.

એ બચનસિંહને પગે પડયો અને અંતરથી એનો આભાર માનીને સુંદરીને બેહોશ અવસ્થામાં જ ઘેર લઈ જવાની રજા માગવા માંડયો. જોકે અંતરથી તો એને લઈ જવાની એની ઈચ્છા નહોતી કારણકે એ જાણતો હતો કે અહીં જે ઈલાજ થઈ શકે એવો એની ઝૂંપડીમાં તે કયાંથી થવાનો હતો? બલકે, મામૂલી દવાદારૂની પણ આશા નહોતી. તેમ છતાં બચનસિંહની ઈજજતને જોખમમાં મૂકવા કરતાં સુંદરીના જાનને જોખમમાં મૂકવાનું એને વધારે યોગ્ય લાગ્યું. પણ એની હજાર વીનવણીઓ છતાં બચનસિંહ માન્યો નહિ.

એવું નક્કી થયું કે સુંદરી સાજી થઈ જાય ત્યાં સુધી એ બચનસિંહને ઘેર જ રહેશે. પણ આમાં રોડૂને એક બીજી મુસીબત સામે આવતી દેખાઈ. પોતે સુંદરીથી અલગ રહી શકતો નહોતો. બેશક એને ખાતરી હતી કે બચનસિંહના ઘરમાં સુંદરીને એની સેવાચાકરીની જરૂર પડશે નહિ. પણ મોહનાં બંધનની સામે એનું કંઈ ચાલતું નહોતું. આખરે છાતી પર પથ્થર મૂકીને એણે થોડા દિવસ માટે સુંદરીના વિયોગ માટે મનને તૈયાર કર્યું.

પછી એ બેત્રણ દિવસ તો એ એકસરખો સુંદરીને મળવા જતો, પણ આ સોદો એને એટલો મોંઘો પડી ગયો કે એણે જવાનું બંધ કરી દીધું. ગલીઓમાંથી પસાર થતાં લોકોની છેડછાડ અને અપશબ્દોથી એના નાકમાં દમ આવી જતો હતો.

આ તરફ બચનસિંહના પણ એ જ હાલ હતા. પણ એની દઢતાએ એને એના ધ્યેયથી નીચો પડવા દીધો નહિ. ડગલે ને પગલે લોકોનાં ટોણાં અને ટોકટોક છતાં એનાં પગલાં અડગ રહ્યાં અને ઉત્સાહથી એ સુંદરીનો ઈલાજ કરી રહ્યો.

લગાતાર બે દિવસ સુધી સુંદરી બેહોશ રહી. વચ્ચે કયારેક એ સહેજ આંખ ખોલતી હતી પણ તરત જ પાછી મીંચી દેતી હતી. ત્રીજી રાતે લગભગ નવ વાગ્યે રોડૂ પણ લોકોની નજરથી પોતાની જાતને બચાવતો બચાવતો સુંદરીના માથા પાસે બેઠો હતો. ત્યાં તો સુંદરીએ પડખું બદલ્યું. આજે દિવસ દરમિયાન ત્રણચાર વાર એ આમ હાલી હતી અને બડબડ કરી રહી હતી.

ધીરે ધીરે સુંદરીની પાંપણો ઊંચી થઈ અને આસપાસની વસ્તુઓને ધ્યાનથી જોઈ રહી. રોડૂના જીવમાં જીવ આવ્યો. સુંદરીને માથે હાથ ફેરવીને એણે ગદ્ગદ્ સાદે કહ્યું: "સુંદરી!"

સુંદરીએ ધીમે સાદે કહ્યું: "હાં, બાબા!"

"બેટા, મારી સામું જો તો ખરી!"

સુંદરીએ પડખું બદલ્યું અને માથા પાસે બેઠેલા પોતાના પાલક પિતા સામે જોયું. સુંદરીએ એના તરફ હાથ લંબાવ્યા અને રોડૂએ પોતાનું માથું આગળ નમાવ્યું. એને આલિંગનમાં લેતાં સુંદરી હળવેથી બોલી: "બાબા, હું ક્યાં છું?"

"બેટા, તું તારા ઘરમાં જ છે."

"ના બાબા, આ તો આપણું ઘર નથી. આપણા ઘરમાં તો ખાટલો નહોતો." પછી એ અચરજભરી નજરે જોઈ રહી અને એને ખ્યાલ આવ્યો કે પોતાને માથે અને ચિબુક પર કેટલા યે પાટા બાંધેલા હતા.

પછી એ રોડૂને માથે હાથ અડકાડતાં બોલી: "બાબા! મને અહીંયાં કોણ......" અને એ ચુપ થઈ ગઈ. આપોઆપ જ એને પોતાના બધા સવાલોનો જવાબ મળી ગયો. એ દિવસની આખી આપવીતી એને યાદ આવી ગઈ. એણે પૂછ્યું: "બાબા, હું બેહોશ થઈ ગઈ હતી?"

"હા બેટા!"

"ચાલો બાબા, ઘેર જઈએ."

"જઈશું દીકરા. જરા વધારે સાજી થઈ જા."

"ના બાબા, હું તો સારી જ છું."

એ ધીરેથી ઊઠીને ખાટલા પર બેઠી થવા ગઈ. ત્યારે રાત ઘણી વીતી ગઈ હતી. ટેકો આપીને રોડૂએ એને પાછી ખાટલા પર સુવાડી દીધી. પ્યારથી એને માથે હાથ ફેરવીને એણે કહ્યું: "બેટા, સૂઈ જા, સવારે તને લઈ જઈશ."

બચનસિંહ પણ પાસે જ બેઠેલો હતો. રોડૂએ ખૂબ નમ્રતાથી હાથ જોડીને એને કહ્યું: "સરદારજી, સુંદરી હોશમાં આવી ગઈ છે. લો હવે હું જાઉં, સવારે આવીશ."

બચનસિંહે કહ્યું: "કોઈ ફિકર કરશો નહિ. તમે તમારે જાઓ."

સુંદરીની આંખ પાછી મળી ગઈ હતી. રોડૂએ એક વાર ફરીથી એની સામે તરસી નજરે જોયું અને સોટી ઉઠાવીને બહાર ચાલ્યો ગયો.

રોડૂ ચાલ્યો ગયો તે પછી અર્ધાએક કલાકે સુંદરીએ પાછું પડખું બદલ્યું. એણે પાણી માગ્યું. બચનસિંહ એની પાસે જ બેઠેલો હતો. પાણી લાવીને એણે ગ્લાસ સુંદરીના હોઠ આગળ ધર્યો.

સુંદરી બચનસિંહને ઘણી વાર સુધી જોતી રહી અને બોલી: "તમે મને અહીં લઈ આવ્યા હતા?"

"હા", કહી બચનસિંહ બિછાના પરની કરચલીઓ સરખી કરવા લાગ્યો અને બોલ્યો: "સુંદરી, કોઈ ફિકર કરીશ નહિ. હવે તને સારું થઈ ગયું છે. પણ હજુ બહુ હાલવાચાલવાનું નહિ કે બોલવાનું પણ નહિ."

ચંચળ સુંદરી ભલા કેમ કરીને ચુપ રહેવાની હતી? એણે સહેજ શેખીથી કહ્યું: "ના, હું બિલકુલ સાજી છું." પછી એ પોતાના હળદર જેવા પીળા હાથને ફેરવી ફેરવીને જોઈ રહી અને બોલી: "તમે મને અહીં લઈ આવ્યા હતા?"

"હા."

"કેમ?"

"બેહોશ હાલતમાં ઊંચકી લાવ્યો હતો."

"તમે મને અડકીને..."

"તને અડકવામાં કંઈ વાંધો હતો?"

"અમે રહ્યાં હલકી વરણ."

"ના, મારી નજરે તો તું દુનિયાની બધીયે જાતિઓના કરતાં ઊંચી છે. સુંદરી, હું તને નીચ વરણની લેખતો નથી."

"તમે મને નીચ વરણની નથી ગણતા?"

"ના."

"તો પછી શું ગણો છો?"

"મારા જેવી જ ઇન્સાન. ખેર, જવા દે એ વાતોને. પહેલાં એ કહે કે તું ગુરુદ્વારામાં પહોંચી કેવી રીતે?"

નહોતી સાંભળવી એવી વાત બચનસિંહને મોઢેથી સાંભળીને એ બહુ ગભરાઈ ગઈ. પહેલેથી જ એ મનમાં ને મનમાં પસ્તાઈ રહી હતી અને દુ:ખી પણ થઈ રહી હતી: 'એ દિવસે હું ગુરુદ્વારામાં ગઈ જ શા માટે? મનમાન્યું કરવા ગઈ તેથી જ ગુરુબાબાએ મને મારા કર્મનું ફળ આપી દીધું અને મારી આ હાલત થઈ.' શરમાઈને એ બોલી: "મારાથી ભૂલ થઈ ગઈ હતી."

"ભૂલ? નહિ સુંદરી! હું તો પૂછું છું કે તું ત્યાં પહોંચી કેવી રીતે? કોઈએ તને અટકાવી નહિ?"

સુંદરીને કંઈક હિંમત આવી અને એણે રાતની આખીયે વાત કહી સંભળાવી. પછી એણે કહ્યું: "રાગી કીર્તન કરી રહ્યા હતા અને હું બારણાની પાછળ ઊભી ઊભી સાંભળી રહી હતી. આ પછી જેવો અરદાસનો વખત થયો કે મને યાદ જ ન રહ્યું કે હું બારણાની પાસે ઊભેલી હતી. માથું ટેકવવા હું સહેજ આગળ નમવા ગઈ તો મારા માથાના એક જરા જેટલા આંચકાથી બારણું ખૂલી ગયું અને તેનો ધક્કો લાગતાં મારી પાછળનો ભૂસાનો ઢગલો મારી ઉપર જ આવી પડ્યો અને હું ગુરુ ગ્રંથસાહેબવાળા ઓરડામાં જઈ પડી. જે જગ્યાએ માથું ટેકવવાની ઈચ્છા હતી ત્યાં જ મારું માથું અફળાયું. ગુરુ ગ્રંથ-સાહેબે માથું ટેકવવાની મારી ઈચ્છા તો પૂરી કરી દીધી પણ તે સાથે જ મારી ધૃષ્ટતાની સજા પણ આપી દીધી."

સુંદરીની આસ્થા, એની કઠિન કુરબાની અને પ્રબળ નિશ્ચય જોઈને બચન-સિંહનું હૃદય પ્રેમથી છલકાઈ ગયું. શ્રદ્ધાથી સુંદરીનો હાથ પકડીને એણે કહ્યું: "સુંદરી! તું ધન્ય છે. મારા દિલમાં તારા પ્રત્યે ઘણી ઇજ્જત છે."

આજ સુધી સુંદરીને એવો જ ખ્યાલ હતો કે ઘરડો મદારી અને વાંદરી સિવાય કોઈ એને પ્રેમ કરતું નથી. એટલે જ તો પ્રેમના મહત્ત્વથી એ લગભગ અપરિચિત હતી. ઊંચા કુટુંબનો હોવા છતાં, બચનસિંહ એને ચાહતો હતો એ ખ્યાલે સુંદરીના દિલમાં એક નવી ખુશી, નવા ઉમંગનો સંચાર થયો. એ ચૌદ-પંદર વર્ષની કન્યા હતી. પ્રેમનું મૂલ્ય ભલે એ નહોતી સમજતી પણ પ્રેમને તો જાણી શકતી હતી.

બચનસિંહ પોતાની બધી શકિત વાપરીને સુંદરીનો ઇલાજ કરી રહ્યો. સુંદરીના જખમ રુઝાવા માંડયા હતા. દવાદારૂને લીધે આમ બન્યું હતું કે બચનસિંહના નિર્મળ પ્રેમને લીધે તે કહી શકાતું નહોતું. જેમ જેમ સુંદરી સાજી થતી ગઈ તેમ તેમ પોતાને ખાતર ગામ આખાની ક્રોધભરી નજરોનો શિકાર બનેલો એ દેવતા એના હૃદયમાં વસવા લાગ્યો.

બીજી તરફ, પંદર વરસની એ મુગ્ધાના જિગરમાં કુદરતે કેવું કોમળ, પવિત્ર અને ઉદાત્ત હૃદય મૂકેલું હતું એ જોઈને બચનસિંહને પણ સુંદરી તરફ આકર્ષણ થઈ રહ્યું હતું.

નારીનું હૃદય કયારેક પથ્થર જેવું સખત બની જાય છે તો કયારેક વળી પાણી બનીને વહેવા માંડે છે. સદાકૌર પહેલાં તો આ મદારીની છોકરીને નફરત કરતી હતી, પણ બચનસિંહ જે દિવસે એને જખમી હાલતમાં ઊંચકીને ઘેર લઈ આવ્યો હતો અને એને મોંએ ગુરુદ્વારામાં બનેલી દર્દભરી ઘટના વિશે સાંભળ્યું હતું તે દિવસથી એના હૃદયમાં સુંદરીને માટે પ્રેમ જાગી પડયો હતો. જોકે, બીજી બાજુ એ સમાજની ખૂની આંખોને પણ જોઈ રહી હતી અને એ જ ડરથી એનું પોતાનું લોહી પણ સુકાઈ રહ્યું હતું.

સુંદરીની પાતળી, ગોરી, સુડોળ કાયા, ચંચળ ભાવપૂર્ણ આંખો અને હસમુખો ચહેરો જોઈને કોઈ પણ સ્ત્રી કે પુરુષ એનો તિરસ્કાર કરી શકે શું?

પંદર દિવસ થઈ ગયા. સુંદરી લગભગ સાજી થઈ ગઈ હતી. એના જખમ રુઝાઈ ગયા હતા. માથાનો જખમ કંઈક મોટો હતો એટલે એ પાટો છોડવાને હજુ બેત્રણ દિવસની વાર હતી.

બચનસિંહ સુંદરીના આ જખમનું વધારે ધ્યાન રાખતો હતો તે એટલા માટે નહિ કે એ જખમ મોટો હતો, પણ એટલા માટે કે એ જખમને લીધે સુંદરીના રૂપને કયાંક આંચ આવી જાય નહિ.

પણ તેને બદલે તો પાટો છોડયો તે દિવસે જખમના અર્ધચન્દ્ર જેવા નિશાનને લીધે સુંદરીની ખૂબસૂરતીમાં વધારો થઈ ગયો હતો તે જોઈને બચનસિંહની અજાયબીનો પાર ન રહ્યો. હવે બચનસિંહને સુંદરીનું રૂપ જાણે એ નિશાનમાં જ દેખાતું હતું.

રાતના લગભગ દસ વાગ્યા હશે. સુંદરીનો ખાટલો આંગણામાં એક નાનકડા છજામાં હતો. સદાકૌર અને બચનસિંહના ખાટલાઓ પાછળની બાજુ વરંડામાં હતા. સદાકૌર કામકાજથી પરવારીને ઊંઘી ગઈ હતી.

આજે સુંદરી બિલકુલ સ્વસ્થ હતી. ખાટલા પર પડી પડી એ કોઈક ઊંડા વિચારમાં ડૂબેલી હતી અને બારણા તરફ મંડાઈ રહેલા એના કાન કદાચ કોઈકનાં પગલાંની પ્રતીક્ષામાં હતા. કાલે એ પોતાની ઝૂંપડીમાં પાછી જવાની હતી એટલે આજે બચનસિંહની સાથે દિલ ખોલીને વાતો કરી લેવાની એને ઇચ્છા હતી. કેવી વાતો કરવાની ઇચ્છા હતી તેની એને ખબર નહોતી, પણ એટલું તો એ જાણતી હતી કે બચનસિંહથી છૂટા પડવાનું એને માટે પ્રાણ દેહથી છૂટો પડે એટલું દુ:ખદાયી બનશે.

બચનસિંહ હજુ સુધી કેમ આવ્યો નહોતો? બધું ઠીકઠાક તો હશે ને? આ વિચારમાં ને વિચારમાં એકાદ તણખલાંનો અવાજ થાય તો પણ એ બારણા તરફ જોવા માંડતી હતી. સદાકૌરને કંઈ ચિંતા નહોતી કારણકે બચનસિંહનો સ્વભાવ એ જાણતી હતી. કોઈક કોઈક વાર તો બચનસિંહ અડધી રાતે પણ ઘેર આવતો.

એમ કરતાં અગિયાર વાગી ગયા. સુંદરી ન સૂતી રહી શકી ન બેઠી રહી શકી. ઊઠીને એણે આંગણામાં ટહેલવા માંડ્યું. બચનસિંહ સાથે એ થોડી જરૂરી વાતો કરવા માગતી હતી. એટલી બધી વાતો મનમાં આવતી હતી કે બધી એને યાદ પણ રહેશે ખરી ? આ ચિંતા જ એને સતાવી રહી હતી.

ત્યાં તો કોઈકે બારણું ખખડાવ્યું. એણે જઈને બારણું ખોલ્યું તો બચનસિંહ ઉતાવળે પગલે અંદર આવ્યો.

બચનસિંહની ઉતાવળ જોતાં જ સુંદરીના ચહેરા પર એક અજબ, બાળકના જેવું હાસ્ય ફેલાઈ ગયું. એણે પૂછ્યું: "આજે તો કેટલું બધું મોડું કરી નાખ્યું?"

બચનસિંહ એકદમ જવાબ આપી શક્યો નહિ. જઈને એ સુંદરીના ખાટલા પાસે પડેલી ખુરશીમાં બેસી ગયો. એની પાછળ જઈને સુંદરી પણ ખાટલા પર બેસી ગઈ.

એટલામાં પવન વધી ગયો; જોરદાર હવા ફૂંકાવા લાગી, બચનસિંહને લાગ્યું કે સુંદરીને ઠંડી લાગી રહી છે.

એના સવાલનો જવાબ આપતાં પહેલાં બચનસિંહે કહ્યું: "સુંદરી, કદાચ તને ઠંડી લાગી રહી છે. ચાલ, બેઠકમાં તારો ખાટલો મૂકી દઉં." અને તે સાથે જ એણે સુંદરીનો હાથ પકડીને ખાટલા પરથી ઊભી કરી. સુંદરીનો હાથ બરફ જેવો ઠંડો હતો.

"અરે! તું ઠંડીમાં ફરી રહી છે સુંદરી? વળી પાછા માંદા પડવાનો વિચાર છે શું?" કહીને સુંદરીનો ખાટલો ઉપાડીને એ બેઠકમાં લઈ ગયો. અને પછી ખુરશી અને બિછાનું પણ ત્યાં જ લાવી મૂક્યાં.

એને ખાટલા પર બેસાડી રજાઈ ઓઢાડતાં બચનસિંહે કહ્યું: "આમ તો તું પાછી માંદી પડી જવાની."

આનો પણ સુંદરીએ કોઈ જવાબ આપ્યો નહિ. બચનસિંહે એનો હાથ હલાવીને પૂછ્યું: "શું છે, સુંદરી?" અને ત્યારે એની આંખોમાં ભરાઈ આવેલાં આંસુ વહી નીકળ્યાં.

બચનસિંહને પોતાના રુક્ષ સ્વર માટે પસ્તાવો થઈ રહ્યો. ખુરશી પરથી ઊઠીને એ ખાટલા પર બેસી ગયો અને સુંદરીનો હાથ પોતાના બન્ને હાથમાં જોરથી પકડીને બોલ્યો: "સુંદરી, મારી વાત પર ગુસ્સે થઈ ગઈ?"

સુંદરી તો ત્યારે કોણ જાણે ક્યાં હતી! કોઈક બીજા જ દેશમાં... સ્વપ્નામાં કે કલ્પનાના કોઈ સુવર્ણદેશમાં. એ વિચારી રહી હતી કે બચનસિંહ એની કેટલી ચિંતા કરતો હતો, પોતાને માટે એને કેટલી સહાનુભૂતિ હતી, કેટલો પ્રેમ હતો! હાથ સહેજ ઠંડા હતા તેનાથી ગભરાઈ ગયો. ઓહ, હું કેટલી ભાગ્યવાન છું, ના, ભાગ્યહીન...........

સુંદરી આવા જ વિચારોમાં ગળાબૂડ ડૂબેલી હતી. બચનસિંહને કંઈ જવાબ આપવાને બદલે એ રડી પડી.

બચનસિંહે એના હાથ વધારે જોરથી પકડી લીધા. એ બોલ્યો: "સુંદરી!" આથી વધારે કંઈ કહેવા જેટલી એને સુધ નહોતી. એ કોઈક અદ્‌ભુત રસમાં ડૂબી ગયો હતો. એની જબાન પણ ડૂબી ગઈ હતી. એટલે જ તો સુંદરીના હાથને એ જરા વધારે જોરથી દબાવી શક્યો! બસ!

બચનસિંહ સુંદરીની નજર સામે મોજૂદ હતો તો પણ એને દેખાતો નહોતો. એને તો બસ દેખાઈ રહ્યો હતો પોતાની ઝૂંપડીમાં પડેલો સૂનો દેહ–બચનસિંહ વિના એ સૂનો જ રહેશે– કદાચ સવારે સૂરજ ઊગતાં જ, કારણકે, બાબા રોડૂએ કહેવડાવ્યું હતું કે સુંદરીને મોકલી આપજો.

હા, પોતાની અંદરની રિક્તતાનો, કમજોરીનો એને અનુભવ થઈ રહ્યો હતો. એને લાગતું હતું કે બચનસિંહ જાણે એના ભાવિ જીવનમાં પ્રવેશ કરીને એવો રચીપચી ગયો છે કે અળગો કરવા જતાં એને અળગો કરી શકાતો નથી અને એ જો અળગો થઈ ગયો તો પોતે જીવિત રહી શકવાની નથી.

આ બધી વ્યર્થ વાતો બચનસિંહ પાસે રજૂ કરવા જેવી હતી?

સુંદરી હજુ આવા વિચારોમાં ખોવાયેલી હતી ત્યાં એને લાગ્યું કે જાણે એના જોરથી પકડાયેલા હાથમાંથી અમૃતની ધારા નીકળીને એના આખા શરીરમાં સમાઈ રહી હતી, અને આ સાથે જ એને સંભળાયું: "સુંદરી! મારી સુંદરાં! તું તો કંઈ બોલતી નથી. મને તો આજે તારી સાથે કેટલીયે વાતો કરવાનું મન હતું."

પહેલાં પણ એ બચનસિંહને મોંએથી સુંદરી અથવા પ્યારનું સંબોધન સુંદરાં સાંભળી ચૂકી હતી, અને તેનાથી એના દિલમાં એક એવા આનંદની લહેર જાગી

ગઈ હતી કે તેનું તો વર્ણન પણ થઈ શકે નહિ–"મારી સુંદરાં !" કેવા શબ્દો હતા!

એણે માથું ઊંચું કરીને બચનસિંહની સામે જોયું, અને એની આંખોમાં એને બહુ જ ગંભીર અર્થોવાળો સંદેશો લખ્યો હોય એમ લાગ્યું. બચનસિંહની આંખોમાં આંખ પરોવીને સુંદરી આ સંદેશો વાંચી રહી. પણ તેમાં પોતે બચનસિંહની આંખોનો સંદેશો વાંચી રહી હતી કે પોતાની આંખોનો, તેનો એને ખ્યાલ રહ્યો નહિ.

આ સંદેશો પ્રેમનો સંદેશો હતો. આમ નિરખી રહેવાનું ક્યાંય સુધી ચાલ્યા કર્યું. બચનસિંહે પોતાની કાંડાઘડિયાળમાં જોયું તો એને થયું કે દોઢ કલાક કેમ કરતાં વીતી ગયો! ઘડિયાળમાં તો સાડાબાર વાગી ગયા હતા.

આખરે એ મૌનકથા સમાપ્ત થઈ. બચનસિંહે પોતાની વાત ફરીથી કહી:

"સુંદરી, આજે તો મારે તારી સાથે કેટલી બધી વાતો કરવી હતી!"

"કરવી હતી?" સુંદરીએ હસીને કહ્યું, "હવે નથી કરવી?"

"રાત ઘણી વીતી ગઈ છે, સુંદરી!"

"અચ્છા, તમને ઊંઘ આવી રહી હોય તો..."

"મને તો ઉંઘ નથી આવતી, પણ હું તારી ઊંઘનો વિચાર કરી રહ્યો છું."

"મારી ઊંઘનો? મને તો આજ ઊંઘ આવી રહી."

"કેમ? કેમ નહિ આવે ઊંઘ?"

સુંદરી નિરુત્તર રહી.

બચનસિંહે ફરીથી કહ્યું: "સુંદરી!"

"જી!"

"તું જતી રહીશ?"

સુંદરી કંઈ બોલી નહિ, ફક્ત તર્જનીને દાંત નીચે દબાવી રહી.

"સુંદરી, જવું જ હતું તો આવી શા માટે?"

સુંદરી ઠંડો નિશ્વાસ નાખીને બેસી રહી.

બચનસિંહે કહ્યું: "સુંદરી, તેં મારી જિંદગીમાં અમૃત ભરી દીધું છે."

તો યે એ ચુપ રહી. ચુપ રહીને પણ એ બચનસિંહની બધી વાતોનો જવાબ આપી રહી હતી. શબ્દો દ્વારા નહિ, મનોભાવો દ્વારા. શબ્દો દ્વારા પણ જવાબ

આપવાની એને ઇચ્છા તો હતી, પણ આપી શકી નહિ. બચનસિંહની ભાષા એ સમજી શકતી હતી, સમજી રહી હતી, પણ પોતાના ભાવોને એ શબ્દોમાં પ્રગટ કરી શકતી નહોતી. અથવા એમ કહો કે તે માટે શબ્દો એને સાથ આપી શકતા નહોતા. એટલે જ તો એ ચુપ હતી.

બચનસિંહે ફરીથી પૂછ્યું : "સુંદરી ! તું બોલીશ નહિ ? અચ્છા, હું જાઉં છું." કહીને એ ખાટલા પરથી ઊભો થઈ ગયો.

સુંદરીએ એનું ખમીસ પકડી લીધું. એને બેસાડવાની કોશિશ કરતાં એ બોલી : "આજે તમે આટલા મોડા કેમ આવ્યા ?"

જે સુંદરી સ્વયં બચનસિંહની સાથે વાતો કરવા ઉતાવળી થઈ રહી હતી તે જ હવે મોકો આવ્યો ત્યારે વાતની દિશા બદલીને આ પ્રસંગમાંથી જ છટકી જવા ઇચ્છતી હતી. એટલે જ તો બચનસિંહની વાતોનો જવાબ આપવાને બદલે એણે નવી વાત છેડી : "આજે તમે મોડા કેમ આવ્યા ?"

ખરેખર તો સુંદરી જે ભાવો વ્યકત કરવા માગતી હતી તે જ બચનસિંહ પોતાના શબ્દોમાં વ્યકત કરી રહ્યો હતો. પણ પ્રકૃતિએ નારીનું હૃદય કેટલું વિશાળ બનાવ્યું છે! એને કેટલી ગજબની સહનશકિત આપી છે કે એ સમુદ્ર જેવા મહાન અથાગ ભાવને અને પહાડ જેવા અટલ વિચારોને પોતાના હૃદયના નાના પાત્રમાં પૂરી રાખી શકે છે.

બચનસિંહનો પ્રેમ મેળ વિનાનો અને અસંભવિત છે એમ માનીને જ સુંદરીએ પોતાની જીભ પર મહોર લગાવી દીધી અને કદીયે અટકવાનું નહોતું એવું તોફાન ગળેથી ઉપર આવતા રોકી દીધું.

આ પ્રશ્ન ભલે સુંદરીએ વાતનો મુદ્દો બદલી નાખવા પૂછયો હતો પણ બચનસિંહે વાતને પાછી ત્યાં ને ત્યાં જ લાવી મૂકી. ત્યાં પાછા બેસતાં એણે કહ્યું : "તારે લીધે જ મોડું થઈ ગયું. સાંજે જમ્યા પછી સીધો કૂવા પર ગયો હતો ત્યાં જઈને તારા વિચારોમાં જ એવો ખોવાયેલો રહ્યો કે દસ વાગી ગયા."

"મારા વિચારોમાં ?" સુંદરીના મોં પર મૂંઝવણ દેખાઈ. "મારા વિચારોમાં ?"

"હા, સુંદરી, તારા જ વિચારોમાં."

"એમ વિચાર કરતાં હશો કે સુંદરીને ઘરમાં લાવીને મોટી આફત ગળામાં નાખી દીધી છે."

"ના, એવો વિચાર નહોતો કરતો."

"તો પછી ?"

"મને વિચાર આવતો હતો કે કાલે તો તું ચાલી જવાની.'

"તે...?"

"સુંદરી, હું......"

"બોલો, કેમ શરમાઈ રહ્યા છો ?"

"હું તારાથી જુદો નહિ રહી શકું. મારું દિલ..."

"તમારું દિલ ? હા, તમારું દિલ, પછી ?"

"સુંદરી, તારી ઉંમર નાની છે. પ્રેમ કોને કહેવાય તેની તને ખબર નથી. પ્રેમ શું છે તે તું જાણતી હોત તો મારા કહ્યા વિના જ મારી હાલત તને સમજાઈ જાત."

"શાની સમજતી નથી ? તમે અને શાનીએ જ તો મને બધું શીખવ્યું છે. પ્રેમ શું છે તેની મને ખબર નથી ? હું જાણું છું આપણા દિલમાં સૌને માટે પ્રેમ હોવો જોઈએ. ગુરુવાણીમાં લખ્યું નથી કે जिन प्रेम कियो तिन ही प्रभु पायो .[1]

આ સરળ ઉત્તરે બચનસિંહને નિરુત્તર બનાવી દીધો. કંઈક નિરાશ પણ કરી મૂક્યો. પણ ફરી પાછી પોતાના વિચારોની કડી સાંધતાં કહ્યું : "પણ હું તો બીજા પ્રેમની વાત કરી રહ્યો છું."

"બીજો પ્રેમ ?" સુંદરીએ મૂંઝાઈને બચનસિંહ તરફ જોયું. "એ કેવો પ્રેમ ? મને ભણાવતી વખતે તમે એ તો કોઈ દિવસ કહ્યું નહોતું."

"એ વાતો ભણાવવામાં ન આવે."

"અચ્છા, નિશાળ અને કૉલેજમાં ?"

"ના, ગાંડી ના. તું તો બસ..."

"તો પછી તમે કહેતા કેમ નથી ?"

બચનસિંહને કોઈ ઉપાય ન સૂઝ્યો એટલે સરળ શબ્દોમાં એણે પોતાનો વિચાર વ્યકત કરવા માટે કહ્યું : "અચ્છા, જવા દે એ વાત. કાલે તું જતી રહેવાની?'

---

1 જેણે પ્રેમ કર્યો છે તેણે પ્રભુને પ્રાપ્ત કર્યો છે.

"હા, બાબાએ કહેવડાવ્યું હતું તે......"

"ન કહેવડાવ્યું હોત તો ?"

"તો ન જાત."

"ઠીક, હવે જતી રહીશ પછી મને કોઈક વાર યાદ કરીશ ખરી ?"

"તમે નહીં મળતા રહો ?"

"ના."

"ના ? " સુંદરીને એક અસહ્ય પીડાનો અનુભવ થયો. "કેમ ? તો પછી મને ભણાવશે કોણ ?"

"ભણાવવાની હું બીજી વ્યવસ્થા કરી દઈશ."

"હું નહિ ભણું બીજા કોઈની પાસે."

"હવે વધારે ભણીને તારે કરવું છે પણ શું ? ગુરુમુખી તો તું બરાબર લખી જાણે છે. કેટલી બધી વાણીઓ પણ તને મોઢે છે."

"તમે જ તો કહ્યું હતું કે દસમી સુધી ભણાવીશ."

"આગળ ભણવાનું તને મન હશે તો કોઈક શહેરમાં એકાદ કન્યાશાળામાં દાખલ કરાવી દઈશ."

"તમે પણ ત્યાં જ રહેશો ?"

"હું તો ઘર છોડીને બીજે ક્યાં રહી શકું ?"

સુંદરી ચુપ થઈ ગઈ. એને થયું કે પોતે ખોટો સવાલ પૂછી નાખ્યો હતો.

બચનસિંહે પાછી વાત કરવા માંડી : "સુંદરી, તને મારી પાસે રહેવાનું મન નથી ?"

"તમારી પાસે ? લોકો મને તમારી પાસે રહેવા દેશે ?"

"અચ્છા સુંદરી, તું મને પ્રેમ કરતી નથી ?"

પ્રેમનું નામ સાંભળતાં જ સુંદરીને હોઠે એક મધુર એવું સ્મિત આવી ગયું, અને બચનસિંહને ખભે માથું ટેકવીને એણે કહ્યું : "તમે...તમે...હું..." ઘણી કોશિશ કરી પણ એ વાક્ય પૂરું કરી શકી નહિ.

પણ બચનસિંહને પોતાના પ્રશ્નનો પૂરેપૂરો ઉત્તર મળી ગયો. સુંદરીનાં અંગાંગમાં છલકાઈ રહેલા પ્રેમ-પ્રવાહે બચનસિંહને આનંદવિભોર કરી દીધો.

એ પ્રેમીઓએ એકબીજાને કહેવા માટે હૃદયમાં સંઘરી રાખેલી વાતો એમની એમ રહી ગઈ. તેને વ્યકત કરવાની જરૂર પણ ન રહી બન્નેને લાગતું હતું કે તેઓ બે નહિ, એક જ હતાં.

આ પછી બચનસિંહે ઘડિયાળમા જોયું તો અઢી વાગી ગયા હતા. એણે કહ્યું : "અચ્છા, સુંદરી, હવે જઈને સૂઈ જા. રાત ઘણી વીતી ગઈ છે. અઢી વાગી ગયા છે." પછી એણે સુંદરીનો હાથ ચૂમી લીધો. બચનસિંહના હોઠના સ્પર્શે તો સુંદરીને એવી ભાનભૂલી બનાવી દીધી કે બચનસિંહ ત્યાંથી કયારે જતો રહ્યો તેનુ એને ભાન પણ ન રહ્યું.

[20]

સાંજનું અંધારું ધીરે ધીરે ચારે તરફ ફેલાઈ રહ્યું છે. મહા મહિનાનો ઠંડો પવન સુસવાટા મારી રહ્યો છે. પણ દીવાનપુરના ગામ બહારના કૂવા પર હજુ યે ધમાલ ચાલી રહી છે. રહેંટ ચાલી રહ્યો છે અને થાળા પર બેઠેલો તેરેક વર્ષનો છોકરો ઘડીએ ઘડીએ બળદોની જોડીને "હૂં હૂં" કરતો હાંકી રહ્યો છે. કૂવા પરનો ઝીં ઝીં અવાજ બહુ મજાનો લાગે છે.

ગામની કેટલી યે યુવાન સ્ત્રીઓ રહેંટનું પાણી પડતું હતું ત્યાં કૂવાના થાળાની પાસે ટોળે મળીને બેઠી છે. નજીકમાં જ એમનાં છોકરાં પાણા વીણીને રમી રહ્યાં છે. રહેંટથી થોડે દૂર એક કપાસનું ખેતર છે. પણ અત્યારે તો તેને કપાસનું ખેતર ન કહેતાં સૂકી ઝાડીઓનું ખેતર કહેવું જ ઠીક કહેવાય, કારણકે કપાસના છોડોમાં એકાદ પણ લીલું પાંદડું કે ફૂલ હતું નહિ. હા, કપાસનાં ખાલી કાલાંથી છોડ ભરાયેલા લાગતા હતા ખરા. પવનની લહેર આવતાં એ કાલાંનો ખડખડ અવાજ સંભળાઈ રહ્યો હતો.

તેની પાસેની નીચાણવાળી જમીન પર મૂળાની હરીભરી કયારીઓ લચી પડતી હતી. જમીનમાંથી અર્ધા બહાર નીકળી આવેલા ધોળા મૂળા પર શાહજાદીઓને માથે ચમર ઢોળાઈ રહ્યાં હોય તેવાં લીલાંછમ પાંદડાના ગુચ્છ ઝૂમી રહ્યા હતા.

કપાસનાં સૂકાં ખેતરોની વચ્ચે આ લીલું ખેતર કેવું સુંદર લાગે છે, કોઈ ઘરડા બાપની ગોદમાં જાણે એની લાડકી દીકરી રમી રહી હોય !

કોઈક બાળક ડરી જાય અને બાપ તરફ હાથ ફેલાવે તેમ જોશથી વાતા પવનના સપાટામાં મૂળાના કૂમળા છોડવા કપાસનાં ઠૂંઠાં પર ઝૂકી જાય છે. અત્યારે મૂળાના ખેતરની પાળી પર ત્રણ માણસો બેઠેલા દેખાય છે.

પાળી પાસેથી જ એક કૂણો મૂળો ઉખેડીને તેના પરની માટી ખંખેરતા એક જણે બીજા બે જણાની સામે જોઈને કહ્યુ : "તો પછી એના ઝઘડાનો હવે અંત આવશે કે આમ ભવિષ્યમા પણ આપણી છાતી પર મગ દબાયા કરશે ?"

બીજાએ કહ્યુ : "પણ ભાઈ પાલાસિંહ ! તેમાં અમારો કંઈ વાક ? તું પોતે તો ટાળ્યા કરે છે. તને કહ્યુ પણ હતું કે ભાઈ, આ પાર કે પેલે પાર, કંઈક કરશે તો કામ બનશે."

પાલાસિંહે કહ્યુ : "વીરુ, આ પાર કે પેલે પાર કરવાની મેં વળી કયારે ના પાડી છે ? તમે જ લોકો નકામા છો. આ આજકાલના છોકરા બચનાને પણ તમે સીધો ન કરી શકો તો તમારાથી બીજું તે શું થવાનું હતું, ખાક ?"

ત્રીજાએ કહ્યુ : "મને તો એ સમજાતુ નથી કે જે પાલાસિંહ મોટી મોટી ધાડ પાડતાં ડરતો નથી એ બચનાથી આટલો કેમ ડરે છે ?"

બન્ને સાથીઓનાં મહેણાંએ એને તીરની જેમ વીંધી નાખ્યો. ગુસ્સામાં આવીને એ કહી રહ્યો : "કોણ ? હું ડરું છું ? સોગંદ ગુરુના. મારા હાથની વાત હોય તો ઘડીભરમાં જ એને મુશ્કેટાટ બાંધી લઉં. પણ જોતાં નથી પેલી સુંદરી એના પર કેવો જીવ કાઢી રહી છે તે. હું કહું છું કે પાછું કયાંક એવું બને નહિ કે આપણે બચનસિંહને કંઈક કરી બેસીએ ને પછી જેને ખાતર બધું કરીએ એ જ વગર મોતે મરી જાય. સવાયાસિંહ, મને તો એમ છે કે ભાઈ, કોઈક એવી યુક્તિ વિચારીએ કે એક કાંકરે બે પક્ષી મરે. બચનાનો પણ રોજનો ટંટો સાફ થઈ જાય અને એ પરી પણ કાબૂમાં આવી જાય."

વીરુએ કહ્યુ : "અને એ ત્રીજા કાણિયા બુઢ્ઢાનુ શું ?"

પાલાસિંહે કહ્યું : "ઓ યે, એ બાબત બેફિકર રહો. આપણને તો ડર છે આપણા જાનનો. એ બુઢ્ઢાની તે શી વિસાત ? એને તો ચપટીમાં ચોળીને પીસી નાખીશ. એની તો ભલા ફરિયાદે ય કોણ કરવાનું હતું ? આજે મર્યા અને કાલે બીજો દિવસ."

સવાયાસિંહ બોલ્યો : "ઠીક, છોડ એ લાંબી પંચાત. એમ કહે કે બોલાવ્યા છે શું કામ ? ઉપરથી પાર વિનાની ઠંડી પડી રહી છે."

પાલાસિંહે કહ્યું : "ઠંડી તે કેવી વળી, સીધેસીધું કહેતો કેમ નથી કે ગળું ભીનું કરવાનું મન થયું છે ?"

પાલાસિંહની વાત સાંભળીને એના બન્ને સાથીઓ હોઠ પર જીભ ફેરવીને હસવા લાગ્યા.

પાલાસિંહે વાત ચાલુ રાખતાં કહ્યું : "ઠંડીનો પણ ઈલાજ કરી લઈશું. દોઢ બાટલી પડેલી છે. તે દિવસની બચેલી છે."

દોઢ બાટલીનું નામ પડતાં બન્ને દોસ્તોના ચહેરા પર લાલી દોડી આવી. વીરસિંહ કહી રહ્યો : "અમે ક્યાં તારાથી જુદા છીએ ? તને વર બનાવીએ નહિ ત્યાં સુધી ચેનથી શેના બેસશું ?"

સવાયાસિંહે કહ્યું : "પણ અમારી ભાભીના આવતાં જ પાછું એવું તો નહિ બને ને કે મકાન બંધાયું કે મિસ્ત્રીનું નામ મૂકો."

સાથીઓની વાત સાંભાળીને પાલાસિંહને વગર શરાબે જ રંગ ચડી ગયો. એણે કહ્યું : "ઘઉં ખેતમેં, બેટા પેટમેં અને આવ જમાઈ કંસાર ખા." એ વહુરાણી તો હજુ બચનાની ચાર દીવાલોમાં કેદ છે અને આને ભાભીનાં સપનાં આવી રહ્યાં છે."

વીરસિંહે કહ્યું : "કોણ કહે છે ? એને તો પાંચ દિવસથી ડોસો પોતાને ઘેર લઈ ગયો છે."

"એમ ?" પાલાસિંહે મૂંઝાઈને પૂછ્યું. "જતી રહી હશે. હું તો સાત દિવસે આજે પાછો આવ્યો છું."

"તો એ જખમી થઈ પછી તેં એને જોઈ નથી ?"

"ના."

"હવે તો ભાઈ, ગુરુના સોગંદ, એ જોવા જેવી થઈ ગઈ છે. સાલીનો રંગ કંઈ ખીલ્યો છે ! જાણે મેંદો અને સિંદૂર ! થોડા દિવસમાં તો સાંઢની જેમ વધી ગઈ છે. તારું જો કામ પાર પડી ગયું તો ભાઈ, સમજ તારાં તો ભાગ્ય જ ખૂલી ગયાં."

પાલાસિંહ બોલ્યો : "મને તો એણે પહેલેથી જ પાગલ બનાવી મૂકયો છે ભડવાઓ ! હવે તો રહ્યુંસહ્યું ખાવાનું યે હરામ કરી દેશે, બીજું શું ? તમારા રાજમાં મારું આટલું યે ન થયું તો યાદ રાખજો, તમારે બન્નેને માથે ચઢીને જીવ લઈશ."

સવાયાસિંહે કહ્યું. "ભલા, ગાંડાને માથે તે વળી શિંગડા હોતાં હશે ? આ તે કયાં મોટું કામ છે ? રબ્બને મંજૂર હશે તો ચપટી વગાડતાં જ આ કામ થઈ જશે. પણ પહેલાં બચનાનો વિચાર કરો. બચનો છે ત્યાં સુધી એ વશમાં આવવાની નહિ."

પાલાસિંહે કહ્યું : "પણ સવાયા, તને શું લાગે છે ? બચનો એને પરણશે ?"

તીરાસિંહે કહ્યું : "નહિ તો અમસ્તી જ એને ભણાવી-ગણાવીને ગયાની[1] બનાવી છે ?"

"પણ હું તો એ વાતે મૂંઝાઈ રહ્યો છું કે પરણવું હતું તો બચનાને માગાની કઈ ખોટ હતી ? બાર કલાસ તો ભણેલો છે. સાંભળ્યું છે કે એને તો મોટા મોટા સરદારોનાં ઘરોની છોકરીઓ સામી આવે છે. આ છોકરી તો ભાઈ મારા જેવા છડાછાંટને લાયક છે, જેનું આગળ-પાછળ કોઈ નથી."

સવાયાસિંહ બોલ્યો : "ભાઈ ? વાત તો તારી સાચી છે. પણ ભાઈ, એમ કહેવાથી તો કોઈ હાથ ઉઠાવી ન લે ને ? હવે તો ખુલ્લા મેદાનનો મુકાબલો છે. જે જીતશે તે પામશે."

વીરાસિંહે કહ્યું : "જુવાનો ! તમે તો નકામી બકબકમાં જ વખત બગાડી રહ્યા છો. કોઈ કામની વાત ન કરવી હોય તો મને જવા દો. ઠંડીમાં મારા તો પગ ઠૂંઠવાઈ ગયા છે."

વિચાર કરીને પાલાસિંહે કહ્યું : "મારી સલાહ છે કે બચનાને કોઈ મુકદ્દમાં ફસાવી દેવો જોઈએ. પછી તો સમજી લો કે બાજી હાથમાં જ આવી ગઈ."

વીરાસિંહ બોલ્યો : "મને પણ એમ લાગે છે, બલકે હું તો તમને લોકોને એમ જ કહેવાનો હતો. પણ ડોસાનું શું ?"

આ પછી પાલાસિંહે વારાફરતી બન્નેના કાન પાસે મોં લાવીને કંઈક કહ્યું. થોડી વાર આ ધુસપુસ ચાલી. છેવટે બધા એક ચોક્કસ નિર્ણય પર આવ્યા અને ઊઠીને એક જ દિશામાં ગયા.

---

[1] જ્ઞાની

સુંદરીને બચનસિહને ઘેરથી લાવ્યાને ઘણા દિવસ થઈ ગયા હતા. આ દરમિયાન બાબા રોડૂને ઘેર બચનસિહની રોજ આવરજવર થતી રહી હતી.

એની મદદથી સુંદરીનું ભણવાનું પણ સારું ચાલતું હતું. આજે બપોરે બચનસિંહ કૂવા પરથી ઘેર આવ્યો તો જોયું કે એની મા બહુ ઉદાસ હતી. બચનસિંહે કારણ પૂછ્યું તો એ બોલી: 'શું કરું દીકરા, તારાથી શું છૂપું છે?"

"પણ તોય બા, વાત તો કર?"

સદાકૌરે પૂછ્યું: "દીકરા, તું જોતો નથી? આ એ જ ઘર છે જ્યાં આઠે પહોર લોકોની આવરજવર ચાલ્યા કરતી. અને આજે આ બાજુ કોઈ જોતુંયે નથી. હોશિયારપુરથી સુરૈનનો દીકરો રજામાં આવ્યો છે. સવારે એ આપણા બારણા પાસેથી નીકળ્યો. મને પગે લાગવા અંદર આવ્યો. મને ક્યાંથી ખબર? હું તો એને છાશનો એક ગલાસ દઈ બેઠી. છાશ પીને એ જતો રહ્યો. એ છાશ પીતો હતો તે કોઈકે બહારથી જોઈ લીધું હશે. એ ઘેર પહોંચ્યો તો બાગમાં જ બધા એની પાછળ પડી ગયા. કહેવા લાગ્યા કે એ ઘરની તેં છાશ કેમ પીધી? જે ઘરની સાથે તો જાતબિરાદરીવાળા કોઈ સંબંધ રાખતા નથી. પછી દીનાનાથ બ્રાહ્મણને ઘેરથી ગંગાજળ લાવીને પાયું ત્યારે જ એનું કંઈક ઠેકાણું પડયું.

બચનસિંહ ભલે પોતાની સામેના રંગઢંગ જોઈ રહ્યો હતો. પણ મામલો એટલે સુધી પહોંચી જશે એવો તો એને સ્વપ્નેયે ખ્યાલ ન હતો. લોકોના અત્યાચાર અને માના દુ:ખનો અનુભવ થતાં એના દિલને ભારે આઘાત લાગ્યો. પણ ઉપરથી હિંમત બતાવીને એણે કહ્યું: "તો મા, તેમાં શું થઈ ગયું? સંબંધ ન રાખવો હોય તો ભલે ન રાખે. આપણે કંઈ કોઈને ઘેર ખાવા જાવું છે?"

"દીકરા, ખાવા તો નહિ જઈએ, પણ માણસ એની જાત-બિરાદરીમાં જ શોભે ને? જાતપાતની સાથે રહીને જે બને તે તેમાંથી છૂટા રહીને થઈ શકે નહિ. મારવું-જીવવું, દુ:ખ-સુખ તો માણસની સાથે જ આવે છે. હજુ તો તારું યે કરવું-કરાવવું બાકી છે. નીતનવાં માગાં લાવી લાવીને લોકોએ આપણાં ઓટલાં ઘસી નાખ્યાં

હતાં. એ દિવસો કયાં અને હવે કોઈ આપણા ઘરની સામે પણ જોતું નથી તે ક્યાં? બોલ, હું કયાં જાઉં હવે?"

હજુ સુધી બચનસિંહ પોતાની મરજી મુજબ બધું કરતો આવ્યો હતો, પણ માના દિલને આટલો આઘાત લાગ્યો છે તે તો એ આજે જ સમજી શકયો. એ શો જવાબ આપે? એની પાસે કોઈ જવાબ નહોતો. આમતેમ નજર નાખીને એ બોલ્યો: "તો હવે શું કરવું?"

"કરવાનું શું છે? બિરાદરી તો છોડાય નહિ દીકરા, એ મદારીની છોકરીને કારણે આપણને કેટલું નુકસાન થઈ રહ્યું છે? એ જ તો બધા ઝઘડાનું મૂળ છે. બળયા મોંની ગામમાં ન આવી હોત તો આપણે માથે કોઈ આફત જ આવત નહિ."

બચનસિંહે સહેજ ગુસ્સામાં કહ્યું: "મા, એ બિચારી ગરીબને દોષ દેવાથી શો ફાયદો? એક ગરીબ, નમાઈ છોકરીનો જાન બચાવવો એ જાણે કોઈ મોટો ગુનો હોય એમ આપણને સજા મળી રહી છે, તો (જોશથી) સો વાર હું એવી સજા ભોગવવા તૈયાર છું."

માએ જોયું કે દીકરાનો મિજાજ ઠેકાણે નથી. એ ઊઠીને ઘરના કામમાં લાગી ગઈ અને બચનસિંહ મન હળવું કરવા બહાર નીકળી ગયો. આખરે ઘૂમતો-ફરતો એ બાબા રોડૂની ઝૂંપડી તરફ ગયો. જોયું તો સુંદરી કોઈ ઊંડી ચિંતામાં ગરકાવ હતી. બચનસિંહે બારણામાં ઊભા રહીને સાદ દીધો: "સુંદરી!"

સુંદરી ચોંકી: "જી!"

"આજે શાના ઊંડા વિચારમાં ડૂબેલી છે?"

"તમે આવી ગયા? હું તમારી રાહ જોતી હતી."

બચનસિંહે એના મો સામે જોયું તો એને સમજાઈ ગયું કે થોડી વાર પહેલાં જ એ રડી હતી. એણે વધારે અધીરાઈથી પૂછયું: 'સુંદરી, લાગે છે કે તું રડી છે."

સુંદરીએ જવાબ આપ્યો નહિ. બચનસિંહની બેચેની વળી વધી ગઈ. એણે પાછું કહ્યું: "પૂછવામાં વાંધો હોય તો નહિ પૂછું, પણ......"

"તમને કહેવામાં શાનો વાંધો?" સુંદરીએ પરાણે હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું. અને બચનસિંહ સામે જોયું. "અમારી લચ્છો ખોવાઈ ગઈ છે."

"ખોવાઈ ગઈ છે? કેમ કરતાં? એ તો કયાંય જતી નહિ—છૂટી ફર્યા કરતી."

"કોણ જાણે," ઠંડો શ્વાસ લઈને સુંદરીએ કહ્યું. "જતી તો નહિ પણ કોઈક એને લઈ જ ગયું. કાલ રાતથી બાબાએ રાતે ખાધું નહિ અને આખી રાત રડયા કર્યું. સવારના એને શોધવા ગયા છે અને વળી......"

"હા, વળી શું?"

"બાબા તમારે ઘેર આવવાના હતા, પણ મેં ન આવવા દીધા. હું જાણતી હતી કે તમે આવશો."

"કેમ?" બચનસિંહે ઉતાવળા થઈને કહ્યું. "કંઈ ખાસ કામ હતું?"

સુંદરીના ચહેરા પર પાછી ઉદાસી છવાઈ ગઈ. બચનસિંહનો જીવ ગભરાઈ ઊઠયો. ખિસ્સામાંથી રૂમાલ કાઢીને એની આંખો લૂછતાં એણે કહ્યું: "સુંદરી, કહે, જલદી. શું છે?

એના હાથમાંથી રૂમાલ લઈને પોતાની આંખો લૂછતાં લૂછતા એ બોલી: "બાબા કહેતા હતા કે અમે અહીંયી જતાં રહેશું."

"જતાં રહેશો?" બચનસિંહે મૂંઝાઈને એની સામે જોયું અને પૂછ્યું: "કયાં?"

"બીજી કોઈક વસતિમાં જઈને રહેશું."

"પણ કારણ?"

સુંદરી રૂમાલના ખૂણાને વાળીને આંગળીની આસપાસ વીંટાળી રહી હતી—એમ કરીને જાણે પોતાની હૃદયની પીડાને ભૂલી જવા માગતી હતી. 'કારણ?'નો જવાબ આપવા એણે ઊંચે જોયું પણ વાત એના ગળામાં જ અટકી ગઈ."

બચનસિંહે એની આંગળીને હળવેથી ઝટકો મારીને કહ્યું: "કહે, સુંદરી, ઝટ કહે."

આ વખતે દિલની વાતને પરાણે બહાર ધકેલવાનો પ્રયત્ન કરતાં સુંદરી બોલી: "લોકો અમને અહીં સુખે રહેવા દેતા નથી."

"હેં? સુખે રહેવા દેતા નથી? કેમ?"

"અમને રોજ પજવે છે."

હજી યે બચનસિંહ વાત પૂરી સમજ્યો નહોતો. પણ વધારે સાંભળવાની એનામાં હિંમત નહોતી. સુંદરીને આશ્વાસન આપવા ખાતર એણે કહ્યું: "પણ તમારી વાંદરીને લઈ જઈને એ લોકો શું કરવાના હતા?"

સુંદરી પણ મનથી ઈશ્વરનો પાડ માની રહી હતી કે એને કંઈ વધારે બોલવું ન પડયું. એણે કહ્યું: "કોને ખબર શું કરવાના હતા?"

ત્યાં તો રોડૂ અંદર આવ્યો. બચનસિંહે માથું નમાવીને એને 'સત શ્રી અકાલ' કહ્યું અને એક બાજુ ખસીને બેઠો. એણે પૂછ્યું કે વાંદરીનો કોઈ પત્તો લાગ્યા કે નહિ. અને ત્યારે તો રોડૂ જોરથી રડવા જ લાગ્યો. એને મોઢેથી કોઈ વાત નીકળી નહિ.

સુંદરી એકદમ ઊઠી અને રોડૂની કોટે હાથ વીંટાળીને પૂછ્યું: "શું છે બાબા?" એ હાંફી રહી હતી.

"સુંદરી?" ધોતિયાના છેડાથી આંખો લૂછતાં રોડૂએ કહ્યું : "સુંદરી, તારી લચ્છો મરી ગઈ."

"મરી ગઈ?" સુંદરીએ ચીસ નાખી અને રોડૂના ખભા હલાવી મૂકતાં બોલી: "કેમ કરતાં મરી ગઈ, બાબા?"

"કોઈકે એને કૂવામાં ફેંકી દીધી.'

"હાય, હાય! કૂવામાં?"

એક જ દૂરબીનથી કોઈ બે વસ્તુઓને જુએ તેમ બચનસિંહ એક જ દિલથી બન્નેની પીડાનો અનુભવ કરી રહ્યો હતો. બન્ને જણાં રડી રહ્યાં હતાં.

થોડી વારે જ્યારે ડોસાનું મન કંઈક હળવું થયું ત્યારે હાથ જોડીને એણે બચનસિંહને કહ્યું: "સરદારજી, તમે અમારા પર ઘણી મહેરબાની કરી છે. સો સો વાર જનમ લઈને પણ હું તમારા ઉપકારનો બદલો વાળી નહિ શકું. મારી દીકરીને તમે પશુમાંથી માણસ બનાવી દીધી છે. અને પછી એનો જાન બચાવવા માટે તમે જે વેઠયું છે તેનો તો હું કઈ જીભે ઉપકાર માનું? મરજી તો મારી એવી જ હતી કે તમારા ચરણમાં જેમ આટલી ઉંમર કાઢી છે તેમ જ રહ્યાસહ્યા ચાર દિવસ પણ વિતાવી દઉં. પણ લાગે છે કે અહીં અમારા અંજળપાણી ખૂટયાં છે. અમારે માટે હવે તો એવી જ દુઆ માગો કે અમે લોકો અહીંથી કયાંક ચાલ્યાં જઈએ."

બચનસિંહના દિલ પર જાણે તીરોનો વરસાદ વરસી રહ્યો હતો. કોઈએ જાણે એનું કાળજું જ ભીંસી નાખ્યું. એણે કહ્યું: "પણ બાબા, એવું શું કામ?"

"સરદારજી! શું કહેવું? (સુંદરી તરફ જોઈને) આ છોકરીને મેં ઘણું દુ:ખ વેઠીને

મોટી કરી છે. એને લઈ આવ્યો ત્યારે એ આવડી અમથી હતી–ચકલીના બચ્ચાની જેમ મુઠ્ઠીમાં આવી જતી હતી."

આ પછી એણે આખી વ્યથાભરી વાત કરી. સુંદરી એને કેવી રીતે મળી હતી તેનું વર્ણન કર્યું અને પછી કહ્યુ: "પોતાની જ ઓલાદને માટે માણસને કેટલો પ્રેમ હોતો હશે તેની તો મને ખબર નથી, પણ આ સુંદરીને માટે મારા દિલમાં જે મોહબ્બત છે તે કંઈ કહેવા-સાંભળવાની વાત નથી. એ નાદાન હતી ત્યારે તો મને એનું પાલણપોષણ કરવાની જ ફિકર હતી. પણ તમે જાણો છો સરદારજી કે હવે એ નાદાન રહી નથી. અને હું તો રહ્યો હલકી વરણનો એક ભિખારી. ગલીમાં પડેલાં તણખલાંમાં હાલવા-ચાલવાનું બળ હશે પણ મારામાં નથી. હું તો કહું છું કે હું કોઈનું શું નુકસાન કરવાનો હતો?"

વળી રોડૂ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો. પછી બોલ્યો: "કેટલાયે મહિનાઓથી જોઉં છું કે લોકો અમારી સાથે સીધો વહેવાર રાખતા નથી. રાતને વખતે કેટલાક નવ-જુવાન ભેગા થઈને અમારા ઝૂંપડીની આસપાસ ગિદ્ધે[1] નાચે છે અને ઉખાણાં બોલે છે. અમને સંભળાવી સંભળાવીને એવી એવી વાતો કરે છે કે આમારું કાળજું સળગી ઊઠે છે. અને તમારું યે નામ લઈ લઈને ...."

બચનસિંહ પહેલેથી જ માની વાત સાંભળીને દુ:ખી તો થયો હતો અને એ મુસીબતમાંથી બચવાનો ઉપાય શોધી જ રહ્યો હતો. પણ રોડૂની વાત સાંભળીને એ પોતાનું બધું દુ:ખ ભૂલી ગયો. કેટલીયે વાર સુધી એ વિચારોમાં ડૂબેલો રહ્યો અને બોલ્યો: "મને બહુ દુ:ખ થાય છે પણ કોઈ ઉપાય સૂઝતો નથી. ઠીક, તો તમે શું નક્કી કર્યું છે?"

"જતાં રહેશું," રોડૂએ આંખો લૂછીને કહ્યું. "સરદારજી, શું કરું? સુંદરીની ફિકર ન હોત તો મરવાની ઘડી સુધી અહીંથી ખસત નહિ. આ જગ્યાનો અને ઘાસની આ ઝુંપડીનો મને બહુ મોહ થઈ ગયો છે. એ છોડતી વખતે મારા તો કોણ જાણે કેવા હાલ થશે. પણ કરું શું? જુવાન દીકરી ઘરમાં બેઠી હોય તો કહો, કોઈ પણ માણસ આવી વાતો કેવી રીતે સહી શકે? અને પાછી સુંદરીની યે ચિંતા કરવી રહી. સરદારજી, આખરે તો ઉકરડાનો કચરો ઉકરડે જ જાય ને?"

---

1 પંજાબી લોકનૃત્ય

થોડી વાર અટકીને રોડૂએ પાછું કહ્યું: "અને વળી સરદારજી, આ હીરાને હવે હું કોડીઓના ચંબૂમાં બાંધી રાખું તેયે મુશ્કેલ છે. તમારી મહેનતથી આટલું ભણાવી અને હવે એને મદારી અને બાજીગરોને ગળે બાંધી દઉં એ પણ કેમ સહન થાય? હું તો ઈચ્છું છું કે સુંદરીને માટે એના જેવી જ જોડી શોધું. પણ એવાં કરમ ક્યાંથી?"

બચનસિંહ ત્યારે કંઈક બીજા જ વિચારમાં હતો. છેવટે કોઈક નતીજા પર પહોંચ્યો: "બાબા, હું તમને નહિ જવા દઉં."

રોડૂએ કોઈ જવાબ આપ્યો નહિ. બચનસિંહ ફરીથી બોલ્યો: "સુંદરીને કુદરતે ધૂળમાં રગદોળાવા દેવા સરજી નથી. મારી ઈચ્છા છે કે એ હજી વધારે ભણે."

આ સાંભળીને તો રોડૂને એમ લાગ્યું કે જાણે જન્મટીપની સજા પામેલા અપરાધીને કોઈ વકીલે કહ્યું હોય કે હું તમને છોડાવવાની જવાબદારી લઉં છું. ધડકતે હૃદયે એ બોલ્યો: "સરદારજી! પહેલાં પણ તમે ક્યાં કોઈ કસર રહેવા દીધી છે? અમારે ખાતર તમારે કેવી કેવી આફત વેઠવી પડી છે? તમારી સરદારી કાયમ રહે, તમો ફૂલો અને ફાલો. પણ તમે મારી શા સારુ ચિંતા કરો છો? કોઈ વાંધો નહિ. મારા કરમમાં જે લખ્યું હશે તે સહી લઈશ. તમે ફિકર કરો નહિ. અમને જવા દો."

બચનસિંહ હિંમત કરીને બોલ્યો: "પણ બાબા, લોકોનો આ જુલમ હું સહી શકતો નથી."

રોડૂએ ગદ્‌ગદ્ થઈને કહ્યું: "તમારી જેવી મરજી... હું તો...પણ તમે જે વાત સાંભળી ચૂકયા છો ...."

"એ સુંદરી અહીં રહે છે તેને લીધે છે. હું સુંદરીને કોઈક નિશાળમાં દાખલ કરાવી દઈશ."

સુંદરી અત્યાર સુધી ચુપ બેઠી હતી તે હવે બચનસિંહને એવી રીતે જોઈ રહી કે જીવનથી હારી બેઠેલા રોગીને કોઈકે જાણે જીવતદાન ન દીધું હોય. એણે બચનસિંહ સામે જોઈને સ્મિત કર્યું. બચનસિંહ પણ સ્મિતથી જ તેનો જવાબ આપીને જતો રહ્યો.

બાબા રોડૂની વાત સાચી નીકળી. એ બધી ઝંઝટ સુંદરીને કારણે જ હતી. જે દિવસથી સુંદરી દીવાનપુરથી ચાલી ગઈ હતી તે દિવસથી લગભગ બધી ચર્ચા બંધ થઈ ગઈ હતી. પણ પાલાસિંહના દિલને જબરી ચોટ લાગી ગઈ હતી. એ તો સુંદરીને ઉડાડવાની તરકીબ વિચારી રહ્યો હતો. પણ હવે તો એની છાયા જોવામાંથી યે રહ્યો હતો.

પાલાસિંહના હૃદયમાં પહેલેથી જ બચનસિંહની વિરુદ્ધ આગ સળગી રહી હતી. પણ જ્યારથી એને લાગ્યું કે બચનસિંહે એનો શિકાર છીનવી લીધો છે ત્યારથી તો એ આગ વળી વધારે ભડકી ઊઠી. સુંદરીને કેમ કરીને પાછી લાવવી તેના વિચારમાં એ બીજું બધું ભૂલી ગયો હતો. પણ એને પાછી કેવી રીતે લાવવી? વિચારોના ઘણા યે ઘોડા દોડાવ્યા, પણ એને કોઈ રસ્તો સૂઝ્યો નહિ.

છેવટે વિચાર કરી કરીને એ એવા નિર્ણય પર આવ્યો કે બાબા રોડૂ અથવા બચનસિંહ પર કોઈ મોટી મુસીબત આવી પડે નહિ ત્યાં સુધી સુંદરી ભણવાનું છોડીને આવે અથવા પોતાની જાળમાં ફસાય એ મુશ્કેલ હતું. ધીરે ધીરે એણે પોતાની કોશિશ ચાલુ રાખી. પણ એ કોશિશનું પરિણામ તરત તો નહિ, ત્રણ વરસે આવ્યું.

સુંદરીને લાહોરના એક કન્યા-આશ્રમમાં દાખલ કરાવી દીધી ત્યારે બચનસિંહને લાગ્યું કે માથેથી એક ભાર ઊતરી ગયો હતો એટલું જ નહિ, પણ પોતે કેટલીક ભાવિ મુસીબતોમાંથી પણ બચી ગયો હતો. પણ એના વિરોધીઓ માંહોમાંહે શું કરી રહ્યા હતા અને વિચારી રહ્યા હતા તેની એને ખબર નહોતી. એક રીતે ઉપર ઉપરથી વાત ઠંડી પડી ગઈ હતી.

સુંદરીથી છૂટા પડતાં બચનસિંહને લાગ્યુ કે જાણે દુનિયામાંથી એની કોઈક વસ્તુ ખોવાઈ ગઈ છે.

દર મહિને એ સુંદરીનાં ભણતરનો ખર્ચ મોકલતો હતો. સાથોસાથ બાબા રોડૂની પણ ખબર રાખતો હતો. રોજ એકાદ વાર તો એની ઝૂંપડીમાં એ ઘડી-અધઘડી બેસી આવતો હતો અને જાતજાતની વાતો કરીને સુંદરીના વિયોગમાં ઝૂરી રહેલા રોડૂનું મન બહેલાવી દેતો હતો અને સમયનું ચક્ર તેની ગતિએ ચાલ્યા કરતું હતું.

સુંદરીએ પૂરાં ત્રણ વર્ષ ભણવાનું ચાલુ રાખ્યું અને પછી દસમીની પરીક્ષા આપીને એને દીવાનપુર આવવું પડ્યું. એ કેવી રીતે આવી અને શા માટે આવી? પ્રેમી-પ્રેમિકાનાં એ ત્રણ વર્ષ કેવી રીતે વીત્યાં? વખતોવખત એમની વચ્ચે પસાર થયેલા અસંખ્ય પત્રો પરથી એનો તો ખ્યાલ આવશે. આદર્શ પ્રેમના રંગમાં તરબોળ એ પત્રો શુષ્ક નહોતા. એટલે જ તો આ નવલકથાનું વસ્તુ આગળ વધારવા માટે એ પત્રો પાઠકોની સામે રજૂ કરવાનું અમને જરૂરી લાગે છે. કોઈક ઉતાવળા પાઠકને એ પત્રો મામૂલી લાગે એવું બને. તો એવા સજ્જનોને અમે એટલું જ કહીશું કે મરજી પડે તો તેઓ થોડાં પાનાં વગર વાંચ્યે જ ઉથલાવી શકે છે. પણ એ બે પ્રેમીઓના પત્રો વગર વાંચ્યે છોડી દેવાનું અમારે માટે તો મુશ્કેલ છે. એ પત્રોમાં એ બન્નેના આત્માનો જ નહિ પણ પ્રાણ, ઉચ્છ્વાસ અને માનવહૃદય પર ઊંડો પ્રભાવ પાડનારી ભાવનાઓ પ્રગટપણે વ્યકત થઈ રહી છે.

પ્રથમ પત્ર

કન્યાઆશ્રમ,
લાહોર,

આદરણીય! મારા ...

બધી જ શિક્ષિકાઓ મારા પર ઓવારી જાય છે. મારા વર્ગની છોકરીઓ મને બહેનની જેમ પ્યાર કરે છે. બોર્ડિંગની સુપરિન્ટેન્ડન્ટ તો ઘડીભર પણ મને નજરથી દૂર થવા દેતી નથી. કોઈ વાતે મને તકલીફ નથી. પણ બધું હોવા છતાં યે દિલની મૂંઝવણ પળેપળ વધતી જાય છે. કંઈ ગમતું નથી. મન જાણે સૂનું સૂનું હોય એવું લાગે છે. એમ લાગે છે જાણે કે કોઈ વસ્તુ ખોવાઈ ગઈ છે અને અંદરની બધીયે તાકાત જાણે તેને શોધી રહી છે. તમે મને કહી શકશો કે આવું શા માટે થાય છે? આ હાલતને દૂર કરવા મારે શું કરવું જોઈએ?

દિલ હમેશાં ચિંતાઓમાં ડૂબેલું રહે છે પણ અત્યારે તમને લખી રહી છું ત્યારે દિલને બહુ આશ્વાસન મળી ગયું છે. એવું થાય છે કે બસ લખ્યા જ કરું. પણ વળી કંઈક વિચાર આવતાં અટકી જાઉં છું. તમારા પત્રની બહુ બેચેન મને રાહ જોઈ રહી છું. બાબાને મારા તરફથી સત શ્રી અકાલ કહેજો અને કહેવાની જરૂર નથી કે હવે વાહેગુરુજી અને તમારા સિવાય બાબાને બીજો કોઈ આધાર નથી.

સુંદરી

બીજો પત્ર

સુંદરી,

હું તમારી ચિંતામાં લીન હતો ત્યાં જ તમારો પત્ર મળ્યો. કેવી ચિંતા? એ તો કહી શકતો નથી. પત્ર વાંચીને દિલમાં ખુશી થઈ કે બીજું કંઈ થયું તે પણ કહી શકતો નથી. બલકે મને પોતાને પણ સમજાતું નથી. પત્ર લખતી વેળા તમારી હાલતનું તમે જે વર્ણન કર્યું છે એવી જ હાલત કદાચ પત્ર વાંચતી વેળા મારી હતી. નવી જગ્યાએ જઈએ ત્યારે પોતીકાં યાદ આવે તો દિલ ઉદાસ થઈ જાય છે. તેમાં વળી જેણે આટલી ઉંમરમાં ઘરની બહાર પગ ન મૂક્યો હોય એ નવી જગ્યાએ જતાં ઉદાસ થઈ જાય તે સ્વાભાવિક છે. આશા છે કે દીવાનપુરની ગલીઓને તમે જલદી ભૂલી જશો. અને વળી તમારા ધર્મપિતા પર તમને અનહદ પ્રેમ છે એટલે તમારી હાલત આવી થઈ જાય તે સ્વાભાવિક છે.

આમ છતાં, એટલી તાકીદ તો જરૂર કરીશ કે ખૂબ મન દઈને ભણજો. અને સુંદરી, હવે તમે કંઈ બાળક નથી. તમારા લાભ-ગેરલાભને બરાબર સમજો છો. હું તો ઇચ્છું છું કે તમારી વિદ્યામાં તમે ઝટ પારંગત થઈ જાઓ કે કાલે તમે જે ઘરમાં જાઓ ત્યાં પણ લોકોને તમે સાચો આનંદ આપો. અને સુંદરી નહીં, સુંદરતાની દેવી જ નહિ, પણ વિદ્યા અને બુદ્ધિની પ્રતિમા છે, એમ જોઈને તમને મેળવનારનો ગર્વ માય નહિ.

તમારા બાબા ખુશ છે. તમે કોઈ વાતે ફિકર કરશો નહિ.

બચનસિંહ

ત્રીજો પત્ર

કન્યાઆશ્રમ,
લાહોર

ઘણી રાહ જોયા પછી તમારો પત્ર મળ્યો. પત્ર ટપાલમાં નાખીને તરત જ હું જવાબની રાહ જોવા માંડી હતી. તમારો પત્ર વાંચી વાંચીને મનમાં કેવું થાય છે તે હું તમને કેવી રીતે કહું? પત્ર લખવા બેઠી તો મનમાં હતું કે આજે તો કેટલાંય પાનાં ચીતરી કાઢીશ. પણ હવે લખવાનું શરૂ કર્યું છે તો જે લખવું છે તે પણ લખી શકતી નથી. કોણ જાણે શું કલમને રોકી રાખે છે! કેટલાંયે પાનાં લખ્યાં અને ફાડી નાખ્યાં.

તમને મારી ચિંતા થાય છે? અને શાની ચિંતા થાય છે તે તમે કહી શકતા નથી ? પણ હું કંઈ નાસમજ નથી. તમે જ લખ્યું છે તે પ્રમાણે હું કંઈ બાળક નથી. તમારી એ ચિંતા મને બરાબર સમજાય છે, દેખાય છે. એક અનાથ છોકરીનો જીવ બચાવવા, એટલું જ નહિ પણ એને અવિદ્યાના કીચડમાંથી કાઢીને વિદ્યાના ઊંચા આસન પર બેસાડવા માટે તમે જે સંઘર્ષ કર્યો છે તેનો બદલો વાળવાનું તો બાજુએ રહ્યું પણ તેનું વર્ણન, અને તેયે તમારી જ સામે, કરવાનું મારે માટે મુશ્કેલ બની જાય છે.

જે જોખમોમાંથી તમે મને બચાવી છે તેના કરતાં દસગણાં જોખમોથી તમે ઘેરાઈ ગયા છો. તમારે માથે હજુ તો કોણ જાણે શું શું આવવાનું છે એ બધી વાતો મને સમજાતી નથી શું? એ હાલતમાં પણ તમને મારી નહિ તો બીજા કોને ચિંતા થવાની હતી?

આ વાતનો ખ્યાલ આવતાં જ મને થાય છે કે ધરતી માતા મને પોતાની અંદર સમાવી લે અને હું હમેશને માટે તમારાં દુ:ખ અને ફિકરનો અંત લાવી દઉં. પણ કરું શું? હું તો ધીટ બનીને જીવ્યે રાખું છું.

તમે લખ્યું છે કે જગ્યા અજાણી છે એટલે મારું મન ઉદાસ છે. પણ અ વાત ખોટી છે. જે જગ્યાએ મારે માથે તમારી છાયા હોય–પછી ભલે ને તે કોઈ જ્વાળામુખીની ટોચ પર હોય–મારે માટે તો એ જ સ્વર્ગ છે. તમને ખાતરીથી કહું છું કે મારી ઉદાસીનું એ કારણ નથી.

શું કહ્યું? દીવાનપુરની ગલીઓને ભૂલી જઈશ? માફ કરજો. પણ આ તો તમે જાણી જોઈને મારા મનની વાત જાણી લેવા માટે જ લખ્યું છે. દીવાનપુરની ગલીઓને હું આ જન્મે તો નહિ જ ભૂલી શકું, અને દીવાનપુરની વાતોને તો હું સો જન્મેયે નહિ ભૂલી શકું. એ વાત સાચી છે કે ધર્મપિતાનો મોહ મારે માટે કોઈ મામૂલી વાત નથી. પણ......

તમારા પત્રની છેલ્લી પંક્તિઓ વાંચીને દિલ ડૂબી જાય છે. આજ સુધી મેં લગ્ન વિશે કદી વિચાર કર્યો નહોતો. મારા બધા ઉમંગોનું ખૂન થઈ જાય એ દિવસ પણ મારે જોવો પડશે શું? પણ હું ખાતરી આપું છું કે એ વખત આવતાં પહેલાં જ હું આ સંસાર છોડી જઈશ. જીવતેજીવત ભઠ્ઠીમાં ફેંકી દેવા માટે જ તમે આ અભાગણી પર ઉપકાર કરતા આવ્યા છો?

આહ! આ વિશે કંઈક લખવા તૈયાર થઈ ગઈ છું, પણ હજી કંઈક હોશ બાકી છે. એવી મૂર્ખતા નહિ કરું. પત્ર અહીં જ પૂરો કરું છું.

સુંદરી

ચોથો પત્ર

સુંદરી,

દીવાનપુર.

તમારો પત્ર મળ્યો, મારી મૂર્ખતાએ તમારા દિલને કેટલું દૂભવ્યું છે તેના વિચારે અત્યારે હું શરમનો માર્યો પાણી પાણી થઈ રહ્યો છું. હું કેટલું અનુચિત અને અસભ્ય કામ કરી રહ્યો છું એમ જ હું તો અત્યાર સુધી માનતો હતો. મારું દિલ કેવી ઊંધી દિશાએ જઈ રહ્યું છે! જે ફૂલને મેં તેની સુંદરતા નષ્ટ થઈ જાય નહિ તે ખાતર તોડવા દીધું નથી, જે છોડવાને સીંચવા અને રક્ષા કરવા મેં મારી બધી શક્તિ કામે લગાડી દીધી છે, તે ફૂલની મહેકે જ મને એવો પાગલ બનાવી દીધો કે તેના જ ઉપર હું મારો અધિકાર જમાવવા તૈયાર થઈ ગયો!

સુંદરી, માણસનું મન એવું ડામાડોળ અને ચંચળ છે કે કયારેક આસમાનમાં ઊડે છે તો કયારેક કોઈનાં ચરણમાં ચોટી પડે છે. ખરેખર તો મનની એ જ કમજોરીને હું તમારાથી, તમારાથી જ નહિ, મારા પોતાનાથી પણ છુપાવવા મથી રહ્યો હતો. એટલે તો તમને હું જે કંઈ લખતો હતો તે છાતી પર પથ્થર મૂકીને લખતો હતો જેથી તમે મને હીન ગણવા માંડો અને કેવા અસભ્ય માણસની સાથે તમારે કામ પડયું તે પણ તમને સમજાઈ જાય.

હજુ સુધી મારો એવો જ ખ્યાલ હતો કે મારા હૃદયના ભાવોને હું તમારી આગળ કદી જાહેર નહિ થવા દઉં અને મારી બધી તાકાત વાપરીને રસ્તામાં રોડું નહિ બનું. પણ સૌથી મોટી ચિંતા તો મને એ હતી કે કયાંક હું મારા સિદ્ધાંતોથી નીચો પડી ન જાઉં અને બધું કર્યું-કારવ્યું ધૂળમાં ન મળે. મારા પત્રમાં એ જ ચિંતાની વાત મેં કરી હતી. તેનો તમે જુદો જ અર્થ કરી નાખ્યો. બાકી, તમે મારો કોઈ ઉપકાર ગણીને તમારા દિલ પર નાહક બોજો નાખ્યે રાખો છો. મને લાગે છે કે તમે મને અન્યાય કરી રહ્યાં છો. તમારી આ ભૂલ હું કદી માફ નહિ કરું, તમારે માટે મેં જે કર્યું તે મનુષ્ય તરીકેની ફરજ બજાવવા કરતાં કંઈ વિશેષ હતું?

પણ સુંદરી, હવે હું જોઉં છું કે જે વસ્તુ મેળવવાને માટે હું બેચેન થઈ રહ્યો છુ એ વસ્તુ જાતે જ મારા તરફ ખેંચાઈ આવી છે, એટલું જ નહિ પણ હું

ક્યાંક પાછો હઠી જાઉં એવા સાચા કે ખોટા ખ્યાલે એનાં બધાં સુખ નાશ પામી જાય એવો ભય છેઃ અને મને થયું કે હું જાતે જ મારી જાતને સાચા સ્વરૂપે શા માટે વ્યકત કરી દઉં નહિ ?

સુંદરી! તમારા સાંસારિક ગુણોએ તો તમને જે દિવસે મેં ગુરૂદ્વારાની બહાર જમીન પર અક્ષરો કાઢતાં જોયાં તે દિવસથી જ મારા દિલમાં ઘર કરી લીધું હતું. પણ હવે તો તમારી આધ્યાત્મિક ઉચ્ચતાના સર્વ ગુણોએ પણ એકએક કરીને મારા દિલમાં ઘર કર્યું છે. એટલે જ તો કોશિશ કરું તો પણ હું તમારાથી દૂર રહી શકું તેમ નથી.

પણ આ બધું હોવા છતાં એક એવો અવરોધ આપણા રસ્તામાં છે કે તેનો ખ્યાલ કરતાં મને લાગે છે કે કુદરતે આપણો સંયોગ સર્જ્યો નથી. આપણે હમેશાં એકબીજાથી જુદાં જ રહેવું પડશે. આ રસ્તે આગળ વધવા કરતાં અત્યારથી જ આપણે પાછાં હઠી જવાની કોશિશ કરીએ તે જ ઠીક નથી?

તમારો બચનસિંહ

પાંચમો પત્ર

કન્યાઆશ્રમ,
લાહોર

મારા પ્રાણધન!

તમારા સંગાથે આ જીવનને એક નવા બીબાંમાં ઢાળી દીધું છે. આ વખતે તમે જે કંઈ લખ્યું છે એ જ વાત ગઈ કાલે મેં મારા પત્રમાં પણ તમને લખી હતી. મને લાગે છે કે તમે આ પત્ર લખતા હશો ત્યારે જ હું પણ તમને એ વાતો જ લખી રહી હતી. જ્યારે તમારા હૃદયનો આયનો અસલરૂપે પ્રગટ થઈને કાગળ પર તેનાં કિરણો ફેંકી રહ્યો હતો ત્યારે મારા હૃદયની નદીનો બંધ તૂટી રહ્યો હતો. બધી શંકાઓ, બધી ચંચળતાઓ અને બધી જ ઉકિત-યુકિતઓ તેમાં વહી રહી હતી. અને બાકી રહી ગઈ હતી બંનેની વિશુદ્ધિ અને ભાવનાઓ. સાંભળવું છે હું શું લખી રહી હતી તે? લો, હું કહું છું. હું લખી રહી હતી—અને મારા પત્રના જવાબની રાહ જોતાં પહેલાં લખી રહી હતી.

મારા સર્વસ્વ! તમારી સાથે ઠગાઈ કરું, મનમાં કંઈક હોય અને ઉપરથી કંઈક બનીને આવું તે મારાથી સહન થઈ શકતું નથી. એ મારો ગુનો હતો, પણ હવે હું એવો ગુનો નહિ કરું. મારા હૃદયે દુનિયામાં એક તમને જ પ્રેમ

કર્યો છે. તેની શરૂઆત ક્યારે થઈ તેની મને કંઈ ખબર નથી. ફક્ત એટલું જ જાણું છું કે હવે આ હૃદયમાં બીજા કોઈને માટે જગ્યા નથી, અને આ જન્મે થશે પણ નહિ.

પણ પહાડના જે ઊંચા શિખર પર પહોંચવાની તમન્ના છે ત્યાં સુધી હું પહોંચી શકીશ ખરી? હું એ પણ જાણું છું કે ત્યાં પહોંચવું તે બાજુએ રહ્યું પણ તેનો વિચાર કરવો તે પણ મારે માટે અજુગતી વાત છે.

પણ આ બધું જાણવા છતાં હું નિરાશ નથી. મને ભરોસો છે કે મારું દિલ જ્યાં પહોંચી ચૂક્યું છે, જ્યાં મારા હરેક સ્ફૂરણનું, હરેક ભાવના અને હરેક શ્વાસનું કેન્દ્ર છે, ત્યાં મારું શરીર ન પહોંચી શકે તો કંઈ નહિ, શારીરિક અંતર હોવા છતાં એ ચંદનવાડીની સુગંધથી જ હું મારી જાતને ચંદન બનાવી શકું તેમ છું. મારા એ પત્રનો આ જ સાર છે.

શું કહ્યું? આપણી વચ્ચે અવરોધો છે? ના, પ્રિયતમ, ના. હું એ વાત માનતી નથી. અવરોધ એટલો જ છે કે આપણાં લગ્ન—ઓ મારા ભોળા પ્રીતમ! એ વાત જ મનમાંથી કાઢી નાખજો. એ વાતનો જવાબ તો મેં ઉપર લખેલા શબ્દોમાંથી મળી જ ગયો હશે. પણ એટલું વધારે તો લખીશ કે તમે ખુશીથી લગ્ન કરો—બલકે હું દબાણ કરીશ કે વહેલી તકે તમે ઘરનું બારણું ખોલો અને માતાજીનાં અરમાન પૂરાં કરો. તમારાં લગ્નના સમાચાર સાંભળીને હું કેટલી રાજી થઈશ તેનો જવાબ તો સમય જ આપી દેશે.

તમારી સુંદરી

છઠ્ઠો પત્ર

સુંદરી,

હું કેવો નસીબદાર છું કે તમારા જેવી અલૌકિક દેવીનો પ્રેમ પામ્યો છું! સુંદરી, તમારી પવિત્ર ભાવનાઓએ, તમારા ઊંચા વિચારો અને અલૌકિક પ્યારે મારી અંધારી દુનિયામાં ઝગમગાટ કરી મૂક્યો છે. મને એમ લાગ્યું છે કે મારી અંદર કોઈક મધુર દુનિયાને તમે ઝળહળ કરી દીધી છે. મને લાગે છે કે મારી અંદર કોઈ મધુર લાગણીનો અનોખો આલાપ થઈ રહ્યો છે. તમારા પત્રનો એક એક શબ્દ મારે માટે સ્વર્ગની ફૂલવાડીનું ફૂલ છે, જેણે મારા હૃદયને અને મનને એવા મહેકાવી દીધાં છે કે તેની સરખામણીમાં સંસારનું બધું સુખ અને ઐશ્વર્ય મને તુચ્છ લાગે છે.

સુંદરી! તમારા વિચારો આટલા ઊંચા છે, તમારા મનના ઉદ્‌ગારોમાં સમસ્ત બ્રહ્માંડનો પ્રેમ વ્યક્ત થઈ રહ્યો છે અને તમારા નાના શા હૃદયમાં પ્રેમનો આટલો મોટો ભંડાર છે તેની મને તો ખબર જ નહોતી.

મેં તમને લખ્યું હતું કે આપણી બન્નેની વચ્ચે એક મોટો અવરોધ છે. તમે એનો ખોટો અર્થ કર્યો કે હું જાત-બિરાદરીથી ડરીને તમારી સાથે લગ્ન કરવા ઈચ્છતો નથી. એવા ડરને તો હું કયારનો યે તિલાંજલિ આપી ચૂકયો છું. મારા લખવાનો અર્થ એટલો જ હતો કે જ્ઞાનીજીના ઉપદેશો અને મારાં કર્તવ્યોને નજરમાં રાખીને હું પ્રતિજ્ઞા લઈ ચૂકયો છું કે મારું આખું જીવન હું સમાજ-સુધારા માટે અર્પણ કરી દઈશ. મા જીવે છે ત્યાં સુધી અહીં જ બેઠો રહીશ, તે પછી ઘરબારનો મોહ છોડીને મારી જાતને કામે લગાડી દઈશ.

સુંદરી! હું મારા મૂર્ખ અને જાલિમ સમાજની હાલત જોઈ રહ્યો છું. દિવસે દિવસે સમાજની વેદી પર અગણિત કોમળ જિન્દગીઓની કેવી આહુતિઓ અપાઈ રહી છે તે હું જોઉં છું. તેથી જ તો મને લાગે છે કે લગ્નનાં બંધનમાં બંધાઈ જાઉં તો મને ભય છે કે હું મારા ધ્યેયથી દૂર જતો રહીશ. મન મારીને જો હું આ કામમાંથી પાછળ નહિ હઠી જાઉં તો તેનાથી તમારા જીવનનો સુખ-સ્વાદ એક રીતે બરબાદ થઈ જશે. કાં તો તમારે હમેશાં મારાથી વિખૂટા રહેવું પડશે અને નહિ તો મારી સાથે ભૂખ, તરસ, સફર અને આરામ વિનાની જિન્દગી ગાળવી પડશે.

પણ તમારો પત્ર વાંચીને મારા મનના બધા સંશયો દૂર થઈ ગયા છે. બલકે, હું પોતે એક શિખાઉ વિદ્યાર્થી હોવા છતાં મારી જમાતના એક સુઘડ અને લાયક મોનીટરને કહી રહ્યો છું કે તમારી અને મારી દોસ્તી નભી શકશે નહિ કારણકે એક જ વરસમાં બધું શીખી લેવાની મેં પ્રતિજ્ઞા કરી લીધી છે.

સુંદરી! મને બધા સવાલો અને શંકાઓનો સંતોષજનક જવાબ મળી ચૂકયો છે. અને હવે તો સામાજિક રીતે પણ તમારા પર મારો પૂરેપૂરો અધિકાર છે. તમે મારાં છો એવું હું જે દિવસે અનુભવીશ તે દિવસે હું મારી જાતને ભાગ્યવાન લેખીશ. દુનિયા આખી મને તેમ કરતાં રોકશે તો પણ હું રોકાઈશ નહિ. ગમે તેવી મુસીબતો વેઠવાની આવશે તે વેઠી લઈશ અને તેમાં હું મોટાઈ અને ગૌરવ સમજીશ.

તમારો બચનસિંહ

સાતમો પત્ર

જીવનાધાર !

મારી જીવનધારા જેમ જેમ તમારી તરફ વહી રહી છે તેમ તેમ એવું લાગે છે કે જાણે હું કોઈ અલૌકિક પ્રદેશમાં પહોંચી રહી છું. હૃદયમાંથી પ્રેમનાં નવાં નવાં ઝરણાં ફૂટી રહ્યાં છે.

આ વિષયોને આપણે શંકાભરી નજરે જોઈએ છીએ અને એકબીજાની પાસેથી એના જવાબ માગીએ છીએ અને છેવટે આપણે એવા નિર્ણય પર આવીએ છીએ કે પહેલાં જે શંકા લાગતી હતી તે ખરેખર તો બે દિલોની એક એવી તમન્ના, એવો ઉમંગ, એક એવી દુનિયા છે જેની કોઈ તુલના નથી. મારા જીવનસર્વસ્વ, તમારી ઉદારતાએ મને ધાર્યા કરતાં વધુ સુખી અને સદ્‌ભાગી બનાવી છે. હું કેટલી ખુશ છું શી રીતે કહું ?

કહેવાયું છે કે એક સીમાએ પહોંચ્યા પછી દરેક વસ્તુનાં વળતાં પાણી થાય છે અને તેની ઊંચાઈ પરથી નીચે સરવા માંડે છે. કહે છે કે કોઈ પણ માણસ એકધારું હસ્યા કરે તો આખરે એનું હાસ્ય રુદનમાં પલટાઈ જાય છે—એની આંખોમાં આંસુ ઊભરાઈ આવે છે.

આ જો સાચું હોય તો તેનો વિચાર કરતાં દિલ ભયથી ધ્રૂજી ઊઠે છે. ડરથી હું થીજી જાઉં છું. મારી અંદર-બહાર ધ્રુજારી આવી જાય છે. હું જોઉં છું કે મારી ખુશી અને આકાંક્ષાની પૂર્તિની હવે હદ આવી ગઈ છે. મારા દિલમાં એટલી જગા નથી કે તેને હું સાચવી રાખી શકું. એ ખુશી એવા આવેગથી બહાર આવી રહી છે કે ભરેલા ઘડામાં વધારે પાણી રેડયું હોય અને તે વહેવા માંડે એવું લાગે છે.

આહ ! પ્રીતમ ! અહીં આવ્યા પછી કોણ જાણે ક્યાંથી એક સૂક્ષ્મ ચિંતા મારી આસપાસ વીંટળાઈ રહી છે અને હું બેચેન બની જાઉં છું. એ ચિંતા કોઈ કોઈ વાર તો એટલી વધી જાય છે કે તેની ખોફનાક સૂરત જોઈને મારા દિલમાં ભરેલો સુખ અને આનંદનો ભંડાર તેની નીચે બિલકુલ દબાઈ જાય છે. મારું ચંચળ મન તરેહ તરેહની દલીલો ઘડી કાઢે છે. કહે છે કે પ્રભાતની ઠંડી હવા બાગની કળીઓને નજર ઝુકાવીને પોતાના તરફ સ્મિત કરતી અને મહેક ઉડાડતી જુઓ તો તે પ્યારની મસ્તીમાં ભાન ભૂલી જાય છે અને કળીઓની સાથે ગેલ કરવા માંડે છે. આ પ્રેમ-કિલ્લોલને કળીઓનું નાજુક દિલ જીરવી શકતું નથી અને ખુશી અને પ્રમાદમાં

આવીને ભાન ભૂલી જાય છે અને કળી ખૂલતાં વેંત જ મદમસ્ત હવાનો પ્રેમ તેની કોમળ પાંખડીઓને ખેરવિખેર કરી મૂકે છે; અને ત્યાં જ એના જીવનનો અંત આવી જાય છે.

મારા પ્રાણાધાર! આ કાલ્પનિક ચિંતાના પંજામાંથી મને બચાવી લો. મને તમારી અંદર છુપાવી લો. મને કોઈક એવી જગ્યાએ છુપાવી લો કે આ ભયંકર વિચારો મારી પાસે ડોકાય પણ નહિ.

પત્રમાં મેં શું લખ્યું હતું અને શું લખી રહી છું તેની ખબર નથી. એવું લાગે છે કે કંઈ લખવાનું બાકી રહ્યું નથી. અથવા તો એટલું બધું બાકી છે કે જિન્દગી આખી લખ્યા કરું તો યે ખૂટશે નહિ. જે કંઈ લખવા માંડું છું તે લખતાં પહેલાં જ તેની ચમક તમારામાં જોઈ લઉં છું. કહેવાઈ ગયેલી વાતને ફરી પાછી કેમ કહું ?

પ્રીતમ, તમે વારે વારે લગ્નની વાત કેમ કરો છો? લોકો કહે છે કે લગ્ન જ માણસને સુખી અને અલૌકિક બનાવી શકે. એ જો સાચું હોય તો હું તેનાથી બહુ દૂર રહેવા ઇચ્છું છું કારણકે તમારા પ્રેમ અને તમારી ઉદારતાને કારણે જે ખુશી અને સુખ હું પ્રાપ્ત કરી ચૂકી છું તે જ્યાં સુધી કાયમ છે ત્યાં સુધી બીજું સુખ પામવાની ઈચ્છા તો દૂર રહી, તેની હું કલ્પના પણ કરી શકતી નથી. પહેલાં જ કહી ચૂકી છું તે પ્રમાણે દિલમાં વધારે જગ્યા નથી. પ્રીતમ, તમે તમારા જીવનને જે બીબાંમાં ઢાળવાનો વિચાર પ્રગટ કર્યો છે એ રસ્તે તમે એકલા નહિ જઈ શકો–એક ડગલું પણ માંડી શકશો નહિ. તમારામાં કેટલી દૃઢતા અને ઉદારતા છે! જે સમાજે તમને આ સ્થિતિએ પહોંચાડયા છે તેને માટે તમારા મનમાં હજુ યે દયાભાવ છે! લાગે છે કે પાછલા જન્મમાં તમે કોઈ તપસ્વી હશો. જાણો છો તમારે વિશે મારા મનમાં કેવા ખ્યાલ હતા? તમારાં બે વાકયોએ જ મારા એ ખ્યાલને ઉલટાવી દીધા. સાંભળો, મારા મનમાં હું એક ઝેર છુપાવીને બેઠી હતી કે જે સમાજે મારા દિલના માલિક–તે પણ નિર્દોષ–પર આટલા અત્યાચાર કર્યા છે તેનો હું બદલો લઈશ. આ સમાજના બે મોઢાંવાળા અને પાખંડી નેતાઓને એવા હેરાન હેરાન કરી મૂકીશ કે દુનિયા પણ એક વાર યાદ રાખશે. મેં ધાર્યું હતું કે તમને પણ હું એવું કરવા માટે તૈયાર કરીશ.

પણ મારા પ્રીતમ, હવે મારું જીવન તમારા જીવનની સાથે મળી ચૂકેલું છે. તેને તમે જે તરફ વાળશો તે તરફ વળી જશે. હા, એક વાર ફરી અરજ કરું

છું કે જે કઠિન માર્ગે તમે ચાલવા ધાર્યું છે તે માર્ગ પર એકલા ન જશો. મને પણ તેમાં ભાગીદાર બનાવી લેશો. તમે જોશો કે હું તમારા રસ્તામાં અવરોધ નહિ બનું. આ વિશે તમે મનમાં જરા ય શંકા લાવશો નહિ.

હા, ફરીથી લખી દઉં કે લગ્નનો વિચાર મનમાંથી કાઢી નાખજો. આપણે લગ્નની કિંમત ચૂકવવાની છે. થોડો વખત તપસ્યા કરવાની છે. અને તે પછી આપણે સદા માટે એક બની જઈશું તો પ્રલય સુધી અને તે પછી પણ એક જ રહીશું. સાથે જ એ પણ કહી દઉં કે મારી ઉપર્યુક્ત શંકાને પણ નિર્મૂળ ન ગણતા. એક સાથે શું આપણે કે શું બીજું કોઈ આટલો બધો આનંદ જીરવી શકે નહિ.

તમારી સુંદરી

આઠમો પત્ર

સુંદરી,

આજે તમને જે દુ:ખદાયી ઘટના જણાવી રહ્યો છું તે વાંચીને તમારા દિલને જે આઘાત થશે તે તમે જીરવી શકશો? આનો વિચાર કરતાં મારી છાતી બેસી જાય છે. લખતાં લખતાં હાથ કાંપી રહ્યા છે. આ અશુભ સમાચાર તમને બીજા કોઈએ સંભળાવ્યા હોત તો સારું થાત. પણ કરમનો હું ખોટો એટલે એ કામ મારે માથે આવી પડ્યું છે. શું લખું, સુંદરી! તમારા બાબા! આહ! હર-ઘડી તમારા નામની માળા જપ્યા કરતા તમારા ધર્મપિતા અંતઘડીએ તમને પ્રેમથી સંભારીને અને તમને જોવાની તમન્ના મનમાં ને મનમાં લઈને સદાને માટે આ સંસારને છોડી ગયા છે.

તે કરતાં પણ હૃદયવિદારક વાત તો એ છે કે એ બિચારાનું મોત ભયાનક સંજોગોમાં થયું. સુંદરી, તમને હું શું કહું? કેટલા યે દિવસોથી એનું શરીર એવું કમ-જોર થઈ ગયું હતું કે એ ઝૂંપડીમાંથી બહાર પણ ઓછું નીકળતા. એક દિવસ સાંજે હું એને ખાવાનું આપવા ગયો તો એ રડી રહ્યા હતા. પૂછ્યું તો એણે કહ્યું: 'સુંદરીને જોવા માટે જીવ ભટકી રહ્યો છે. કોણ જાણે કેટલા દિવસનો મહેમાન હોઈશ. એક વાર છોકરીને જોઈ લીધી હોત તો ઠીક હતું.'

મેં કહ્યું: 'બાબા, એ તે કઈ મોટી વાત છે? સવારે જ જઈને હું સુંદરીને લઈ આવીશ.'

પણ એણે મને રોક્યો: 'એના ભણવામાં ખલેલ પડશે. વળી એને અહીં લાવવી તે યે જોખમની વાત છે. ગામનો બદમાશ પાલાસિંહ હાથ ધોઈને મારી પાછળ પડ્યો છે કે સુંદરીને મારી સાથે પરણાવ. પહેલાં તો એણે મને લાલચ આપી અને મેં ન માન્યું તો જાતજાતની ધમકીઓ આપવા માંડ્યો. છેવટે ત્યાં સુધી કહી ગયો કે સીધી રીતે નહિ માને તો મારા માણસોને હાથે તને મારી નખાવીશ અને તારા મરવાના સમાચાર સાંભળીને સુંદરી અહીં આવશે ત્યારે જબરદસ્તી એને ઉઠાવી જઈશ.'

સુંદરી, બાબા આ કહી રહ્યા હતા ત્યારે એની હાલત જોઈ શકાય તેવી નહોતી. મારું શરીર ક્રોધથી ધ્રૂજી રહ્યું હતું. એને હિંમત આપીને મેં કહ્યું: 'બાબા, હું બેઠો છું ત્યાં સુધી ભલા કોઈની દેન છે કે તમારી કે સુંદરીની તરફ નજર સરખી પણ નાખી જાય?'

આ પછી મેં એને મારી સાથે લઈ જવાનો બહુ પ્રયત્ન કર્યો પણ એણે માન્યું નહિ. એણે કહ્યું: 'સરદારજી, મારું શું છે? હું તો આમેય કિનારા પરના ઝાડ જેવો છું. આજે પડું કે કાલે પડું. હું તો બે હાથ જોડીને રબ્બની પાસે એટલું માગું છું કે મારા હાથપગ ચાલે છે ત્યાં જ મને ઉઠાવી લે. શરીર તો હવે આ સાવ નકામું થઈ ગયું છે. વધારે ફિકર તો સુંદરીની હતી તે યે તમારી દયાથી દૂર થઈ ગઈ છે.'

પછી મેં કહ્યું: 'બાબા, મારી સાથે લાહોર ચાલો અને સુંદરીને મળી આવો.' એ તૈયાર થયા અને બીજે દિવસે નીકળવાનું નક્કી કર્યું.

તે જ દિવસે અડધી રાતે શોરબકોર સંભાળાયો અને હું જાગી ગયો. 'આગ લાગી છે!' એવી બૂમ સાંભળી ને હું ગભરાટમાં ઘરમાંથી બહાર આવ્યો. ગલીમાં આવતાં સાંભળ્યું કે બાબા રોડૂની ઝૂંપડીમાં આગ લાગી ગઈ હતી. ઉતાવળો ઉતાવળો હું ત્યાં દોડ્યો. જોયું તો પુષ્કળ લોકો જમા થયેલા હતા. લોકોએ બાબાના સળગી ગયેલા દેહને એક બાજુએ મૂક્યો હતો. ઝૂંપડી બળીને ખાખ થઈ ગઈ હતી. ઉપર પાણી નાખ્યું હતું અને અર્ધાં બળેલાં લાકડાં હજીએ સળગી રહ્યાં હતાં. ભીડને ચીરતો હું બાબા પાસે પહોંચ્યો.

આહ! સુંદરી! એ વખતનું દૃશ્ય કેવું હતું તેનું વર્ણન કરીને મારે તમારાં દુ:ખની આગમાં તેલ રેડવું નથી. મારામાં તો એ દૃશ્ય જોવાની તાકાત નહોતી. મન મજ-

બૂત કરીને મેં એના શરીરને તપાસી જોયું. થાણેદાર અને બેત્રણ સિપાઈઓ ત્યાં હાજર હતા. પહેલાં તો ઘણી વાર સુધી બધા એમ માનતા હતા કે બાબા મરી ગયા હતા. પણ થોડી વાર પછી એના શરીરનું સહેજ હલનચલન થતું દેખાયું. એને કેટલી યે વાર બોલાવ્યા. નજર ભરીને એણે મારી સામે જોયું અને કહ્યું : 'સરદારજી !'

'જી', કહીને હું એને કંઈક વધારે પૂછવા ગયો તો આ મોકો ગનીમત સમજીને થાણેદાર એને સવાલ પૂછી રહ્યો. બાબાને કંઈક હોશ આવ્યા હોય એમ લાગતું હતું. થાણેદારે પૂછ્યું : 'બાબા !'

એણે માથું હલાવ્યું.

પછી થાણેદારે પૂછ્યું : 'આગ કોણે લગાડી હતી ?'

જવાબમાં બાબાએ ફક્ત આકાશ ભણી જોયું તે પરથી લાગ્યું કે પવિત્ર આત્માવાળા એ બાબા પોતાના ખૂનીને બદનામ કરવા નહોતા ઇચ્છતા, અને એ ઘટનાને રબ્બની મરજી ગણીને સંતોષ પ્રગટ કરી રહ્યા હતા.

આ પછી થાણેદારને કોઈ જવાબ મળ્યો નહિ. હવે એનામાં ઈશારો કરવાની પણ તાકાત નહોતી. પોતાની આસપાસ જમેલી ભીડ તરફ એણે નજર નાખી અને પછી એની નજર મારા પર મંડાઈ રહી. આગળ આવીને મેં પૂછ્યું : 'કેમ બાબા, કંઈ કહેવું છે ?'

એ કંઈ બોલ્યા નહિ અને એની આંખો ભરાઈ આવી. પછી લાગ્યું કે એને કંઈક કહેવું હતું; પણ બોલી શકાતું નહોતું. હું કંઈ સમજી શક્યો નહિ. પછી બાબાએ મને આગળ આવવાનો ઈશારો કર્યો. મારા કાન બિલકુલ એના હોઠને અડકાડી દીધા તો મહામહેનતે હું ફક્ત આટલું સમજી શક્યો : 'સ... સ ... સુંદ...રી...'

મેં પૂછ્યું : 'બાબા, સુંદરીને મળવું છે ?'

ડમરુ બજાવતા હોય એમ એણે ધીરે ધીરે પોતાનો હાથ ઘુમાવ્યો. હું એનો અર્થ સમજી ગયો. એ કહી રહ્યા હતા : 'હવે ખેલ ખલાસ થઈ ગયો. સુંદરીને નહિ મળી શકાય.' મેં પાછું પૂછ્યું : 'સુંદરીને કંઈ કહેવું છે ?'

એણે કોઈ જવાબ આપ્યો નહિ. પણ એની છલકાઈ રહેલી આંખો ટીકી ટીકીને મને જોઈ રહી હતી. જાણે મારી પાસેથી કોઈક વાતનો જવાબ જોઈતો હોય. હું એના મનનો ભાવ સમજી ગયો અને કહ્યું : 'બાબા, સુંદરીની ફિકર ન કરો. હું એની સાથે લગ્ન કરીશ.'

આટલું કહેવાની વાર હતી અને એની આંખોમાં ચમક આવી ગઈ અને હોઠ પર એક સ્મિત આવી ગયું. પછી કદાચ મારો આભાર માનવા હશે–પોતાના બન્ને હાથને એણે એવા હલાવ્યા જાણે જોડવા ન માગતા હોય! એ પોતાના બન્ને હાથને ધીરે ધીરે પાસે લાવવાની કોશિશ કરી રહ્યા હતા. ફક્ત ચાર આંગળનું જ અંતર રહ્યું ત્યાં જ એના બન્ને હાથ ઢીલા થઈ ગયા અને એની છાતી પર આવી પડ્યા. એની ગરદન ખભા પર ઢળી ગઈ. એવું લાગ્યું જાણે કે મારે મોઢેથી આ વાત સાંભળવા માટે જ એનો જીવ અટકી રહ્યો હતો. ઓહ, સુંદરી, એ ચિરનિંદ્રામાં પોઢી ગયા.

શક પરથી પોલીસે પાલાસિંહ અને એના ચાર સાથીદારો સવાયાસિંહ, વીરાસિંહ વગેરેને ઘરમાં જ ગિરફતાર કરી લીધા.

ઉફ્! કેવી ભયાનક ઘટના હતી! હજુ સુધી બાબાની એ શકલ મારી નજર સામે છે. મારી માએ આ સાંભળ્યું ત્યારથી એનાં આંસુ સૂકાયાં નથી. લાગે છે કે અનો ભારે હૃદયપલટો થઈ ગયો છે.

સુંદરી! રબ્બની મરજી બળવાન છે. કોઈનો બદલો લેવાનો તો આપણને વિચાર જ ન આવવો જોઈએ. બદલો લેવાનું કર્તાના હાથમાં છે. દુનિયાની કોઈ પણ તાકાત આપણને આપણા સિદ્ધાંતોથી નીચા પાડી શકે નહિ, તેમાં જ આપણી બહાદુરી છે.

આ પત્ર વાંચતાં તમારી કેવી હાલત થઈ હશે તે સમજી શકું છું. એટલે જ તો બીજું કાંઈ લખતો નથી. તમને હું એટલું જ કહું છું કે દિલને ઝાઝું દુ:ખી ન કરશો. બલકે, હિંમત અને દઢતાથી આ દુ:ખનો સામનો કરજો.

પત્ર લખતાં લખતાં હમણાં જ સમાચાર આવ્યા છે કે પાલાસિંહ અને એના સાથીઓને પોલીસે હમણાં જ જામીન પર છોડ્યા છે. એક તો પૈસાનો ચમત્કાર અને બીજું પાલાસિંહ અને એના સાથીઓને બચાવવાની કોશિશ કરી રહેલા ગામના લોકોની ઉદારતાને આનું કારણ ગણાવવામાં આવે છે. મેં પહેલેથી આમ જ ધારી મૂકેલું હતું.

નવમો પત્ર

કન્યાઆશ્રમ,
લાહોર

પ્રાણનાથ!

પત્ર મળ્યો! ઓહ! બાબાના મૃત્યુએ મારા દિલમાં જે હલચલ મચાવી છે તેનું હું શું વર્ણન કરું? સૌથી મોટું અરમાન તો એ કે બાબા સાથે છેલ્લી મુલાકાત પણ થઈ શકી નહિ. મારે વાંસે એનો પ્રેમભર્યો હાથ ફર્યો હોત અને પિતૃસ્નેહના પારણામાં હું છેલ્લી વાર ઝૂલી હોત તો! પણ મારા કિસ્મતમાં એ લખેલું નહોતું. દિલ રડી રહ્યું છે. હજારો કોશિશ કરતાં પણ ચેન પડતું નથી. પળેપળ કોઈ ઉભરો આવી જાય છે અને હૃદયને ચીરતો અંદર ને અંદર ગૂમ થઈ થઈ જાય છે. પણ તમારો ખ્યાલ આવતાં જ પડું પડું થતાં યે એક સહારો મળી જાય છે.

હાય! જેને કોઈની સાથે કંઈ લેવાદેવા નહોતી અને જે રસ્તાનાં તણખલાંને હાનિ કરતાં પણ ડરતો હતો એવા એક અભાગી ગરીબને જાલિમોએ જીવવા દીધો નહિ. એને મારનારા કાતિલોને સજા દેવાને બદલે લોકો બધી શક્તિઓ વાપરીને એમને બચાવવાની કોશિશ કરી રહ્યા છે, જેથી સમાજમાં જાલિમો અને કાતિલોની કમી રહી જાય નહિ!

ઓહ! મારા માલિક! આ જ સમાજને સુધારવાને તમે તલસી રહ્યા છો? અને તેને સુધારવાની તમે આશા રાખી બેઠા છો? આટલું જોયા પછી પણ શું તમે એવા નિર્ણય પર નથી આવ્યા કે જેનાં દિલ ગુનાથી સળગી ગયાં છે તેનો કોઈ ઇલાજ નથી? જે લોકોનાં દિલ ઈર્ષ્યાથી જળી રહ્યાં છે, જેમનાં મન અહંકારથી બળી રહ્યાં છે, જેમના હાથ સફેદ લોહીને લીધે બેજાન થઈને પડેલા છે એમને સુધારવાનાં તમે સ્વપ્નાં જોઈ રહ્યા છો? આ પથરાળ ધરતી પર સુધારાનાં બીજ વાવવાની તમે આશા સેવી રહ્યા છો શું?

ના, ના, મારા દિલના સાંઈ! આ ખ્યાલ જ મનમાંથી કાઢી નાખજો. જે પહાડને તમે કપાળ કૂટીકૂટીને તોડી નાખવા માગો છો તે તો કોઈ કાળે ય તૂટશે નહિ, બલકે તમે પોતે જ તમારું જે કંઈ હશે તે ગુમાવી બેસશો. એ પહાડને તોડવાનો ઉપાય તો એ જ છે કે તેનો પાયો જ પોકળ બનાવી દેવો. અથવા તો લોકોનાં શરીરમાંથી સફેદ લોહી કાઢીને ધરતી પર ઢોળી દેવું. જ્યાં સુધી સફેદ-લોહીનું એક બૂંદ પણ બાકી છે ત્યાં સુધી આવનારી પેઢી પર તેની અસર પડયા વિના રહેશે નહિ.

ઓહ! ગુસ્સામાં આવીને હું શું ઢંગધડા વગરનું લખ્યે જાઉં છું પ્રીતમ! મારી આ ભૂલને માફ કરજો. અત્યારે મારું મન ઠેકાણે નથી. આમાં ભલે તમને મારી લાગણીઓનો રંગ દેખાતો હોય પણ એ તો મારી ટૂંકી બુદ્ધિને લીધે જ છે. એટલે જ તો મારા આ અવિરત વિચારોને હમેશાં હું મારા હૃદયમાંથી કાઢી નાખવાની કોશિશ કર્યા કરું છું. મનમાંથી કદાચ એ વિચારોને નય કાઢું અને અમુક અંશે તેને વ્યવહારુ સ્વરૂપ આપવાનો યે કદાચ પ્રયત્ન કરું, પણ તમારી સામે તો બદલો લેવાના એકેએક વિચારને મારે મનમાંથી કાઢી જ નાખવો પડે છે કે પછી તેને મનમાં જ ખતમ કરી નાખવો પડે છે.

મારી અંતરની ખ્વાહિશ છે કે વાહેગુરુજી તમારા વિચારોને પાર પાડે અને મારા મનમાં પણ કોઈ હિંસાભર્યો વિચાર હોય તો સાપના માથાની જેમ તેને છૂંદીને તમારા સિદ્ધાંતો પ્રમાણે ચાલવાનું મને બળ મળે.

મારા સરતાજ! મને આ ચંચળ મન પર ભરોસો રહ્યો નથી. એ મને ગેરરસ્તે લઈ જવાનો પ્રયત્ન કરે છે અને કંયારેક તો મારા મનમાં પ્રતિશોધની આગ એવી ભડકી ઊઠે છે કે હું ભાન ભૂલી જાઉં છું. તો હવે મારી તમને એટલી જ નમ્ર અરજ છે કે તમે મને તમારા હુકમ પ્રમાણે ચલાવો અને તમારી જ છાયામાં રાખો.

આજે મન બહુ ઉદાસ છે અટલે વધુ હું કંઈ નહિ લખુ. જે લખ્યું છે તે પણ તમને મોકલવાની ઇચ્છા નહોતી. તમારું હૃદય કેટલું વિશાળ છે અને તમારામાં કેટલી ગંભીરતા ભરેલી પડી છે તે હું જાણું છું. તમે તો મારી પ્રત્યેક ભૂલને માફ કરી શકો છો. મને આવીને લઈ જાઓ. મારા ધર્મપિતાની સળગી ગયેલી ઝૂંપડી જોવા હું આતુર છું. અને વળી મારો અભ્યાસ પણ હવે તો પૂરો થવા આવ્યો છે.

તમારી સુંદરી

દસમો પત્ર

સુંદરી,

આટલી વ્યાકુળતા? આટલો ગુસ્સો? પણ તમારી લેખિની એટલી યુક્તિપૂર્ણ છે કે તેની સામે હું બધું ભૂલી જાઉં છું. પણ મારી ભોળી સુંદરી! તમે જે પહાડનો દાખલો આપ્યો છે તે વાંચીને તો મને હસવું આવે છે. તમે પોતે જ તેમાં ફસાઈ ગયાં છો. તમે લખ્યું છે કે પહાડ માથું અફાળવાથી નહિ પણ પાયા-

માંથી તેને ખોદી નાખવાથી જ તૂટશે. આમાં તમારો પ્રોગ્રામ તો નર્યો માથું અફાળવાનો જ છે, અર્થાત કોઈ ખૂનનો બદલો ખૂનથી લઈને સમાજને સુધારવાની આશા રાખવી તે તો પહાડની સાથે માથું અફાળવા જેવી જ વાત છે. તેથી ઊલટું, સાચા પ્રચાર અને ઊંચા વિચારોથી સમાજ પર અસર પાડવામાં આવે તે જ પહાડનો પાયો પોલો કરી નાખવા બરાબર છે.

પણ તે સાથે જ તમારી ઉદારતા માટે હું તમારો ઋણી છું. તમારા વિચારોની પુષ્ટિ કરતાં કરતાં તમે મારું અનુકરણ કરવાની ઇચ્છા રાખો છો. મને પૂરી આશા છે કે તમે મારા સહચારી બનશો ત્યારે તમને પોતાને જ તમારા આજના વિચારો દિવસને રાત કહેવા જેવા ખોટા લાગશે.

હું જોઉં છું કે આપણા સમાજનુ લોહી દિવસે દિવસે સફેદ થઈ રહ્યુ છે. પણ તેને સુધારવા માટે તમે જે ઉપાયો લેવા ધારો છો તે તો હડકાયા કૂતરાને કોઈ નવડાવી-ધોવડાવીને સાજોસારો ગણાવવાનો પ્રયત્ન કરે એવા જ ભયાનક છે.

સુંદરી, પ્રચારની ઔષધિથી આપણે આવા સફેદ લોહીવાળા દરદીઓના હૃદયનો ઇલાજ કરવો પડશે, જેથી લોકોના લોહીમાંથી સફેદ જીવાણુ છૂટાં પડવા માંડે અને જેની જગ્યાએ લાલ જીવાણુ પેદા થતાં આવે.

આ કામ માટે મેં પૂરેપૂરી કમર કસી છે અને એ કામ આપણે દઢતાથી આગળ ચલાવીશું, ચારપાંચ દિવસમાં હું તમને લેવા આવીશ. આ માટે મેં માજીને રાજી કરી લીધાં છે. મારા રસ્તામાં એ કોઈ અંતરાય નહિ લાવે, કે તમારી સાથે કામ કરું તેમાં પણ એ કોઈ વાંધો નહિ લે. પણ તેના બદલામાં મારે એની શરત મંજૂર રાખવી પડી છે કે એ જીવે છે ત્યાં સુધી હું ક્યાંય દૂર નહિ જઈ શકું. એટલે મને આશા છે કે તમે પણ તમારી જાતને અત્યારથી તૈયાર કરી રાખશો.

આ બાબતમાં આપણું ધ્યેય શું હશે તેનો સાથે મળીને નિર્ણય કરીશું. પણ અત્યારે તો આપણને ઘરમાં જ એક નાનું સરખું કામ મળી ગયું છે—તેનાથી જ આપણે આપણા નવા જીવનના શ્રીગણેશ માંડીશું. થોડા દિવસ પછી આપણા ગામના શાહુકાર લાલા રલારામની દીકરીનાં લગ્ન છે. સાંભળ્યું છે કે એ લગ્નમાં વેશ્યાઓના નાચ-મુજરા, ભાંડોના ખેલ, શરાબનો દોર અને બીજા કેટલાયે નકામા ખર્ચ કરીને હજારો રૂપિયા પાણીની જેમ ખરચાશે.

સુંદરી! આપણા બુઝર્ગો ઘેરો ઘાલીને વેશ્યાના મુજરા સાંભળી રહ્યા હશે. અને એમની બહેન-દીકરીઓ બારીએ બેઠી બેઠી આ દશ્ય જોઈ રહી હશે એ કેવી શરમની વાત હશે! એ લોકો ચાગળું પાણી લઈને ડૂબી મરશે નહિ? મને લાગે છે કે સમજાવીને કામ લીધું હોય તો કદાચ એ લોકો આ ગંદુ કામ કરતાં અટકે, બસ બીજું શું લખું? આજથી પાંચમે દિવસે તમારી પાસે જ હોઈશ.

તમારો **બચનસિંહ**

એક બીજી વાત : પત્ર પૂરો કરી લીધા પછી યાદ આવ્યું કે તમને મુબારક-બાદી આપું. આજકાલ પંજાબી પત્રિકાઓમાં-માસિકોમાં તમારે નામે લાગલગાટ વાર્તાઓ છપાઈ રહી છે. તે દિવસે શહેરમાં ગયો તો દંગ જ થઈ ગયો. આ તો તમે કમાલ કરી નાખી. સમાજની હાલતનું બયાન કરવામાં તમે હદ કરી નાખી છે. મારું અંતર કહે છે કે કોઈક દિવસ મારી સુંદરી ઊંચી કોટિની કલાકાર બનશે.

પણ સુંદરી, તમારા લેખનની સફળતા માટે અભિનંદન આપતાં સાથોસાથ એ સલાહ આપવાની પણ રજા લઉં છું કે તમારી કૃતિઓમાં કોમળતા અને સહન-શીલતાની વધારે જરૂર છે. માન્યું કે સમાજને હાથે સતામણી પામેલા એક દુ:ખી આત્માની કલમમાંથી આવું જ નીકળી શકે. પણ તમારી પાસેથી તો જેમાં હિંસા અને કઠોરતાને સ્થાન ન હોય એવી રચનાઓની અપેક્ષા છે. લોહીથી લોહી ધોવાઈ શકે નહિ. તમારી હવે પછીની રચનાઓમાં આટલો ફેરફાર કરવાની તમે કોશિશ કરશો.

[23]

દીવાનપુર આવીને સુંદરીએ સૌથી પહેલાં તો પોતાના ધર્મપિતાના બળ્યાજળ્યા સ્મરણચિહ્નને નમસ્કાર કર્યા અને એ સ્થાનની ધૂલિ માથે લગાડી. બુઝાઈ ગયેલાં લાકડાંની થોડીઘણી રાખ હજુ ત્યાં મોજૂદ હતી. સુંદરીને માટે એ સાધારણ રાખ નહોતી, બલકે એના અતીતની આખી તસવીર હતી. એ સમજણી થઈ ત્યાંથી માંડીને લાહોર ગઈ ત્યાં સુધીના લાંબા સમયનું દશ્ય એની નજર સામે હતું. રોડૂના પિનૂસ્નેહની એક એક ક્ષણ એને યાદ આવી રહી હતી. કેટલી યે વાર સુધી પૂતળાની જેમ બેઠી બેઠી એ આંસુ સારી રહી અને પછી બચનસિંહે વારંવાર કહ્યું ત્યારે ત્યાંથી ઊઠી.

થોડા દિવસથી રવાણી ગામના થોડા લોકોએ ગામમાં એક કન્યાશાળા ખોલી હતી અહીં કેટલાક લોકો બચનસિંહનો આદર કરતા હતા. ચારપાંચ જણની હિંમતથી ઠીક ઠીક જાગૃતિ આવી ગઈ હતી, એટલે જ તો લોકો બચનસિંહને માન આપતા હતા. પોતાના પ્રચારનું કેન્દ્ર બનાવવા બચનસિંહે એ જ જગ્યાની પસંદગી કરી હતી,

સુંદરીને એ નિશાળમાં શિક્ષિકા તરીકે નીમવામાં આવી. એને આવી મનપસંદ જગ્યાએ પહોંચાડી એટલે બચનસિંહની ઘણી ચિંતા દૂર થઈ ગઈ, અને પાછું રવાણી ગામ દીવાનપુરથી ઝાઝું દૂર નહોતું; ફક્ત પોણા માઈલનું છેટું હતું.

લાલા રલારામને ઘેર જાન આવવાની હતી. એ પ્રસંગે જે ઉપદ્રવ થવાનો હતો તેને અટકાવવા બચનસિંહ કેટલાયે દિવસથી દોડાદોડી કરી રહ્યો હતો. પણ તેમાં એને સફળતા નહોતી મળી. એક તો આખું ગામ પહેલેથી જ એની વિરુદ્ધ હતું. તેમાં વળી એ લોકો બેચેન બનીને ઘડી બે ઘડી મોજ ઉડાવી શકાય એવો વખત ઝટપટ આવે તેની રાહ જોઈ રહ્યા હતા. તેમાં વળી લાલા રલારામે આખા ગામને નોતર્યું હતું. જેમ જેમ લોકોના સાંભળવામાં આવ્યું કે દિલ્હીથી કોઈક મશહૂર વેશ્યા આવનારી હતી તેમ તેમ ખુશીમાં એમના ચહેરા ચમકી ઊઠતા હતા. ઘડીઓ ગણી ગણીને તેઓ માંડ માંડ સમય વિતાવતા હતા.

આ બાજુ રવાણી પહોંચીને સુંદરી ઘરમાં બધી વસ્તુઓ ગોઠવી રહી હતી ત્યાં જ દિવસ આખાની દોડધામને અંતે બચનસિંહ આવ્યો અને બહારથી સાદ દીધો.

સુંદરી કામ છોડીને એની પાસે આવીને બોલી: "સવારથી ગયા તે પાછું મોઢું જ બતાવ્યું નહિ."

પ્યારભર્યા સ્મિત સાથે બચનસિંહે કહ્યું; "શું કહું સુંદરી! હું ખૂબ જ તો પરેશાન થઈ ગયો છું," કહેતાં એ અંદર જઈને ખાટલા પર બેસી ગયો. સુંદરી એકદમ ગભરાઈ ગઈ અને પૂછ્યું: "કેમ?"

ખમીસનું બટન ખોલીને રૂમાલથી પરસેવો લૂછતાં બચનસિંહ બોલ્યો: "તમને મેં કહ્યું હતું ને કે રલારામને ઘેર શુક્રવારે જાન આવવાની છે?"

"હા, જી. કહ્યું હતું."

"અને આજે વીરવાર છે."

"તો?"

"કાલે જાન આવશે."

"તો પછી?"

"એ જ કે આપણે કામની ચિંતા કરવી જોઈએ."

સુંદરીએ પ્રેમથી એના મોં સામે જોઈને કહ્યું: "તો પછી ઢીલ શાની કરો છો?"

"મને લાગે છે કે આ કામમાં હું સફળ નહીં થાઉં."

"કેમ?"

"એકલા રલારામને રાજી કરવાનો હોત તો એ કંઈ બહુ મુશ્કેલ વાત નહોતી. પણ અહીં તો વરરાજા કરતાં જાન વધારે હોંશીલી હોય એવો મામલો છે. ગામ આખું વેશ્યાની રાહ જોતાં જોતાં ઘડીઓ ગણી રહ્યું છે."

"તો આપણા આ નવા વેપારનો પહેલો સોદો જ ખોટનો થશે?"

"ખોટ જ નહિ. આખી ને આખી રકમ જ ડૂબી ગઈ ગણી લો."

"તો પછી શું ધાર્યું છે?"

"એ જ કે રલારામ પાસે ફરી એક વાર જઈ આવું. કદાચ તીર સાથે તુક્કો લાગી જાય."

"અત્યારે ક્યાંથી આવી રહ્યા છો?"

"કોઈ એક જગ્યા હોય તો નામ પાડું. કેટલી યે જગ્યાએ ચક્કર મારી આવ્યો છું."

"કેવો જવાબ મળ્યો?"

"એ જ, ટાળાટાળ."

"તમે રલારામને કેમ મળતા આવ્યા નહિ? હવે પાછું માઈલને છેટે જવું પડશે."

"તમને મળવા માટે જ કંઈ આવ્યો નથી. અહીંના એકબે પ્રતિષ્ઠિતોને સાથે લઈ જવાનો વિચાર છે."

થોડી વાર વાતચીત કર્યા પછી બચનસિંહ જતો રહ્યો અને સુંદરી બેઠી બેઠી કંઈક ઊંડી ચિંતામાં લીન થઈ ગઈ.

થોડી વાર પછી બચનસિંહ દીવાનપુર જતો રહ્યો અને સીધો રલારામની બેઠકમાં જઈ પહોંચ્યો. રવાણી ગામનો બીજો એકેય જણ એની સાથે જવા તૈયાર થયો નહોતો. જોશભેર લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી. એક તરફ બેઠેલો દરજી દહેજ માટેના કપડાં સીવી રહ્યો હતો. બીજી તરફ ગામના મુખ્ય પંચ હુકમની રાહ જોતા ઊભા હતા. શાહનો દીકરો દીનાનાથ એમને કામની જવાબદારી સોંપી રહ્યો હતો. અંદરથી મીઠાઈ અને પકવાન તળાવાની વાસ આવી રહી હતી. અને છોકરીઓ ઢોલક પર ખૂબ ધમાચકડી મચાવી રહી હતી.

ગામના પંચની વચ્ચે પાલાસિંહ અને તેના સાથીઓ પણ બેઠેલા હતા. એ લોકોને જોઈને એક વાર તો બચનસિંહનું લોહી ઊકળી આવ્યું. પણ એણે પોતાની એ હાલત છુપાવવાની કોશિશ કરી. એ અંદર આવ્યો તે સાથે જ એ લોકો ઈશારા કરવા માંડયા.

સૌને સત શ્રી અકાલ કહીને એ એક બાજુએ ગયો. કોઈને માથું ખંજવાળ-વાની પણ ફુરસદ નહોતી. બધા પોતપોતાના કામમાં પરેલા હતા. બચનસિંહના દિલને જાણે કોઈ ચૂંટીઓ ખણી રહ્યું હતું. જે કામ માટે એ આવ્યો હતો તે થવાનું તો બાજુએ રહ્યું, અહીં તો તે વિશે વાત કાઢવાનોયે મોકો મળતો નહોતો.

કયાંય સુધી બચનસિંહ દલીલો ગોઠવતો રહ્યો. એટલામાં એણે જોયું તો ચાખડી ખટખટાવતા ભાઈજી પણ અંદર આવી ગયા હતા. બચનસિંહ ભલે ભાઈનાં કરતૂત અને રહેણીકરણીથી અજાણ્યો નહોતો, પણ તોયે એને હિંમત આવી કે ભાઈજી જરૂર એની વાતનું સમર્થન કરશે.

સૌએ સત શ્રી અકાલ સાથે ભાઈજીનો પ્રેમથી સત્કાર કર્યો અને "અહીં બેસો" "અહીં બેસો"નો શોર મચી ગયો. રલારામને ત્યારે થોડી ફુરસદ હતી એટલે એણે આવીને ભાઈજીની સાથે વાતો કરવા માંડી. બચનસિંહે પણ મોકો શોધીને દિલ મજબૂત કર્યું અને કહ્યું : "શાહજી !"

શાહે લાપરવાહીથી, બલકે ખીજમાં, એની સામે જોઈને કહ્યું : "હા, શું છે બચનસિંહજી ?" કદાચ એણે બચનસિંહ અંગે પાલાસિંહ પાસેથી કંઈક સાંભળ્યું હતું.

એની તીખી નજરે બચનસિંહના રહ્યાસહ્યા હોશ પણ ઉડાડી મૂકયા અને એ ગભરાઈ ગયો. પડું પડું થઈ રહેલી ઝૂંપડીને કોઈક પોતાના હાથનો ટેકો આપીને

થોડી વાર સુધી સીધી પકડી રાખે તેમ બચનસિંહે બળપૂર્વક દિલને ટેકો આપીને કહ્યું: "હું એક અરજ કરવા આવ્યો છું."

"કહો!"

"તમે જાણો તો છો આમાં મારો કંઈ ફાયદો નથી. આ તો બિરાદરીના નફા-નુકસાનની વાત છે. બીજું કંઈ નહિ તો એટલું તો જરૂર થવું જોઈએ કે ગામમાં વેશ્યા આવે નહિ. એની સૌથી ખરાબ અસર તો આપણી વહુ-દીકરીઓ પર પડશે."

ગુસ્સામાં શાહને કપાળે કરચલીઓ પડી ગઈ. જરા તણખીને એણે કહ્યું: "બચનસિંહ, તમને પહેલાં પણ કહ્યું હતું કે અમારા આનંદમાં વિના કારણ વિઘ્ન નાખો મા. અને વળી, જે કામમાં મારો હાથ નહિ, જેની સાથે મારે કોઈ લેવાદેવા નહિ તેને હું રોકું પણ કેવી રીતે? તમે જાણો છો કે વેવાઈઓનો પ્રેમ તો કાચા તાંતણા જેવો હોય છે. મનમાં જરા મેલ આવી જાય તો જિન્દગી આખી વાજું બગડેલું રહે. કોઈકે કહ્યું છે ને કે સગાઈનો સ્વાદ લગ્ન સુધી અને લગ્નનો સ્વાદ જિન્દગી આખી."

એણે હજુ બોલવાનું પૂરું નહોતું કર્યું કે એક જણ બોલી ઊઠયો: "તે કંઈ વાત છે! નાચ-મુજરા તો અમીર-બાદશાહોના સિંગાર કહેવાય. બચનસિંહ, બેટા, ખુશીના કામમાં વિઘ્ન ન નાખીએ. તેમાં વળી નસીબજોગે શાહજીને ચાર ઘર વચ્ચે એક જ દીકરી છે. એનો આનંદ નહિ જુએ તો કોનો જોશે? (ભાઈજીને) કેમ ભાઈજી, મારી વાત સાચી છે કે ખોટી?"

ભાઈજી હજુ સુધી તો નખથી દાંતનો મેલ ખોતરીને ખમીસ પર લૂછી રહ્યા હતા. બહાર નીકળી આવેલા દાંત પર જીભ ફેરવતાં એણે કહ્યું: "બરાબર છે, મહારાજ, આન કર કર કે આવા દિવસ થોડા રોજ આવે છે?"

બચનસિંહે મૂંઝાઈને કહ્યું: "ભાઈજી, ગુરુમંત્રનો સિદ્ધાંત શું એ જ છે કે તમારા જેવા નેક માણસ લોકોની વચ્ચે બેસીને નાચનારીઓ અને શરાબનો પ્રચાર કરે? તમે તો ગુરુદ્વારાના ગ્રંથી છો. તમારી ફરજોને આમ કલંકિત કરવાનું તમને શોભતું નથી."

ભાઈજી તો કંઈક ક્ષોભ પામી ગયા પણ પાલાસિંહથી રહેવાયું નહિ: "અને ગુરમંત્રનો શું એ સિદ્ધાંત છે કે જે બિચારીઓને કોઈ કમાઈને ખવડા-

વવાવાળું નથી એના મોંમાંથી રોટીનો ટુકડો પણ છીનવી લેવામા આવે? અને એ કંઈ અમસ્તી જ પૈસા લઈ જતી નથી. રાગ સંભળાવીને સેંકડો દિલોને ખુશ કરે છે. રહી એક શરાબ. કહો જોઈએ એમાં એવી તે કંઈ ખરાબ વસ્તુ પડે છે? છે તો ઝાડનાં છોડાં અને ગોળ."

પાલાસિંહની વાતનો બચનસિંહે કોઈ જવાબ આપ્યો નહિ. જવાબ આપે પણ ક્યાંથી? ત્યાં તો ધર્મ વધુ કે મુક્કો?વાળી તાકાતની વાત હતી. આ બાજુ પાલાસિંહનો ટેકો મળતાં ભાઈજીને હિંમત આવી ગઈ. પાયજામાનો નેફો ખંજવાળતાં એણે કહ્યું: "શરાબ તો આન કર કર કે એક દવા છે. એ કંઈ ખરાબ વસ્તુ નથી. પણ વધારે પીધી હોય તો ખરાબ પણ ખરી આન કર કર કે..."

બચનસિંહનું જુવાન લોહી ઊકળી રહ્યું હતું. પણ એને થયું કે અહીં તલમાં તેલ નીકળે એમ નથી. તો પણ ભાઈજીની દલીલનો જવાબ આપ્યા વિના એનાથી રહેવાયું નહિ. એની સામે નજર ઠેરવતાં એણે કહ્યું: "ઠીક છે, ખરાબ વસ્તુ નથી. પણ કહો તો, સત્યનો જ વિજય થાય, અસત્યનો નહીં એમ કહેવાય છે તેનો અર્થ શો ?"

થોડી વાર વિચાર કરીને ભાઈજીએ કાનની વાળીને ઘુમાવતાં કહ્યું: "એનો અર્થ આન કર કર કે ઠીક છે કે ચાલે ત્યાં સુધી શરાબ ન પીવી જોઈએ. પણ જ્યાં માણસના હાથની વાત ન હોય ત્યાં આન કરકર કે શું કરવું?"

ગુસ્સામાં પણ બચનસિંહથી હસ્યા વિના રહેવાયું નહિ. હવે બધા લોકો પોતપોતાની દલીલો મૂકીને સાબિત કરી રહ્યા કે એ બન્ને કામમાં કંઈ જ ખોટું નહોતું.

બચનસિંહે દલીલો કરવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ છેવટે અહીં પોતાનું કંઈ જ નીપજવાનું નથી એવા વિચારે ચુપ થઈ ગયો.

પછી પાણીમાં વલોણું ફેરવવા કરતાં ચુપ રહેવાનું જ એને વધારે યોગ્ય લાગ્યું અને દબાતે પગલે એ ત્યાંથી ઊઠીને ચાલ્યો ગયો. એ બહાર નીકળ્યો પછી બધા એની હાંસી ઉડાવવા માંડયાં.

એ જ વખતે પાલાસિંહે પોતાના એક સાથીને કાનમાં કહ્યું: "જોઈ લીધી એ ગધેડાની અક્કલ?"

"અક્કલની વાત છોડ. એ જાણી જોઈને શરારત કરી રહ્યો છે. આપણે બેઠા

હોઈએ ત્યાં તો એણે જરૂર ડોયો હલાવવો જોઈએ. એ બેશરમના આટલા બૂરા હાલ થયા છે તો યે ટળતો નથી."

"એમ એ થોડો જ ટળવાનો છે? ભાઈ! એના જેવા વાંકી બુદ્ધિના તો ખાસડાંથી જ સીધા થાય."

"મારી તો સલાહ છે કે આવી રોજની ખટખટ ..." આંગળીથી ઈશારો કરતાં પાલાસિંહ બોલ્યો. " ચુપ! મૂંગો મૂંગો જોયા કર. ક્યાંક મારો દાવ લાગી ગયો તો જોઈ લેજે. એનું ક્યાંય નામનિશાન પણ મળે તો મારા પર થૂંકજે. અને બીજું એ કે આની ખટખટ જ્યાં સુધી મટશે નહિ ત્યાં સુધી એ નખરાળી કાબૂમાં આવવાની છે?"

[24]

સાંજનો વખત હતો. જાન આવી રહી છે અને દિલ્હીની મશહૂર તવાયફ મિસ અનવરજાન પણ આવી રહી છે એ સાંભળીને શું વૃદ્ધો, શું બાળકો કે શું જુવાનો, ગામ આખું સરઘસાકારે બાહર નીકળી આવ્યું. ના, ના. આસપાસનાં થોડાં ગામ પણ ખાલી થઈ ગયાં.

લાલા રલારામને ત્યાં જાન આવે તે કંઈ મામૂલી વાત નહોતી અને તેમાં ય જાન લઈને આવનારા લોકો તો એમના ઈલાકાના સૌથી મોટા શાહુકાર હતા.

સાંજે પાંચ વાગ્યે જાન ગાડીમાંથી ઊતરી અને ખૂબ ઠાઠથી ગામમાં પહોંચી. જેણે જેણે અનવરજાનને જોઈ એ બસ મજનુ બની ગયો. એની ઉંમર ભલે ત્રીસપાંત્રીસની આસપાસ હતી પણ બજારુ રંગરોગાનના સુરુચિપૂર્ણ ઉપયોગથી એ વીસ વર્ષ કરતાં પણ નાની લાગતી હતી. એનું શરીર, ગુલાબી પાવડરથી રંગેલો એનો ચહેરો, સુરમો આંજેલી આંખો, લાલ હોઠ અને લાંબા વાળથી એ જાણે સૌનાં દિલની કતલ કરી નાખવાનો ઠેકો લઈને આવી હતી.

ગામની બહાર એક બાગમાં જાનનો ઉતારો હતો. બીજું બધું ભૂલીને લોકો મુજરો જોવા એવા ઉતાવળા થયા હતા કે દરેક આલતુફાલતુ માણસ જાનૈયાઓને

વીનવણી કરી રહ્યો હતો. અને જાનૈયાઓનો શોખ પણ કંઈ ઓછો નહોતો. સૌએ મળીને વરરાજાના ભાઈને મનાવી લીધો અને બાગમાં મુજરાની તૈયારી થઈ રહી.

ખુલ્લો એવો એક મંડપ બાંધવામાં આવ્યો અને તેમાં જાજમો પાથરવામાં આવી. વચ્ચોવચ્ચ ગાલીચો પાથર્યો. સાજિંદાઓએ તેના પર આસન જમાવી દીધાં.

સૌથી આગળની લાઈનમાં વરરાજા, એનો મોટો ભાઈ અને એના મુખ્ય સલાહકાર એક વૃદ્ધ પંડિત બેઠા હતા. એની પાસે જ આઠ-દસ બીજી મુખ્ય વ્યક્તિઓ અને બીજા જાનૈયા મોભા પ્રમાણે પોતપોતાની જગ્યાએ બેસી ગયા. જાનૈયાઓને બેસવાની જગ્યાની ખૂબ સજાવટ કરવામાં આવી હતી. કન્યાપક્ષના લોકો બેસવાના હતા તેની સજાવટ થોડીઘણી જ કરવામાં આવી હતી. આ કામ એટલુ ખૂબીથી કરવામાં આવ્યું હતું કે જાનૈયા અને કન્યાપક્ષના લોકો જુદા જુદા તરી આવતા હતા.

બધી તૈયારી પૂરી થઈ ગઈ તો વરરાજાના ભાઈએ પોતાની પાસે બેઠેલા પંડિતજીની રજા માગી. પંડિતજીએ ભારે પ્રેમથી કહ્યુ : "તથાસ્તુ." પંડિતજી જિંદગીની સીડીના છેલ્લા પગથિયાં પર ઊભેલા હતા. એની કમર ઝૂકી ગઈ હતી અને ધડનો ઉપરનો ભાગ આગળ નમી ગયો હતો અને એ ચાલે ત્યારે તો લાગતું હતું કે જાણે એ ધરતીને નમસ્કાર કરી રહ્યા હોય. એની ખૂંધ પણ ઢળીને જાંઘ સુધી પહોંચી ગઈ હતી. ગાલ અને આંખો નીચેનું માંસ પણ લબડી ગયું હતું અને માથા પરની ચામડી કયાંક કયાંક માથાથી છૂટી પડી ગયેલી લાગતી હતી.

તબલામાં વાદળોનુ ગર્જન સંભળાવા માંડયું અને એ સાથે જ વાદળમાંથી ચન્દ્રમા નીકળ્યો. અનવરજાનના પહેલા ગીતે એવો રંગ જમાવ્યો કે લોકો સ્તબ્ધ બની ગયા.

કમર લચકાવતી, ચોટલો ઝુલાવતી અને મોટી મોટી આંખોથી કામોત્તેજક તીર ચલાવતી અનવરજાન જે દિશામાં જાય ત્યાં જાણે આફત ઊતરી આવતી હતી. એણે કવ્વાલી શરૂ કરી :

"तमाशा तेरी कुन्द का
ऐ मसीहा हम भी देखेंगे ।
किं मुर्दा होते हैं कितने
ये ज़िंदा, हम भी देखेंगे ।।

એની અદાએ સૌને પાગલ બનાવી મૂકયા. પણ વરરાજાના ભાઈ અને પંડિતજી પર તો જાણે ઈશ્કની વીજળી જ પડી. હવે એ અનવરજાન તિરછી નજરે એ પણ જોઈ રહી હતી કે એનાં તીરોના વરસાદથી કોણ કોણ ઘાયલ થયું હતું, કોને સાધારણ ચોટ લાગી હતી અને કોણ પાણી માગી રહ્યું હતું. પણ એણે જોયું કે પોતાને જ્યાં સફળતાની આશા હતી ત્યાં જ બરાબર ચોટ લાગી હતી અને ત્યાં જ નિશાન લાગ્યું હતું અને ત્યારે તો એણે એ બન્નેની ઉપર વધારે કાતિલ નજર નાખી અને હસતી હસતી ફરી ગાવા માંડી:

"कहा मैंने कि मरतां हूँ,
किया अफसोस कातिल ने
कि कल मरना है आज मरजा
जनाजा हम भी देखेंगे।"

વરરાજાના ભાઈ કરમચંદનું દિલ બેકાબૂ થઈ ગયું અને પંડિતજી તો વળી આનાથી યે આગળ જઈ પહોંચ્યા. કરમચંદે દસ રૂપિયાની નોટ કાઢીને આગળ ધરી. અનવરજાને એ નોટ કંઈક એવી નખરાળી અદાથી પકડી કે કરમચંદ મતવાલો થઈ ગયો. પાસે બેઠેલો વરરાજા મોટા ભાઈની હાલત જોઈ રહ્યો હતો. પંડિતજીનો ઈશારો મળતાં કરમચંદે થોડીક નોટો ધીમેકથી હાથ પાછળ સરકાવીને પંડિતજીના હાથમાં મૂકી દીધી. પંડિતજીએ એકદમ એક નોટ અનવરજાનની સામે ધરી. નોટ પકડતી વેળા અનવરજાને પંડિતજીની આંગળીઓને સહેજ સ્પર્શ કર્યો. બસ, એટલાથી જ પંડિતજીનું દિલ બેકાબૂ થઈ ગયું.

હવે તો બધી બાજુથી રૂપિયાનો વરસાદ વરસી રહ્યો; એટલે સુધી કે અનવરજાનને માટે એ રૂપિયા એકઠા કરવાનું પણ મુશ્કેલ બની ગયું અને એને નાચવા-ગાવાની ફુરસદ જ ન રહી. પંડિતજી અને પછી કરમચંદ તરફ એક અજબ કટાક્ષ ફેંકીને એણે પાછું ગાવા માંડયું:

"जरा तीरे नज़र फेंको,
जिगर और दिल भी हाजर है।
कि कैसे मारते हो तुम
निशाना हम भी देखेंगे।"

પંડિતજી બેબાકળા બની ગયા અને વાહવાહ કરી ઊઠયા અને હાથ આવી તે બધી નોટ એણે છૂટે હાથે અનવર તરફ ફેંકી. કરમચંદ પણ વળી કયાં

ઓછો હતો ? એણે વળી નવ્વા પર દસ્સો ફેંકયો. આ ઉદારતા જોઈને લોકો ખુશ થઈ રહ્યા અને અનવરજાનની અનોખી તાકાતના વખાણ કરી રહ્યા.

હવે અનવરજાને બીજી ગઝલ શરૂ કરી:

"साकिया घनघोर पर
काली घटा छाई न हो।
मैं कि प्याली बन के दुल्हन
बाग में आई न हो।"

સાથે જ એણે શીશામાંથી શરાબ ગ્લાસમાં રેડીને વહેંચવાનું શરૂ કર્યું. આની શરૂઆત પંડિતજીથી થઈ. "વાહ! વાહ! સુભાન! શું કહેવું? શાબાશ!"ના અવાજો ગૂંજી ઊઠયા.

એક તરફ શરાબનો દોર, સંગીતની ધૂમ અને બીજી તરફ રૂપિયાનો ખણખણાટ. શરાબનો તો કોઈ હિસાબ નહોતો. નાનાથી માંડીને મોટા અને ગરીબથી માંડીને અમીર સુધી સૌને ધરાઈ જવાય એટલી શરાબ મળી. બિલાડીએ ગ્લાસ નમાવ્યો તો ઉંદરોને પણ જરા પી લેવાનું મન થયું.

આજ સુધી જેણે શરાબ નહોતી પીધી એવા લોકો પણ એ ચીજને મફત વહેંચાતી જોઈને રહી શકયા નહિ. એ લોકોએ પણ ખૂબ ગળાં ભીંજવી લીધાં. કન્યાપક્ષના મોરમુગટ સરદાર પાલાસિંહ અને એના કેટલાયે સાથીઓ ત્યાં હાજર હતા અને આપણા ગ્રંથીસાહેબ પણ એ મંડળીમાં શોભી રહ્યા હતા.

જાટો શરાબના નશામાં ઝૂમી રહ્યા હતા. શમિયાણાની પાછળથી અવાજ આવ્યો: " "पंजाबी दा कोई चोंदा-चोंदा[1] गाण हो जावे"

અનવરજાને પંજાબી ગીત શરૂ કર્યું:

---

1 એકાદું લહેજતદાર પંજાબી ગીત થઈ જાય.

"मैंनू कमली कमली आखदे
कमलो वाला तूं
मेरे दिल कोलों पुच्छ के देख लै
बहुत निहाला तूं
हुण कलियां सेज बिछानी आं
भर भर जाम पिलानी आं
मैं साकी मैखाने दी
बण मतवाला तूं ।"[1]

ગીત ગાતી ગાતી અનવરજાન અસલી રૂપમાં મયખાનાની સાકી બની. એવે વખતે એવો અભાગી કોણ હોય જે એના હાથનો જામ પીને મતવાલો ન બને?

પાલાસિંહ અને એના સાથી તો આમેય શરાબના કીડા હતા. પણ ભાઈજીને તો ક્યારેય એક છટાંક કે અર્ધા પાવ કરતાં વધારે નસીબમાં નહોતી. એવો મજાનો મોકો આજે મળ્યો હતો જેમાં પીવાની તો ઠીક પણ નહાવાની યે છૂટ હતી. તેથી જ તો ભાઈજીએ ખૂબ દાબીને શરાબ પીધી.

કરમચંદ અને પંડિતજીને તો એમ લાગવા માંડ્યું કે આ સંસારમાં એમનું આગમન આજે જ સફળ થઈ રહ્યું હતું. બીજાને તો અનવરજાન ગ્લાસ ભરી-ભરીને દેતી હતી પણ આ બન્નેને તો એમના હોઠ પાસે ગ્લાસ ધરીને પિવડાવતી હતી.

ધીરે ધીરે અનવરજાનનાં નખરાં એક કદમ આગળ વધ્યાં. આ વખતે એ જે બે ગ્લાસ ભરીને લાવી હતી તેમાંથી એક એક ઘૂંટડો ખુદ પીને ગ્લાસ એ લોકોના હોઠ આગળ ધરી દીધા. અને તે પણ કેવી અદાથી? બન્ને જણા બિલકુલ ઘાયલ થઈ ગયા.

હળવે હળવે જલસાનો રંગ પલટાઈ ગયો. જોવા આવેલા સૌ કોઈ બીજી જ દુનિયામાં પહોંચી ગયા હતા. કોઈ આંખો મીંચીને ઝૂમી રહ્યું હતું, તો કોઈ અનવરજાનની સાથે અવનવા અધૂરા શબ્દોમાં પ્રેમ-પ્રલાપ કરી રહ્યું હતું. પણ આમાં સૌથી વધારે લોકો તો એવા હતા, જેમણે સુધબુધ જ ગુમાવી દીધી હતી.

---

[1] લોકો મને ઘેલી કહે છે પણ હું તો તારી પાછળ ઘેલી છું. મારા દિલને પૂછી જો. તું બહુ નિરાશ થઈશ કે હવે હું કળીઓની સેજ બિછાવી રહી છું અને મયખાનાની સાકી બનીને ભરી ભરીને જામ પાઈ રહી છું.—તું મતવાલો બની જા.

અનવરજાને આખરે પોતાની લીલા સમેટી લીધી અને સાજિંદાઓને સાજ બાંધવાનો ઈશારો કર્યો. સારંગીએ આજે ધાર્યા કરતાં ઘણું વધારે કામ બજાવ્યું હતું. રૂપિયા અને નોટોથી એ ધરાઈ ગઈ હતી. સાજિંદા પોતપોતાનો સામાન ઉપાડીને એમને ઉતારો મળ્યો હતો તે મેડીએ જતા રહ્યા અને શ્રોતાજનો પણ ડોલતા ડોલતા ઊઠયા. જે લોકોએ વધારે પડતી શરાબ પીધી હતી એ ત્યાં જ પડયા રહ્યા.

[25]

રાતે આઠ વાગ્યે બચનસિંહ રવાણી ગામમાં સુંદરીને ઘેર પહોંચ્યો તો નિરાશામાં એની હાલત અજબ થઈ રહી હતી. એના હાલ જોઈને સુંદરી બહુ ગભરાઈ ગઈ અને પ્રેમથી એનો હાથ પકડીને બોલી: "કેમ, શું છે? ઠીક તો છો ને?"

એક ઠંડો શ્વાસ લઈને બચનસિંહ ખાટલા પર બેઠો અને બોલ્યો: "સુંદરી, મને નિષ્ફળતા જ સાંપડી." આ પછી આગલે દિવસે એ કેવો ઘૂમતો રહ્યો અને બધી જગ્યાએ એને કેવું અપમાનિત થવું પડયું તે કહી સંભળાવ્યું. ત્યાર પછી એણે આજના મુજરાની અને દીવાનપુરમાં શરાબની કેવી નદીઓ વહી હતી અને સોનાચાંદીનો કેવો વરસાદ વરસ્યો હતો તેની વાત કરી.

સુંદરીનો ગુલાબી ચહેરો પીળો પડી ગયો. બન્નેએ માથે લીધેલાં કામમાં એ પોતાના પ્રિયતમને બિલકુલ મદદ કરી શકતી નહોતી અને બચનસિંહ એકલો જ પોતાની ગરદન તોડી રહ્યો હતો એ વિચારે એ પરેશાન થઈ રહી.

ઘણા વિચાર પછી સુંદરીને એક વિચાર સૂઝયો અને તેનાથી એની ચિંતા અમુક અંશે દૂર થઈ. એના ચહેરા પર આનંદની ઝલક આવી ગઈ. અનાયાસ જ એ બોલી ઊઠી: "અચ્છા, તો હવે મારો વારો."

"તમારો?" બચનસિંહ મૂંઝાઈને બોલ્યો. "આ કામને તમે શી રીતે સુધારવાનાં હતાં? આટલા દિવસની કોશિશ પછી પણ જે કામ મારાથી ન થયું તેમાં તમે શી રીતે ફાવશો?"

સુંદરી હિંમતથી બોલી: "ન ફાવું તોયે શું થઈ ગયું? હું પણ પાછી આવી

જઈશ. આપણે તો કોશિશ કરીએ. તેમાં સફળતા આપવી કે નહિ તે તો વાહેગુરુજીના હાથમાં છે."

"ના, સુંદરી. આવા જોખમકારક કામમાં પડવાની સલાહ હું નહિ આપું."

"સાંભળો તો ખરા!"

"હા."

"મને એક ઉપાય સૂઝ્યો છે."

"શો?"

"ડાળખીઓ છોડીને થડને જ હાથમાં લીધું હોય તો?"

"એટલે?"

"એટલે એમ કે જઈને વેશ્યાને જ કાં ન સમજાવવી?"

અધીરાઈથી હસીને બચનસિંહ બોલ્યો: "વાહ સુંદરી! જે મંત્રથી મધપુડો કાબૂમાં આવતો નથી તેનાથી તમારે સાપ પકડવો છે? ભલા એવું તે કદી બની શકે?"

"બંદૂકની જે ગોળીથી માણસ એક સસલું પણ ન મારી શકે એ જ ગોળી ક્યારેક શેરને મારવામાં કામ આવી જાય એવુંયે બને. તમે મને રજા તો આપો."

"અચ્છા. તમારી એ જ મરજી હોય તો તમને નહિ રોકું. પણ આ તો પાણી વલોવવાની વાત છે."

"જે હોય તે."

"બહુ સારું. જેવી તમારી મરજી."

"તો ચાલો અત્યારે જ મને દીવાનપુર લઈ જાઓ. હું પણ એક વાર મારી તાકાત અજમાવી જોઉં."

"પણ આટલી રાત ગયે પાછાં કેવી રીતે આવશો?"

"પાછા આવવાની જરૂર નથી. બાકીની રાત તમારે ઘેર જ રહી જઈશ."

"ઠીક, તો ચાલો," કહીને બચનસિંહે સુંદરીને સાથે લીધી અને બન્ને દીવાનપુર જવા નીકળ્યાં.

[26]

રાતના દસ વાગી ગયા હતા. અનવરજાનની મેડીએ હજુયે ઘણા ભદ્ર પુરુષોની ભીડ હતી, પણ એણે માથું દુખવાનું બહાનું કાઢીને ઘણા લોકોને દૂર રાખ્યા હતા. નોકરાણીએ બારણું બંધ કરીને અનવરજાનનું બીછાનું પાથર્યું અને એ જઈને સૂઈ ગઈ.

હજુ એની આંખ મળી જ ન હતી ત્યાં નીચે બારણું ખખડ્યું, કંટાળીને એ બબડી : "કમબખ્તો સૂવાએ દેતા નથી. માંડ પેલા લોકોને કાઢ્યા હતા."

પહેલાં તો મનમાં આવ્યું કે નોકરાણી પાસે કહેવડાવી દઉં કે એ સૂઈ ગઈ છે પણ પછી એણે નોકરાણીને બારણું ખોલવા મોકલી જ દીધી.

આગંતુકનાં પગલાં સાંભળીને અનવરજાન બેઠી થઈ ગઈ. ત્યાં તો એણે જોયું કે નોકરાણીની પાછળ સોળ-સત્તર વર્ષની એક યુવતી આવી રહી હતી. પાતળી, લાંબી વેલ જેવી અને અત્યંત રૂપાળી. અનવરજાનને વિચાર થઈ પડયો : 'આ છોકરીને અહીં શું કામ હશે?' આદરથી છોકરીને પાસે આવવાનો ઈશારો કર્યો અને કહ્યું : "આવ બેટી. અત્યારે આવી વેળાએ કયાંથી આવી?" પોતાને માટે 'બેટી' શબ્દ એણે કદાચ આખી જિન્દગીમાં પહેલી વાર સાંભળ્યો હતો. બાળપણના દિવસોમાં સુંદરી બીજાં છોકરાંની મા એમને 'પુત્તર' અને 'બચ્ચી' કહીને બોલાવતી એ સાંભળીને ત્યારે એને દિલમાં કંઈક થઈ જતું. એને થતું : 'મારે મા હોત તો એ પણ મને આમ જ બોલાવતી હોત.' જન્મી ત્યારથી જ જાણે એના કાન આ નાનો શો શબ્દ સાંભળવાને બેચેન હતા. જે ખ્યાલો સાથે એ દાદર ચડી હતી તે તો આ 'બેટી' શબ્દ સાંભળતાં જ આગ સળગતાં ધુમાડો ગાયબ થઈ જાય તેમ અલોપ થઈ ગયા હતા.

રસ્તામાં એ વિચાર કરતી આવી હતી કે નારીજાતિના ગૌરવને માટીમાં ભેળવી દેનારી એ કુટિલ વેશ્યાની સામે કેમ કરીને જવું? અને જેના ઘરની એકેએક ચીજ પાપ અને દુરાચારથી લીંપાયેલી છે તેને હાથ કેમ લગાડવો? એણે નક્કી

કર્યું હતું કે દૂર ઊભી ઊભી જ એ વેશ્યાની સાથે વાત કરશે. પણ હવે એ આપો-આપ જ ખાટલા પર નજીક ખેંચાઈ આવી.

ત્યારે અનવરની નોકરાણી એના ઓરડામાં જતી રહી હતી. સુંદરી ચુપચાપ ઊભી રહી. અનવરજાને ફરીથી પૂછ્યું: “બચ્ચી, મારું કંઈ કામ હતું?”

આ પહેલા જ શબ્દે સુંદરીના હૃદયને સ્પર્શ કરી લીધો! એની ઘૃણા દૂર થઈ ગઈ. બીજી વાર ‘બચ્ચી’ શબ્દ સાંભળતાં સુંદરીના દિલમાં પ્રેમનું એક દ્વાર ખૂલી ગયું હતું. માથું ઝુકાવીને એણે કહ્યું: “હા માજી, કામ હતું.”

અનવરજાનને એની અદા બહુ ગમી. આ ‘માજી’ શબ્દે જાણે એના કાનમાં મિસરી ઘોળી દીધી. સુંદરીનો હાથ પકડીને એને ખાટલા પર બેસાડતાં એ બોલી: “બોલ.”

સહેજ પણ સંકોચ વિના સુંદરી ખાટલા પર બેસી ગઈ, અને એના તરફ નજર માંડતાં બોલી: “માજી, એક અરજ કરવા આવી છું. પણ...”

એ ચુપ થઈ રહી. અનવરજાન એના ચહેરા પર એક વેધક નજર નાખીને એના મનની વાત પામવા મથી રહી, પણ એ કંઈ જ સમજી શકી નહિ. હાથ આગળ કરીને સુંદરીની પીઠ પંપાળતાં એણે કહ્યું: “બોલ બચ્ચી, બોલતી કેમ નથી?”

વેશ્યાના જે હાથને એ અપવિત્ર અને ઘૃણિત માનતી હતી એ જ હાથનો શરીરને સ્પર્શ થતાં એ આત્મીયતાની મીઠી હૂંફ અનુભવી રહી. સુંદરીએ એનો બીજો હાથ પોતાના બન્ને હાથમાં પકડી લીધો અને એના પર માથું ટેકવીને બોલી: “માજી! મારું કામ બહુ અઘરું છે. મને કહેતાં પણ શરમ આવે છે.”

અનવરજાને હળવેકથી પોતાનો હાથ સુંદરીના હાથમાંથી છોડાવી લીધો અને કમરેથી એને પોતાની બાથમાં લેતાં કહ્યું: “ના, મારી બેટી, શરમાય છે શા માટે? તું જે કહીશ તે હું માની લઈશ.” પણ અનવરજાન આ કદાચ ઉતાવળમાં કહી ગઈ હતી. પછી એને થયું કે કંઈ પૂછયા-કારવ્યા વિના એની વાત માની લેવાની તૈયારી નહોતી બતાવવી જોઈતી.

સુંદરી એની લગોલગ બેઠી હતી. એ બોલી: “માજી...” એ વધારે કંઈ બોલી શકી નહિ. “માજી” શબ્દ બોલતાં જ એને એવું લાગ્યું કે જાણે એ અમૃતનો

ઘૂંટડો પી રહી છે અને એની રગેરગમાં પ્રેમ અને વાત્સલ્યની ઝણઝણાટી વ્યાપી રહી છે. જેમ ફૂલ સૂંઘીને માણસને સંતોષ થતો નથી અને એ ફરી ફરી સૂંઘે છે તેમ સુંદરીને વારંવાર એ શબ્દ ઉચ્ચાર્યા કરવાનું મન થતું હતું. એણે ફરીથી કહ્યું: "માજી."

અનવરજાનને કદાચ એ શું કહી રહી હતી તે સાંભળ્યું નહોતું. એણે તો એમ ને એમ જ એને ખેંચીને પોતાના ખોળામાં બેસાડી અને પ્યારથી એના માથાના વાળને સરખા કરી રહી. થોડી વાર સુધી તો એને ખ્યાલ જ રહ્યો નહિ કે સુંદરી એને શું કહી રહી હતી. કુદરતના કારીગરે ઘડેલું આ નાજુક રમકડું એને બહુ વહાલું લાગતું હતું, અને જેના અભાવમાં એનું અંતર હમેશાં તપ્યા કરતું હતું એ રસ, કદાચ વાત્સલ્ય, એ આ રમકડામાંથી પામી રહી હતી.

સુંદરીએ એની છાતી પર પોતાનું માથું ટેકવી લીધું અને એની આંખોમાં આંખ પરોવીને બોલી: "માજી!"

અનવરજાને ધ્યાનથી જોયું. સુંદરીની આંખો ભરાઈ આવી હતી. તકિયા નીચેથી રૂમાલ કાઢીને એણે આંખો લૂછી અને કોણ જાણે કઈ ઘડીએ અનાયાસ જ એના હોઠ સુંદરીના કપાળને સ્પર્શી ગયા.

સુંદરીના બન્ને હાથ હવે એની કોટે વીંટળાઈ ગયા હતા.

અનવરજાનનું હૈયું ભરાઈ આવ્યું. પછી એને વાત પૂછવાનો ખ્યાલ આવ્યો. સુંદરીની પીઠે પ્રેમથી હાથ ફેરવતાં એ બોલી: "બેટી, શું કહેતી હતી? તું જે કહીશ તે હું માની લઈશ."

આ વાકયની સચ્ચાઈનું એના ચહેરાથી માપ કાઢતાં એ બોલી: "માજી, આ કામ કરતાં તમને નફરત થતી નથી?"

"નફરત?" એની આંખોમાં કંઈક શોધવાની કોશિશ કરતાં અનવરજાન બોલી. "આ કામની મને તારા જેટલી જ નફરત છે."

"તો પછી તમે એ છોડી દેતાં કેમ નથી?"

"કારણકે આ દુનિયામાં મારે બીજું કોઈ ઠેકાણું નથી."

અનવરજાનની આંખમાંથી એક નિર્દોષ અપરાધીના જેવા ભાવ પ્રગટી રહ્યા.

"એટલે?"

"એનો અર્થ તું નહિ સમજી શકે, બેટી."

"કેમ માજી?"

"કદાચ તું હજુ કુંવારી છે, બરાબર?"

"હા," સુંદરીએ આંખો ઢાળી દેતાં કહ્યું.

"એટલે જ તો કહું છું કે મારી હાલત તને સમજાશે નહિ, ન તો તેનાં કારણ પણ તારી સમજમાં આવશે. જે સ્ત્રી પરણેલી હોય અને પાલખીમાંથી નીકળતા જ વિધવા બની હોય; વિધવા બનતાં જ જેને ઘરવાળાંએ દૂધમાંથી માખી કાઢીએ તેમ કાઢી મૂકી હોય અને કાઢી મૂકીને યે પાછી બદમાશો, ધૂર્તો અને શેતાનોની દુનિયામાં ધકેલી દીધી હોય-"

આ કહેતાં કહેતાં અનવરજાનના ચહેરા પર વિદ્રોહ અને હિંસાના ભાવો પ્રગટી ઊઠયા. એના કપાળ પરની નસો ફૂલી ગઈ અને આંખોમાં જાણે લોહી ઊતરી આવ્યું.

સુંદરી એવી તો ડરી ગઈ કે જાણે ભૂખી વાઘણ ગરજી રહી હોય. એનું દિલ ધડકી રહ્યું, નજર ચૂકવીને એને ત્યાંથી નાસી છૂટવાનો વિચાર આવ્યો. અનવરજાનના શબ્દોમાંથી આગ વરસી રહી હતી: "જ્યાં ડગલે ને પગલે ઈન્સાનના રૂપે ધોખાબાજી, બેઈમાની, મિત્રદ્રોહ અને નિર્લજ્જતા બોલી રહી હોય, જ્યાં મારા જેવી એક કમનસીબને માટે રોટીનો ટુકડો મેળવવા પોતાનો નારીદેહ વેચી દેવા સિવાય બીજો કોઈ ઉપાય ન રહ્યો હોય, જ્યાં કોઈ બાપ તો કોઈ ભાઈ બનીને મારા જેવી બેઘર સ્ત્રીની ઇજ્જત સાથે ખેલવાની ઈચ્છા રાખતો હોય, જ્યાં માના દિલના ટુકડાને ... આહ, દૂધપીતી બચ્ચીને એની માની છાતીએથી આંચકી લઈને એને કાગડા-કૂતરાની સામે ફેંકી દેતાં કોઈને વિચાર ન આવતો હોય એવી આ દુનિયામાં આ ધંધા સિવાય બીજું શું બાકી રહે છે? કદાચ હમણાં જ મેં કહ્યું કે આ ધંધાની મને સૂગ છે ... ના, ના, મને આ ધંધાની બિલકુલ સૂગ નથી. જેની મહેરબાનીથી મોટા મોટા અમીર અને પ્રતિષ્ઠિત માણસો, મોટા મોટા નેતાઓ મારે આંગણે આવીને સલામ કરે છે, એ કામની મને શા સારુ સૂગ હોય? હું તો આ ધંધાને ચમત્કાર અને ઈશ્વરની મહેર – બધું જ માની લઉં છું. આ ધંધામાંથી મને શું નથી મળ્યું? ઇજ્જત,

દોલત, એશ, નામના–બધું જ મળ્યું છે. ફક્ત એક જ વાતે હું કમનસીબ રહી ગઈ છું–ફક્ત મારી એ બચ્ચી–સૂતકના દિવસોમાં જ કોઈક જાલિમ, કોઈક, શેતાન, દગો કરીને ...... ઉફ઼ ! કેવી આગ ઊઠી રહી છે મારા દિલમાં ! હું... હું... એ... હું ચ્ટું લોકો ... ઓહ ! ઓહ ! ... " કહેતાં કહેતાં અનવરજાન એવી રડી પડી કે લાગ્યું કે એનું શરીર ફાટી પડશે અને ટુકડેટુકડા થઈ જશે. તકિયા પર એ ઊંધે મોંએ પટકાઈ પડી અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

આ જોતાં સુંદરીનું મન ભમવા માંડયું. ભય અને મૂંઝવણમાં એની આંખની સામે તારા ઘૂમવા લાગ્યા અને કંઈ પણ કહ્યા-સાંભળ્યા વિના, નિષ્ફળતાના થાકથી લોથ થઈને એ અનવરજાનને એવી ને એવી હાલતમાં છોડીને દાદર ઊતરી ગઈ.

નીચે ઊતરીને એ જ્યાંથી આવી હતી એ તરફ જ પાછી વળી ગઈ. પણ દસપંદર ડગલાં ચાલીને એ વળી અટકી, ફરી પાછી ક્યારે એ અનવરજાનના બારણા સામે આવીને ઊભી તેનો તો હવે એને ખ્યાલ પણ રહ્યો નહિ. એ શી રીતે બન્યું તેની એને ખબર નહોતી.

દાદરનું આગળનું બારણું હજુ ખુલ્લું હતું. અંદર પગ મૂકતાં જ એ કોઈકની સાથે અથડાઈ પડી અને ડરનું માર્યું કોઈ માસૂમ બાળક ઊંઘમાં પોતાની માને વળગી પડે તેમ સુંદરી એને વળગી પડી.

સુંદરી જતી રહી પછી અનવરજાન એમ ને એમ પોતાનો ધૂંધવાટ આંખો વાટે કાઢી રહી હતી અને પછી તકિયા પરથી માથું ઊંચું કરીને એણે નજર દોડાવી તો છોકરી ત્યાં હતી નહિ. અનવરજાનનું તો જાણે કોઈએ કલેજું જ કાઢી લીધું હતું. કારણ વિના જ એ દાદર ઊતરી ગઈ હતી. નીચે ઊતરતાં જ એ અંધારામાં બહારથી આવી રહેલી કોઈ ચીજની સાથે અથડાઈ પડી. એ જ ચીજ હવે એને વીંટળાઈ વળી હતી. એ તો એ જ છોકરી, સુંદરી હતી.

બન્ને ચુપચાપ દાદર ચડીને ઉપર આવી ગઈ. થોડીવાર પછી તો સુંદરી અનવરજાનની ગોદમાં હતી. સહેજ અટકીને એની આંખોમાં આંખ માંડીને અનવરે પૂછ્યું : "તારું નામ શું, બેટી ? "

"સુંદરી."

"તું ક્યાં રહે છે બેટી, કોણ જાણે કેમ મારું દિલ તને મહોબ્બત કરી રહ્યું છે. નીચે બારણા પાસે જ ન મળી હોત તો દૂર સુધી મારે તારી પાછળ આવવું પડત. હા, તારો બાપ શું કરે છે, બેટી ?"

સુંદરીએ કહ્યું : "એ ચઢાઈ[1] કરી ગયો છે."

"શું કામ કરતો હતો ?"

"એ મદારી હતો."

"મદારી ? વાંદરાના ખેલ કરનારો ?"

"જી."

આનવરજાને ફરી એક વાર એના ચહેરા સામે જોયું. એ વિચારી રહી હતી કે મદારીના ઘરમાં આવું રૂપ ? પછી એણે પૂછ્યું : "અને તારી મા ?"

"મારે મા નથી."

"ઓહ, બિચારી અનાથ બચ્ચી ! પુત્તર ! તારી માને મર્યાને કેટલો વખત થયો ?"

"ખબર નથી."

"ખબર નથી ?"

"મારે કોઈ મા હતી જ નહિ."

આ સાંભળીને આનવર હસી પડી અને પછી બોલી : "બચપણમાં જ મરી ગઈ હતી ?"

"ના."

"તો પછી ?"

"એ હતી જ નહિ."

"તો પછી તું જન્મી ક્યાંથી ?"

"હું જન્મી નહોતી." એકદમ સુંદરીના મોંમાંથી નીકળી ગયું. પણ પોતાના

[1]મરી ગયો છે.

આ મૂર્ખાઈભર્યા જવાબ પર એ શરમાઈ ગઈ. એણે કહ્યું: "ના, સાચે જ. બાબા મને ઝાડી નીચેથી ઉપાડી લાવ્યા હતા."

અનવરના ચહેરા પર કેટલાયે ભાવપલટા જોઈને સુંદરીને થયું કે પોતે એની ઊંઘ બગાડી રહી હતી. હવે જવું જોઈએ. ઊઠતાં ઊઠતાં એ બોલી: "અચ્છા માજી, હવે મને રજા આપો. મેં તમારો બહુ વખત બગાડ્યો. કદાચ તમે પરેશાન થઈ રહ્યાં છો. ફરી કોઈ વાર મળીશ."

અનવરે હાથ પકડીને એને બેસાડતાં કહ્યું: "પુત્તર! એ તને કયે ગામેથી શોધી લાવ્યો હતો?"

સુંદરીએ કહ્યું: "કોઈ દૂરને ગામેથી નહિ. આ જ ગામની બહાર એની ઝૂંપડી પાસેથી જ લઈ આવ્યો હતો."

આ પછી સુંદરીએ ઠેકાણું કહ્યું અને એક એક કરીને આજ સુધીની ઘટનાઓનું બયાન કર્યું. એણે અનવર સામે જોયું તો એ બેફાટ રડી રહી હતી, અને હીબકાં લઈ રહી હતી.

સુંદરીને થયું કે એનાયે કોઈક દીકરા કે દીકરીના એવા હાલ થયા હશે; કે કોઈક ગુમ થઈ ગયું હશે. ખૂબ પ્રેમથી બાથમાં લઈને એણે કહ્યું: "માજી, તમે કેમ રડો છો?"

આવનર વધારે ધીરજ રાખી શકી નહિ. એ જોરથી સુંદરીને ભેટી પડી. રડતાં રડતાં એ બેહાલ થઈ ગઈ. એ કંઈક કહેવા માગતી હતી પણ એના ગળામાંથી અવાજ બરાબર નીકળતો નહોતો. મહામુશ્કેલીએ એ બોલી: "હું જ તારી મા છું. મારી પાસેથી ઝૂંટવી લઈને તને જંગલમાં ફેંકી દેવામાં આવી હતી."

"ખરેખર!" કહેતાં તો સુંદરી જાણે બેભાન બનવા માંડી. આ પછી કેટલીયે વાર સુધી બન્નેએ એકબીજાને વળગીને રડયાં કર્યું.

બન્નેની આંખમાં એક પણ આંસું બાકી રહ્યું નહિ ત્યારે મદમત્ત હાલતમાં કોણ જાણે કેટલીયે વાર સુધી બન્નેએ એકબીજાની સામે જોયાં કર્યું. પછી સુંદરીના હૃદયમાંથી પ્રેમની સરિતા વહી નીકળી અને ચીસ પાડીને એ અનવરને ભેટી પડી અને બોલી: "માજી ... તમે ... તમે ...."

પણ ત્યારે અનવરજાને જવાબ ન આપ્યો. એને કોણ જાણે શું સૂઝ્યું કે એ એકદમ ઊભી થઈ ગઈ અને સુંદરીની બાથમાંથી પોતાની જાતને છોડાવીને થોડાં ડગલાં પાછળ ખસી ગઈ, અને બોલી: "ઓહ, મારી બચ્ચી! મારા આ અપવિત્ર અને ગુનેગાર શરીરને અડકીને તેં કેવી મોટી ભૂલ કરી! કમનસીબ માની બચ્ચી! હું ખરાબ છું. મારો તિરસ્કાર કર. મારી પવિત્ર બચ્ચી! જ્યાં એકેએક વસ્તુ ગુનાઓની ગંદકીથી ખરડાયેલી હોય ત્યાં એક પળ પણ ઊભા રહેવાનો તને હક નથી. બસ, વહેલામાં વહેલી તકે અહીંથી ..." આ સાથે જ બન્ને પોતાનું મોં ઢાંકીને એવી રીતે એ સંકોચાતી ગઈ કે જાણે હવા બનીને ઊડી ન જવું હોય! હમણાં હમણાં એના દિલમાં જે પ્રેમની લહેરો ઉમટીને એને ભાવવિભોર કરી રહી હતી તેને બદલે હવે એના દિલમાં શરમ, ગ્લાનિ અને પશ્ચાત્તાપ હતાં. પોતે એક વેશ્યાની દીકરી છે એ જાણીને આજે એની બેટીના મનમાં શું થતું હશે એ વિચારે પાગલની જેમ દોડીને એક ખૂણામાં સંતાઈ ગઈ અને વિલાપ કરી રહી.

થોડી વાર સુધી તો પોતે શું જોઈ રહી છે તેનો સુંદરીને ખ્યાલ જ રહ્યો નહિ. એ બધું એને સ્વપ્ના જેવું લાગતું હતું. વળી પાછો એને અનવરનો અવાજ સંભળાયો. પાગલની જેમ એ એવી જાતનો બડબડાટ કરી રહી હતી જાણે કોઈ પરીક્ષામાં નાપાસ થનાર બાળક માબાપનો ગુસ્સો ટાળવા પોતાની જાતને બેકસૂર બતાવવાનો પ્રયત્ન કરી ન રહ્યું હોય! એનો સ્વર કાંપી રહ્યો હતો.

સુંદરીની તરફ બન્ને હાથ ફેલાવીને હીબકાં લેતાં એ કહી રહી હતી: "ના, ના બેટી, એમાં મારો બિલકુલ વાંક નથી. જાણીબૂઝીને મેં કંઈ જ કર્યું નથી. એ બધું બીજા કોઈએ મારી પાસે કરાવ્યું છે. એ બધું તું સાંભળીશ તો તને પોતાને જ ખાતરી થશે કે હું બેકસૂર છું."

સુંદરીના શરીરનું માંસ કાપી કાપીને જાણે કોઈ ટુકડા કરી રહ્યું હતું. એના હૈયામાં જાણે બરછીઓ ચાલી રહી હતી. એ દોડતી અનવર પર જઈ પડી અને એને સંભાળતાં બોલી: "માજી, તમે બેકસૂર છો તે વિશે મારા મનમાં બિલકુલ શંકા નથી. પણ એ તો કહો કે કયા જાલિમે તમને આ હાલતમાં લાવી મૂકયાં?"

બેટીના સવાલનો જવાબ આપવા અનવર જરા સ્વસ્થ થઈ. પહેલાંની જેમ જ આવીને એ ખાટલા પર બેસી ગઈ. તે પછી એણે શરૂઆતથી માંડીને પોતે ચકલા

જેવડી બચ્ચીને જંગલમાં છોડીને જતી રહી હતી એ દિવસ સુધીની આખી યે વાત કહી સંભળાવી.

એ સાંભળતાં સુંદરીના દિલમાં આગ ભડકી ઊઠી. જે સમાજના અત્યાચારથી એનું રોમેરોમ દુ:ખી હતું, જે સમાજે એના પ્રેમીને અને ધર્મપિતાને સતાવ્યા હતા એ જ સમાજે પોતાની સ્નેહમયી માતાના આ હાલ કર્યા હતા તે સાંભળીને સુંદરી પગથી માથા સુધી સળગી ગઈ. એ વખતે બચનસિંહના બધા ઉપદેશો એના મનમાંથી ગાયબ થઈ ગયા. એને માટે ત્યાં બેસવાનું મુશ્કેલ બની ગયું. ઊભી થઈને એ વરાળ ભરેલા ઍન્જિનની જેમ જોરથી શ્વાસ લઈ રહી. એનું શરીર ધ્રૂજી ઊઠ્યું. પણ હજુ વાત સાંભળવાની બાકી હતી, એ વિચારે પોતાની જાતને સંયમમાં રાખવાનો પ્રયત્ન કરતાં એ બેસી ગઈ અને બોલી: "પછી શું થયું, માજી?"

અનવરે કહેવા માંડ્યું: "બચ્ચી, તારા એ નાના સરખા લોચાને માટે મારા દિલમાં કેટલો પ્યાર હતો તે કહેવાની મારામાં શકિત નથી. સમડી અને ગીધડાંનો ખોરાક બનાવવા જ તને ખુલ્લા આસમાનની નીચે ફેંકી દેવામાં આવી હતી. તારો જાલિમ બાપ(તારાચંદ) મને બીમાર હાલતમાં છોડીને ચાલી ગયો ત્યારે ઘરમાં એક પૈસો પણ હતો નહિ અને રસોઈનાં બેચાર વાસણ સિવાય ઘરમાં બીજી કોઈ ચીજવસ્તુ નહોતી. બાકીનું બધું તો એ પહેલેથી જ સાફ કરી ચૂકયો હતો."

સુંદરીએ જોયું કે તારાચંદનો ઉલ્લેખ કરતી વખતે ખૂન કરતાં પહેલાં ખૂનીના ચહેરા પર આવે એવા જ ભાવ અનવરના ચહેરા પર આવી જતા હતા; એ હાંફતી હતી અને એની છાતી લુહારની ધમણની જેમ ફૂલી રહી હતી; એટલે સુધી કે બોલતાં બોલતાં એ મૂળ મુદ્દો જ ભૂલી ગઈ હતી. ઊઠીને એણે એક ગ્લાસ પાણી પીધું અને બોલી: "એ જતો રહ્યો અને હું બેચેન બનીને પગ ઘસતી રહી. રાતના લગભગ બે વાગ્યા હતા. દૂર દૂર સુધી હિન્દુઓનું એકે ઘર નહોતું. બાજુની છત કૂદીને મુસલમાન બાઈઓ આવી. કદાચ એ લોકોએ મારા ઘરમાં બાળકના રડવાનો અવાજ સાંભળ્યો હતો. એમનું ભલું થાય કે એમણે આવીને મારી સંભાળ લીધી. જીવ કમબખ્ત એવો ધીટ હતો કે આટલું વીતી ગયું છતાં તે નીકળી ગયો નહિ અને હું બચી ગઈ. એમાંની જ એક બાઈ દાયણનું કામ પણ જાણતી હતી. એણે દિલ દઈને મારી સેવાચાકરી શરૂ કરી.

"બીજે દિવસે એ બાઈઓના મરદોએ જઈને એક હિન્દુ મહોલ્લામાં ખબર કરી અને મહોલ્લેદારને પણ સાથે લઈ આવ્યા. પણ એ મારી પાસે પહોંચ્યો

ત્યારે—મારાં નસીબ ખોટાં તે જે મુસલમાનની બીબીએ મને બચાવી હતી—એણે કહી દીધું કે આ લોકો આગલી રાતથી આ બાઈની સેવા કરી રહ્યા છે. એણે એમ પણ કહ્યું કે પહેલાં તો મારી બીબીએ આ બાઈના મોઢામાં પાણી રેડીને એને ભાનમાં આણી હતી અને પછી ગરમ દૂધ અને કેટલીયે ચીજો આપી ત્યારે એનો જાન બચ્યો છે.

"આ સાંભળતાં જ મહોલ્લેદાર કાને હાથ દઈને ત્યાંથી ભાગ્યો. જતાં જતાં કહેતો ગયો: 'મુસલમાનોના હાથનું ખાઈપીને હવે એ અમારાં આંગણાંમાં પગ મૂકી શકે નહિ. એનો ધર્મ ભ્રષ્ટ થઈ ગયો છે.'

"બિચારા મુસલમાન તો હેબતાઈ જ ગયા, અને પોતાનાં કર્યાં પર પસ્તાઈ રહ્યા. ત્યાં સુધીમાં મને ઠીક ઠીક હોશ આવી ગયા હતા. એક તો પહેલેથી જ મારી સાથે લોકોનું આવું વર્તન હતું; તેમાં વળી ચૌધરીની નિર્દયતાઓ તો મારા દિલને વધારે પથ્થર બનાવી દીધું. એટલે મેં જોશમાં આવીને કહ્યું: 'ભાઈજી, હિન્દુઓ મને એમના ઘરમાં આશરો નહિ આપે તો તમે પણ મને દસ દિવસ તમારી સાથે નહિ પડી રહેવા દો?'

"એમાંના એક જણે કહ્યું: 'બહેન, દસ દિવસ તો શું તમે દસ વરસ અમારી સાથે રહો. અમારી મા-બહેનો જે લૂખું-સૂકું ખાય છે એ જ સૌથી પહેલાં તમારી સામે હાજર કરીશું. પણ કરવું શું? અમને ફિકર તો એ છે કે અહીં રહેશો તો તમારો હિન્દુ સમાજ વાંધો લેશે.'

"હું ગુસ્સામાં સળગી ઊઠી અને કહ્યું: 'હિન્દુ સમાજ? જે સમાજે મારી ઈજ્જતને ગલીમાં પડેલાં તણખલાં કરતાં પણ હલકી કરી મૂકી છે, જેણે વિના વાંકે મને ધૂળભેગી કરી દીધી છે એ જ સમાજને તમે ઈન્સાનોની જમાત ગણો છો? ના, હું એ સમાજને ધિક્કારું છું અને મરતાં સુધી ધિક્કારીશ. તમારા દિલમાં રબ્બના કોઈ બંદાને માટે દર્દ હોય તો થોડા દિવસ મને અહીં પડી રહેવા દો.'

"આ પછી બીજો એક જણ બોલ્યો: 'બહેન! તું અમારી માજણી બહેન કરતાંયે વધારે છે. અમારું ચાલશે ત્યાં સુધી તને સુખી રાખવામાં કોઈ કસર નહિ રહેવા દઈએ. પણ કરીએ શું? અમે તો મજૂર માણસ છીએ. અને એટલાં ગરીબ છીએ કે તારે માટે કોઈ હિન્દુ રસોયાનો બંદોબસ્ત કરી શકીએ તેમ નથી.' મેં કહ્યું કે એવી કોઈ જરૂર નથી, હું તો તમારા હાથનું રાંધેલું ખાઈશ. હું હિન્દુ ધર્મને ધિક્કારું છું.

"તે દિવસથી એ લોકો એમના ગજાથી ઉપરવટ જઈને મારી સેવા કરવા લાગ્યા. મારું અંતર એમને આશિષ આપી રહ્યું. લગભગ બે અઠવાડિયાં મેં એ લોકોના ઘરમાં જ ગાળ્યાં."

અનવરજાને પોતાનું બયાન ચાલુ રાખ્યું: "તું જન્મી તેના પંદર દિવસ પછી એ જ મહોલ્લેદાર વળી મારી પાસે આવ્યો અને બહુ જ પ્રેમથી કહી રહ્યો: 'બીબી, હું તો તે દિવસથી તારી ચિંતા જ કરી રહ્યો છું. હવે મેં તને દિલ્હીના એક વિધવા-આશ્રમમાં મૂકવાનું નક્કી કર્યું છે. ત્યાં તને બધી રીતે આરામ રહેશે, અને તાલીમ પણ મળશે.'

"પહેલાં તો હું ન માની કારણકે તે દિવસનું એનું વર્તન મને યાદ હતું. પણ મારા મુસલમાન ભાઈઓએ મને બહુ આગ્રહ કર્યો અને છેવટે હું જવા માટે તૈયાર થઈ ગઈ.

"બીજે દિવસે એ આવ્યો અને પોતાની સાથે મને ટાંગામાં બેસાડીને લઈ ગયો. એની ધીરજ અને દિલાસો તેમ જ મીઠાં વચનથી મારા દિલને કંઈક શાંતિ મળી.

"ગાડી જોશભેર જઈ રહી હતી. હું બારી તરફ પીઠ કરીને બેઠી હતી. એ મારી સામે બેન્ચ પર બેઠો હતો. આશ્રમની અંદર શાનદાર વ્યવસ્થા વિશે એ મને જાત-જાતની વાતો સંભળાવી રહ્યો હતો. છેવટે જરા ચિંતિત થઈને એણે કહ્યું: 'પણ એક વાતનો તો ખ્યાલ જ રહ્યો નહિ.'

"મેં પૂછ્યું: 'શું?'

"'એ આશ્રમનો કાયદો છે કે દાખલ થનારી સ્ત્રીના હાથમાં ધાવણું બાળક ન હોવું જોઈએ.'

"બચ્ચી! ત્યારે હું તને ધવડાવી રહી હતી. અરમાનભરી નજરે મેં તારા ચહેરા સામે જોયું અને કહ્યું: 'તો પછી?'

"એણે કહેવા માંડયું: 'આગલા સ્ટેશનની નજીકમાં જ મારો એક સગો રહે છે. તું કહે તો હાલ પૂરતી છોકરીને એને સોંપી દઈએ. એ ધાવતી બંધ થઈ જશે એટલે પાછી લઈ લઈશું.' એની વાત સાંભળીને હું ડરી ગઈ અને મારા દિલમાં કોણ જાણે શુંનું શું થઈ ગયું. આખરે કેટલા યે પ્રપંચો કરીને આ કામને માટે એણે મને મનાવી જ લીધી. આ પછી એ આગલે સ્ટેશને ઊતરી ગયો અને મને પણ ઉતરવાનું કહ્યું. ભાડાનો ટાંગો કરીને અમે ગામમાં પહોંચ્યાં. એ આ જ દીવાનપુર ગામ હતું તેની મને પાછળથી ખબર પડી.

"ગામની બહાર એક ઝાડ નીચે મને બેસાડીને એ જતો રહ્યો. થોડી વાર પછી પાછો આવીને બોલ્યો: 'હું મારા સગાની જવાબદારી પર આ છોકરીને પાળવાનું કામ સોંપી આવ્યો છું. તું જઈને એને એ ઝાડીઓની વચ્ચે સૌથી ઊંચી ઝાડીની નીચે પશ્ચિમ બાજુને ખૂણે મૂકી આવ. એ લોકો જાતે આવીને લઈ જશે. તને એ લોકોની સામે લઈ જવાનું મને ઠીક લાગતું નથી.' હું અલ્લડ હતી. ડૂબી રહેલા દિલ પર કાબૂ રાખીને મેં એ જ પ્રમાણે કર્યું. પણ પાછળથી મને ખબર પડી કે એ દગો હતો. ખરેખર તો એ તને કોઈનાયે હાથમાં સોંપી આવ્યો નહોતો.

"આ પછી એણે મને ધીરજ આપી અને દિલાસો આપતાં કહ્યું કે એ તો જોતજોતાંમાં મોટી થઈ જશે એટલે તારી પાસે પહોંચાડી દેશે. એણે મને ધીરજ ન આપી હોત તો મને લાગે છે કે હું ત્યાં જ બેહોશ થઈ ગઈ હોત.

"દિલ્હી પહોંચીને અમે કીમતી સામાનથી સજાવેલા એક મજાના દીવાનખાનામાં આવ્યાં. દીવાનખાનામાં કોઈ નહોતું. એણે મને કહ્યું: 'આ મારા એક દોસ્તનું ઘર છે.'

"રાતને વખતે એક નોકરાણીને મારી પાસે મૂકીને એ જતો રહ્યો. કહેતો ગયો કે સવારે આવીને તને વિધવા-આશ્રમમાં દાખલ કરાવી દઈશ.

"આમ તો મેં રાત આરામથી ગાળી, પણ રહી રહીને તારો વિચાર આવતાં મન બેચેન બની જતું હતું. રાત આખી મને ઊંઘ આવી નહિ. નોકરાણીએ દરેક રીતે મારી સેવાચાકરી કરી, પણ મારાં આંસુ અટકતાં નહોતાં.

"સવારે નાહીંધોઈને આવી તો શું જોયું? એક ઘરડી કૂટણી—એનો પહેરવેશ વેશ્યાના જેવો હતો—આવીને મારી પાસે બેસી ગઈ. હું કંઈ કહું તે પહેલાં જ એ મારી પાસે બેસી ગઈ અને બોલી: 'બેટી, રાતે કોઈ તકલીફ તો નહોતી થઈ ને? કામને લીધે હું તો ન આવી શકી, પણ આ ઘરડી નોકરાણી બહુ વફાદાર છે. હું ધારું છું કે એણે તને બધી રીતે આરામ આપ્યો હશે.'

"એની વાત સાંભળીને હું દંગ થઈ અને એને પગથી માથા સુધી નિરખીને કહ્યું: 'આ મકાન તમારું છે?'

"'હા બેટી, ખુદાવંદ કરીમનું છે.'

"મેં પૂછ્યું: 'બાબાજી કેમ હજી આવ્યા નથી?'

"'કોણ બાબા?'

"મેં કહ્યું: 'મને વિધવા-આશ્રમમાં દાખલ કરાવવા લઈ આવ્યા હતા એ જ તો.'

"મારી વાત પર હસીને એણે કહ્યું: 'બેટી! આ મકાનમાં ભલા બાબાઓ અને ખાનસાહેબોની કોણ ગણતરી રાખી શકે? અહીં તો દિવસમાં સેકંડો આવે ને જાય. પણ હું સમજી ગઈ છું કે તું તો તને અમારી પાસે વેચી ગયો છે એ માણસને વિશે પૂછી રહી છે. એ તો રાતની ગાડીમાં જ પાછો જતો રહ્યો છે અને મારી સાથે એણે જે વાયદો કર્યો હતો તે પૂરો કરી ગયો છે. બચ્ચી, એ તને વિધવા-આશ્રમમાં જ મૂકી ગયો છે, બીજે ક્યાંય નહિ. અને જેને તું વિધવા-આશ્રમ ગણે છે તેમાં આપણા દેશની હજારો-લાખો વિધવાઓનું પાલનપોષણ થાય છે, અને એશભરી જિન્દગી ગાળે છે.'

"એની વાત સાંભળીને હું તો હેબતાઈ ગઈ. પણ હવે શું થઈ શકે તેમ હતું? હું ઘણું ય રોઈ અને ઘણીયે બૂમો પાડી. કેટલાય દિવસ સુધી ભૂખી-તરસી રહી, પણ કોઈના દિલ પર તેની કંઈ અસર થઈ નહિ. એ ડોસી મને એક સરખી જાતજાતની લાલચ અને રંગબેરંગી આશાઓ આપી આપીને મને અંકુશ-માં રાખવાનો પ્રયત્ન કરી રહી હતી. તો યે મેં ઢીલું છોડયું નહિ. અને ત્યારે એણે એક યુવાન છોકરીને એ કામ સોંપ્યું. દિવસ અને રાત એ મને ખુશ કરવાના પ્રયત્નો કર્યા કરતી હતી. છેવટે મને એ આ રસ્તા પર લઈ જ આવી. હજુ યે કદાચ મેં જિદ્ ચાલુ જ રાખી હોત, પણ એણે મને પોતાની કથની કહી સંભળાવી. એક જમાનામાં એ પણ એક બ્રાહ્મણકન્યા હતી, ઊંચા કુટુંબની વહુ-દીકરી હતી. પણ આ સમાજે એની સાથે જે કુકર્મ અને અન્યાય આચર્યો તેનું જ પરિણામ એ આવ્યું કે એ આ હલકો ધંધો લઈને બેઠી. એના હાલ સાંભળીને મારું દિલ નરમ બની ગયું અને મારા નારીત્વને વેચીને હમેશને માટે આ હલકો ધંધો કરવા હું તૈયાર થઈ ગઈ.

"આ પછી મેં પણ મારી હાલત એને કહી સંભળાવી. લાગતું હતું કે મારી જીવનકહાણી સાંભળીને એ તરફડી ઊઠી હતી. હવે તો મને નીચી લાવવા માટે એને વળી વધારે મસાલો મળી ગયો હતો. એણે કહ્યું: 'જે લોકોએ વિના વાંકે

તને આસમાનમાંથી ઉઠાવીને ધરતી પર પછાડી દીધી છે એ જ લોકોને માટે શું તું પાણીની માછલીની જેમ તરફડી રહી છે? એવા સમાજ તરફ તો આપણી ફરજ એ જ છે કે ખુલ્લે બજાર એ સમાજનું નાક કાપીને થાળીમાં મૂકીએ, તેમાં ચો-મુખો દીવો પેટાવીને શહેર શહેરમાં અને ગલીકૂંચીમાં તેને ફેરવીએ....'

"બસ, એ જ દિવસે મેં રહ્યાંસહ્યાં ધરમ, સત, માનમર્યાદા—જે પહેલેથી નાશ પામી ચૂકયાં હતાં—પગ તળે કચડીને ફેંકી દીધાં અને ગુરદેઈમાંથી અનવ-જાન બનીને નાચવાગાવાનું શીખવા માંડ્યું. રંગરૂપ તો રબ્બે મને પહેલેથી જ સારાં આપેલાં હતાં. થોડા જ દિવસમાં હું મારા કામમાં એટલી હોશિયાર થઈ ગઈ કે મારા નામની ધૂમ મચી ગઈ.

"બચ્ચી! આજે તું જોઈ રહી છે આ સમાજની હાલત? જ્યારે હું હિન્દુ ધરમ પાળનારી નિષ્પાપ કન્યા હતી ત્યારે આ સમાજે મને ખાસડાં મારી મારીને મરેલા ઉંદરની જેમ ફેંકી દીધી હતી. પણ આજે? હું મુસલમાન છું અને નાચવાવાળી છું. એટલે એ જ સમાજ અને પોતાને સભ્યતા અને ધરમના ઠેકેદાર ગણાવતા તેના મોટા મોટા કર્તાહર્તા આજે મારી બેઠકમાં આવીને મારાં પગારખાંનાં તળિયા ચાટે છે અને તેમાં જ પોતાની ઈજ્જત સમજે છે. બીજી રીતે કહું તો હું સમાજનું નિરોગ અને સુડોળ અંગ હતી ત્યારે સમાજે મને અળગી કરીને ગંદકીમાં ફેંકી દીધી હતી. પણ આજે એ જ સમાજ પોતાના એક ગંદા સડેલા અંગને—જેમાં કીડા ખદબદી રહ્યા છે અને જેની બદબૂથી ભલભલા લોકોને પણ કોઢ થઈ આવે છે એને ચૂમવાચાટવાને અને માથે ચડાવવાને ટાંપીને બેઠો છે.

"આ ધૂમધામ કોના લગ્નની થઈ રહી છે તે ખબર છે, બેટી? અર્ધો કલાક વહેલી આવી હોત તો તને વળી બીજો તમાશો દેખાડત. એ જ કરમચંદ—દુલ્હાનો ભાઈ અને મારો સાવકો દીકરો, જેણે રોટીના એક ટુકડાને ખાતર મને અધમૂઈ કરીને ઘરમાંથી કાઢી મૂકી હતી, અને તે એટલા માટે કે એક જ રાત હું કોઈ નેક મુસલમાનના ઘરમાં રહી હતી, એ જ બહાનું કાઢીને એણે હું હમેશને માટે ત્યાં જ રહું એ ચલાવી લીધું હતું એટલું જ નહિ, પણ એણે ખૂદ એવી તજવીજ પણ કરી હતી—હમણાં જ અહીં આવ્યો હતો. એની સાથે પેલો શેતાન પંડિત પણ હતો. સાંભળવું છે એ લોકો શા માટે આવ્યા હતા? કરમચંદ આવ્યો હતો પોતાની મા સાથે પ્રેમકલ્લોલ કરવા, એક નાચનારીના પગ પર માથું ટેકવીને એની પાસે પ્રેમની ભીખ માગવા અને પેલો બુઢ્ઢો મૂરખ પંડિત—જેણે પહેલાં મને પુત્રી-

પુત્રી કહીને આશરો આપ્યો હતો અને જે પાપીએ પછી મને તારા બાપ(તારાચંદ)ના હાથમાં વેચી દીધી હતી—પોતાની જજમાન કન્યા પાસે પ્રેમનું દાન માગવા. બેટી, તેં એ લોકોની પ્રેમવેદના—હાય, મરી ગયો! હાય તારાં નયનનાં બાણે મને વીંધી નાખ્યો! હાય, તારી અદાએ મને લૂંટી લીધો—સાંભળી હોત અને પછી એ પણ સાંભળ્યું હોત કે એક દીકરો માની પાસે અને એક બાપ બેટીની પાસે કેવી રીતે પ્રેમનું દાન માગે છે તો મને લાગે કે તું તો ત્યાં જ ઊભી ઊભી જમીનમાં ઊતરી જાત. કાલનો વાયદો કરીને એ લોકોને ટાળ્યા ન હોત તો એ કંઈ આજની રાતે મારે બારણેથી ખસવાના નહોતા.

"હું શા માટે અને શું કરવા આવી છું તે પણ તારે સાંભળવું છે? મુજરા માટે અને તે યે એ લોકોની વચ્ચે? ના મેં આવું કદી ન કર્યું હોત. હું તો એક આકાંક્ષાની મારી અહીં આવી છું. એ આકાંક્ષાને લીધે તો મારું ખાવુંપીવું હરામ બની ગયું છે. સુંદરી! મારી બચ્ચી! સાંભળ, હું તો એ લોકોનું ખૂન પીવા અહીં આવી છું. એટલે તો કેટલાયે વખતથી હું આ લગ્નની રાહ જોઈ રહી હતી. આને માટે મેં મારા બે દલાલોને પણ કામે લગાડયા હતા. અને પેલો ત્રીજો કસાઈ જેણે મને નાચવાવાળીના હાથમાં વેચી હતી એને તો હું કયારનોયે ઠેકાણે પાડી ચૂકી છું. આજ સુધી કોઈને એ વાતની ખબર પડવા દીધી નથી. એ બહુ લાંબી વાત છે. એની કતલની વાત સંભળાવીને તારા નાજુક દિલને આઘાત નહિ આપું. હા, એક અરમાન છે, જે હું મારા મનમાં જ લઈને મરીશ. એ કસાઈ(તારાચંદ)ના લોહીથી હાથ રંગવા છે પણ અફસોસ છે કે હજાર કોશિશ કરતાં યે એને શોધી શકી નથી. એક વાર જો એ મળી જાય...."

હવે વધારે સાંભળવાની સુંદરીમાં તાકાત નહોતી. એનું શરીર અંગારાની જેમ સળગી રહ્યું હતું. બચનસિંહના ઉપદેશોને કારણે એના વિચારો થોડાઘણા બદલાયા હતા. પણ એ તો કોઈક નાનકડા છોડની આસપાસ વાડ બાંધીને કોઈ તેનું રક્ષણ કર્યા કરે અને આંધીનો એક સપાટો તેને જડથી ઉખાડી નાખે તેમ એ વિચારો પણ ઊડી ગયા. એને લાગ્યું કે પગ નીચેથી ધરતી ખસી રહી હતી અને મકાનની એકેએક વસ્તુ એની ગોળ આંખોની સામે ચક્કર ચક્કર ઘૂમી રહી હતી.

અનવરની વાતો સાંભળતાં સાંભળતાં એની છેલ્લી વાતને વચ્ચેથી જ પકડીને સુંદરી જોરથી ઊભી થઈ ગઈ અને બોલી: "એનું ખૂન તો હું પીશ, મા! હું જો

તારું સંતાન હોઉં તો એનું લોહી પીને મારા અને તારા બન્નેના દિલની આગ બુઝાવીશ. અત્યારથી જ એને શોધવાના પ્રયત્નો ચાલુ કરી દઈશ," કહેતાં કહેતાં સુંદરી ઊઠી અને પટપટ કરતી દાદર ઊતરી ગઈ. લાગતું હતું કે કોઈક પાગલ ધૂન એના પર સવાર થઈ ગઈ હતી.

સુંદરીએ નીચે આવીને જોયું તો બચનસિંહ એની રાહ જોતો આમતેમ ટહેલી રહ્યો હતો. રાતના બે પહોર વીતી ચૂક્યા હતા. સુંદરીને સાથે લઈને એ ઘર તરફ જવા નીકળ્યો ત્યારે ત્રીજો પહોર શરૂ થઈ ગયો હતો.

(27)

ઘરે પહોંચીને બન્નેએ રાતનો ત્રીજો પહોર વાતોમાં જ પસાર કરી નાખ્યો. ઓરડામાં પહોંચતાં લેમ્પના પ્રકાશમાં સુંદરીનો ચહેરો જોયો તો બચનસિંહ લગભગ ડરી ગયો. સુંદરીની આંખોમાંથી અંગારા ઝરી રહ્યા હતા અને ચહેરા પર એક ભયાનક અને હિંસક સ્મિત હતું.

સુંદરીનો ખભો જોરથી હલાવીને બચનસિંહે એકદમ પૂછ્યું: "સુંદરી, શું થયું છે?"

"કંઈ નહિ, જી! બધું ઠીક છે," કહેતાં સુંદરીને ખ્યાલ આવ્યો કે બચનસિંહ એના દિલના વિચારોને એના ચહેરા પરથી જ વાંચી લેવાની કોશિશ કરી રહ્યો હતો. પોતાનું બધું બળ વાપરીને અંદરના તોફાનને રોકવાનો એણે પ્રયત્ન કર્યો. પછી મનને બીજી તરફ વાળીને એ બોલી:

"તો પછી તમે જાનૈયાઓની પાસે ગયા હતા?"

"ના, ઘરમાં જ હતો. સુંદરી, આજે તમારી આંખો બહુ લાલ છે. શું છે?"

અનિદ્રાનું બહાનું કાઢીને આંગળીનાં ટેરવાંથી આંખો ચોળતાં એણે કહ્યું: "એ બધું તમારી કૃપાનું જ ફળ છે."

"કેવી રીતે?"

"કામ જ તમે એવી જાતનું સોંપ્યું હતું."

સુંદરીના આ ઉત્સાહભર્યા જવાબ પરથી જ બચનસિંહ સમજી ગયો કે અમુક હદ સુધી એનો મનોરથ ફળ્યો છે. એને તસલ્લી આપતાં કહ્યું:

"અરે હા, કહો તો ખરાં શું થયું?"

"જે કરવા ગઈ હતી તે જ થયું."

"સફળતા મળી?"

"પૂરેપૂરી."

"એ અસંભિવત છે."

"સંભવિત કરતાં પણ વધારે."

"મતલબ?"

"એના જવાબમાં એણે એટલું જ કહ્યું કે અનવર પાસેથી એણે વચન લીધું હતું કે એ હવે મુજરા નહિ કરે."

બચનસિંહને વિશ્વાસ પડયો નહિ. સંદેહભરી નજરે એ એને જોઈ રહ્યો અને બોલ્યો: "સુંદરી! લાગે છે કે તમને ટાળવા માટે એણે તમારી સાથે દગો કર્યો છે."

સુંદરીના ચહેરા પર દઢતા હતી. એણે ફરીથી કહ્યું: "ગમે તેમ હોય. એ ગુજરો નહિ કરે. તમને ખબર પડશે."

"સુંદરી, એ જો નાચ નહિ કરે તો માનીશ કે તમે રેતીમાંથી તેલ કાઢી લાવ્યાં છો. માની લો કે એણે સવારનો ગુજરો ન કર્યો. પણ જાન તો પરમ દિવસે જ જવાની છે. તમારે એની પાસેથી એવું વચન લેવું જોઈતું હતું કે જેટલા દિવસ દીવાનપુરમાં રહે એટલા દિવસ એ મુજરો નહિ કરે."

સુંદરીએ હોઠમાં હસીને કહ્યું: "મેં તો એની પાસેથી એના કરતાં યે મોટો વાયદો લઈ લીધો છે."

"શો?"

"જીવશે ત્યાં સુધી એ આ કામ નહિ કરે. હું કહું છું તેનો અર્થ એ કે એ હમેશને માટે આ ધંધો છોડી દેશે. સમજી લો કે કાલનો મુજરો એનો આખરી મુજરો હતો."

"એ કેમ બને સુંદરી?" બચનસિંહને શંકા ગઈ કે સુંદરી ક્યાંક એની મશ્કરી તો નહોતી કરી રહી ને? સુંદરીના ચહેરા સામું જોઈને એણે કહ્યું: ગીધને મડદાં ચૂંથવાની આદત છોડાવીને તેને શાકાહારી બનવાનું વચન લેવું લગભગ અશક્ય છે."

સુંદરીએ એને ખાતરી આપી પણ એના પર જે વીતી ગઈ હતી તે વિશે એ કંઈ ન બોલી. એને ડર હતો કે માની સામે પોતે જે વાયદો કરી આવી હતી તેની બચનસિંહને ખબર પડી જશે તો એ એની મજાક ઉડાવશે એટલું જ નહિ પણ પોતાનો પ્રભાવ પાડીને એને એ વચનથી ચળાવી દેશે.

બચનસિંહ આનંદથી પાગલ બની રહ્યો હતો. પહેલવહેલી આટલી સફળતા અને તે યે સુંદરીને હાથે!

ગદ્‌ગદ્ વચને એણે કહ્યું: "સુંદરી, તો તો આપણે જરૂર સફળ થઈશું."

પ્રિયતમનું મન પારખીને સુંદરીએ કહ્યું: "ના, બલકે એમ કહો કે સફળતા મળી જ ચૂકી છે."

"સુંદરી, આપણે બે મટીને એક બનશું?"

"એક તો બની જ ગયાં છીએ."

"ના, સુંદરી, હજુ આપણે બે છીએ. જેનું આપણે પહેલું ચરણ માંડ્યું છે તેની કામયાબી પણ એટલી જ દૂર છે."

"શું કહ્યું? આપણે બે છીએ? ના, આપણે હમેશને માટે એક છીએ. આ એકતા હમેશને માટે અટલ અને અમર રહેશે."

"આધ્યાત્મિક રીતે જોઈએ તો એ વાત ખરી છે. પણ સમાજને મન આપણે હજ એક લાગતાં નથી."

સુંદરીએ પ્રેમથી બચનસિંહનો હાથ પોતાના હાથમાં લીધો અને કહ્યું: "સમાજ? કયા સમાજની તમે વાત કરી રહ્યા છો? જેની આંખોમાં દ્વેષ, ઈર્ષા, શેતાની બેકદરપણાને લીધે મોતિયાનાં બિંદુ બંધાઈ ગયાં છે એ સમાજની તમે વાત કરો છો? એ સમાજને આપણે એક ન લાગતાં હોઈએ એનો અર્થ એ નથી કે આપણે ખરેખર એક નથી. સમાજની આંખો તો એક હોય તેને પણ બે દેખાતી હોય છે. એ વાંક તો એ આંખોનો છે જેને કરોડો જન્મે પણ સુધારી શકાય તેમ નથી. સમાજ... એ સમાજને તમે ઇન્સાનોની જમાત માનતા હશો, પણ હું... ...."

વાત કરતાં કરતાં સુંદરીનો ચહેરો લાલ થઈ ગયો. એનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો.

એના આ રંગઢંગ જોઈને બચનસિંહ એકદમ ડરી ગયો. એણે ધ્યાનથી સુંદરી-ના ચહેરા અને આંખ સામે જોયું તો એને વહેમ ગયો કે સુંદરી ક્યાંક પાગલ થઈ ગઈ ન હોય.

કહે છે કે જે 'અસાધ્ય રોગ' ગણાતા હોય છે તે સૌથી પહેલાં તો સહેલાઈથી મટી શકતા નથી. પણ કોઈ હોશિયાર હકીમની મહેનતથી દરદીને કંઈક સુધારો જણાય તો પણ પરેજીમાં જરા જેટલો ફેર પડી જાય તો એ રોગ જરૂર નવે રૂપે ફૂટી નીકળે છે.

અત્યારે સુંદરીની પણ એ જ હાલત હતી. ઘણી કોશિશ પછી બચનસિંહે એને ખોટા રસ્તાના વળાંક પાસેથી સીધા રસ્તા પર આવવા તૈયાર જ કરી હતી. એ રસ્તા પર હજુ એ પહોંચી નહોતી. પણ અનવરજાનની આ નવી ઘટનાએ એના વિચારોને પાછા પહેલાંની જગ્યાએ જ પહોંચાડી દીધા હતા.

"સુંદરી, આજે તમને શું થઈ ગયું છે?" બચનસિંહે એનો હાથ જોરથી હલા-વીને કહ્યું. "આજે તમે હિંસાના અવતાર જેવાં લાગો છો. શું છે?"

પછી એને ખ્યાલ આવ્યો કે અત્યારે એ વિશે વધારે વાત કરવાં જતાં સુંદરી વધારે વિફરશે. આ વિચારે એ વિષયને એણે ટાળી દીધો અને સુંદરીના દિલની દિશા બદલવા કહ્યું: "ખેર, અત્યારે જવા દો એ વાતોને. હા, સાચે જ સુંદરી, હવે આપણે આગળનો પ્રોગ્રામ નક્કી કરવો જોઈએ. એ બાબત તમને શું લાગે છે?"

આ દરમિયાન સુંદરીએ પોતાની જાત પર કાબૂ મેળવી લીધો હતો. પોતાના દિલની કમજોરી પર એ શરમાઈ રહી હતી. જે વાતનો ખ્યાલ સુધ્ધાં એ બચનસિંહને આવે એવું ઈચ્છતી નહોતી એ વાતને પોતાના વર્તન દ્વારા જ એણે જાહેર થવા દીધી હતી. પણ એ વિશે વધારે બોલવા જતાં મોંમાંથી કોણ જાણે શું યે નીકળી જાય, એ વિચારે સુંદરીને એ વાત ટાળવાનું યોગ્ય લાગ્યું. એણે બચનસિંહની વાતનો જવાબ આપતાં કહ્યું: "પણ તમે પાછળના પત્રમાં લખ્યું હતું કે તમે ક્યાંય દૂર તો જઈ શકો તેમ નથી, તો પછી આ હાલતમાં..."

"ઠીક છે. પણ અહીં રહેવાનું હોય ત્યાં સુધીમાં યે કોઈક ને કોઈક રીતે કામ તો ચાલુ રાખવું જ જોઈએ. સુંદરી, આ પહેલા કામમાં સફળતા મળી તેનાથી મને

ઘણી હિંમત આવી છે. પણ તે ફક્ત તમારા જોર પર. જે કામ હું કેટલાંયે અઠવાડિયાંની દોડધામ પછી પણ ન કરી શક્યો તે તમે એક જ વાર જઈને કરી બતાવ્યું. તેથી જ કહું છું કે આપણે વહેલામાં વહેલા ......"

સુંદરીએ કહ્યું: "મેં તો કંઈ પણ કર્યું નથી. થોડુંઘણું જે કંઈ કર્યું છે તે તમારા શિક્ષણ અને સંગાથનું ફળ છે. નહિ તો વળી એક વાંદરી પાસેથી તે કેવીક આશા રાખવાની હોય? તો પછી એ બાબતમાં તમારે શું કહેવું છે?"

"મારે એ જ કહેવું છે જે સાંભળીને તમારું મન હમણાં જ ખરાબ થઈ ગયું હતું."

"એટલે?"

"એટલે એમ કે લગ્નની વિધિ થઈ જવી જોઈએ જેથી આપણા મનોરથ સફળ કરવા આપણે જાહેરમાં મેદાને પડીએ."

સુંદરીએ સંકોચભર્યું સ્મિત કરતાં કહ્યું: "પણ એ વિના મનોરથ સફળ ન થઈ શકે શું?"

"ના, સુંદરી, એ અશક્ય છે."

"પણ મને તો અશક્ય નહિ લાગતું."

"તો તમે તમારો વિચાર જણાવો."

"મારા મતે તો આપણે થોડા દિવસ એકબીજાથી અલગ રહીને કામ કરવું જોઈએ; અને કામ પૂરું થઈ જાય ત્યાર પછી સદા માટે એક થઈ જવું જોઈએ."

"સુંદરી! તમારી વાત સાંભળીને મને ડર લાગી રહ્યો છે. તમારી વાત હું સમજ્યો નહિ."

"પ્યારના રસ્તામાં ડરની પણ કોઈ ગુંજાશ હોય છે શું? તમારે મોંએ આ તો અજબની વાત સાંભળી રહી છું. મારા કહેવાનો અર્થ એ છે કે......"

કહેતાં કહેતાં સુંદરી ચુપ થઈ ગઈ. બચનસિંહ વધારે ગભરાયો અને બોલ્યો: "હા, શો અર્થ છે?"

"કહેવાનો અર્થ એ છે કે થોડા દિવસ માટે તમે મને ભૂલી જાઓ."

"તમને ભૂલી જાઉં?" બચનસિંહે વિહ્વળ થઈને કહ્યું. "સુંદરી! તમે આ શું કહી રહ્યા છો? અનવરને ઘેર જતાં પહેલાં તો તમારી હાલત આવી નહોતી."

"હા, ભૂલી જાઓ," એની વાત પર ધ્યાન આપ્યા વિના સુંદરીએ કહ્યું. "જો તમે મને ભૂલી શકો તેમ ન હો તો મારી યાદને જ સુંદરી સમજીને હમેશ તેને દિલમાં સંઘરી રાખો."

બચનસિંહની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. વિહ્વળ બનીને એણે સુંદરીનો હાથ પકડી લીધો અને કહ્યું: "સુંદરી! રબ્બને ખાતર આવી વાત કરો મા. મારા પર દયા કરો, મારા દિલની હાલતનો ખ્યાલ કરો."

સુંદરીએ બચનસિંહનો હાથ પોતાના હાથમાં જોરથી પકડી લીધો અને પોતાના દિલની બેચેની દબાવી બોલી: "આ તમને શું થઈ રહ્યું છે? હું તમારી છું, ફક્ત તમારી, સદાને માટે તમારી. આંસુ પાડીને મારી ધીરજના બંધને વહેવડાવી દો નહિ. મારી પ્રતિજ્ઞાની ધુરીને તોડો નહિ."

બચનસિંહના દિલની આગ બુઝાવવા માટે ત્યારે સુંદરીની પાસે જે પાણી હતું તે જાણે આગ બની ગયું. ત્યારે સુંદરી જાણે આગથી આગ બુઝાવવાનો પ્રયત્ન કરી રહી હતી. પોતાના દિલની આગ બુઝાવવા એને પણ પાણીની જરૂર હતી. પણ સામી તરફ પણ આગ જ હતી. એક મકાનને આગ લાગી હોય અને એ આગને બુઝાવનારું ઍન્જિન પણ સળગી રહ્યું હોય, એવી પરિસ્થિતિ હતી.

બચનસિંહે ફરીથી કહ્યું: "મારી પાસે આવી કંઈ ગમ પડે નહિ એવી વાતો ન કરો. તમારા મનમાં જે હોય તે સાફ સાફ જણાવો."

સુંદરીએ હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું: "સાફ સાફ વાત કરું છું. ફક્ત મારે જ કારણે આજ સુધી તમારે જે જે મુસીબતો વેઠવી પડી છે તે મારાથી અજાણી નથી. મુસીબત અહીં જ ખતમ થઈ જતી હોત તો યે હું સહન કરી લેત. પણ મને લાગે છે કે મારે કારણે તમારે હજુ ઘણું વધારે જોવું પડશે. એટલે જ કહું છું કે હમણાં થોડા દિવસ માટે મને તમારાથી છૂટી કરો. તમારાં માતાજી જીવે છે ત્યાં સુધી એની સેવા કરો. ઘરમાં વહુ જોશે તો એ બધાં દુ:ખ ભૂલી જશે."

બચનસિંહની છાતીમાં તીર ભોંકાઈ રહ્યાં હતાં. એક હાથ પોતાની આંખ પર ઢાંકીને બીજે હાથે સુંદરીને ચુપ રહેવાનો ઈશારો કરતાં એ બોલ્યો: "બસ! બસ! સુંદરી! રબ્બને ખાતર આ કહાણી બસ કરો. તમારા સિવાય બીજા કોઈની સાથે મારે લગ્ન કરવાં પડશે તો તેનું પરિણામ મોત જ આવશે. આના કરતાં વધારે હું કંઈ કહી કે સાંભળી શકું તેમ નથી."

સુંદરીનું એ વાતોમાં ધ્યાન નહોતું. એ કોઈક ઊંડા વિચારમાં ડૂબેલી હતી. એ વખતે એને કંઈ વધારે કહેવું યોગ્ય ન લાગતાં બચનસિંહે પણ ઊઠવાની તૈયારી કરવા માંડી. એનો ખ્યાલ હતો કે બીજી કોઈ વાર સુંદરી લહેરમાં હશે ત્યારે એના દિલમાંથી ભૂલભર્યા વિચારો દૂર કરવાનો એ પ્રયત્ન કરશે.

પેલી તરફ સુંદરી પણ એમ વિચારી રહી હતી કે બચનસિંહ એની વાત માની જાય અને એની સાથે આધ્યાત્મિક સંબંધ રાખીને કોઈ સારા ઘરમાં લગ્ન કરીને પોતાની જિન્દગીને ફરી વાર ફૂલવાડી સમી મનોહર બનાવી શકે તે માટે દલીલો ઘડી કાઢવી જોઈએ.

અંધકારનું સ્થાન ધીરે ધીરે પ્રભાતની આભાએ લઈ લીધું. રાતનો બાકીનો ભાગ છલાંગ મારતો નીકળી ગયો. બચનસિંહે ઊઠીને પોતાના ઓરડા તરફ જવા માંડયું તો સુંદરીએ પ્યારથી એની સામે જોતાં પૂછયું: "જાઓ છો?"

"ફરી કોઈ વાર વહેમભર્યા ખ્યાલો તમારા દિલમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરીશ. રબ્બ કહે છે કે આ ખ્યાલો કેવળ વહેમ જ હોય." આ પછી બચનસિંહ ઊઠીને પોતાના ઓરડા તરફ જતો રહ્યો. સુંદરીની નીંદરઘેરી આંખોમાં અનવર ઘૂમી રહી હતી. એ જ હાલતમાં એની આંખો મળી ગઈ.

[28]

ત્રણ પહોરની અનિદ્રા પછી ચોથા પહોરની ઠંડી હવાએ સુંદરીની આંખોમાં નીંદર ભરી દીધી. પણ એ ખૂબ ડરામણાં ખોફનાક સ્વપ્નોવાળી નીંદર હતી. એ નીંદરે જાણે એને ઊંચકીને ખૂની દુનિયામાં ફેંકી દીધી હતી જ્યાં જમીન, આસમાન, ચન્દ્રમા અને સૂરજ બધું લોહીનું બનેલું હતું. એની આંખો અને કાન મારફતે જાણે છરીઓ, કટારો, ફરસીઓ અને બરછીઓના ઢગલેઢગલા એના દિમાગમાં ઊતરી રહ્યા હતા. તસુએ તસુ ધરતી 'લોહી લોહી' પોકારી રહી હતી. ઝાડ પર બેઠેલાં પંખી પણ 'ખૂન ખૂન'નું ગીત ગાઈ રહ્યાં હતાં. નદીઓ, કૂવા અને તળાવોનું બધું પાણી લોહી બની ગયું હતું. જ્યાં જાય ત્યાં એને લોહીનાં જ વિલાપ ભરેલાં ગીત સંભળાતાં હતાં. એના કપડાંમાંથી, વાળ અને આંખોમાંથી અને જીભમાંથી લોહી ટપકી રહ્યું

હતું. એ લોહીની નદીમાં આગળ અને આગળ, ઊંડી ને ઊંડી ઊતરી રહી હતી, અને ત્યાં નાની નાની માછલીઓથી માંડીને મોટા મોટા મગરમચ્છોનાં પેટ લોહીથી ભરેલાં હતાં. જીવ-જન્તુઓના મોંમાં માણસનાં જેવી જીભ હતી અને એ બધાં લોહી લોહીની બૂમો પાડતાં એકબીજાની પાછળ દોડી રહ્યાં હતાં. શિકાર અને શિકારી–બન્નેની જીભે એક જ શબ્દ હતો: "લોહી! લોહી! લોહી!"

સુંદરીને લાગ્યું કે પોતે લોહીની નદીને તળિયે પહોંચી ગઈ હતી. એનો શ્વાસ રૂંધાઈ રહ્યો હતો. ગભરાટમાં બબડતાં બબડતાં એણે એક ચીસ પાડી પણ કદાચ એ ચીસ એના હોઠમાંથી નીકળે તે પહેલાં જ દબાઈ ગઈ હતી. એ ગભરાઈ ગઈ અને પાસું બદલ્યું અને જોયું તો એના બન્ને હાથ છાતી પર હતા. ઓરડામાં સૂરજનાં કિરણો ચમકી રહ્યાં હતાં. સુંદરીને એ કિરણો પીળાં નહિ પણ લાલ દેખાઈ રહ્યાં હતાં. હજુ એના કાનમાં "લોહી લોહી"નો શોર ગાજી રહ્યો હતો.

એની આંખો ખૂલી ગઈ. પણ ડરના માર્યા એણે આંખો પાછી મીંચી દીધી. "લોહી લોહી"નો શોર હજુ એના કાનના પડદાને ફાડી રહ્યો હતો. એણે પાછી આંખો ખોલી અને ખાટલા પર બેઠી થઈ ગઈ. દિવસ ઘણો ચડી ગયો હતો. એને લાગ્યું કે મકાનને લોકોએ ઘેરી લીધું હતું, અને ચારે દિશાઓથી "લોહી! લોહી!"ના અવાજો ઊઠી રહ્યા હતા.

એ ઝટપટ ઓરડામાંથી બહાર નીકળી. આખું ગામ બચનસિંહને ઘેરી વળ્યું હતું. પોલીસે એને હાથકડી પહેરાવી દીધી હતી. એની મા રડીરડીને બેહાલ થઈ રહી હતી. એક તરફથી અવાજ આવ્યો: "બચનસિંહે ત્રણ ખૂન કર્યાં છે: એક નાચનારીનું, બુઢ્ઢા પંડિતનું અને વરરાજાના ભાઈ કરમચંદનું!"

"હેં ! ત્રણ ખૂન ! બચનસિંહે !" સુંદરીની આંખોની સામે અંધકાર છવાઈ ગયો. પોલીસ ત્યારે બચનસિંહને થાણા પર લઈ જતી હતી.

ઘરમાંથી નીકળીને સુંદરી ઉતાવળી દોડતી આવીને ભીડને ચીરતી જઈને બચનસિંહને વળગી પડી અને એક ચીસ પાડીને એના પગ આગળ બેહોશ થઈને પડી. ભીડ આગળ નીકળી ગઈ અને એ ત્યાં જ ને ત્યાં પડી રહી.

બચનસિંહને એ બધું સ્વપ્ન જેવું લાગતું હતું. પણ સુંદરીના હાલ જોઈને એનું મન બેકાબૂ બની ગયું. વારંવાર એણે પાછળ ફરીને જોયું. એકબે વાર રોકાઈ જવાનો

પણ પ્રયત્ન કર્યો પણ પોલીસના ધક્કાની સામે એનું કંઈ ચાલ્યું નહિ. પળવારમાં તો બધું સૂમસામ થઈ ગયું.

ગામ આખામાં સમાચાર ફેલાઈ ગયા: "બચનસિંહે એક જ રાતમાં ત્રણ ખૂન કરી નાખ્યાં છે!"

થોડી વારે સુંદરીને ભાન આવ્યું તો એ માટીમાં રગદોળાયેલી પડી હતી. એ રવાણી ગામમાં પોતાની ઓરડીમાં હતી. એની પાસે જ થોડા લોકો બેઠેલા હતા. રવાણીના કેટલાક લોકોએ એને બેહોશ હાલતમાં જોઈને ત્યાં પહોંચાડી દીધી હતી. થોડા જણ પાસે જ બેઠેલા હતા. એ જ પળે કોણ જાણે કયાંથી એને કાને અવાજ આવ્યો: "બચનસિંહે ત્રણ ખૂન કરી નાખ્યાં છે!"

સુંદરીની આંખો સામે તારા નાચી રહ્યા હતા. એને પાછું ભાન આવ્યું ત્યારે તો એને એમ જ લાગ્યું કે બચનસિંહ પકડાયો! એ સમાચાર એણે સ્વપ્નામાં જ સાંભળ્યા હતા.

એ ઊઠી અને પડતીઆખડતી દીવાનપુરની સડક તરફ જવા માંડી. લોકોએ એને રોકી પણ એ રોકાઈ નહિ. સડક પર એક ટાંગો જઈ રહ્યો હતો તેમાં એ બેસી ગઈ.

બચનસિંહને ઘેર જઈને જોયું તો એની મા ખાટલા પર બેહોશ પડેલી હતી અને પડોશની કેટલીક સ્ત્રીઓ એને ભાનમાં લાવવાનો પ્રયત્ન કરી રહી હતી.

સુંદરી પાગલની જેમ સૌની તરફ જોઈ રહી પણ કોઈને કંઈ પૂછ્યું નહિ કે કોઈની સાથે કશી વાત કરી નહિ......ત્યાં તો બચનસિંહની માએ આંખ ઉઘાડી અને સુંદરી દોડતી એની પાસે પહોંચી.

સુંદરીને સામે ઊભેલી જોઈને સદાકૌરનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો. હાથના ઝાટકાથી એને દૂર ધકેલતાં એણે કહ્યું: "જતી રહે અહીંથી, કમજાત! કુત્તી! નીકળ અહીંથી કંકાસણી! બધા સરાપ તારા જ દીધેલા છે, અભાગણી! તારી અપશુકનિયાળ સૂરત જે દિવસથી જોઈ છે તે દિવસથી છોકરો માટી ભેગો થઈ ગયો છે. કરમજલી! તું ન આવી હોત તો મારી દુનિયા લૂંટાઈ ન હોત. જા, બન્ને લોકમાં રબ્બ તારું મોઢું કાળું કરે!"

આ કહેતાં સદાકૌર એટલી જોશમાં આવી ગઈ કે ખાટલા પરથી ઊઠીને એ સુંદરીને ફટકારવા માંડી.

બીજો કોઈ વખત હોત તો આવી વાતો સાંભળતાં સુંદરી કોણ જાણે શું યે કરી બેસત. પણ અત્યારે તો જંગલમાં રહેનારો અને પોતાની પાસે એકાદ ચકલીને યે ન ફરકવા દેનારો સિંહ પશુઘરના પિંજરામાં આવીને વાંદરા અને રીંછને પોતાની નકલ કરતાં જુએ અને સહી લે તેમ સુંદરીએ એ બધી વાતો સહી લીધી. સુંદરી ઊભે પગે જ પાછી ફરી ગઈ અને થાણા તરફ દોડી.

જેમ પથ્થર વાગ્યો હોય ત્યારે તરતાતરત શરીરની ગરમીને લીધે પીડાની ખબર પડતી નથી, પણ થોડી વારે જખમ જરા ઠંડો પડે ત્યારે માણસ દર્દથી વ્યાકુળ થઈ જાય છે તેમ રસ્તે ચાલતાં ચાલતાં સુંદરીને પોતાની હાલતનો ખ્યાલ આવ્યો: "હેં! ખૂનના મુકદ્દમામાં!" આ વાતનો ખ્યાલ હજુ એને જાણે હવે જ આવ્યો હતો. અત્યારે એની હાલત એક હરણીના જેવી હતી, જેની સામે બંદૂક લઈને શિકારીઓ ઊભા હોય, પાછળ જંગલમાં આગ લાગી હોય, જમણી તરફ નદી વહી રહી હોય અને ડાબી તરફ લોકોની વસતિ હોય.

એણે પોતાની હાલતનો વિચાર કર્યો તો એ ડરથી કાંપી ગઈ. એનો પ્રિયતમ, જે એના સમગ્ર સંસારના સામ્રાજ્ય સમો હતો એ ખૂનના જૂઠા આરોપમાં ફસાઈ ગયો હતો. એની ઘરડી મા બિચારી કયાંયની રહી નહોતી. જે સગાંવહાલાં અત્યારે એની આસપાસ ટોળે વળીને જૂઠી સહાનુભૂતિનાં આંસુ પાડી રહ્યાં હતાં એ બધાં દંભી હતાં. આની ઉપર વળી બીજો જુલમ એ હતો કે ગામ આખું પહેલેથી જ બચનસિંહનું વેરી હતું. ગામમાં સૌને ખાતરીથી લાગતું હોય કે બચનસિંહ ખૂની હતો તો તેમાં કોઈ નવાઈ પણ હતી નહિ.

સુંદરીએ જોયું કે પોતે એક એવી નાવમાં બેઠેલી હતી જેના સુકાનીને મગરમચ્છે પકડી લીધો હોય અને નાવ એક ભયાનક વમળમાં ભમરડાની જેમ ઘૂમી રહી હોય. રોડૂના જાનને તો જાલિમો ભરખી ગયા હતા. મા એને મળી હતી પણ અંધારા આકાશમાં વીજળીની જેમ ચમકારો મારીને હમેશને માટે અલોપ થઈ ગઈ હતી. આ ઉપરાંત સુંદરી એ પણ જાણતી હતી કે હવે લોકો એને રવાણી ગામમાં પણ રહેવા દેશે નહિ કારણકે આખું ગામ પાલાસિંહ અને એની પાર્ટીથી ડરતું હતું. એ જ કારણે તો બચનસિંહના વિચારોની સાથે સંમત હોવા છતાં આ વખતે લોકોએ એને બિલકુલ મદદ કરી નહીં. એટલે સુધી કે સામે ચાલીને બચનસિંહના હિમાયતી હોવાની ખાતરી આપનારા લોકો પણ જાણીબૂઝીને અજાણ્યા બનીને વાત ટાળી રહ્યા હતા.

આ આખી હાલતનું અનુમાન લગાવીને સુંદરીએ વિચાર્યું: "હવે મારું અહીં રહેવું વ્યર્થ જ નહિ, જોખમભરેલું પણ છે. પણ જવું કયાં? અને તેય મારું સર્વસ્વ મોતના મોંમાં છે એવે વખતે? દીવાનપુરના લોકો તો પહેલેથી જ મને ધિક્કાર યા કામુકતાની નજરે જુએ છે."

સ્ત્રીજાતિ કેટલી બળહીન અને અસમર્થ છે તેનો આજે એને પહેલી વાર અનુભવ થયો.

એ જ વિચારોમાં મશગૂલ સુંદરીએ કેટલાયે મનસૂબા કર્યા, તોડયા, પણ કોઈ નિર્ણય પર પહોંચી શકી નહિ. સૌથી મોટું દુ:ખ તો એને એ વાતનું હતું કે એ પોતાના પ્રિયતમને કોઈ રીતે મદદ કરી શકે તેમ નહોતું. એને પોતાની જાત પર તિરસ્કાર છૂટયો અને બીજા કોઈને દુ:ખ આપતાં પહેલાં જ પોતાના જીવનનો અંત લાવી દેવાનો વિચાર આવ્યો. એમ કરે તો એનાં બધાં દુ:ખ અને યંત્રણાઓમાંથી છુટકારો મળી જાય. પણ એની અંદરની કોઈક ગુપ્ત શકિતએ એને એ પણ કરવા દીધું નહિ. ઘડી ઘડી એને વિચાર આવ્યા કર્યો: "મારી માએ કેટલી ઉતાવળ કરી! દુશ્મનોને મારીને જો આપઘાત કરવો હતો તો કોઈક કાગળ તો પાછળ મૂકી જવો હતો કે બીજા કોઈ પર મુસીબત આવી પડે નહિ!"

એ જ વિચારોમાં ભટકતી સુંદરી થાણે પહોંચી. બચનસિંહ સાથે મુલાકાત મળે એ માટે એણે બહુ મહેનત કરી પણ પોલીસના ધક્કા અને ગાળો ખાવા સિવાય બીજું કંઈ એને મળ્યું નહિ.

દિવસ આખો એ આમ જ હેરાન થતી રહી. ગામના કેટલાયે પ્રતિષ્ઠિતોની પાસે જઈને એણે માથું નમાવ્યું, અરજ કરી કે પોલીસને કહીને બચનસિંહ પાસે મુલાકાત ગોઠવી આપે; પણ કોઈએ એની વાત સાંભળી નહિ. જયાં જાય ત્યાં ફક્ત એને બે ચીજો મળતી હતી: તિરસ્કાર અને નહિ તો મહેણાં.

છેવટે રોતીકકળતી એ સાંજને વખતે પોતાની ઓરડીમાં આવીને પડી.

જેમ આકાશમાં કોઈ પંખી ઊડી રહ્યું હોય અને કોઈ એની પાંખો ખેંચી કાઢીને ધૂળમાં ફેંકી દે તેમ એ આખી રાત કંઈ પણ ખાધાપીધા વિના પડી રહી. આજે કોઈએ આવીને એની પાસે કંઈ વાત કરી નહિ. કોઈની વાતની એને જરૂર પણ નહોતી.

હજુ અંધારું હતું ત્યાં વહેલી સવારે બહારથી કોઈકે એને સાદ દીધો. પોલીસનો

માણસ હતો. એની સાથે બચનસિંહે એક પત્ર મોકલ્યો હતો. પત્ર આપીને સિપાઈ તરત જતો રહ્યો. સુંદરીએ અંદર આવીને પત્ર વાંચ્યો. લખ્યું હતું:

સુંદરી,

ઓહ! સ્વપ્ને પણ જે ખ્યાલ નહોતો એ જ બની ગયું. દિલના બધા ઉમંગો અને આશાઓ પર એક સામટું હિમ પડી ગયું. હું પકડાયો તેથી તમારા દિલની જે હાલત થઈ ગઈ છે તે હું ભૂલી શકયો નથી. ઓહ! મન કેવું બળી રહ્યું છે. જે મણિને માળામાં શિરોમણિ મણકો બનાવીને ગળે બાંધવાના ઈરાદાથી મેળવ્યું હતું તે આજે ધૂળમાં મળી ગયું છે. આ જોઈને મારું દિલ ભઠ્ઠીની જેમ સળગી રહ્યું છે. આ દુનિયા... ઓહ! નાદાન દુનિયાની નજરમાં એ હીરાનું મૂલ્ય ફૂટી કોડી જેટલું યે નથી.

સુંદરી! તમને હું સુખી બનાવી શકયો હોત તો! પણ હું બહુ કમનસીબ છું. મારા જેવા અભાગીના નસીબમાં એટલું બધું સુખ લખેલું નહોતું. સુંદરી! તમારા પત્રના એ શબ્દો, જે વાંચીને હું હસ્યો હતો, આજે અક્ષરશ: સાચા પડયા છે. તમારી ધૂળ અને પવનની ઉકિત સાચે જ ગૂઢ તત્ત્વજ્ઞાન સમી હતી, અને તેને હું આજે જ સમજી શકયો છું.

મારી સ્વર્ગતુલ્ય દેવી! દિલ કહે છે કે આપણે હમેશને માટે વિખૂટાં પડી ગયાં છીએ. અંદરથી કાંઈક ચીજ સાક્ષી આપે છે કે આપણા કિસ્મતમાં મિલનનું સુખ બસ આટલું જ હતું. એકીસાથે ત્રણ ખૂનોનો મારા પર મુકદ્દમો ચાલી રહ્યો છે. સુંદરી! આ કોઈ મામૂલી મુકદ્દમો નથી કે તેમાંથી બચવાની હું આશા રાખી શકું. ગામના લોકો જે રીતે મુકદ્દમો ઘડી રહ્યા છે અને જે કંઈ મારા સાંભળામાં આવ્યું છે એ જો સાચું હોય તો સમજી લો કે તમારો અને મારો મેળાપ બસ આટલો જ હતો.

પણ સુંદરી! તમને પણ મારી સચ્ચાઈ વિશે શંકા છે શું? તમારું દિલ પણ એવી જ સાક્ષી પૂરે છે કે હું ખૂની છું? બેશક, દુનિયા આખી મને ખૂની કહે, અદાલત પણ મને ખૂની માનીને ફાંસીએ લટકાવી દે, મને તેનું લેશમાત્ર દુ:ખ નહિ થાય; પણ સુંદરી, તમે પણ એવું માનશો તો તો મારે માટે પ્રલય આવી જશે.

વધારે લખવાનો વખત નથી. આટલી લીટીઓ તમારા સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ મુશ્કેલીએ થઈ છે. એ માણસ પાછો તમારી પાસે આવશે. પત્રનો જવાબ

એને આપી દેશો. કોઈને આની જાણ થાય નહિ કારણ કે એ બિચારાની ઈજ્જત અને નોકરીને આંચ આવે એવો ડર છે.

સાથે જ એક પત્ર જ્ઞાનીજીને લખી રહ્યો છું. આજકાલ તેઓ હરદ્વારમાં રહે છે. તેઓ આવીને તરત જ તમને ત્યાં લઈ જશે. તમે દીવાનપુરની આસપાસમાં રહો તેમાં જોખમ છે.

એક બીજી વાત કહી દઉં. સલામતી તો એમાં જ છે કે તમે મારી સાથે મુલાકાત મેળવવાનો કદી વિચાર જ ન કરો. કોઈ ને કોઈ રીતે પત્રો લખતો રહીશ. બસ, પત્રને જ મુલાકાત સમજી લેજો.

જાણો છો તમને જોઈને મારી કેવી હાલત થશે? મારી ધીરજનો બંધ તૂટી જશે. હું વગર મોતે મરી જઈશ. વળી, ખુદ તમારી હાલત પણ ઓછી ખરાબ નહિ હોય.

હું જોવા માગું છું કે આ કસોટીમાં તમે તમારા દિલને કેવું મજબૂત કરી શકો છો. ખરેખર તો, સુંદરી, તમને હું આમ લખી રહ્યો છું પણ મારી પોતાની હાલત જ બહુ ખરાબ છે. કલાકે કલાકે થાણાનું ઘડિયાળ ટન ટન વાગે છે તો મને લાગે છે કે ટન ટનનો અવાજ મારે માટે કોઈ નવી જ મુસીબત જમા કરી રહ્યો છે. દિલમાં જાણે દર્દ ઊઠે છે અને હું દિલને કાબૂમાં રાખી શકતો નથી.

સુંદરી! તમને મારા દિલની હાલત કેમ કરીને જણાવું? તમને તો હું ધીરજ આપી રહ્યો છું પણ અહીં મને ધીરજ આપનારું કોઈ નથી. અચ્છા! તકદીરમાં જે લખ્યું હશે તે બન્યા વિના રહેશે નહિ.

અત્યારે તો મને એવું લાગે છે કે તમારી સાથે હું જાણે સાચોસાચ વાતો કરી રહ્યો છું. આ વાતોમાં કેટલું સુખ મળે છે! પળભર તો સંસારનાં બધાં દુ:ખ, અને ભાવિ દુ:ખોની ચિંતા, આ બધું મારાથી દૂર ચાલી જાય છે.

તમારો બચનસિંહ

પત્ર વાંચતાં વાંચતાં સુંદરીના ચહેરા પર કેટલાયે રંગ બદલાઈ ગયા. છેવટે એનું કપાળ ચમકવા લાગ્યું. આંખોમાં પ્રતિહિંસા દેખાવા લાગી. એની રગેરગ હિંમત વહેવા લાગી.

એ ઝટપટ ઊઠી અને કલમખડિયો લઈને પત્રનો

પત્ર વાંચ્યો. તમે આટલા જલદી ગભરાઈ ગયા? એક તો મરદ અને તેમાં પાછા નિર્દોષ, છતાં ગભરાઈ રહ્યા છો? કઈ વાતે? કયા દુ:ખની સંભાવનાથી? શું મારા વિશે વિચાર કરતાં ગભરાઈ રહ્યા છો?

ઓ મારા ભોળા પ્રિયતમ! બીજી વાર આ વાત કરશો મા. તમારી સાથે પહેલી મુલાકાત થઈ તે પહેલાં મારું દિલ ફૂલની પાંદડીઓના કરતાં પણ કોમળ હતું તે થોડા વખત પછી (બાબાના મૃત્યુ પછી અને તમારા પર અત્યાચાર થવા માંડયા તે પછી) લાકડું બની ગયું હતું. તમારો પત્ર વાંચ્યા પછી એ પોલાદ બની ગયું છે.

પ્રિયતમ! દુનિયાની નજરે મારી કિંમત ફૂટી કોડી જેટલી નથી. આ સ્વાર્થી અને બદમાશ દુનિયાને હું યે કોડીની કિંમતની પણ ગણતી નથી. તમે શું કહ્યું? તમે મને સુખી બનાવી શકયા નથી? આ જ તમારી ભૂલ છે. પ્રિયતમ! તમે મને જે સુખ આપ્યું છે તે ફક્ત મારે જ ભાગે આવ્યું છે. મેં તમને પત્રમાં "ફૂલ" અને "હવા"નું ઉદાહરણ આપ્યું હતું ત્યારે હું પ્યારના રાહથી અજાણ હતી, પણ હવે હું પ્રેમની મહાનતા અને ઉચ્ચતાથી પરિચિત થઈ ગઈ છું; એટલું જ નહિ, પણ તેને મારા જીવનનો આધાર બનાવી ચૂકી છું. એટલે જ તો એ દિવસોની વાતો આજે મને પોલી અને અનુભવ વિનાની લાગે છે.

મારા માલિક! પહેલાં હું તમને દેહથી ચાહાતી હતી અને તેનાથી મને કંઈક જોખમ પણ હતું. પણ હવે તમારા આત્માને પ્રેમ કરું છું અને તેથી મારે માટે હવે કોઈ જોખમ નથી. કયામત સુધી હવે કોઈ મને તમારી પાસેથી છીનવી શકશે નહિ.

મારા સરતાજ! તમે શાના વિચારે ગભરાઈ રહ્યા છો? મોતના ખ્યાલથી? સંસારની ભાષામાં જેને મૃત્યુ કહેવામાં આવે છે તે ખરેખર તો જીવનની મંજિલનો એક પડાવ છે. લાગે છે કે કાં તો તમે આ મંજિલની કદર નથી કરતા કે પછી તમને એની ખબર જ નથી. મારા સિરના સાંઈ! જ્યાં જઈને આપણે એક આત્મા બની જઈશું, જ્યાં પહોંચતાં જ દુનિયાની ઈર્ષાથી બળી રહેલી નજર આપણા પ્રેમમાં બાધા નહિ નાખે, જ્યાં જઈને આપણને દામ્પત્યના સામ્રાજ્યનું સિંહાસન પ્રાપ્ત થશે અને એ સિંહાસન પર આપણે આલિંગનમાં બંધાઈ જઈશું ત્યાં ઇન્દ્ર-બ્રહ્મા પણ આપણા આલિંગનને છોડાવી શકશે નહિ. એને જ શું તમે મૃત્યુનું નામ આપશો? આ અન્યાય છે, મારા પ્રીતમ, સરાસર અન્યાય છે.

તમને મનમાં એમ લાગે છે કે આપણો હમેશને માટે વિયોગ થયો છે? ના, પ્રિયતમ, ના. મારું દિલ કહે છે કે આપણે હમેશને માટે બેમાંથી એક બની ગયાં છીએ.

મારી સચ્ચાઈ વિશે તમે શંકા કરશો? એ વાત અસંભવિત છે. હું તમને નિર્દોષ માનું છું એટલું જ નહિ, પણ ખરેખર ખૂની કોણ છે તે પણ જાણું છું. પણ એ કહીને કોને ખાતરી કરાવું? મારી વાત પર કોઈ વિશ્વાસ કરશે ખરું?

મને ખાતરી છે કે અનવરે જ એ બન્નેને મારી નાખ્યા છે અને પછી પોતે આપઘાત કર્યો છે. એની પાસેથી હું ચાલી આવી તે પછી અનવરે એ બન્નેને પાછા બોલાવ્યા હશે અને તે પછી જ એણે આ કામ કર્યું હશે. પણ રહી રહીને મને એમ થાય છે કે આ સત્ય હું અદાલતમાં જાહેર શી રીતે કરું?

જ્ઞાનીજીને બોલાવ્યા તે તો તમે સારું જ કર્યું. પણ હું હરદ્વાર જતી રહું તે તો મારે માટે અસંભવ છે. તમને બચાવવાને માટે મારાથી શું કંઈ જ થઈ શકશે નહિ? બેશક, હું જાણું છું કે મારા જેવી અબળા કંઈ જ કરી શકે નહિ. પણ તમે શરૂ કરેલી પ્રવૃત્તિ શું અધૂરી જ છોડી દઈશ? બીજું કંઈ નહિ તો મારી કલમના બળે જ દેશમાં હું સુધારાની ભરતી લાવી દઈશ જેમાં આ બધી સામાજિક ગંદકીઓ વહી જશે.

પણ મારા સ્વામી! તમારું દિલ આટલું કમજોર છે તેનો મને કદી ખ્યાલ આવ્યો નહોતો. બસ, દિલને મજબૂત કરો. ડરને પાસે ઢૂંકવા પણ ન દેશો. કાલથી જ હું તમારી સાથે મુલાકાત મેળવવાનો પ્રયત્ન કરી રહી છું. તમે મને મળતા રોકી છે પણ એક વાર મળી લેવાની અભિલાષા માટે ક્ષમા ચાહું છું.

પ્રિયતમ! તમે મને આ કસોટીનો દૃઢતાથી સામનો કરવાની સલાહ આપી રહ્યા છો. પણ મારા તરફથી બેફિકર રહીને આ ઉપદેશ તમારા દિલને જ આપો. મારા સરતાજ! તમે જો મને સુખી રાખવા ઇચ્છતા હો તો મારા સુખની ચાવી એ જ છે કે આના જવાબમાં તમને પૂરી હિંમતથી અચળ ઊભેલા જોઉં.

હમેશને માટે તમારામાં લીન થઈ ચૂકેલી,

તમારી સુંદરી

[29]

બચનસિંહ પકડાયો છે તે દિવસથી સુંદરીએ ભણાવવાનું કામ કર્યું નથી, ન તો એના તન-મનનું કંઈ ઠેકાણું છે. સવારથી માંડીને સાંજ સુધી ક્યારેક કોઈકને બારણે તો ક્યારેક કોઈકને ઘેર એ દોડયા કરે છે. ખાવાપીવાની કે કપડાં બદલવાની એને સુધ નથી. પણ બચનસિંહનાં સગાંવહાલાં તો અંદરોઅંદર એવી કોશિશ કરી રહ્યાં હતાં કે બચનસિંહનો કાંટો નીકળી જાય તો એની જમીન-જાયદાદ પર કબજો મળી જાય.

બીજી તરફ પાલાસિંહ પણ એ લાગ શોધી રહ્યો હતો કે ક્યારે એવો વખત આવે કે એ સુંદરીને મેળવી લે અને પોતાના ઘરનું બારણું ખોલે. એના રસ્તામાંથી ઘણા અંતરાયો દૂર થઈ ગયા હતા.

પાલાસિંહની હિંમતથી જૂઠા કેસની જાળ એટલી સિફતથી બિછાવવામાં આવી હતી કે બચનસિંહ બચે એવી કોઈ આશા રહી ન હતી.

પોલીસતપાસ પૂરી થઈ ગઈ હતી. તેને આધારે બચનસિંહ પર કલમ ૩૦૨ મુજબ કેસ કરવામાં આવ્યો. શેઠ રલારામ અને એના દીકરાએ પોલીસની સામે એવું બયાન આપ્યું છે કે બચનસિંહ અનવરનો મુજરો રોકવા માટે જાત જાતની ધમકીઓ આપતો હતો, અને અમે એની વાત માની નહિ ત્યારે એણે કહ્યું હતું: "અચ્છા, હું બીજી રીતે આ અટકાવીશ."

પાલાસિંહે લખાવ્યું: "આ ઘટના બની તેના એક દિવસ પહેલાં બચનસિંહ મને મળ્યો હતો અને મને કહેતો હતો: "મને કોઈક એવો માણસ બતાવ જે સો-દોઢસો રૂપિયા લઈને બેત્રણ ખૂન કરી શકે. પણ મેં એને એવું કંઈ કરતાં અટકાવ્યો તો એણે કહ્યું: 'હું પોતે જ બધું કરી લઈશ.'"

આ સિવાય પાલાસિંહના સાથીઓમાંથી કોઈએ કહ્યું: "તે દિવસે રાતે મેં એને છરો લઈને અનવરના બારણા સામે આંટા મારતાં જોયો હતો." બીજા કોઈકે કહ્યું: "વહેલી સવારે મેં એને લોહીથી ખરડાયેલાં કપડાં ધોતાં જોયો હતો." અને

કોઈકે વળી એમ પણ કહ્યું: "બનાવની રાતે મેં પોતે એને અનવરની મેડીએ જતાં જોયો હતો. કરમચંદ અને પંડિતજી પણ ત્યારે અનવરની બેઠકમાં મુજરા અંગે સલાહ કરવા હાજર હતા."

આ સિવાય એક લુહારે અનવરની મેડીએથી મળી આવેલો છરો જોઈને કહી નાખ્યું કે એ છરો તો એની જ દુકાનમાં બનેલો હતો અને બચનસિંહ તે ખરીદી ગયો હતો.

આખો મુકદ્દમો બચનસિંહની વિરુદ્ધ હતો. સૌથી પહેલાં સુંદરીને બચનસિંહની માએ ઊભા કરેલા વકીલ પાસે અનવર સાથેની એ રાતની મુલાકાતની આખી વાત કહી દેવાનો વિચાર આવ્યો. પણ તે પહેલાં એ આખો ભેદ બચનસિંહની પાસે ખોલી દેવાનું એને જરૂરી લાગ્યું.

બેત્રણ દિવસની દોડાદોડ પછી છેવટે સુંદરીને મુલાકાત માટે મંજૂરી મળી ગઈ.

[30]

બચનસિંહ જેલની સંગીન કોટડીમાં કેદ હતો. જે સિપાઈ મારફતે એણે સુંદરીને પત્ર લખીને તેનો જવાબ મંગાવ્યો હતો એની જ મદદથી આજે સુંદરીની સાથેની મુલાકાતનો દિવસ નક્કી થયો હતો.

સાંજે પાંચ વાગ્યા હશે. જેમને મુલાકાત મળી હતી એ કેદીઓને એમની કોટડીઓમાંથી જેલના દરવાજાની પાસેના સળિયાવાળા વરંડામાં લાવવામાં આવ્યા: આ કેદીઓમાં બચનસિંહ પણ સામેલ હતો.

બચનસિંહ સળિયાની વચ્ચેથી ડોકાઈ ડોકાઈને કોઈકની રાહ જોઈ રહ્યો હતો. દૂરથી એણે સુંદરીને આવતી જોઈને એ છાતીએ હાથ દઈને બેસી ગયો: સુંદરીની હાલત એનાથી જોઈ શકાઈ નહિ. એના શરીરમાં લોહીનું તો જાણે નામેય નહોતું. ચહેરા પર મરણશોક છવાયેલો હતો. એના પગ લથડી રહ્યા હતા. લાગતું હતું કે એ હમણાં જ પડી જશે.

"સુંદરી! તમારી એ હિંમત ક્યાં ગઈ? તમે તો મને સમજાવી રહ્યાં હતાં." બચનસિંહે સળિયામાંથી હાથ કાઢીને કહ્યું. પણ સુંદરીને કંઈ જ ભાન નહોતું. આટલા દિવસથી એણે એમ માન્યું હતું કે પોતાનું દિલ બહુ કઠણ હતું, એક આંસુ સુધ્ધાં એણે પાડ્યું નહોતું. પણ બચનસિંહની સામે આવતાં જ એની આંખોમાંથી ઘડા ભરીને પાણી વહી નીકળ્યું. કદાચ આટલા દિવસથી જમા થઈને રોકાઈ રહ્યું હતું.

"સુંદરી, વખત બહુ થોડો છે," બચનસિંહે એને ધીરજ આપતાં કહ્યું. સુંદરીને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. એનાં આંસુ એકદમ થંભી ગયા અને આંખો લૂછતાં બચનસિંહ તરફ જોઈને એણે કહ્યું: "મેં ઘણો વખત ગુમાવી દીધો છે."

બચનસિંહે ગળું સાફ કરતાં કહ્યું: "ના, હજુ પાંચ મિનિટ થઈ છે. વીસ પચીસ મિનિટ હજુ બાકી છે. સુંદરી, આટલા જ માટે મેં લખી મોકલ્યું હતું કે મુલાકાતથી કોઈ ફાયદો થવાનો નથી."

"પણ હું શું કરું?" સુંદરીએ ઠંડો શ્વાસ લેતાં કહ્યું. "એક કામ માટે તમને મળવાનું જરૂરી હતું."

"ભલા, એવું તે શું કામ હતું?"

"મેં તમને છેહ દીધો છે. અસલ વાત તમને જણાવી નથી."'

"એટલે?"

જવાબમાં સુંદરીએ અત્યાર સુધી છૂપી રાખેલી એ રાતની આખી વાત કહી સંભળાવી.

વાત સાંભળીને બચનસિંહ હેબતાઈ ગયો. હજુ સુધી એ એમ જ માનતો હતો કે એને ફસાવવા માટે પાલસિંહે જ એ કરતૂત કર્યું હતું અને એને ફસાવવા માટે એ ત્રણે ખૂન પાલસિંહ અથવા એની પાર્ટીએ કર્યાં હતાં – જોકે પોતાને ફસાવવાનો અથવા અનવરનાં ઘરેણાં લૂંટવાનો પાલાસિંહનો મનોરથ હોય તો પછી એણે કરમચંદ અને પંડિત રાધાકૃષ્ણને શા માટે મારી નાખ્યા હશે તેનું યે એને આશ્ચર્ય તો હતું જ. પણ કદાચ એ બન્ને ભદ્ર પુરુષો અણીને વખતે આવી પહોંચ્યા હશે અને પાલાસિંહે એ બન્નેને પણ મારી નાખ્યા હશે. એમ એણે વિચાર્યું.

પણ આજે બચનસિંહે સુંદરીને મોઢે સાચી વાત સાંભળી કે અનવરે જ એ બન્નેને મારીને પછી પોતાની છાતીમાં છરો ભોંકી દીધો હતો. સાંભળીને એ ધ્રૂજી ઊઠયો. આ વાતે એના તો હોશ જ ઉડાડી મૂકયા. કેટલીયે વાર સુધી એનાં મોંમાંથી કોઈ વાત નીકળી શકી નહિ.

આજે બચનસિંહ પોતાને વેશ્યાને દીકરી ગણી રહ્યો હતો એ વિચારે સુંદરીની આંખો નીચી થઈ ગઈ.

બચનસિંહ પણ સુંદરીના મનોભાવોને સમજી ગયો એટલે જ તો એ વધારે વાત કરવાની એને ઇચ્છા નહોતી. એણે કહ્યું: "અચ્છા! જે થયું તે થયું. પણ સુંદરી, મામલો કેવો ગજબ છે! અરે હા, જ્ઞાનીજી હજુ આવ્યા નથી?"

"ના, આજે સાંજ સુધીમાં કદાચ આવી જશે."

"તો કાલે સવારની ગાડીમાં તમે એની સાથે જશો ને?"

"ના, હું હમણાં નહિ જઈ શકું."

"કેમ?"

"મારે અદાલતમાં બયાન દેવું છે."

"કેવું બયાન?"

"હમણાં કહી સંભળાવ્યું તે જ તો. એ બયાનથી જ હું તમને નિર્દોષ સાબિત કરીશ."

બચનસિંહને હસવું આવી ગયું. એણે કહ્યું: "સુંદરી! તમારી એ વાત પર કોણ વિશ્વાસ કરવાનું હતું? અનવર પોતાના આ કામ અંગે પોતાને હાથે લખેલી કોઈ સાબિતી મૂકતી ગઈ હોત અને મરતી વેળા પોલીસની સામે આ મતલબનું કોઈ બયાન લખાવ્યું હોત તો કદાચ કંઈક બચાવ થઈ શકત. પણ હવે તો લોકો હાંસી કરે તે સિવાય એનાથી કોઈ ફાયદો થવાનો નથી."

સુંદરીએ જોશમાં આવીને કહ્યું: "સુંદરી એક નાચવાવાળીની બેટી છે એમ કહીને લોકો મારી મશ્કરી કરશે એટલું જ ને? એક વાર નહિ, ભલે હજાર વાર કરે."

"ના સુંદરી, તમારો આ ભેદ ખૂલી જાય તે મારાથી સહન થતું નથી. તમને મારા પર સાચો પ્રેમ હોય તો એ ભેદ છપાવી રાખો. બીજી વાત એ કે અદાલત

પણ તમારા આ બયાનને આધારભૂત માનશે નહિ. તેની પુષ્ટિ માટે તમારી પાસે કોઈ પુરાવો નથી." થોડી વાર વિચાર કરીને બચનસિંહે ફરીથી કહ્યું: "પણ અનવર કંઈ લખીને કેમ મૂકી ગઈ નથી તેની મને નવાઈ લાગે છે."

"મને લાગે છે કે એ લેખિત પુરાવો એટલા માટે નથી મૂકી ગઈ કે એવું કરવા જતાં એણે મારી પણ વાત કરવી પડત. કદાચ એ એવું નહોતી ઇચ્છતી કે સુંદરી એની બેટી છે એવી લોકોને જાણ થઈ જાય. વળી એને એવો ખ્યાલ પણ નહીં હોય કે એના એ કાર્યથી તમને જ......" કહેતાં કહેતાં સુંદરીનું ગળું ભરાઈ આવ્યું અને એ કંઈ બોલી શકી નહિ.

બન્નેની વચ્ચે માંડ આટલી જ વાત થઈ—દુઃખી દિલોનાં કેટલાંયે લાંબાં ગાન હજુ બાકી હતાં. પણ મુલાકાતનો વખત પૂરો થવાની ઘંટડી વાગી. અને તે સાથે જ બધા કેદીઓ પોતાની મેળે જ મુલાકાતીઓવાળી જાળીમાંથી જતા રહ્યા, નહિ તો ધક્કા મારી મારીને પોલીસ એમને ત્યાંથી લઈ જાત. બચનસિંહની પાસે રજૂ કરવા માટે સુંદરીના દિલમાં જે દુઃખોનો વૃત્તાન્ત ભર્યો પડયો હતો એ બધો એમ ને એમ જ રહી ગયો. પણ બચનસિંહથી જુદા પડતાં જ એની આંખોની સામે અંધકાર છવાઈ ગયો અને બચનસિંહ ક્યારે એની નજર સામેથી ખસી ગયો અથવા જતાં પહેલાં એ શું કહેતો ગયો એ વાતની સુંદરીને ખબર જ રહી નહિ.

[31]

નિરાશા, ચારે તરફ નિરાશા જ નિરાશા. દૂર દૂર નજર અને કલ્પના પહોંચી શકતી હતી ત્યાં સુધી સુંદરીને નિરાશા જ નિરાશા દેખાઈ રહી હતી. જ્ઞાનીજી પણ બીજે દિવસે આવી પહોંચ્યા. મુકદ્દમો અમૃતસરમાં ચાલી રહ્યો હતો એટલે જ્ઞાનીજી અને સુંદરી બન્ને ત્યાં રહીને તે અંગે પેરવી કરી રહ્યાં હતાં. સુંદરી રવાણી ગામમાં કે દીવાનપુરમાં રહે તે બિનજરૂરી અને ખતરનાક પણ હતું.

બચનસિંહનો મુકદ્દમો નીચલી અદાલતમાં ચાલી રહ્યો હતો. તેનો આખરી ફેંસલો કેવો આવશે તે તો સૌ કોઈ જાણતું હતું કારણ કે મુકદ્દમાનું સ્વરૂપ જ એવું

બની ગયું હતું કે અપરાધી બચે એવો કોઈ રસ્તો જ બાકી રહ્યો નહોતો. મુજરાનો વિરોધ કરતાં કરતાં બચનસિંહ કેટલાયે દિવસથી દોડાદોડ કરી રહ્યો હતો એ વાતને એ ખૂની હતો તેનો સૌથી મોટો પુરાવો ગણવામાં આવ્યો હતો. તે ઉપરાંત ખૂનની રાતે એણે અનવરના દરવાજાની સામે ચક્કર માર્યાં હતાં તે પણ સાબિત થઈ ચૂકયું હતું અને આ એક પુરાવો જ સો પુરાવા બરાબર હતો. ઉપરથી પાલાસિંહ અને એની પાર્ટીએ હિંમતથી આપેલી જૂઠી સાક્ષીઓએ રહીસહી કસર પણ પૂરી કરી દીધી હતી.

આ દુર્ઘટના કેવી રીતે બનવા પામી? તે દિવસે રાતે સુંદરી જતી રહી તે પછી તરત જ અનવરે પોતાના સાજિંદાઓને મોકલીને કરમચંદ અને પંડિત રાધાકૃષ્ણને બોલાવી લીધા હતા. અનવરનું નિમંત્રણ તો એ બન્નેને માટે ઈશ્વરની કૃપાતુલ્ય હતું. બન્ને જણા દોડતા એની બેઠક તરફ આવ્યા. અનવરે એ બન્નેને મોતને ઘાટ ઉતારતાં પહેલાં અનહદ પ્રેમનું નાટક રચ્યું. એક તો એ બન્ને પહેલેથી જ શરાબ પીને અંધ બની ચૂકયા હતા. અનવરે એ લોકોને વધારે શરાબ પાવા માંડી. પીતાં પીતાં બન્નેએ હોશ ગુમાવી દીધા ત્યારે પોતાની કટારના એક એક વારથી એ બન્નેના અને ત્રીજા વારથી પોતાની જિન્દગીના દીવા ગુલ કરી નાખ્યા.

સવારે રોજની જેમ અન્ના (અનવરની નોકરાણી) આવી તો અંદરનું દશ્ય જોઈને એણે જોરથી ચીસ પાડી દીધી. એ ચીસ સાંભળીને કેટલાયે લોકો ઉપર આવી ગયા. જોતજોતાંમાં તો ત્યાં ભારે ભીડ જામી ગઈ. આખો ઓરડો લોહીથી લથપથ હતો અને ત્રણે લાશો તેમાં તરી રહી હતી.

પાલાસિંહ અને એમના સાથીઓને ખબર પડી તો એમની ખુશીનો કોઈ પાર રહ્યો નહિ. એ લોકો તરત જ જઈને પોલીસને બોલાવી લાવ્યા, અને બચનસિંહને આ આખાયે ખૂની નાટકનો નાયક જાહેર કર્યો.

ખૂન કયારે થયાં અને કોણે કર્યાં તેનો મૂળ ભેદ સુંદરી સિવાય બીજું કોઈ જાણતું નહોતું. પણ સેંકડે પંચાણું જણાંને તો બચનસિંહ પર જ શંકા હતી. ખાતરી નહિ પણ શંકા કેમ હતી? તે એટલા જ ખ્યાલે કે ચાલો, અનવરની તો એણે સુધારાના જોશમાં કતલ કરી નાખી પણ બીજા લોકો – જેની સાથે એને કોઈ ઓળખાણ-પિછાન નહોતી કે દુશ્મનાવટ નહોતી – એમને પણ કેમ મારી નાખ્યા?

પણ કેટલાક સાક્ષીઓએ જુબાની આપી કે પંડિત રાધાકૃષ્ણ અને કરમચંદ બીજે દિવસે થનારા મુજરા અંગે ચર્ચા-વિચારણા કરવા અનવરને ઘેર પહોંચ્યા તે જ વખતે બચનસિંહ અનવરનું ખૂન કરીને હાથમાં છરો લઈને પાછો આવી રહ્યો હતો. અને ભેદ ખૂલી જવાના ડરે એ બન્નેને પણ એણે પૂરા કરી નાખ્યા હતા. આ પછી તો બચનસિંહ ગુનેગાર હતો એ વિશે લોકોને ખાતરી થઈ ગઈ. બિચારી સદા-કૌર પછડાટ ખાઈ રહી હતી, અને આ બાજુ સુંદરીનો એક પગ કચેરીમાં અને બીજો પગ વકીલની બેઠકમાં રહેતો હતો.

બચનસિંહના વકીલે સુંદરીની જુબાનીને મામલાની સફાઈ અંગેની જુબાની તરીકે નોંધી લીધી. બચનસિંહ પર આરોપ લગાડવામાં આવ્યો અને સુંદરીની જુબાની લેવામાં આવી. એણે પહેલેથી માંડીને છેલ્લે સુધી વાત જેવી બની હતી તેવી રજૂ કરી પણ એની લાંબી રામકહાણીઓનો મુકદ્દમાની સાથે કોઈ સંબંધ જોડવામાં આવ્યો નહિ. અનવર કોણ હતી? પંડિત રામકૃષ્ણ અને કરમચંદની ચાલચલગત કેવી હતી? અનવરને કયાં કારણોસર વેશ્યાની જિન્દગી અપનાવવી પડી હતી? આ વાતો પર પ્રકાશ પાડવાનો સુંદરીએ ભરચક પ્રયત્ન કર્યો પણ પોતાની વાતો સાચી હતી તેનો સુંદરી પાસે કયો પુરાવો હતો? જેની પાસેથી આ વાતોને પુષ્ટિ મળે એવી આશા હતી એ ત્રણે જણાની તો કતલ થઈ ચૂકી હતી. એ સિવાય ચોથો જણ, મહોલ્લેદાર પણ સુંદરીના બયાન મુજબ અનવરને હાથે ખતમ થઈ ચૂક્યો હતો. હવે એક જ જીવતો સાક્ષી બાકી હતો. એ હતો તારાચંદ. અને તારા-ચંદને વિશે તો કોઈને કશી માહિતી હતી નહિ. એ કયાં રહેતો હતો, જીવતો હતો કે મરી પરવાર્યો હતો તેની કોઈને ખબર નહોતી.

બચાવ પક્ષના વકીલે નિરાશ થઈને સુંદરીને કહ્યું: "છોકરી, તારો બાપ આજે જીવતો હોત તો આ મામલામાં કદાચ કાંઈક મદદ મળી શકત. હજુ પણ તું ગમે તેમ કરીને એને શોધી શકે તો સારું."

બાકી વાત એ રહી કે ખૂન કોણે કર્યાં? આ મામલામાં સુંદરીની જુબાનીને કોઈ મહત્ત્વ આપવામાં આવ્યું નહિ – જોકે સુંદરીએ પોતાના બયાનમાં જણાવ્યું હતું કે પોતાની હાજરીમાં જ અનવરે બન્નેને મારી નાખવાની ફરીથી પ્રતિજ્ઞા કરી હતી. પણ અદાલત કેમ કરીને માને? સુંદરી પોતે તો દુર્ઘટના બની ત્યારે હાજર

નહોતી. અદાલતની નજરે તો સુંદરીનું આખું યે બયાન કેવળ બનાવટી કહાણી અથવા પાગલપણું હતું.

મતલબ એ કે બધું જાણવા છતાં સુંદરીની જુબાનીથી પ્રતિવાદીને કોઈ ફાયદો પહોંચી શક્યો નહિ. આખરે મુકદ્દમો સેશન્સ કોર્ટમાં ગયો.

આ બધી દોડાદોડને પરિણામે સુંદરીને કંઈ મળ્યું તો એટલું જ કે પહેલાં લોકો એને અછૂતની બેટી કહેતા હતા અને હવે નાચવાવાળીની બેટી કહેવા લાગ્યા.

અદાલતનો કાનૂન પૈસાવાળાનો નોકર અને ગરીબનો માલિક છે. એ અમીરોના હુકમ પ્રમાણે ચાલે છે અને ગરીબોને પોતાના હુકમ પ્રમાણે ચલાવે છે.

મુકદ્દમો ચાલતો હતો તે દરમિયાન સુંદરી, સદાકૌર અને જ્ઞાનીજી સાથે બચનસિંહની ઘણી મુલાકાતો થઈ. એ દર્દનાક દશ્યોનું વર્ણન કરીને વાચકોને દુ:ખી કરવાની ઈચ્છા નથી.

કેટલીક સુનાવણીઓ થયા બાદ સેશન્સ કોર્ટે બચનસિંહને ફાંસીની સજા ફરમાવી. કમનસીબ સદાકૌરને માટે આ આઘાત અસહ્ય નીવડયો. ચુકાદો સાંભળતાં જ થોડી વાર તો એ બેહોશ બની ગઈ.

બચનસિંહના વારસોએ હાઈકોર્ટમાં અપીલ કરી.

સુંદરીને માટે પણ આ કોઈ મામૂલી આઘાત નહોતો. પણ એની અંદર સળગી રહેલી બદલાની આગની ગરમીએ એને ડગાવી દેવાને બદલે એના મનને વધારે સ્થિર અને મજબૂત બનાવી દીધું.

[32]

અમૃતસરની એક નાની સરખી ગલીમાં મકાન ભાડે લઈને જ્ઞાનીજી અને સુંદરીએ રહેવા માંડયું.

બચનસિંહને બચાવવાની બધી કોશિશો નકામી નીવડી. ફાંસીની સજા વિરુદ્ધ હાઈકોર્ટમાં અપીલ થઈ ચૂકી હતી. પણ સુંદરી જાણતી હતી કે એ તો માત્ર ઔપચારિકતા હતી, અને તેનાથી કંઈ વળવાનું નહોતું.

તારાચંદને શોધી કાઢવાની ઈચ્છા એના દિલમાં દિનોદિન તીવ્ર બની રહી હતી પણ તે યે કેવળ હવામાં સોટી વીંઝવા જેવી વાત હતી. રહી રહીને એને પોતાની બેવકૂફી પર અફસોસ થઈ રહ્યો હતો કે તારાચંદ દેખાવે કેવો હતો તે વિશે એણે અનવરને કંઈ પૂછી જોયું નહોતું. ચહેરો જાણ્યા વિના એ એને શી રીતે શોધી શકવાની હતી? અનવર પાસેથી માત્ર એને એટલું જાણવા મળ્યું હતું કે એ દિવસોમાં એ સિયાલકોટની એક સરકારી કચેરીમાં કામ કરતો હતો. એટલા જ આધાર પર સુંદરી સિયાલકોટ ગઈ અને સરકારી કચેરીઓમાં ચક્કર મારવા લાગી. એના કેટલાયે દિવસો તેમાં બરબાદ થઈ ગયા પણ અઢાર-ઓગણીસ વર્ષ પહેલાંની વાતનો ભલા એને કેમ કરીને પત્તો લાગવાનો હતો?

પણ સુંદરી હિંમત હારી નહિ. એણે દોડધામ ચાલુ રાખી. તે સાથે જ પૈસા કમાવાના ઇરાદાથી એણે ઘણા વખતથી છોડી દીધેલું લેખનકાર્ય પણ શરૂ કર્યું. દિવસ અને રાત એ કોઈક ને કોઈક કામમાં રોકાયેલી રહેતી હતી. ખાવાપીવાની, કપડાંલત્તાંની કે કોઈ વાતની એને ફિકર નહોતી. ખૂબ બેચેનીથી એ અદાલતના ચુકાદાની રાહ જોવા લાગી. આમ રાહ જોતાં જોતાં જ એણે મહિનાઓ ગાળી નાખ્યા. આજકાલ એની કેટલીયે વાર્તાઓ પંજાબી માસિકો-પત્રિકાઓમાં છપાતી હતી. એ વાર્તાઓના અનામી લેખકની વાહ વાહ થઈ ગઈ હતી.

જ્ઞાનીજી સુંદરીનો બહુ જ ખ્યાલ રાખતા હતા. હમેશાં એને આધ્યાત્મિક ઉપદેશ આપીને એના દિલને શાન્ત રાખવાની કોશિશ કરતા હતા. પણ સુંદરીમાં અંદર-ખાને પ્રતિહિંસાની આગ સળગી રહી હતી અને તેથી એના પર એ ઉપદેશની કોઈ અસર થતી નહોતી. સુંદરીનું શરીર દિવસે દિવસે કમજોર થઈ રહ્યું હતું. પણ એનું મન વધારે કઠોર બની રહ્યું હતું. આખી દુનિયાની સામે જાણે એને નફરત થઈ ગઈ હતી. જિન્દગી એને અસહ્ય અને અનાવશ્યક બોજા જેવી લાગતી હતી.

અચાનક એક દિવસ એને બચનસિંહનો પત્ર મળ્યો અને એની ધીરજનો પ્યાલો છલકાઈ ઊઠયો. કવર પર બચનસિંહના હસ્તાક્ષરમાં લખાયેલું સરનામું જોઈને ધડકતે હૈયે એણે કવર ખોલ્યું અને "સુંદરી! અંતિમ પ્યાર!" એ પહેલું વાક્ય વાંચતાં જ એનું માથું ચકરાઈ રહ્યું. પણ તરત જ પોતાની જાત પર કાબૂ રાખીને એણે પત્ર વાંચવાનું શરૂ કર્યું.

"અપીલ નામંજૂર થઈ છે અને ફાંસીનો દિવસ પણ નક્કી થઈ ગયો છે. આવતા મંગળવારે ...."

સુંદરીના હાથમાંથી પત્ર નીચે પડી ગયો. એના હાથપગ કોકડું વળી ગયા હતા પણ હોઠ પીસીને એણે વળી પોતાના દિલને મજબૂત કર્યું – જ્ઞાનીજીના આધ્યાત્મિક ઉપદેશોએ અત્યારે મદદ કરી. એણે ફરી વાંચવાનું શરૂ કર્યું:

"આહ! સુંદરી! અત્યારે મારા દિલની કેવી હાલત છે તે જાણો છો? મારા જેવી હાલત થઈ હોય એવા કમનસીબ સિવાય બીજા કોઈને એ નહિ સમજાય. ઓહ! આ દુનિયા કેવી ભયાનક લાગી રહી છે! આમ તો હું સળિયાવાળી અને તે યે સાધારણ નહિ પણ ફાંસીની સજા પામેલા કેદીઓની કોટડીમાં છું, પણ મનથી તો હું અત્યારે આઝાદ છું અને મારી જાતને આ દુનિયાથી ઊંચે ઊડતી જોઈ રહ્યો છું. એક પછી બીજું, બીજા પછી ત્રીજું દૃશ્ય નજર સામેથી પસાર થઈ રહ્યું છે. કયાં દૃશ્યો? સમજ આવી ત્યારથી જોતો આવ્યો છું તે જ દૃશ્યો.

"સુપરિન્ટેન્ડન્ટે મારી કોટડીની પાસે આવીને પહેલી વાર મને ફાંસીનો હુકમ સંભળાવ્યો ત્યારે મારા મનની હાલત કેવી હતી? એના મોંમાંથી ચાર અક્ષરોનો એક શબ્દ નીકળવાની વાર હતી, ત્યારથી મારે માટે દુનિયા જ બદલાઈ ગઈ છે. ત્યારે કોટડીની દીવાલો, સળિયાવાળા દરવાજા અને ફરસ– બધી વસ્તુઓ 'ફાંસી! ફાંસી!' ની બૂમો પાડીને મારા કાન ખાઈ રહી હતી. બહાર સંતરી ખભે બંદૂક રાખીને ગણગણતો ગતગણતો આમથી તેમ આંટા મારી રહ્યો હતો એ પણ જાણે ફાંસીનો રાગ આલાપી રહ્યો હતો. સામેના શેતૂરના ઝાડ પર કાગડા બોલી રહ્યા હતા તેને પણ 'ફાંસી' શબ્દ સિવાય બીજું કંઈ યાદ હોય એમ લાગતું નહોતું.

"માથાથી પગ સુધી હું ધ્રૂજી રહ્યો હતો. ના, મને ધ્રુજારી નહોતી આવતી– મારું કોઈ પણ અંગ ધ્રૂજતું હોય તેમ લાગતું નહોતું, પણ એવું લાગતું હતું કે અંદરખાનેથી ધ્રુજારી આવી રહી હતી. મારું દિલ, મારું મન, મારા મનનાં સ્ફૂરણ, વિચાર – હરેક ચીજ કાંપી રહ્યાં હતાં. ફરસ, છત, સામેનું આંગણું અને બહારનાં ઝાડ ધ્રૂજી રહ્યાં હતાં.

"કેટલા કલાક સુધી મારી આવી હાલત રહી. ધીરે ધીરે બીજું દૃશ્ય સામે આવ્યું. એ એક ભોળી-ભલી દેવીનું ચિત્ર હતું. એનો રંગ સરસવનાં ફૂલ જેવો પીળો હતો.

એનુ શરીર જાણે કોઈક ડાકટરના દવાખાનામાં રાખવાનું હાડપિંજર હતું. પણ એ પીળા ચહેરામાંથી કોઈક ચમક નીકળી રહી હતી. અને એ જ સૂરતને જોતાં મારું દિલ ડૂબી જતું હતું. એને જોતાં જ મને જાણે જોશ આવી ગયું અને હું ભૂલી ગયો કે મને મોતની સજા મળી ચૂકી હતી.

"આ સૂરત મારી સુંદરીની હતી.

"બીજી જ ક્ષણે એ તસવીર ગાયબ થઈ ગઈ. મારી આંખો ફાંસીનો ઝૂલો જોવા લાગી. પાસે જ એક કાળા અને ડરામણા મોંવાળો જલ્લાદ હતો. આ દશ્ય જોઈને મને પાછી પહેલાંના જેવી જ કંપારી છૂટી, મારું દિલ કેટકેટલા વિચારોમાં તણાઈ ગયું. મારું દિલ ગભરાયેલા અવાજે જલ્લાદને કહી રહ્યું હતું: 'મારા દોસ્ત! જરા થોભી જા. આટલી ઉતાવળ ન કર. હજુ મારાં ઘણાં કામ અધૂરાં પડેલાં છે તે પૂરાં કરી લેવા દે. વધારે વાર નહિ લગાડું. બસ ઝટપટ!' પણ જલ્લાદ તો ઉતાવળ કરી રહ્યો હતો: 'વાહ! મને મારું કામ પૂરું કરવાની ઉતાવળ છે અને તને તારું કામ પૂરું કરવાની ઉતાવળ છે!' અને એ વળી દોરડને વળ ચઢાવવા લાગ્યો.

"એનો જવાબ સાંભળીને મારું મન નિરાશ થઈ ગયું. મારી હાલત તો પેલા મુસાફર જેવી હતી, જેણે હજુ કેટલાંયે ગાડાં સામાન રેલમાં લાદવાનો હોય અને રેલની તો સીટી વાગી ગઈ હોય, ગાર્ડે લીલી ઝંડી પણ બતાવી દીધી હોય.

"આહ! સુંદરી, તમારા એકાદ પત્રમાં તમે મોતની તારીફ કરી હતી. તેની અસરમાં હું પણ એ જ રીતે વિચાર કરતો થઈ ગયો હતો. પણ ઓહ! ફાંસીનો હુકમ સાંભળતાં તમારા બધા ઉપદેશ ભુલાઈ ગયા, અને મોત પહેલાંનાં કરતાં પણ હજારગણું ખોફનાક બનીને મારી સામે આવીને ઊભું રહ્યું.

"મેં તમને ના પાડી હતી કે મને મળવા આવશો નહિ– એથી મારી તકલીફ વધી જશે. પણ હવે એ હાલત રહી નથી. લાગે છે કે મારાં બધાં દુ:ખની દવા તમારી જ પાસે છે. બસ, મરતાં પહેલાં એક વાર, ફક્ત એક વાર, હું તમને મળવા ઇચ્છું છું. આશા છે કે તમારી સાથેની મુલાકાત મારે માટે લાભદાયી નીવડશે અને હું શક્તિ અને ખુશીથી મરી શકીશ.

"સુંદરી! આ બધી વાતો કોણ લખી રહ્યું છે? આ આવેશો ક્યાંથી ઊઠી રહ્યા છે? અને મનમાં બેઠેલી કઈ વસ્તુ એને ક્રમવાર કલમને હવાલે કરી રહી છે?

શું આ ચાર ગજનું દોરડું તેના એક જ ઝટકાથી બધી વાતનો અંત લાવી દેશે? શું તેના જરા જેટલા આંચકાથી આજે પૂરના વેગે વહી રહેલી આંખોની નહેરો સુકાઈને વેરાન ભૂમિ થઈ જશે? શું વીજળીની ઝડપે કલમ ચલાવી રહેલા આ હાથ આજથી બરાબર છઠ્ઠે દિવસે સૂકાં લાકડાં બની જશે? હૃદયના મંદિરમાં જે અલૌકિક દેવીની મૂર્તિ વિરાજી રહી છે અને રોજ જેની હું પ્રેમનાં ફૂલોથી પૂજા કરું છું, એ પ્રારબ્ધના જુલ્મી હથોડાના એક જ ઘાથી ચૂર ચૂર થઈ જશે?

ઓહ! હું કેટલો મૂર્ખ છું! ઘરમાં લાગેલી આગને ચાંગળું પાણી લઈ લઈને બુઝાવવી હોય તેમ આ બધી વાતો છેડવા બેઠો છું.

સુંદરી, અહીં જ બસ કરું છું. તમારા એ પત્રનો સાચો અર્થ મને તે વખતે સમજાયો નહોતો—હવે સમજાય છે. શું તમે મારા મર્યા પછી જીવતાં રહેવા ઇચ્છતાં નથી? હું તમને છેલ્લી વાર સલાહ આપું છું કે તમે એવું કરશોમાં. પણ બીજી કોઈ રીતે તમે નહિ માનો તો હું તમને એક વાત યાદ કરાવું: તમારે માથે એક દુ:ખી જીવનો બોજો છે—જિંદગી અને મોતની વચ્ચે લટકી રહેલી મારી નિરાધાર માનો. એના તરફની મારી ચિંતા મટે નહિ ત્યાં સુધી એવું કંઈ કરવાનો તમને અધિકાર નથી. આપણે લાખો વર્ષો સુધી સાથે રહેવાનાં છીએ તો આ થોડો વિરહ સહી લેવાનું કંઈ મુશ્કેલ છે? હું તમારી રાહ જોઈશ, પણ જે ફરજ તમને સોંપતો જાઉં છું તે બજાવ્યા વિના તમે મારી પાસે આવી શકશો નહિ.

સોમવારે મારાં સગાં-સંબંધીઓની સાથે મારી મુલાકાત થશે અને મંગળવારે તમારી સાથે. એટલે મંગળવારે સવારે જ્ઞાનીજી સાથે અહીં આવી પહોંચજો. આપણી આ મુલાકાત નિર્બંધ અને ભાવભરી હશે. સુપરિન્ટેન્ડન્ટે ખાસ મહેરબાની કરીને આ વાયદો કર્યો છે.

આહ! સુંદરી! આ પત્ર હું અહીં જ પૂરો કરી દઉં? કેટલું મુશ્કેલ કામ છે! જાણે પત્ર પૂરો થતાં જ મારે માટે સંસાર આખાનું અસ્તિત્વ મટી જવાનું હોય અને મારે દુનિયામાં બીજું કંઈ કામ કરવાનું બાકી ન હોય.

કાગળ ખલાસ થઈ ગયો છે. હાંસિયામાં પણ જગ્યા બાકી રહી નથી, અક્ષ-રોમાં અક્ષરો ઘુસાડીને બસ આટલું જ લખી શક્યો છું. માથે ઊભેલો જમાદાર તંગ કરી રહ્યો છે. કહે છે, કાગળ ઝટ પૂરો કરો. સુપરિન્ટેન્ડન્ટને આવવાનો વખત થઈ ગયો છે.

મારી સુંદરી! તમારી પ્યારભરી સૂરતને દિલમાં રાખીને આ પત્ર પૂરો કરું છું. અંતિમ પ્યાર.

તમારો બચનસિંહ.

ફાંસીના હુકમ પછી આજ સુધી બચનસિંહે દિવસ અને રાત સેંકડો હવાઈ મહેલો ચણ્યા હતા અને જમીનદોસ્ત કર્યા હતા. નદીના પૂરની જેમ અનેક જાતના વિચાર એના દિલમાં આવીને નીકળી જતા હતા. અને છેવટે આંખોની સામે એ જ ફાંસો અને એ જ મોત–એ બે વસ્તુઓ જ રહેતી હતી. પણ આજે એની જિંદગીનો આખરી દિવસ હતો ત્યારે એના મનમાં કોઈ આવેશ ઊથલપાથલ મચાવી રહ્યો નહોતો. બધી તાકાત જાણે ઊકળી ઊકળીને ઠંડી થઈ ગઈ હતી. એને લાગ્યું કે પોતે તો ફાંસીએ ચડતાં પહેલાં જ મરી ચૂક્યો હતો અને કોઈક બીજી જ દુનિયામાં જઈ વસ્યો હતો. બાજુની બરાકની પાસે બેત્રણ ઘાણી ચાલી રહી હતી. તેનો ઝીં-ઝીં અવાજ કોઈ વિધવા પોતાના પતિના મૃત્યુ પર વિલાપ કરી રહી હોય એવો લાગતો હતો. કોટડીના એક ખૂણામાં એક તીડ ટીં-ટીં કરી રહ્યું હતું. પણ બચનસિંહને લાગતું હતું કે કોઈ મા પોતાના મરેલા દીકરાનું માથું ખોળામાં લઈને કલ્પાંત કરી રહી છે. સામેના મેદનમાં બે-ચાર ચકલીઓ ચીં-ચીં કરતી ઊડી રહી હતી તે જોઈને એને લાગ્યું કે મોત એ ચકલીઓની પાછળ પડ્યું હતું અને એ ડરતી, ચીસો પાડતી નાસી રહી હતી.

લાહોર સેન્ટ્રલ જેલની આ સાંકડી કોટડીમાં બેસતાં જ એને પોતાની કમનસીબ માનો ખ્યાલ આવ્યો. કાલે જ એ એને મળવા આવી હતી. પછી એને સુંદરીનો વિચાર આવ્યો. એ આજે મળવા આવવાની છે. આ સળિયાવાળી સાંકડી કોટડીમાં બેઠાં બેઠાં એને વિચાર આવ્યો: "હવે સુંદરી ગાડીમાંથી ઊતરી હશે, ગેટ પર ટિકિટ આપતાં આપતાં એનો ફિક્કો હાથ કાંપી રહ્યો હશે, એની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં હશે અને તેને લીધે એને રસ્તામાં બરાબર દેખાતું નહિ હોય, હવે જ્ઞાનીજીએ એને ધીરજ અને દિલાસો આપીને ટાંગામાં બેસાડી હશે, હવે ટાંગો ઝડપભેર જેલ તરફ આવી રહ્યો હશે. સડકની બાજુએ ઊભેલાં ઝાડને ઝપાટા-બંધ સામેથી નીકળી જતાં જોઈને તેને વીતી ગયેલાં સુખનાં પ્રતીક ગણીને સુંદરી કહેતી હશે: "જાઓ, મારાં સંગી-સાથી! જાઓ, હમેશને માટે જાઓ." હવે ટાંગો જેલના દરવાજાની સામે આવ્યો હશે. સૌથી પહેલાં સુંદરીની નજર કાળા દરવાજા પર પડશે અને એને લાગશે કે એ દરવાજો તો શોકના ગાન ગાઈ

રહ્યો છે. દરવાજાની સામે આંટા મારી રહેલો લાલ પાઘડીવાળો સંતરી એને ધર્મ-રાજના દૂત જેવો લાગશે. સુંદરી કદાચ એ દશ્ય જોઈ શકશે નહિ અને બેહોશ...

એ જ વખતે એને વજનદાર બૂટનો અવાજ સંભળાયો અને એ ઊભો થઈ ગયો. બહાર એક અંગ્રેજ સુપરિન્ટેન્ડન્ટ, એક ડૉકટર, બે દારોગા અને કેટલાયે સિપાઈ ઊભેલા હતા.

કોટડીનો દરવાજો ખુલ્યો અને કોઈ કંઈ કહે તે પહેલાં જ બચનસિંહ સમજી ગયો કે ફાંસીનો વખત થઈ ગયો છે. હાથકડીઓ જોઈને એણે પોતાના બન્ને હાથ આગળ ધર્યા અને સિપાઈએ એના બન્ને હાથને પાછળની તરફ વાળીને હાથકડી પહેરાવી દીધી અને એને આગળ કરીને સૌ ચાલી નીકળ્યા.

બચનસિંહ જમીન પર ચાલી રહ્યો હતો પણ એના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને એ જાણે હવામાં ચાલી રહ્યો હતો એમ એને લાગતું હતું. જાણે કે એના માથામાં મગજ હતું જ નહિ, અને છાતીમાં હૃદય પણ હતું નહિ. અને તોયે એની અંદર કોઈક એવી વસ્તુ હજુ યે બાકી હતી જે એના લાશ જેવા શરીરમાં કયારેક ચૂંટી ખણી જતી હતી. એની આંખો પહોળી થઈ ગઈ હતી પણ હજુ યે તે કંઈક જોવા ઇચ્છતી હતી. હાથકડીમાં જકડાયેલા એના હાથ કયારેક આંગળીઓથી જંજીરને ફંફોસીને એ લોખંડ હતું કે માંસ તેનો અનુભવ કરવા મથી રહ્યા હતા.

હવે બચનસિંહને લાગ્યું કે પોતે એક એવી જગ્યાએ ઊભો છે જે એણે પહેલાં કદી જોઈ નહોતી પણ વગર જોયે જ—કેવળ કલ્પનાથી એણે આ જગ્યા જોઈ લીધી હતી – એ ફાંસીની જગ્યા હતી.

આ જગ્યાને જોતાં એક વાર તો બચનસિંહ પગથી તે માથા સુધી ધ્રૂજી ઊઠયો. પણ તરત જ એની હાલત બદલાઈ ગઈ. એની આંખોની સામે હવે કંઈ નહોતું—ફકત અંધકાર છવાયેલો હતો.

પોતે ત્યાં કેટલો વખત ઊભો રહ્યો તેની એને કંઈ ખબર રહી નહિ. ત્યાં તો એને કાને અવાજ પડયો : 'વેલ, મિસ્ટર બચનસિંહ, કોઈ બાત કહના માંગતા?'

એનો જવાબ આપ્યો કોણે ? એણે કે બીજા કોઈએ ? એને કંઈ જ ખબર નહોતી અને જવાબ પોતે જ આપ્યો હતો છતાં તેનો અર્થ એ સમજી શકયો નહિ. આ પછી પહેલો અવાજ ફરી સંભળાયો : " અચ્છા, એ લોકોને બોલાવો. "

આ શબ્દો બચનસિંહને કાને પડયા, જરા વાર માટે એના હોશકોશ જાણે પાછા આવી ગયા

થોડી વાર પછી એને પોતાની પાછળ કોઈકની ચીસ સંભળાઈ. અવાજ ઓળખીને એણે એકદમ પાછળ જોયું તો સુંદરી હતી અને જ્ઞાનીજી એનો ખભો પકડીને એને આ તરફ લાવી રહ્યા હતા. જ્ઞાનીજીની વિનતિથી અફસરે બચનસિંહની હાથકડી ખોલી નાખી. હવે સુંદરી બચનસિંહની સામે ઊભેલી હતી. પોતાની બધી શકિત વાપરીને એ હોશમાં રહેવાનો પ્રયત્ન કરતી હતી. જ્ઞાનીજીએ એક હાથમાં બચનસિંહનો અને બીજા હાથમાં સુંદરીનો હાથ પકડી રાખ્યો હતો. ફાટેલી નજરે એ બન્ને એકબીજાની સામે જોઈ રહ્યાં હતાં. એ બન્નેની આંખો એકબીજા પર સ્થિર થયેલી હતી અને આંખોની કીકીઓમાં બન્નેને ફક્ત પોતપોતાના શરીર જ સૂક્ષ્મ આકારે દેખાતાં હતાં. બસ, બીજું કંઈ નહિ. જાણે બચનસિંહ સુંદરીની આંખોમાં ઘૂસીને છુપાઈ ગયો હતો અને સુંદરી બચનસિંહની આંખોમાં.

એ જ વખતે સુંદરીને પોતાની ડોક પર કોઈક ઠંડી વસ્તુનો સ્પર્શ થયો.

એણે જોયું તો જ્ઞાનીજીએ રૂમાલની ગાંઠ છોડીને ફૂલોનો એક એક હાર બન્નેના ગળામાં પહેરાવી દીધો. એણે એ પણ જોયું કે પોતાનો હાથ બચનસિહના હાથમાં હતો. એ બન્નેના હાથને પોતાના હાથમાં પકડીને જ્ઞાનીજી કહી રહ્યા હતા: "હે બે ભુવનના માલિક! આ જોડીનો પ્રેમ કયામત સુધી અતૂટ રહે અને બન્ને સ્વર્ગમાં ભેગાં થાય અને અનંતકાળ સુધી દામ્પત્ય જીવન ગાળે."

એ જ વખતે અંગ્રેજ અફસરે હેટ ઉતારી લીધી. બીજા લોકો (જે મુસલમાન હતા) માથું નમાવીને એકી સ્વરે બોલી ઊઠયા:" આમીન ! આમીન !"

આપછી ક્ષણવાર પૂરતો બન્નેનાં શરીરમાં ચેતનનો સંચાર થયો અને બન્નેએ એકબીજાને આલિંગનમાં લઈ લીધાં. એક મિનિટ, બે મિનિટ, પાંચ મિનિટ, આખરે દસ મિનિટ વીતી ગઈ પણ એમના હાથ ઢીલા પડયા નહિ.

સુપરિન્ટેન્ડન્ટનો ઈશારો થતાં જ્ઞાનીજીએ કહ્યું: " "બેટા બચનસિંહ! દીકરી .... સુંદરી ! ...બચ્ચી ! "

પણ બન્નેએ એકમેકને છોડયાં નહિ. કદાચ બન્નેએ હોશ ગુમાવી દીધા હતા. આખરે જ્ઞાનીજીએ સુંદરીનો હાથ પકડી ને કહ્યું: "બેટી !" અને સુપરિન્ટેન્ડન્ટે બચનસિંહનો હાથ પકડીને કહ્યું : " મિસ્ટર બચનસિંહ!"

બન્નેના હાથ ઢીલા પડયા, બચનસિંહ મદહોશ હાલતમાં ઊભો હતો અને ત્યાં જ એક માણસે એના માથા પર એક લાંબો કાળો ટોપો પહેરાવી દીધો. સુંદરી પડવાની અણી પર હતી ત્યાં જ્ઞાનીજીએ એને પકડી લીધી. સુપરિન્ટેન્ડન્ટના હુકમથી એક ખાટલો લાવવામાં આવ્યો.

સુંદરીને હોશ આવ્યા ત્યારે ચારે તરફ રાતનો અંધકાર ફેલાઈ ગયો હતો. એન્જિનોનું ભખ્... ભખ્ ..., મુસાફરોનો શોર અને છાબડીવાળાના 'પેંડા લો, મીઠાઈ લો!'નો અવાજ અને સિગારેટના ધુમાડાની વાસ પરથી સુંદરીએ અનુમાન લગાવ્યું કે પોતે રેલવે સ્ટેશન પર હતી અને મુસાફરખાનામાં સૂતેલી હતી.

સુંદરી બેઠી થઈ ગઈ. ઊઠતાંની સાથે જ એણે પાણી માગ્યું: જ્ઞાનીજી લોટો લઈને પાણી લેવા જતા રહ્યા. સુંદરીને આજની ભુલાયેલી ઘટના પાછી યાદ આવી ગઈ. એને લાગ્યું કે માથામાં તો જાણે કેટલાયે મણનું વજન હતું. મનમાં કોઈ વિચાર, કોઈ સ્ફુરણ કે કોઈ ખ્યાલ બાકી રહ્યો નહોતો. પોતાના ખભા પર એ જાણે એક વજનદાર પથ્થરનો કષ્ટમય બોજો વહી રહી હતી. એને થયું: હું કેવી હતી અને કેવી થઈ ગઈ છું! આજે હું મારું સર્વસ્વ ગુમાવી બેઠી છું અને નિરાશ્રિત છું. મારી હાલત થાંભલો પડી ગયો હોય એવી છતના જેવી હતી.

થોડી વાર સુધી એ ગુમસૂમ, ફાટી નજરે આમતેમ ટીકી રહી. એટલામાં જ્ઞાનીજી પાણી લઈને આવ્યા. પાણી પીધું એટલે એને કંઈક હોશ આવ્યા અને ધીરે ધીરે એના મનનું બંધ થઈ ગયેલું મશીન પાછું ચાલુ થયું. તે સાથે એની આંખો સામે દુનિયાનો નકશો બદલાઈ ગયો. એને લાગ્યું કે પોતે કોઈ બોજા તળે દબાઈ રહી છે.

બચનસિંહ સાથેના અંતિમ મિલનની ઝાંખી એની નજર સામે આવી ગઈ- પણ ખબર સુધ્ધાં ન પડે એવી, સુરમા જેવી.

"એને ફાંસીએ લટકાવી દીધો," એ ખ્યાલ આવતાં જ એક ચીસ પાડતી એ બન્ને હાથમાં મોં છુપાવીને ઊંધે મોંએ બેંચ પર લાંબી થઈ ગઈ. સુંદરીન

નિર્દોષ પતિને આજે ફાંસી દેવામાં આવી છે એવું જ્ઞાનીજી પાસેથી સાંભળતાં કેટલાયે મુસાફરો એની આસપાસ એકઠા થઈ ગયા અને એને દિલાસો આપવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

રડવું હતું પણ સુંદરી રડી શકતી નહોતી. એના શરીરમાંથી ઊઠી રહેલી આગની જ્વાળાઓએ કદાચ એની આંખોનાં આંસુ સૂકવી નાખ્યાં હતાં.

એ પાછી ઊઠી અને મુસાફરખાનાની બહાર ચાલી ગઈ. નજર પહોંચી શકતી હતી ત્યાં સુધી એ આસપાસના મુસાફરોની સામે ધ્યાનથી જોઈ રહી. દરેક જણમાં એને વિશ્વાસઘાત અને ભ્રષ્ટતાની ગંધ આવતી હતી. એને લાગ્યું કે ઈશ્વરે જે કંઈ સર્જ્યું હતું તે એને બરબાદ કરવા માટે જ સર્જ્યું હતું. ઊંચે આકાશ તરફ નજર નાખતાં લાગતું હતું કે આ જે કાળાં વાદળ આમથી તેમ ઘૂમી રહ્યાં છે તે એની સાથે સહાનુભૂતિ બતાવવા માટે સોગિયો વેશ ધારીને આવ્યાં હતાં. ક્યાંક ક્યાંક તારા ટમટમી રહ્યા હતા તે એની હાલત સહન કરી શકતા નહોતા એટલે વાદળની પાછળ છુપાઈ જતા હતા. વૃક્ષો પણ માથાં હલાવી હલાવીને એનાં દુઃખમાં સાથ આપી રહ્યાં હતાં. એને માટે તો કુદરત જાણે શોકાકુલ બની ગઈ હતી.

એના શરીરમાં અચાનક જ જાણે વીજળીની તાકાત આવી ગઈ. આસપાસ ઊભેલા લોકોને ક્રોધભરી નજરે જોતાં એ બોલી : " શું જુઓ છો ? મારું લોહી પીને હજી પેટ ભરાયું નથી ? મારી એકે વસ્તુ બાકી રહેવા દીધી નથી. મારું સર્વસ્વ તો આરોગી ગયા છો. તમે હવે એના કરતાં વધારે મારું શું બગાડી લેશો ? હજી યે ......"

જ્ઞાનીજીએ એનો હાથ પકડીને એને એક તરફ બેસાડતાં કહ્યું : " બેટી, હોશમાં આવ. જરા કાબૂ રાખ."

મુસાફરો ત્યાંથી ખસી ગયા. જ્ઞાનીજી એને માથે હાથ ફેરવતાં બોલ્યા : " આમ તો તું તારો જાન જોખમમાં નાખી દઈશ. જે થવાનું હતું તે ......"

જ્ઞાનીજીની વાત પર હસતાં સુંદરીએ કહ્યું: " શું કહ્યું : પિતાજી ? મારો

જાન જોખમમાં? ના, હજી હું મરવાની નથી. મારે હજી ઘણાં કામ કરવાનાં પડયાં છે, તે પૂરાં કર્યાં વિના હું નહિ મરું. અરે હા, પિતાજી; એમનો દાહસંસ્કાર?"

"થઈ ગયો. તને ભાનમાં લાવવાની બહું કોશિશ કરી પણ ......"

"ખેર, કોઈ વાંધો નહિ."

આ પછી બન્ને અમૃતસર જવાની ગાડીમાં બેઠાં.

અમૃતસર પહોંચીને બન્ને જણ મુસાફરખાનામાંથી બહાર આવ્યાં. સુંદરી જ્ઞાનીજીને કહેવા લાગી: "પિતાજી, હું તમને વધારે વખત બાંધી રાખવા ઇચ્છતી નથી, થોડા દિવસ મને એકલી છોડો."

"એકલી છોડી દઉં?" જ્ઞાનીજીએ મૂંઝાઈને કહ્યું. "શા સારુ, બેટી?"

"હું દીવાનપુર જઈને રહીશ."

"પણ ત્યાં તારું શું કામ છે?"

"માતાજીની જવાબદારી એ મને સોંપી ગયા છે તેની તમને ખબર નથી? થોડા દિવસ હું માતાજી પાસે રહીશ."

"તો ચાલ, હું તને મૂકી જાઉં."

"ના, પિતાજી, હું એકલી જ જઈશ."

ઘણી ખેંચતાણ પછી જ્ઞાનીજીએ અનિચ્છાએ એનો સાથ છોડવો પડયો. છેવટે એમ જ નક્કી થયું કે સુંદરી દીવાનપુર જાય અને જ્ઞાનીજી એકબે દિવસ અમૃતસર રહીને હરદ્વાર પાછા જાય.

[34]

સ્ટેશનની બહાર આવીને પોતાના ભવિષ્ય અંગે વિચાર કરતાં સુંદરીએ દીવાનપુરની સડક પકડી. એ વખતે એનું મન એકાગ્ર હતું. ઘડીએ ઘડીએ એને બચનસિંહની યાદ આવી જતી હતી પણ એ વાત એને રડાવતી નહોતી કે તડપાવતી નહોતી.

જેમ લોઢું તપવા માંડે ત્યારે બીજી વસ્તુઓની જેમ પીગળી કે બળી જવાને બદલે સખત થઈને ભયાનક બની જાય છે તેમ બચનસિંહના મૃત્યુને લીધે સુંદરીનું મન વધારે મજબૂત અને હિંસક થઈ ગયું હતું.

કોઈ પણ જોખમ અથવા દુ:ખની સંભાવના જેટલી દુ:ખદાયી હોય તેટલી એની વર્તમાન સ્થિતિ હોતી નથી. ઠંડા પાણીવાળા તળાવમાં નહાતાં પહેલાં માણસ તેમાં પગ મૂકતાં ડરે છે. પણ એકાદ ડૂબકી લગાવી લીધા પછી ગમે તેટલી વાર પાણીમાં ઊભો રહે તો પણ એને તકલીફ થતી નથી. સુંદરીને હવે પોતે ધાર્યું હતું એટલું દુ:ખ લાગતું નહોતું. બીજી વાત એ પણ ખરી કે સુંદરીનું દિલ હવે આઘાતો સહેવા કંઈક ટેવાઈ પણ ગયું હતું.

સદાકૌરે તે દિવસે સુંદરીનો વધારે પડતો તિરસ્કાર કર્યો હતો. પણ બચનસિંહના હુકમને કારણે સુંદરીને એ બધી વાતો ભૂલી જવી પડી. દીવાનપુર પહોંચીને સૌથી પહેલાં તો એ સદાકૌરને ઘેર ગઈ. એણે સદાકૌરનું બારણું ખખડાવ્યું ત્યારે રાતના આઠ વાગી ગયા હતા. અંદરથી અવાજ આવ્યો, "કોણ છે?"

ધડકતે હૈયે સુંદરીએ જવાબ આપ્યો: "માતાજી, હું છું, સુંદરી."

એ જાણતી હતી કે સદાકૌર એની પહેલાંના કરતાંયે વધારે બેઈજ્જતી કરશે. બચનસિંહના જીવતાં પણ એણે સુંદરીની આવી હાલત કરી હતી, તો હવે તો ઈશ્વર જ રક્ષા કરે. પણ હવે તો બધું જ સહન કરી છૂટવાને સુંદરીએ પોતાના દિલને તૈયાર કર્યું હતું.

બારણું ખુલ્યું. એણે સદાકૌરને હાથમાં દીવો લઈને સામે ઊભેલી જોઈ. સદાકૌરની નજર એટલી કમજોર થઈ ગઈ હતી કે દિવસે પણ માણસને એ માંડ ઓળખી શકતી હતી. સુંદરી એના મોંમાંથી આગ વરસે તે માટે તૈયાર થઈ રહી હતી. એ રાહ જોઈ રહી હતી કે જોઈએ, સદાકૌરના મોંમાંથી પહેલી ગાળ કઈ નીકળે છે? પણ એણે તો બન્ને હાથ સુંદરી સામે ફેલાવીને કહ્યું: "આવ મારી દુ:ખી દીકરી! તારે ખાતર તો જે કહે તે કરું," અને ત્યારે તો સુંદરી મૂંઝાઈ જ ગઈ.

સુંદરી એને પગે પડી. સદાકૌરે એને પ્રેમથી ઊભી કરીને કોટે વળગાડી અને કહ્યું: "બેટી, આજે તારો સોહાગ લૂંટાઈ ગયો."

સુંદરી કંઈ બોલી શકી નહિ અને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. અનવરજાનને મળ્યા પછી આજે બીજી વાર એના હૃદયમાં માને માટે પ્રેમ ઊભરાઈ રહ્યો હતો.

બચનસિંહે કાલે આખરી મુલાકાત વખતે સદાકૌરને સુંદરી વિષે વાત કરી હતી અને એને બચનસિંહનું રૂપ જ સમજીને છાતીએ વળગાડી રાખવાની સૂચના કરી હતી. સદાકૌરે એક એક કરીને એ બધી વાતો કહેવા માંડી. એકબીજા પાસે પોતપોતાનું દુ:ખ રજૂ કરતાં બન્નેને લાગ્યું કે બચનસિંહ જાણે જીવતો હતો.

અડધી રાત બન્નેએ દુ:ખભરી વાતોમાં જ વિતાવી દીધી. પોતપોતાને પક્ષે બન્નેને એમ લાગતું હતું કે રબ્બે મુલાકાત ન કરાવી હોત તો મારા કેવા હાલ હોત, હું કેમ કરીને જીવતી રહેત?

આ પછી વાતવાતમાં સુંદરીને જાણવા મળ્યું કે સદાકૌરની રોકડ રકમ તો પહેલાંથી જ ખલાસ થઈ ગઈ હતી અને આ મુકદ્દમમાં એનું ઝવેરાત પણ વેચાઈ ગયું હતું. થોડી જમીન પણ ગીરવે મુકાઈ ગઈ હતી અને રહીસહી જમીન ભાગીદારો દબાવી લેવાના હતા કારણકે કાયદા પ્રમાણે એ જ એના વારસ હતા. સદાકૌર અત્યારે કોડી કોડી માટે મોહતાજ હતી. રોટીનો ટુકડો પણ ખાવા મળશે કે નહિ તેનીયે શંકા હતી.

આ ઉપરાંત સદાકૌરની પાસેથી સુંદરીને એ પણ ખબર પડી કે પાલાસિંહ એના દિયર-જેઠને પણ ભડકાવી રહ્યો હતો કે એ લોકો જીવાસિંહની જમીનનો ઝટપટ કબજો લઈ લે. આનો અમલ કરવાની ખટપટની પણ શરૂઆત થઈ ગઈ હતી.

સુંદરીના દિલ પર આ બીજો ઘા પડયો. એ અત્યારે પાલાસિંહ પર બદલો લેવાને આતુર થઈ ગઈ હતી.

ત્યાં ટકી રહેવાનું એને માટે મુશ્કેલ બની ગયું. બચનસિંહ સાથે કરેલા કોલકરાર અને માથે લીધેલી સદાકૌરની જવાબદારી— બધું જ ભુલાઈ ગયું. થોડી વાર પછી સદાકૌર ઊંઘી ગઈ ત્યારે સુંદરી હળવે પગે ઊઠી અને ગોખલામાંથી માચીસ લઈને ઘરની બહાર નીકળી.

ત્યારે રાતના બાર વાગ્યા હતા. ચારે બાજુ અંધારી રાતે કાળો પરદો તાણી રાખ્યો હતો.

જે કૂવા પર પાલાસિંહની ત્રિપુટી વારંવાર જઈને બેસતી તે જગ્યા સુંદરીએ જોયેલી હતી. ઉતાવળે પગલે એ ત્યાં પહોંચી. છાપરાની પાછળ જઈને એ છુપાઈને બેસી ગઈ. એક કાણામાંથી અંદર થોડું થોડું જોઈ શકાતું હતું. અંદર સરસવના તેલનો દીવો બળતો હતો. તેની જ્યોતમાં સુંદરીએ જોયું કે પાલાસિંહ અને એના સાથીઓ શરાબ પીતાં પીતાં ગપ્પાં મારી રહ્યા હતા. વીરસિંહ કહી રહ્યો હતો: "સાપ પણ મરી ગયો અને લાઠી પણ બચી ગઈ."

પાલાસિંહ બોલ્યો: "પણ સાચેસાચ તેં એને કાલે રાતે જીવાસિંહના ઘરમાં જતી જોઈ હતી, કે અમથો જ નશામાં બકબક કરી રહ્યો છે?"

"સોગંદ ગુરુના, મેં મારી આંખે જોયું હતું."

"તો હવે એ બચવાની નહિ. કાલે લઈ લો કબજામાં. એ પણ એક રોજની ખટખટ મટે."

"પણ ભાઈ, એને રાખવાનો ક્યાં?"

"પાગલ ક્યાંનો! એને રાખવા માટે ઠેકાણાં ઓછાં છે? કાલે એને ઉપાડી લાવો, બસ."

"પણ એણે જ તો કચેરીમાં બયાન કર્યું હતું. કહેતી હતી કે હું તો નાચવા-વાળીની બેટી છું."

"ઓયે, છોડ એ નકામી વાતો. શીખોને વળી એવા વહેમોની સાથે શી લેવા-દેવા? તમે લોકો તો ગુરુનું નામ લઈને રાતે જ એને લઈ આવો."

"મારી સલાહ છે કે જીવાસિંહના ઘરની પછીતે કાચી ભીંત છે તેને જ ફાડીએ."

"બસ, બસ. બરાબર છે."

આ વાતો અને તૈયારીઓ શાની ચાલી રહી છે તે સમજતાં સુંદરીને વાર ન લાગી.

થોડી વાર સુધી એ લોકોએ આવા જ મનસૂબા ઘડ્યા અને આખરે પીતાં પીતાં ત્યાં જ ઊંઘી ગયા.

આ દરમિયાન જ સુંદરીએ કાચું ઘાસ ભેગું કરીને બેત્રણ પૂળા બનાવી લીધા અને આખરે એણે પોતાનું કામ શરૂ કરી દીધું.

થોડી વારમાં તો ઝૂંપડી ધૂ-ધૂ કરતી સળગવા લાગી. તેના ભડકાનું તેજ દૂર દૂર સુધી ફેલાઈ રહ્યું હતું અને ગામ આખું ઉતાવળે એ બાજુ દોડી આવ્યું.

પાસે ઊભેલી સુંદરી પાગલની જેમ હસી રહી હતી. એના ચહેરા પર આજે જે ભયાનક હાસ્ય હતું તે જોઈને તો કદાચ મોત પણ કાંપી ઊઠે.

આખા ગામમાં શોર મચી ગયો. લોકો ઝટપટ આવી પહોંચ્યા. પણ તે પહેલાં જ ભૂસાની કોટડીની છત પર પડેલું બધું ઈંધણ ચારે દીવાલોની વચ્ચોવચ્ચ આવી પડ્યું હતું.

"હમણાં તો અહીં હતી, હમણાં તો અહીં હતી," કહેતાં કહેતાં કેટલાક લોકો આગ બુઝાવવા લાગી ગયા અને કેટલાક લોકો આગ લગાડનારની શોધમાં આમતેમ દોડ્યા.

કોઈકે કહ્યું કે એણે એક જુવાન છોકરીને નદી તરફ દોડી જતી જોઈ હતી. સૌ એ તરફ દોડ્યા. ઝાડીઓમાં શોધતાં શોધતાં એ લોકો દૂર સુધી નીકળી ગયા.

એટલામાં જ અવાજ આવ્યો: " એ જુઓ! એ ગઈ નદીના પુલ તરફ."

લોકો પુલ તરફ દોડ્યા. પણ અંધારામાં કંઈ ખબર પડી નહિ. થોડી વારે પુલ પરથી અવાજ આવ્યો, "હું છું ખૂની, આવો! હિંમત હોય તે મને પકડી લે. બે જાનના બદલામાં ત્રણ જાન લઈને જઈ રહી છું. મને કોઈ નિર્દોષની આહ લાગી નથી. મેં તો મારા સિરતાજને ઉતારીને પગ આગળ ફેંકી દેનારા અને મારા બુઢ્ઢા બાપનું લોહી પીનારા લોકોને માર્યા છે. યાદ રાખો, જાલિમો! એક સતીને જીવતે-જીવત વિધવા કરી મૂકનારા હવે એના ક્રોધથી બચી શકશે નહિ. ખોટી જુબાની આપીને મારા માલિકનો જાન લીધો છે અને મારા ઘરડા બાપના ખૂનીઓને બચાવ્યા છે તેનો વાહેગુરુજી બદલો લેશે જ. પણ અત્યારે તો ખરા ખૂનીઓને એમનાં કરતૂતનું ફળ મળી જ ગયું છે. આવો, મને પકડો!"

લોકોએ જોયું કે સામે જ નદીના પુલ પર ઊભી રહીને સુંદરી હાથ ફેલાવી ફેલાવીને ગળું ફાડી ફાડીને આ કહી રહી હતી.

ત્યાં સુધીમાં પોલીસ પણ અણીને વખતે આવી પહોંચી. આગળ પોલીસના માણસો અને પાછળ ગામના લોકો પુલ પર આગળ વધ્યા. સુંદરી એ જ રીતે શાન્ત ઊભી હતી તે જોઈને લોકો મૂંઝાઈ ગયા. એ જરા પણ હલી નહોતી.

આખું ટોળું પુલ પર આવી પહોંચ્યું. સુંદરી હજી પણ પોતાની જગ્યાએ ઊભી ઊભી લોકો પર લ્યાનત વરસાવી રહી હતી. જેવાં પોલીસના માણસો એને પકડવા આગળ વધ્યા કે એ ધડામ કરતી નદીમાં કૂદી પડી. સૌ હાથ ઘસતા રહી ગયા.

પુલ પર ઊભેલા લોકોએ જોયું કે એ કૂદી તે સાથે જ શાન્ત વહી રહેલી નદીનું પાણી ઊછળ્યું અને જે જગ્યાએ સુંદરી કૂદી હતી ત્યાંનું પાણી સફેદ થઈને ઊંચે ઊડયું અને પછી પહેલાંના જેવી જ ખામોશી છવાઈ ગઈ. લોકોએ પુલની નીચે લાલટેન લટકાવી લટકાવીને અને આંખો ફાડી ફાડીને એને શોધવાની બહુ યે કોશિશ કરી પણ એનો કયાંય પત્તો લાગ્યો નહિ. હમેશને માટે એ એમની આંખોનાં સામેથી અદશ્ય થઈ ગઈ.

સુંદરીને સૌએ છલાંગ મારતાં ભલે જોઈ હતી પણ એ મરી ગઈ હતી કે કોઈક કિનારે જઈ પહોંચી હતી તે તો કોઈ કહી શકે તેમ નહોતું.

થોડા દિવસ પછી સુંદરીના વર્ણન સાથે પોલીસ તરફથી જાહેરાત આપવામાં આવી અને એને પકડી લાવનાર કે એને વિશે માહિતી લાવનારને માટે ઈનામ જાહેર કરવામાં આવ્યું. પોલીસ અને ગામના લોકો ભારે ઉત્સાહથી એની શોધમાં લાગી ગયા.

અધૂરા કાંડનો શેષ ભાગ

પુસ્તકના આરંભે વાચકો જાણી ચૂકયા છે કે રાતને વખતે ગુપ્તેશ્વર નામનો એક મુસાફર બાબુ શામદાસના રૂમમાં બેસીને એની એક નવલકથાની હસ્તલિખિત પ્રત વાંચી રહ્યો હતો. નવલકથા ખાસ્સી લાંબી હતી પણ બાબુ શામદાસ એક જ બેઠકે તે પૂરેપૂરી સાંભળી લેવા માગતા હતા.

મુસાફરે સંભળાવ્યા કર્યું અને શામદાસે સાંભળ્યા કર્યું. આમ સાંભળતાં સાંભળતાં જ રાત પૂરી થઈ ગઈ.

મુસાફરે લગભગ આખી નવલકથા વાંચી સંભળાવી–કદાચ એકાદ કાંડ બાકી હશે–ત્યારે ઊગતા સૂર્યનાં સોનેરી કિરણો ઓરડામાં આવી રહ્યાં હતાં.

મુસાફરે છેલ્લા કાંડનાં પાનાં ક્રમવાર ગોઠવ્યાં હતાં તેમાં થોડી વાર લાગી ગઈ કારણકે એ કાંડ જાતજાતના અને ભિન્ન ભિન્ન આકારોના કાગળો પર લખાયેલો હતો–નિશાળની નોટબુકની એક બાજુએ, તો વળી થોડો ભાગ છાપાંનાં પાનાંનાં હાંસિયામાં પણ લખાયેલો હતો.

પાનાં ક્રમવાર ગોઠવીને મુસાફરે વાંચવાનું શરૂ કર્યું તો એની નજર શામદાસના ચહેરા પર પડી. શામદાસની આંખોમાંથી શ્રાવણની ઝડીઓ વરસી રહી હતી. એનો રંગ મડદાંના જેવો ફિક્કો પડી ગયો હતો. એના હોઠ કાંપી રહ્યા હતા.

"હં!" હાથમાં પકડેલાં પાનાં ટિપોય પર રાખતાં મુસાફરે કહ્યું. "તમે રડી રહ્યા છો? શ્રીમાન, આ કંઈ એવી મોટી ટ્રેજેડી તો નથી.'

શામદાસે આ જાણે સાંભળ્યું જ નહિ. એનાં આંસુનું પૂર જરાયે અટક્યું નહિ.

"સારું. આ છેલ્લો કાંડ હમણાં રહેવા દઉં છું–વળી, આમે ય તે તે અધૂરો છે," કહેતાં કહેતાં મુસાફરે કાગળોની થપ્પી ટેબલ પરથી ભેગી કરવા માંડી.

"ના, ના," આંખો લૂછીને સ્વસ્થ થતાં શામદાસે કહ્યું. "વાંચો, હવે હું બિલકુલ સ્વસ્થ છું," અને કાગળ સમેટી રહેલા મુસાફરનો હાથ પકડતાં ઉમેર્યું: "આહ! કેવી દર્દનાક વાર્તા છે!"

મુસાફરે છેલ્લા કાંડના ચીથરાં જેવા કાગળ હાથમાં લીધા અને વાંચવા માંડ્યું.

[35]

(ઉપરની ઘટનાનાં બે વર્ષ બાદ)

લોકો ફકત ગુપ્તેશ્વરનું નામ જ જાણતા હતા. એનો ચહેરોમહોરો કેવો હતો તેની કોઈને ખબર નહોતી. થોડા જ વખતમાં––બે વરસમાં જ––એને ઘણી ખ્યાતિ મળી ગઈ હતી. ખાસ તો પ્રકાશક અને સંપાદક એને જોવા માટે ઉત્સુક હતા, પણ ઘણી કોશિશ કર્યા પછી પણ એનો પત્તો મેળવી શકયા નહોતા. ગુપ્તેશ્વરને નામે છપાતું દરેક લખાણ એ લોકોને ટપાલ મારફતે મળતું અને તે સાથે અના પુરસ્કારની રકમ અમુક સરનામે મોકલી આપવાની સૂચના લખેલી મળતી.

આમ, ભગવાન એ લોકોને જેવી મતિ સૂઝાડે એ પ્રમાણેની રકમ એ લોકો "સદાકૌર, સરદાર જીવાસિંહની વિધવા, ઠેકાણું: દીવાનપુર, જિલ્લો અમૃતસર" એ સરનામે મોકલી આપતા હતા. આ સરનામે કાગળો લખીને ઘણી યે વાર એ લોકોએ ગુપ્તેશ્વરની શોધ કરી પણ જે સ્ત્રીને પૈસા મોકલવામાં આવતા હતા ત્યાંથી પણ ગુપ્તેશ્વર નામે કોઈ વ્યકિત વિશે માહિતી મળી શકે એવો કોઈ ભરોસાપાત્ર જવાબ મળતો નહિ.

ગુપ્તેશ્વર અમૃતસરમાં ભગતાંવાળા દરવાજામાં મહિને આઠ આના ભાડું આપીને એક નાની સરખી કોટડીમાં રહેતો હતો.

કોઈએ એને કોઈની યે સાથે વાત કરતાં જોયો નહોતો. દિવસ દરમિયાન આખો વખત એ કોટડીનું બારણું અંદરથી બંધ કરીને લખ્યા કરતો અને આખી રાત શહેરની બહાર બાગ અને ઉજાડ સ્થાનોમાં ઘૂમ્યા કરતો; કોઈક બાગના માળીએ એને કંઈક ગાતો કે રડતો પણ જોયો હતો. ઘણા લોકો એને 'મસ્ત' નામે બોલાવતા.

કોઈક વાર એ ભીડવાળી જગ્યાઓમાં પણ ઘૂમ્યા કરતો. કોઈક વાર વળી રસ્તે ચાલતા લોકોને બોલાવીને મોં-માથા વિનાના સવાલો પૂછવા માંડતો. ઘણાખરા લોકો તો એની બકબકની પરવા કર્યા વિના પોતપોતાને રસ્તે પડી જતા તો કોઈક વળી એની આગળ ઊભા પણ રહી જતા.

એની કોટડીમાં ગુજરાનો કોઈ સામાન નહોતો. એક ખૂણામાં સૂવા માટે ભૂસા પર કંતાન પાથરેલું હતું, તો બીજા ખૂણામાં ત્રણ ઈંટો જોડીને એક ચૂલો બનાવ્યો હતો. ચૂલા પાસે એક નાનો એવો તવો, કાંસાનું તાંસળું, માટીની એક કથરોટ અને સૂકાં લાકડાંનું ઈંધણ રાખેલું હતું. સૂવાની જગ્યા પાસે જ એક ઈંટ ઊભી કરીને તેના પર માટીનો દીવો મૂક્યો હતો, ત્યાં જ બેસીને ઘૂંટણ પર લાકડાનું એક પાટિયું રાખીને એ લખ્યા કરતો.

એની કોટડીની આસપાસ ટાંગાની મરમ્મત કરવાવાળા કેટલાયે મુસલમાન લુહારો, ગાડાં બનાવવાવાળા સુથાર તેમ જ કંદોઈની પણ દુકાનો હતી.

આજે સવારમાં જ એ પોતાની કોટડીમાં બેસીને લખી રહ્યો હતો. એના ઘૂંટણ પર એક જૂનો ફાટેલો કામળો વીંટાળેલો હતો. લાગતું હતું કે આ જ

કામળો રાતે એને રજાઈનું કામ આપતો હશે. એની ડાબી બાજુએ કેટલાયે રદ્દી કાગળ પડેલા હતા જેની એક બાજુ નિશાળનું લેખનકામ થયેલું હતું અને બીજી બાજુ એનું લખાણ હતું.

સાંજ પડી ગઈ હતી. દિવસ આખો લખ્યા પછી એણે કલમ નીચે મૂકી અને પાનાં ભેગાં કરીને ઊભો થઈ ગયો. બારણા પાસે આવીને એણે એકબે વાર આળસ મરડયું, કમર ટટ્ટાર કરી હાથની આંગળીઓના ટાચકા ફોડી લીધા.

બધાં પાનાં ગણી લીધાં પછી આજનું લખાણ એ ઊડતી નજરે વાંચી ગયો અને એકાએક એના મોમાંથી નીકળ્યું: "આ જ કાંડ બસ છેલ્લો કાંડ છે. તેનો યે હવે થોડો જ ભાગ બાકી રહ્યો છે તે પણ આજે પૂરો કરી નાખીશ અને તે પછી હમેશને માટે આ દુ:ખભરી જિંદગીથી છુટકારો પામી જઈશ. પણ ઓહ! મારું બીજું કામ તો હજાર કોશિશ કરતાં યે પાર પડી શક્યું નહિ. ખેર, ન થયું તો. થોડી મારા હાથની વાત છે? અને તેમાં મારાથી કંઈ થઈ શકે તે પણ અસંભવિત છે કારણકે મેં અમસ્તી જ અંધારામાં તલવાર ચલાવી છે. ઠીક છે, કિસ્મતમાં સફળ થવાનું નહોતું લખ્યું તો તેમાં મારો શો વાંક? બસ, આ અસંભવિત કામ પાછળ હું વધારે વખત ગુમાવી શકું એમ નથી. ઘણો ખુવાર થઈ ચૂક્યો છું."

આ પછી તરત જ કંઈક વિચાર આવતાં એ ઊંડી ચિંતામાં ડૂબી ગયો. જેમ ગાડી ચાલુ થયા પછી તેમાં બેઠેલા કોઈ મુસાફરને યાદ આવે કે પૈસાનું પાકીટ તો ગજવામાં છે નહિ, અને પછી એના જે હાલ થાય એવા જ હાલ કાગળો ખલાસ થઈ ગયા ત્યારે એના થઈ ગયા.

એણે કાગળો, કોટડીના એક ખૂણામાં બીજા કેટલાયે લખેલા કાગળો જમા થયા હતા તેમાં મૂકી દીધા અને પોતે માથા નીચે હાથ મૂકીને કામળો ઓઢીને આડો પડયો.

શહેરમાં તો પૈસામાં જ બધું આવી જાય છે. ત્યાં પૈસાં વિના શ્વાસ લેવોયે મુશ્કેલ બને છે. એની પાસે પૈસા નહોતા. સવાર પડતાં જ પાંખ કપાઈ ગયેલું પંખી ચણની શોધમાં નીકળે તેમ એ પૈસાની શોધમાં ઘરની બહાર નીકળી પડયો.

બીજી તરફ મુશ્કેલી એ હતી કે શિયાળાની મોસમ અને પાછી વહેલી સવાર હતી. એ ગરીબની પાસે આ શહેરની ઠંડીમાંથી બચાવે એવો ફક્ત એક ફાટેલો લાંબો

કોટ હતો જે એના માપનો નહોતો. તેનાં ગાજ પણ ફાટેલાં હતાં અને બટન તૂટેલાં હતાં. ઠંડીથી બચવા માટે બન્ને તરફ કાણાં કરીને એણે સૂતરથી ટાંકા મારીને ગાંઠ મારી દીધી હતી. નીચે ઘૂંટણ સુધી લાંબી એક ચડ્ડી હતી. એની ઉઘાડી પિંડીઓ ધૂળ અને મેલથી રેલવે શેડમાં કામ કરનારા મજૂરના જેવી કાળી થઈ ગઈ હતી. એ જ હાલ એના મોં અને હાથના હતા. પણ એના ગોરા મોં પર એ રંગ એટલો બધો ખરાબ લાગતો નહોતો. એના પગ ઉઘાડા હતા અને તેમાં ઠંડીથી ચીરા પડી ગયા હતા.

ઠંડીમાં ઠૂંઠવાતો એ કાગળની જોગવાઈ કરવા કેટલીયે જગ્યાએ ફરી વળ્યો. પણ બધું ફોગટ. પોતાનાં કિસ્મત પર એને ખૂબ જ ગુસ્સો આવી ગયો. નિરાશ થઈને એ ઘેર પાછો ફર્યો તો પોતાની અંદરની આગથી એ પોતે જ સળગી રહ્યો હતો. કોટડી પાસે આવતાં એક વાર તો એના મનમાં એ અધૂરા પુસ્તકને ચૂલાને હવાલે કરીને એ જ પળે પોતાના દુ:ખમય જીવનનો અંત લાવવાનો વિચાર ચમકી ગયો. આ કામ માટે એ તૈયાર થઈ ગયો, એટલે સુધી કે બધા કાગળ ભેગા કરીને એણે ચૂલામાં મૂકી દીધા. પણ ટાટની નીચેથી માચીસ કાઢી તો તે ખાલી હતી. આથી તો એને વળી વધારે ગુસ્સો ચડ્યો. દેવતા અથવા દીવાસળી શોધવા એ પાછો ઘરની બહાર નીકળ્યો.

એ જ વખતે એના વિચારોમાં પલટો આવી ગયો. કેટલીયે વાર સુધી ભીંતનો ટેકો લઈને એ બારણા સામે ઊભો રહ્યો. પછી અંદર જઈને બધા જ કાગળોને એણે એમ ને એમ ચૂલામાંથી ઉપાડીને મૂળ જગ્યાએ પાછા મૂકી દીધા, અને પોતે કિસ્મત અજમાવવા પાછો ઘરમાંથી બહાર નીકળ્યો.

જતાં જતાં એને એક જુગારીઓના શાહનો ખ્યાલ આવ્યો. શાહ પાસે જઈને એણે એક રૂપિયો ઉધાર માગ્યો. એક રૂપિયો તો એને મળ્યો, પણ બે રૂપિયા પાછા આપવાનો વાયદો કર્યો ત્યારે.

એ સીધો ઘેર આવ્યો. બધા કાગળ એકઠા કરીને એણે એક બંડલ બાંધ્યું, અને તેને બગલમાં મારીને સ્ટેશને પહોંચ્યો. આ પછી થોડા કલાકોમાં એ લાહોરનાં બજારોમાં ઘૂમી રહ્યો હતો. એની ચારે બાજુ નિરાશાની જાળ ફેલાયેલી હતી. કોઈએ એની પ્રત સ્વીકારી નહિ. એક તો રદ્દી કાગળોનું પોટલું અને બીજું લેખકનો ડરામણો વેશ જોઈને એકબે પ્રકાશકોએ એના પુસ્તકની જે કિંમત આંકી તે મન

ભાંગી નાખે એવી હતી–દસપંદર રૂપિયા! ઓહ! પોતે ગુપ્તેશ્વર હતો એમ કહે તો તો લોકો એના પગની ધૂળ માથે ચડાવે પણ એનાથી એવું થઈ શકે તેમ નહોતું. કાયર ખૂનીની જેમ હરહાલતમાં એ પોતાની જાતને અજ્ઞાત જ રાખવા માગતો હતો.

પાછા ફરતી વખતે એના ગજવામાં ફક્ત ચાર આના બાકી હતા–તેયે ખોટા. ટિકિટ લીધા વિના જ એ ગાડીમાં બેસી ગયો. ગાડીના તખ્તા પર છાપાંના થોડાં પાનાં પડેલાં હતાં. પાસે બેઠેલા એક માણસ પાસેથી એણે પેન્સિલ માગી અને છાપાંનાં પાનાંના હાંસિયામાં એણે પોતાની નવલકથાના અધૂરા કાંડનો બાકી રહેલો ભાગ લખવા માંડયો. પણ હજુયે કાંડ તો અધૂરો જ હતો.

શામદાસની આંખોમાં હજુયે આંસુ હતાં. એણે ધ્યાનથી જોયું. ગુપ્તેશ્વર જે કાગળોમાંથી વાંચી રહ્યો હતો તે ખરેખર કોઈક છાપાંના રદ્દી કાગળ હતા, અને તેના હાંસિયા પેન્સિલના લખાણથી ભરેલા હતા. ક્યાંય બિલકુલ ખાલી જગ્યા નહોતી. હવે મુસાફરના હાથમાં છેલ્લું પાનું બાકી હતું, એ જ છાપાનું પાનું. તેના હાંસિયામાં લખેલી પંકિતઓ વાંચી લીધા પછી મુસાફર અટકયો અને કાગળ ટિપોય પર મૂકી દીધો કારણકે કાંડ તો હજુયે અધૂરો જ હતો.

પુસ્તક વાંચવાનું પૂરું થતાં ગુપ્તેશ્વરે પાછું એક વાર બાબુ શામદાસ તરફ જોયું. એનો ચહેરો વધારે ને વધારે ફિક્કો પડતો જતો હતો. ગુપ્તેશ્વરે હમદર્દીથી કહ્યું: "મને લાગે છે કે ઊંઘને અભાવે તમારી તબિયત વધારે બગડી ગઈ છે. જરા આડા પડો."

"ના, ના. તમે તમારે વાંચો," બાબુ શામદાસે ઊંડા નિઃશ્વાસ સાથે કહ્યું.

"બસ," ગુપ્તેશ્વરે જવાબ આપ્યો. "આ નવલકથા પૂરી થઈ ગઈ. ફક્ત તેનો છેલ્લો કાંડ અધૂરો છે તે..."

"પૂરી થઈ ગઈ?" દિલનું કોઈક છૂપું દર્દ દબાવીને શામદાસે કહ્યું. "હજી કેટલું બાકી છે?"

"બહુ થોડું," કહીને ગુપ્તેશ્વરે એના પરેશાન ચહેરા સામે જોયું.

શામદાસે પૂછ્યું: "પણ ગુપ્તેશ્વરસાહેબ! માફ કરજો. આ નવલકથાનો પ્લૉટ તમારા મનની ચીજ છે કે કોઈક..."

'જી નહિ. આ એક સત્ય ઘટના છે. કોઈકની પાસેથી મેં એ વિશે સાંભળ્યું હતું. એ ઘટનાને મેં ફક્ત નવલકથાનો રંગ આપ્યો છે. નવલકથાઓમાં આવા

વાસ્તવિક પ્લોટ કેટલીક વાર બહુ ઉપકારક નીવડે છે, નવલકથાને તે જીવન્ત બનાવી દે છે."

શામદાસે રૂમાલથી કપાળ પરનો પસીનો લૂછયો અને કહ્યું: "પણ તમે કહી શકશો કે આ વાત તમને કોની પાસેથી જાણવા મળી હતી?"

"જી, ખુદ સુંદરીની જુબાની."

"અચ્છા! ખુદ સુંદરીએ આ બધું તમને કહ્યું હતું? એ તમને ક્યાં મળી હતી? ક્યારે મળી હતી?" કહેતાં કહેતાં શામદાસને પસીનો છૂટી ગયો.

"જી, એક ગામમાં મળી હતી."

"અને તેમાંથી તમે આ નવલકથા રચી નાખી?"

"હા, આ કહાણી મને બહુ દિલચસ્પ લાગી."

શામદાસના ચહેરા પર ક્રોધની રેખાઓ દેખાઈ રહી. તેને છુપાવતાં તેણે કહ્યું: "માફ કરજો, પણ તમારા જેવા ઉચ્ચ કોટિના લેખક તો કલ્પનાથી જ સરસ પ્લોટ ઘડી શકે. તમારે ભલા આ કહાણી પર કેમ આધાર રાખવો પડયો?"

"ઠીક છે. પણ મને વધારે સફળતાની આશા હતી."

"માફ કરજો. મોઢે જ સાચું પરખાવી દેવાની મને બૂરી ટેવ છે. તમારા સાહિત્યિક ગુણોએ મને તમારો ગુલામ બનાવી દીધો છે. પણ તમારી આ વાત મને કંઈક ઠીક નથી લાગતી. તમે તો એ જ વાત કરી... કહે છે ને... એક વાર એક તરવૈયો પાણીમાં તરતાં તરતાં લોકોને તમાશો બતાવી રહ્યો હતો. પોતાની ચાલાકી બતાવવા જતાં એણે હદ વટાવીને આડુંઅવળું તરવા માંડયું તો એનું પરિણામ એ આવ્યું કે એનો શ્વાસ ભરાઈ આવ્યો અને એ ડૂબીને મરી ગયો. પેટમાં પાણી ભરાઈ જતાં એ પાણીની સપાટી નીચે ડૂબેલો જ રહ્યો તો પેલી તરફ તમાશો જોઈ રહેલા લોકો તાળીઓ વગાડી વગાડીને કહેવા લાગ્યા: 'જુઓ ભાઈ! આબાદ મડદાની જેમ તરી રહ્યો છે. જાણે મડદું જ જોઈ લો...' તો એ જ રીતે એ બિચારી કમનસીબ છોકરી—જેની જિંદગીની એક એક પળ તડપાવી દેનારી હતી, એની દુ:ખી જિંદગીનો તમારે અયોગ્ય ફાયદો નહોતો ઉઠાવવો જોઈતો. કોઈકે કહ્યું છે ને કે એકને હસવું, બીજાને હાણ.

"તો, મારા મહેરબાન ગુપ્તેશ્વરસાહેબ! આ વાત તમારી કળાને માટે એક લાંછન છે અને તમારી કઠોરતા પણ સૂચવે છે. એ છોકરીનાં ઊનાં આંસુ અને

ઠંડી આલોને વેચવાનો ઈરાદો રાખીને પોતાનો જ સ્વાર્થ સાધી લેવાને બદલે તમારે એને કંઈક મદદ કરવી જોઈતી હતી."

આંખ નમાવીને ગુપ્તેશ્વરે કહ્યું: "સાચે જ એ મારી ભૂલ હતી. પણ મારું દિલ મને મજબૂર કરી રહ્યું હતું એટલે મારે એમ જ કરવું પડ્યું."

શામદાસે કહ્યું: "ખેર, આ કંઈ એટલી ખરાબ વાત નથી. કોઈ ભૂલ જ ન થાય એવું તો કેવળ પરમાત્માથી જ બને. પણ લાગે છે કે સુંદરીએ મરવાની થોડીક જ ક્ષણો પહેલાં તમને આ વાત સંભરાવી હશે."

"જી, મરવાના ફક્ત બે દિવસ પહેલાં જ એણે પોતાની આખી રામકહાણી મને કહી સંભળાવી હતી."

"તો પછી એ નદીમાં ડૂબી ગઈ તેની તમને ક્યાંથી ખબર પડી?"

"એ દિવસોમાં હું એ ગામમાં રહેતો હતો."

શામદાસના શરીરને જાણે કોઈ ચીપિયાથી ચૂંથી રહ્યું હતું. એની નસેનસમાં, અંગેઅંગમાં પીડા થઈ રહી હતી. થોડી વાર રોકાઈને એણે કહ્યું:

"આફરીન, ગુપ્તેશ્વરસાહેબ! તમે તો કમાલ કરી નાખી. હવે જે પાનાં બાકી રહ્યાં છે તેમાં હું ધારું છું કે તમે તમારો લેખક તરીકેનો પરિચય આપવા માગો છો, ખરું કે નહિ? પણ આજે એ પાનાં જરૂર લખી નાખજો. અને એક બીજી પણ અરજ છે, અને આશા છે કે મારું આ કહેવું નામંજૂર કરીને તમે મારું દિલ તોડી નાખશો નહિ. આજથી તમારો મુકામ આ સેવકની સાથે જ રાખજો કે તમારા સત્સંગતથી આ પાપીનું જીવન પણ સુધરી જાય અને એ કમનસીબ છોકરીને વિશે તમે બીજું જે કંઈ પણ જાણતા હો તે કહો."

"આ નવલકથા પૂરી કરી શક્યો હોત તો તેને હું મારું સદ્ભાગ્ય માનત."

"કેમ? એટલે શું?"

"મતલબ એ કે આ નવલકથાના અધૂરા કાંડની જેમ મારા જીવનની નવલકથાનો પણ ફક્ત આખરી કાંડ જ બાકી છે."

"હેં! હેં! શું કહ્યું? તમે... તમે..."

"જી હા. મારે જીવવા માટે હવે કોઈ ઠેકાણું નથી કે વખત પણ નથી. હું... હું... એક..." કહેતાં કહેતાં ગુપ્તેશ્વર અટકી ગયો. અને તે પછી શામદાસે કેટલીયે વાર પૂછ્યું તો પણ કંઈ કહી શક્યો નહિ.

થોડી વાર રહીને ગુપ્તેશ્વરે કહ્યું: "તમે મને મનુષ્યના રૂપે દેવતા લાગો છો. મારા દિલમાં તમારે માટે કેટલું માન છે તેનું હું વર્ણન કરી શકું તેમ નથી. તમને હું બહુ મોટી તકલીફ આપવા માગું છું. મને લાગે છે કે આમ જ પરોપકારનાં કામ માટે કુદરતે તમારા જેવા મહાપુરુષોને દુનિયામાં મોકલેલા છે. મારું એક કામ કરશો?"

એની વાત સાંભળીને બાબુ શામદાસની આંખો ધરતી પર જડાઈ ગઈ. એ બોલ્યો: "મને તમારો જિંદગીભરનો ગુલામ સમજી લો. તમે મને જે કોઈ સેવાને લાયક સમજતા હો તેનો મને પૂછ્યા વિના જ હુકમ આપી શકો છો. પણ ઈશ્વરને ખાતર મારે માટે આવા માનભર્યાં શબ્દો ન વાપરશો. હું એક નીચ અને પતિત અંતરાત્માવાળો માણસ છું. મારી જિંદગીમાં મેં જે પાપ કર્યાં છે અને તેમાંયે જેને હું કદી નહિ ભૂલું એવું સૌથી મોટું પાપ – એ વિશે તમે સાંભળશો તો તમારાં રૂંવાડાં ઊભાં થઈ જશે. એટલે જ કહું છું કે હું એ ઉપમાને લાયક નથી. એ બધું માન તો તમને શોભે એવું છે."

કૃતજ્ઞતાથી ગુપ્તેશ્વરની આંખોમાં આંસુ આવી ગયાં. આભારવશ થઈને માથું નમાવતાં એણે કહ્યું: "તમે તો મને બહુ ઊંચે સ્થાને પહોંચાડી રહ્યા છો. મારામાં તો મને તેના હજારમાં ભાગની યે ખૂબી દેખાતી નથી. તમારી આ નમ્રતા મારા દિલમાં તમારી મોટાઈની વધારે ઊંડી અસર પાડી રહી છે. મારે માટે તમે પરમાત્માનું રૂપ છો."

ગુપ્તેશ્વરે આંખો ઝુકાવી લીધી.

શામદાસે કહ્યું: "હા, જલદી હુકમ કરો."

ગુપ્તેશ્વરે કહ્યું: "એક તો એ કે ગમે તેમ કરીને લાહોરના ભઠિયારાને જે રૂમાલ હું આપી આવ્યો છું તે મંગાવી આપો. લાહોર રેલવે સ્ટેશનની બરાબર સામે જ એની દુકાન છે. બીજું, આ નવલકથાને છપાવવાની વ્યવસ્થા જો તમે કરી શકો તો કરો. તેમાંથી જે કમાણી થાય તે નવલકથાના છેલ્મા અંકમાં જેનો ઉલ્લેખ કર્યો છે તે સરનામે મોકલી આપજો."

બાબુ શામદાસનું શરીર તે વખતે હાડમાંસનું નહિ પણ લાકડાંનું થઈ ગયું હતું. એની આંખો ગુપ્તેશ્વરની આંખો ભણી મંડાઈ રહી હતી.

કોઈ મુસાફર રસ્તો ભૂલી ગયો હોય અને પાછો ફરે તેમ ગુપ્તેશ્વરની વાતો પર ધ્યાન આપતાં શામદાસે કહ્યું: "માફ કરજો, મારું ધ્યાન બીજે જતું રહ્યું હતું. તમે શું કહી રહ્યા હતા?"

ગુપ્તેશ્વરે બન્ને માગણીઓ પાછી રજૂ કરી.

પોતાની અંદર સળગી રહેલા દાવાનળને કાબૂમાં રાખતાં શામદાસે કહ્યુ: "તમારો હુકમ માથા પર છે. તમારા આ બન્ને હુકમોનું પાલન કરતાં મને ઘણો આનંદ થશે. તમે પેલું શું નામ વાંચ્યું હતું? માતા સદાકૌર? આ સદાકૌર તમારી કોઈ સગી થાય છે?"

"જી, હા."

"અને તમારું ઘર?"

"મારું ઘર તો હવે અહીં તમારાં ચરણોમાં જ છે. એટલે જ તો તેને હું મારું ગરીબનું ઘર કહી શકતો નથી."

"આ તો તમારી મહેરબાની છે. પણ તમે ક્યાંના રહેનારા છો?"

ગુપ્તેશ્વરે બધા કાગળ ભેગા કરવા માંડયા અને એ વાતને ટાળી દીધી. "મને લાગે છે કે તમે ઘણા થાકી ગયા છો. થોડો આરામ કરો. પાછું તમારે કામ પર પણ જવાનું હશે."

"ના, આજે તો રવિવાર છે. ખેર, એ વાત બીજી કોઈ વાર." થોડી વાર રોકાઈને શામદાસે વળી કહ્યું: "અરે હા, તમારો રૂમાલ. આજે રવિવાર છે તો થાય છે હું જાતે જ જઈને લઈ આવું. ભઠિયારાનું ઠેકાણું તો તમે કહ્યું જ છે."

ભઠિયારાનું ઠેકાણું ફરીથી બતાવતાં ગુપ્તેશ્વરે કહ્યું: "બાબુજી, તમે અહીં કેટલા વખતથી રહો છો?"

"સત્તર-અઢાર વર્ષ થઈ ગયાં છે."

"તો તો શહેરમાં તમારે સારી ઓળખાણ હશે."

"જી, તમારી કૃપાથી અહીં ઘણા લોકો મને ઓળખે છે."

ગુપ્તેશ્વરે કંઈક હિંમતભર્યા સ્વરે કહ્યું: "તો તમે એક જણનું સરનામું શોધવામાં મને મદદ કરી શકશો? એને હું બેઅઢી વર્ષથી શોધું છું પણ હજી સુધી

પત્તો લાગ્યો નથી અને હજી સુધી મેં એની શિકલ જોઈ નથી કે એને વિશે કશું જ જાણતો નથી એ સાંભળીને તો તમે મારી અક્કલ પર હસી દેશો. જો એ જાણતો હોત તો કોને ખબર છે આજ સુધીમાં એને શોધી પણ કાઢ્યો હોત."

શામદાસે કહ્યું: "એને વિશે તમે જે કંઈ જાણતા હો તે કહો. હું ધારું છું કે ક્યાંક ને ક્યાંક એની ભાળ મળી જ આવશે. રેલવેના કામમાં રોજ નવા નવા માણસોથી કામ પડે છે. દુનિયામાં એવો કોણ માણસ છે જે રેલવેના નોકરોની આંખો સામેથી પસાર ન થતો હોય? એને વિશે તમે જે કંઈ જાણતા હો તે એકદમ કહી નાખો."

ગુપ્તેશ્વરે કહ્યું: "મને ફકત એનું નામ જ ખબર છે- બીજું કંઈ નહિ."

"શું નામ છે?"

"તારાચંદ એનું નામ છે...હેં! આ શું? ઊંઘના અભાવે તમારી તબિયત વધારે બગડી રહી લાગે છે. મને લાગે છે આ વાત આપણે અત્યારે અહીં જ રહેવા દઈએ. તમે લાહોર પણ ન જાઓ. રૂમાલની વાત ફરી કોઈ વાર જોઈ લઈશું. હવે થોડી વાર આરામ કરો, તમારો તો રંગ જ એકદમ પીળો પડી ગયો છે."

રૂમાલથી કપાળ લૂછીને બાબુએ ગળું ખોંખાર્યું અને પછી કહ્યું: "ના. તમે ફિકર ન કરો. કોઈ કોઈ વાર મારો જીવ ગભરાઈ ઊઠે છે. પણ હમણાં જ ઠીક થઈ જશે. હા, એ તારાચંદ પહેલાં ક્યાં રહેતો હતો?"

"પહેલાં એ સિયાલકોટમાં રહેતો હતો. (બાબુના ચહેરા સામું જોઈને) ના શ્રીમાન, તમારો અવાજ ધ્રૂજી રહ્યો છે. તમે ખાટલા પર આરામ કરો."

બાબુ શામદાસનો ગભરાટ એકદમ વધી ગયો. રૂમાલથી પોતાના ચહેરા પર હવા નાખતાં નાખતાં કહ્યું: "ઓહ! એને હું બહુ સારી રીતે જાણું છું." આ વખતે શામદાસનો ચહેરો મડદા જેવો થઈ રહ્યો હતો. એ પોતાના હાથ મસળી રહ્યો હતો અને શ્વાસ જાણે એ દમનો દરદી હોય એમ ચાલી રહ્યો હતો.

"તમે એને ઓળખો છો? બહુ સારી રીતે?" ગુપ્તેશ્વરે ખુશ થઈને પૂછ્યું. ખુશીમાં ને ખુશીમાં એ એવો તો ભાન ભૂલી ગયો કે એને જાણે ખોવાયેલો ખજાનો મળી ગયો હોય! પોતાની ખુશીને એ કાબૂમાં રાખી શક્યો નહિ અને ઊભો થઈ ગયો.

શામદાસના ગભરાટનો પણ એને ખ્યાલ ન આવ્યો. ઉતાવળમાં એણે કહ્યું: "મહેરબાની કરીને જલદી કરો. એ ક્યાં રહે છે? એની સાથે મારી મુલાકાત ગોઠવી શકશો?"

"એક વાર શું, સો વાર મેળાપ કરાવી શકું. એની સાથે મારી સારી ઓળખાણ છે," બાબુ શામદાસે પાગલની જેમ આંખો ફેલાવીને ગુપ્તેશ્વરની સામે જોતાં જવાબ આપ્યો.

ગુપ્તેશ્વરે પોતાની વધતી જતી ખુશી અને ઉત્સાહને કાબૂમાં રાખીને અધીરાઈથી પૂછ્યું: "એ ક્યાં રહે છે? શું કરે છે?"

"લાહોરમાં રહે છે અને સરકારી ઑફિસમાં કામ કરે છે."

મહેરબાની કરીને આજે જ એની સાથે મુલાકાત કરાવી આપો. કેટલા વાગ્યે કરાવશો?"

"હું ધારું છું કે સાંજ સુધીમાં હું એને મારી સાથે જ લેતો આવીશ."

"ઓહ! મારા પ્યારા બાબુસાહેબ! હજાર વાર ધન્યવાદ! તમે તો મને ખરીદી લીધો છે. મારી જિંદગીની એક મોટી મુશ્કેલીનો તમે અંત લાવી દીધો છે. હું જાણું છું કે તમે થાકેલા છો અને તમારી તબિયત ખરાબ છે. તો યે અરજ કર્યા વિના રહી શકતો નથી કે તમારે ગમે તેટલી તકલીફ વેઠવી પડે તો પણ આજે જ એની સાથે મેળાપ કરાવી આપો."

આ પછી બન્ને જણા થોડી વાર આરામ કરવા જરા આડા પડ્યા. પણ આખી રાત ઊંઘ્યા નહોતા તોયે એમની આંખ તો ન જ મળી.

જમવાનો વખત થયો એટલે નોકરે રસોઈ કરી અને બન્નેએ નહાવાધોવાનું પતાવીને જમી લીધું.

ગુપ્તેશ્વરને નવલકથાનો અધૂરો કાંડ પૂરો કરવાની સૂચના આપીને શામદાસ સવાબારની ગાડીમાં લાહોર ગયો.

ગુપ્તેશ્વરનો ચહેરો આજે જીવનમાં કદી ન જોયેલી સફળતાના આનંદથી ચમકી રહ્યો હતો.

આજે એની પાસે કાગળોની કોઈ કમી નહોતી. લખવાની સામગ્રી પણ મજાની હતી અને લખવા માટે સ્થાન પણ સારું હતું. આજના જેટલો આનંદ તો એને પહેલાં ભાગ્યે જ કદી થયો હતો. પણ આજે એની પાસે લખવાનું કંઈ બાકી રહ્યું નહોતું. શિકારીને શિકાર મળતો હતો ત્યારે એની પાસે શિકાર પકડવાનાં સાધન અધૂરાં અને નકામાં હતાં. પણ આજે જ્યારે શિકાર કરવાનાં બધાં સાધન સામે પડયાં હતાં તો એનો શિકાર કરવાનો શોખ જ ખતમ થઈ ગયો હતો. જમીને એ ખાટલા પર સૂતો પણ આવનારી મુલાકાતની ઉત્સુકતાએ એને ઊંઘવા દીધો નહિ.

એના મહેરબાન બાબુ, તારાચંદને સાથે લઈને આવે એ ઘડીની એ બહુ અધીરાઈથી રાહ જોઈ રહ્યો છે. છસાત કલાક એણે મિનિટ સેકંડ ગણી ગણીને પસાર કર્યા. એની નજર સામી ભીંતે ટાંગેલા ઘડિયાળ પર જ ચોંટેલી હતી.

છેવટે પાંચ વાગ્યા. ગુપ્તેશ્વર બહાર દરવાજા પાસે આવીને આંટા મારી રહ્યો. સામેના વળાંક પાસેથી કોઈ ટાંગો આવતો દેખાતો તો એનું દિલ ધડકવા માંડતું. કેટલા યે ટાંગા આવ્યા અને કેટલા યે પસાર થઈ ગયા. એની અધીરાઈ પળેપળે વધી રહી.

આખરે એક ટાંગો આવ્યો. પણ એમાંથી બાબુ શામદાસ એકલા જ ઊતર્યા. આવતાં વેંત જ ગુપ્તેશ્વરના દિલની બેચેની સમજીને એણે કહ્યું: "એ આવે છે."

ગુપ્તેશ્વરના જીવમાં જીવ આવ્યો. એણે પૂછ્યું: "ક્યાં?"

શામદાસ ત્યારે હાંફી રહ્યા હતા. એનો ચહેરો ફિક્કો પડી રહ્યો હતો. એનું શરીર ધ્રૂજી રહ્યું હતું. એની આ હાલત જોઈને ગુપ્તેશ્વરને ભારે ફિકર થઈ. એણે પૂછ્યું: "શું થયું ? તમારી હાલત કેમ આવી થઈ ગઈ છે? તમારી તબિયત હજી ઠીક થઈ નથી ?"

પોતાના ગભરાટને ઢાંકવાનો પ્રયત્ન કરતાં શામદાસે કહ્યું: "ના, કંઈ થયું નથી. ગાડી આવવાને વાર હતી એટલે હું લારીમાં આવ્યો. રસ્તામાં એક અકસ્માત થઈ ગયો. લારી એક ઝાડ સાથે અથડાઈ પડી. ઘણા લોકોને ઈજા થઈ. મને તો ખાસ ઈજા થઈ નથી; પણ એ દુર્ઘટના જોઈને દિલ ગભરાઈ ગયું છે."

ગુપ્તેશ્વરે કહ્યું: "તો ચાલો અંદર જઈને આરામ કરો. નોકરને કહું છું કે ગરમ ગરમ દૂધ લઈ આવે અને......"

ઓની વાત અટકાવીને શામદાસે કહ્યું : "ના, શ્રીમાન, મને એવી કોઈ તકલીફ નથી. હું જરા સ્ટેશન સુધી જઈ આવું છું. અમારા જનરલ મેનેજર કોઈક પ્રાઈવેટ કામે અહીંથી પસાર થઈ રહ્યા છે એટલે મારે અને બીજાં બાબુઓએ ત્યાં હાજર રહેવું જરૂરી છે. આ રૂમાલ લો."

ગુપ્તેશ્વરને રૂમાલ આપીને બીજી કોઈ પણ વાત કર્યા વિના ટાંગામાં બેસતાં એણે કહ્યું : "મિસ્ટર તારાચંદ સવા છ વાગ્યે આવશે. હું ધારું છું ૪–૨૫ની ગાડીમાં એ નીકળ્યા હશે."

ટાંગો સડકના વળાંક પાસે થઈને દેખાતો બંધ થઈ ગયો.

સવા છને બદલે સાત વાગ્યા, પણ તારાચંદ હજુ આવ્યો નહિ. ગુપ્તેશ્વર બારણામાં ઊભો ઊભો સડક પરથી આવતા-જતા દરેક જણને ખૂબ ધ્યાનથી જોઈ રહ્યો.

અંધારું જામતું જતું હતું. ત્યાં તો ગુપ્તેશ્વરે જોયું કે લાંબા કદનો એક માણસ બારણા સામે આવીને પૂછી રહ્યો છે: "બાબુ શામદાસનું ઘર આ જ છે?"

ગુપ્તેશ્વર સમજી ગયો કે એ તારાચંદ હતો. એણે કહ્યું : "આવો, તમારું જ નામ મિસ્ટર તારાચંદ છે?"

"જી." કહી એ સીધો જ અંદર આવી ગયો. ગુપ્તેશ્વરે બેઠકમાં જઈને એને ખુરશી પર બેસવાનો ઈશારો કર્યો.

તારાચંદે ઓવરકોટ પહેર્યો હતો અને આંખો દુખવાને લીધે હોય કે બીજા કોઈ કારણે હોય એણે તડકાનાં ચશ્મા પહેર્યાં હતાં. માથે ઢંગધડા વગરની પાઘડી બાંધી હતી અને ઓવરકોટનો કૉલર ઊંચો કરી દીધો હતો તે પરથી લાગતું હતું કે એ ઠંડીથી ઘણો ગભરાઈ રહ્યો હતો.

ઘણી વાર સુધી બન્ને જણા ચુપચાપ ખુરશી પર સામસામા બેસી રહ્યા. આખરે ગુપ્તેશ્વરે મૌન તોડતાં કહ્યું : "શું કહો છો? તમે જ તારાચંદ છો?"

એ બોલ્યો નહિ પણ માથું હલાવીને હા પાડી.

ગુપ્તેશ્વરે ફરીથી કહ્યું : "આજ સુધી હું તમારી જ શોધમાં ભટકતો રહ્યો છું. બીજી રીતે કહું તો તમારું લોહી પીવા માટે જ હું આજ સુધી જીવતો રહ્યો છું," કહેતાં કહેતાં ગુપ્તેશ્વરનો સ્વર ઉગ્ર બની ગયો અને એની આંખો લાલ થઈ ગઈ.

તારાચંદ એ જ રીતે શાન્તભાવે બેઠો રહ્યો. અણે ગંભીર સ્વરે કહ્યું: "તમારું ક્હેવું મને સમજાયું નહિ."

ગુપ્તેશ્વર હવે ગુસ્સામાં ધ્રૂજી રહ્યો હતો. એની રગેરગમાં પ્રતિહિંસા ફૂટી રહી હતી. એ ભાનભૂલ્યો બનીને બોલ્યો: "શું કહ્યું અબે શેતાન? મારું કહેવું તને સમજાતું નથી? ઠીક છે. એ સમજાવવા માટે તો હું આટલા દિવસથી તને શોધી રહ્યો છું."

તારાચંદે કહ્યું: "પણ વધારે વાત કરતાં પહેલાં હું તમારી ઓળખાણ માગી શકું છું?"

"કેમ નહિ?" ગુપ્તેશ્વરે તાડૂકીને કહ્યું. "તું ગુરદેઈ નામની કોઈ સ્ત્રીને ઓળખે છે ખરો?"

"ઓળખું છું. તારે એની સાથે કેવો નાતો છે?"

"નાતો બતાવવા માટે જ તો હું તને શોધી રહ્યો છું. હા, તો એ તારી શું થતી હતી?"

"એ મારી ઘરવાળી હતી."

"તો હવે એ કયાં છે?"

તારાચંદે કોઈ જવાબ આપ્યો નહિ.

ગુપ્તેશ્વરે ફરીથી પૂછ્યું: "એ જીવે છે કે મરી ગઈ છે તેની યે તને ખબર છે ખરી?"

તારાચંદે એ જ રીતે શાન્તિથી બેઠા બેઠા જવાબ આપ્યો: "સાંભળ્યું છે કે મરી ગઈ છે."

"તેં કોની પાસેથી સાંભળ્યું છે?"

તારાચંદ ચુપ રહ્યો.

ગુપ્તેશ્વર ફરીથી તાડૂકયો: "ના, તું જૂઠો છે. તું શેતાન છે. તને બિલકુલ ખબર નથી કે એ જીવે છે કે મરી ગઈ છે. એની ખબર કાઢવાની તારે કોઈ જરૂરે ય નહોતી. તને તો ફકત એટલી ખબર છે કે એને મોતના મોંમાં મૂકીને તું ઘરમાંથી નીકળી ગયો હતો. ત્યાર પછી એની કેવી દુર્દશા થઈ એની તને બિલકુલ ખબર નથી."

તારાચંદ ત્યારે પગથી માથા સુધી ધ્રૂજી રહ્યો હતો. એના મોંમાંથી કોઈ વાત નીકળી નહિ.

એ ગુસ્સાની હાલતમાં બેઠા રહેવાનું ગુપ્તેશ્વરને માટે મુશ્કેલ બની ગયું. ધૂંવાંફૂંવાં થતો એ ઊભો થઈ ગયો. બન્ને મુઠ્ઠીઓ ભીંસીને વાઘની જેમ એ એના પર કૂદ્યો. એક હાથ એની ગરદન પર દાબીને બીજે હાથે એનો ખભો જોરથી હલાવતાં એણે કહ્યું: "બદજાત! ફરેબી! બોલતો કેમ નથી? તું એમ ધારે છે કે આમ પાખંડ રચીશ તો હું તને જીવતો છોડી દઈશ? યાદ રાખ કે દુનિયાની કોઈ તાકાત અત્યારે તને મારા હાથમાંથી છોડાવી શકશે નહિ. (દાંત પીસીને) હું આને (સ્ફૂર્તિથી કોટની નીચેથી એક ધારદાર ચમકતી કટાર કાઢીને) તારી છાતીમાં ઘોંચીને ખોબે ખોબે તારું લોહી પીશ ત્યારે જ મારી આગ બુઝાશે અને મારા દિલને ટાઢક થશે. હું જાણું છું કે બાબુ શામદાસને ઘેર તારા જેવા ચાંડાલને બોલાવીને મેં તેમને એક મોટો અન્યાય કર્યો છે. આ પવિત્ર જગ્યાએ તારું લોહી વહેવડાવીને હું વધારે મોટો ગુનેગાર બની જઈશ. પણ અત્યારે મને એ વાતોની કોઈ પરવા નથી. મને ખાતરી છે કે બાબુ શામદાસને તારાં કરતૂતોની ખબર પડશે ત્યારે એ મને માફ કરી દેશે, એટલું જ નહિ પણ મને શાબાશી આપશે કે મેં એક માણસખાઉ રાક્ષસને મારીને ધરતીનો ભાર હળવો કર્યો છે.

"બોલ, જલદી બોલ!......ખેર, તું કંઈ કહેવા નથી માગતો તો મારે પૂછવાનું યે કામ નથી. તું મારી માનો ખૂની છે; એની અસ્મતનો ચોર છે એટલી મને ખબર છે; અને તે જ મારે માટે પૂરતું છે. શેતાન! મરતાં પહેલાં કંઈ કહેવું હોય તો ઝટપટ કહી નાખ. તને પાંચ મિનિટની મુદત આપું છું."

તારાચંદ એમ જ ધ્રૂજી રહ્યો હતો. એની આંખો જમીન પર જડાયેલી હતી. ગુપ્તેશ્વરે વારંવાર ચેતવ્યો તો યે એણે એની વાતોનો કોઈ જવાબ આપ્યો નહિ.

ગુપ્તેશ્વરે વળી વીજળીના જેવો કડાકો કરતાં કહ્યું: "ઓ જાલિમ! સાંભળ! કાન ખોલીને સાંભળ! એક નિરાધાર અબળાની સાથે વિશ્વાસઘાત કરીને, એને જાળમાં ફસાવીને, એની ઇજ્જત ધૂળમાં મેળવી દેતાં પણ જેને શરમ આવી નહિ અને ઉપરથી પ્રસૂતિની હાલતમાં એને અને એની માસૂમ બાળકીને ઘરઘરની ઠોકરો ખાવા અને આખી દુનિયાની મુસીબતોનો શિકાર બનાવવા દુનિયાને હવાલે

કરીને ચાલ્યો જાય અને છેવટે એ બિચારીને બધી શરમ છોડીને મજબૂરીથી નાચનારી બનવું પડે એવા દુરાચારી માણસને માણસ કહેવડાવવાનો કોઈ હક્ક નથી, તેમ ન તો એને જીવતા રહેવાનો યે કોઈ હક્ક છે."

તારાચંદ પથ્થરનું પૂતળું બનીને બેઠો હતો. ગુપ્તેશ્વરે ફરીથી પૂછ્યું: "શું એવા ચાંડાલને જીવતા રહીને આ ધરતીનો ભાર વધારવાનો કોઈ હક્ક છે? આ વાતનો ન્યાય હું તારા પર છોડું છું. જલદી કહે. આવા ગુનેગારે જીવતા રહેવું જોઈએ ખરું?"

એણે માથું ધુણાવીને ના કહી.

"તો હવે તું મરવા માટે તૈયાર છે?"

એણે માથું હલાવીને હા કહી.

"તો પછી લે, તૈયાર થઈ જા." કહીને એણે એવી ત્વરાથી કટાર ઉઠાવી કે તારાચંદની જગ્યાએ બીજું કોઈ હોત તો એ જોઈને જ એનું દિલ ભયથી ધ્રૂજી ઊઠત.

ત્યારે ઓરડામાં ઠીક ઠીક અંધારું થઈ ગયું હતું. નિશાન ક્યાંક ખાલી જાય નહિ એ ખ્યાલે ગુપ્તેશ્વરે ઊંચો કરેલો હાથ રોકી રાખ્યો અને ઝટ વીજળીનું બટન દબાવ્યું અને ઓરડામાં ઝળહળાટ થઈ રહ્યો. ચિંતા તો એને એ હતી કે તારાચંદ ક્યાંક છટકી જાય નહિ. એટલે એણે ઓરડાને સાંકળ ચડાવી દીધી.

પ્રકાશમાં એની નજર તારાચંદ પર પડી. તો એણે જોયું કે એ ધ્રૂજતે હાથે ખમીસ અને કોટનાં બટન ખોલીને છાતી ખુલ્લી કરી રહ્યો હતો.

એને થયું કે હવે વાર લગાડવી ઠીક નહોતી. અને કટારવાળો હાથ ઊંચો કરીને એ એના તરફ એવો ઝપટયો કે લાગ્યું કે એક જ ઘામાં એ પોતાનું કામ પાર પાડી દેશે. પણ હજુ એનો હાથ એની છાતી સુધી પહોંચ્યો નહોતો તો એની નજર તારાચંદના ચહેરા પર પડી.

એનો હાથ આગળ ન વધતાં પાછળ ખેંચાઈ ગયો અને એ ખુદ આગળ વધ્યો. ગરદન દબાતાં તારાચંદની પાઘડી ઊતરી ગઈ હતી અને ચશ્માંની દાંડીઓ પણ પાઘડીમાં અટવાઈને કાન પરથી ઊતરી ગઈ હતી. ગુપ્તેશ્વરે એના શરીરે હાથ લગાડી જોયો. એ પરસેવે નહાઈ ગયો હતો અને એની છાતી બરફ જેવી ઠંડી થઈ ગઈ હતી.

ગુપ્તેશ્વર ચીસ પાડીને પાછળ ખસી ગયો. એની આંખો સામે અંધકાર છવાઈ ગયો. બીજી જ ક્ષણે એ આગળ વધ્યો અને તારાચંદના ચશ્માં ઉતારીને ધ્યાનથી એના ચહેરા સામે જોયું. એના મોંમાંથી ચીસ જેવો અવાજ નીકળ્યો : "હેં ! શામદાસજી !"

ગુપ્તેશ્વરની આંખોની સામે ઓરડો ઘૂમી રહ્યો હતો. આ બધું એને જાદુના ખેલ જેવું લાગ્યું. કોણ જાણે કેટલીયે વાર સુધી એ એની સામે એકીટશે જોઈ રહ્યો. એનો કટારવાળો હાથ વળી એક વાર ઊંચો થયો પણ પાછો ઝૂકી ગયો અને પછી હાથમાંથી કટાર નીચે પડી ગઈ.

હવે ગુપ્તેશ્વર તારાચંદની છાતીએ વળગેલો હતો. બાપ-દીકરાનું આ અનોખું મિલન હતું.

તારાચંદ એને દઢ આલિંગનમાં લઈને આંસુ સારતાં સારતાં કહી રહ્યો હતો: "ઓ શેતાન બાપની કમનસીબ બેટી સુંદરી! હજી યે તારા કસાઈ બાપને તું જીવતો રાખી રહી છે!"

આ જ વખતે તારાચંદની નજર ફરસ પર પડી. સહેજ અટકીને એ ઊઠયો અને પછી એકદમ ઝપટયો. કટાર એની છાતીને વીંધીને કરોડને અથડાઈ જાત પણ ગુપ્તેશ્વરે એકદમ બન્ને હાથનું બધું બળ વાપરીને એનું કાંડું પકડી લીધું.

કટારની અણી તારાચંદની છાતીને અડકે તે પહેલાં એના હાથ પવનમાં ધ્રૂજી ઊઠતા દીવાની જેમ ધ્રૂજવા લાગ્યા અને એ સાથે જ પ્રેમભર્યો અવાજ સંભળાયો: "પિતાજી, બસ! આ કામ ન કરશો. જે થવાનું હતું તે થઈ ગયું."

તારાચંદ એને કહી રહ્યો હતો: "મારી બેટી, મને માફ કરી દે, આ દુષ્ટ બાપને માફ કરી દે, પણ જીવતો રાખીને નહિ, મારી નાખીને. મારી બેટી, હવે મારે માટે, તેય તારી આંખોની સામે જીવવાનું હજાર વાર મરવા કરતાં યે બદતર છે. એટલે જ હું વેશ બદલીને તારી સામે આવ્યો છું કે તારા કામમાં અંતરાય આવે નહિ. સુંદરી, જલદી કર. આમ મને જીવતો રહેવા દઈને મારાં પાપની ગાંસડીને વધારે વજનદાર બનાવ નહિ. અને વળી, તારી ફરજ પૂરી કર. હા, એ કમનસીબ માતાના હુકમનું પાલન કર. નહિ તો એનો જીવ હમેશાં તરફડયા કરશે અને એ પાપનો બોજો તારે માથે રહેશે."

સુંદરીએ (ગુપ્તેશ્વર નહિ સુંદરીએ) ખૂબ પ્રેમથી એને ઊભો કર્યો અને ખાટલા પર બેસાડતાં કહ્યું: "પિતાજી, મારી ફરજ પૂરી થઈ ગઈ. માઓ જેને મારવાનું કામ મને સોંપ્યું હતું એ તો મારા મારવા પહેલાં જ મરી ચૂકયો છે. એની બૂરી આદતો અને પાપ એક એક કરતાં મરી ચૂકયાં છે. હવે એનું જીવન જુદું જ છે, હવે તો એ એક મહાપુરુષનું જીવન છે."

તારાચંદ ત્યારે બન્ને હાથમાં મોં છુપાવીને હીબકાં ખાઈને રડી રહ્યો હતો. સુંદરી એની બાજુમાં બેસી ગઈ અને પ્રેમથી એને કપાળે હાથ ફરવતાં બોલી: "પિતાજી! તમે ઘણું જીવો! જુગ જુગ સુધી જીવો! હજુ મને તમારી ઘણી જરૂર છે."

તારાચંદથી કંઈ જ બોલી શકાતું નહોતું. સુંદરીએ ફરીથી કહ્યું: "પિતાજી! ઊઠો. મને પ્રેમ કરો. હું તમારી સુંદરી છું, ઓહ! મારા બાપુ! મને ધરાઈને પ્રેમ કરો."

તારાચંદની ધીરજનો બંધ તૂટીને વહી ગયો. રોતાં રોતાં જ એણે સુંદરીનું કપાળ ચૂમી લીધું. પણ એનાથી કંઈ જ બોલી શકાયું નહિ.

આ પછી બન્ને જણાં કયાંય સુધી એકબીજા તરફ જોઈ રહ્યાં, જાણે એમનાં બધાં જ અંગ આંખોનું કામ કરી રહ્યાં ન હોય! સુંદરીએ કહ્યું: "પિતાજી! તમે મને પહેલેથી જ ઓળખી કાઢી હતી?"

તારાચંદે સ્વસ્થતા ધારણ કરતાં કહ્યું: "બેટા! બિલકુલ તો નહિ પણ શંકા તો જરૂર પડી હતી. પણ તેં રૂમાલની વાત કરી ત્યારે મારી શંકા વળી પાકી થઈ. ગુપ્તેશ્વર તે સુંદરી જ છે. અને રૂમાલ જોયો ત્યારે મનમાંથી રહીસહી શંકા પણ નીકળી ગઈ."

સુંદરીને યાદ આવ્યું કે બચનસિંહને ફાંસીની સજા મળી તે પછી સોયદોરાથી એણે રૂમાલના એક ખૂણા પર ભરતકામ કર્યું હતું: "કમનસીબ સુંદરીના ખોવાયેલા તાજની આખરી નિશાની."

તારાચંદે વળી પોતાની વાત ચાલુ રાખી. "બેટી, ખરેખર તો એ પિછાનનું મૂળ સ્ટેશન પર મેં તને ગિરફતાર કરી ત્યારથી પડી ચૂકયું હતું. તારી આંખો સામે જોતાં તારી મા ગુરદેઈની તસવીર મારી નજર સામે આવી ગઈ હતી. એની આંખો બિલકુલ તારી આંખોના જેવી જ હતી. બીજી રીતે કહું

તો કાલે અઢાર-ઓગણીસ વર્ષ પછી તારી માને તારી જ આંખોમાં મેં જોઈ હતી પણ કેટલાક લોકોની શિકલ કુદરતી રીતે જ એકબીજાને મળતી આવી જતી હોય છે એટલે તે તરફ મેં બહુ ધ્યાન આપ્યું નહિ. પણ બેટી, તારી જીવન-કહાણીમાં રૂમાલની વાત તો ક્યાંય આવી નહિ."

સુંદરી આંખો ઢાળીને બોલી: "પિતાજી! તમે સાંભળ્યું નહિ કે હું રોડૂની ઝૂંપડીમાં રહેતી હતી ત્યારે એક દિવસ એ આવ્યા હતા. તે દિવસે અમારી વાંદરી ખોવાઈ ગઈ હતી. હું રડી રહી હતી અને ત્યારે એમણે રૂમાલ કાઢીને મારી આંખો લૂછી હતી. આ એ જ રૂમાલ છે જે મારી પાસે જ પડયો રહ્યો હતો. બસ, એમની એક આ જ તો ...." કહેતાં કહેતાં સુંદરીની આંખો છલકાઈ આવી અને એનું ગળું ભરાઈ આવ્યું.

તારાચંદે ઠંડો શ્વાસ લઈને પૂછ્યું: "પણ બેટી, તેં તો લખ્યું છે ને કે સુંદરી નદીમાં ડૂબી ગઈ હતી!"

"બરાબર છે! ડૂબી ગઈ હતી, પણ મરી ગઈ નહોતી, હું તણાઈ જતી હતી તે જોઈને એક ઘરડા માછીમારે મને બચાવી લીધી હતી. ઘણો નેક માણસ હતો. હજીયે એને હું વારંવાર સંભારું છું."

"બેટી! તો પછી તું અમૃતસર આવી?"

"જી."

"તેં તારો વેશ કેમ બદલી નાખ્યો?"

"એનાં કેટલાંક કારણ હતાં. એક તો પોલીસનો ડર હતો કારણકે મેં ત્રણ ખૂન કર્યાં હતાં. બીજું, એમનો હુકમ હતો કે મારે એમની માની સેવા કરવી. એટલા માટે લખી લખીને હું કંઈક પૈસા કમાતી હતી; ત્રીજું, હું એમ પણ ઇચ્છતી હતી કે બીજાં પુસ્તકો ઉપરાંત મારી આપવીતી અને સમાજના 'સફેદ લોહી'ની તસવીર પણ પુસ્તકરૂપે તૈયાર કરું કે જેથી દુનિયાને કંઈક ફાયદો થાય; અને ચોથું કામ હતું તમને ..." કહેતાં કહેતાં સુંદરી અટકી ગઈ અને એની નજર ઝૂકી ગઈ.

તારાચંદે કહ્યું: "તો બેટી, હવે તો તારાં બધાં કામ પાર પડી ગયાં ને?"

જરા વાર ચુપ થઈને એણે કહ્યું: "જી, મારા બધાં કામ પૂરાં થઈ ગયાં છે. હવે હું મારી જવાબદારીઓમાંથી મુક્ત થઈ ગઈ છું."

"હવે તો તું કાયમ મારી નજર સાથે જ રહીશ ને?"

"હા પિતાજી! જીવીશ ત્યાં સુધી તમારી પાસે જ રહીશ."

તારાચંદે પ્રેમથી વિહ્વળ થઈને કહ્યું: "હું મારી બેટીને માટે જઈને હમણાં જ કપડાં સિવડાવી લાવીશ. તું તારો આ વેશ બદલી નાખજે."

"હા, પિતાજી! કાલે જરૂર આ વેશ બદલીને મારા અસલી રૂપરંગમાં આવી જઈશ."

"તને એ રૂપમાં જોઈને મને કેવો આનંદ થશે!"

"પિતાજી, તમારે જરૂર રાજી થવું જોઈએ. તમારા દિલમાં ખુશી ન જાગે તો યે તમારે ખુશ થવું જોઈએ! એક તો મારી સફળતાનો આનંદ અને બીજું હું મારા અસલી રૂપમાં આવી જઈશ તેનો આનંદ."

"વાહ, મારી ભોળી બેટી. મારું દિલ કેમ ખુશ નહિ થાય? એ તે કંઈ વાત છે?"

"વાહેગુરુજી કરે ને એવું જ થાય."

"હા, અને દીકરી, આ કાંડનો બાકીનો ભાગ?"

"એ કાલે સવારે તમારી સામે હશે."

પછી જરા વાર રોકાઈને સુંદરી બોલી: "પણ પિતાજી, તમે તમારી તો કોઈ વાત કરી નહિ."

"બેટી, મારી વાત તો એવા પાપ અને દુરાચારથી ભરેલી છે કે તારી સામે તેને હું મારી જીભે લાવી શકું એમ નથી. શુકર છે કે તને મેં કંઈ કહ્યું નથી. એટલું જ કે તારી માને મોતના મોંમાં છોડીને, બધું સમેટીને હું ત્યાંથી ચાલી નીકળ્યો, ત્યાર બાદ થોડા દિવસ મેં ભટકયા કર્યું અને પછી અહીં રેલવેમાં નોકરી મળી ગઈ. એ પણ એક સંયોગ જ હતો. એ દિવસોમાં રેલવે નોકરોની હડતાળ ચાલતી હતી અને ટપાલ સિવાય બધી ટ્રેનો બંધ હતી. આખરે કામ ચાલુ રાખવા માટે રેલવે તરફથી નવા માણસોની ભરતી થઈ રહી અને એ રીતે મને રેલવેમાં જગા મળી ગઈ. મારી પાછલી જિંદગી ખતરનાક હતી તેથી મને

તરેહતરેહનાં જોખમોનો આભાસ થઈ રહ્યો હતો એટલે મેં મારું નામ બદલી નાખ્યું હતું. વળી એ ડર પણ હતો કે ભૂતકાળની દગાખોરી અને કુકર્મોને કારણે ક્યાંક એવું ન બને કે મારે પણ કયારેક અદાલતના પાંજરામાં ઊભા રહેવું પડે."

આ પછી તારાચંદ બજારમાં જઈને સુંદરીને માટે કપડાં લઈ આવ્યો અને મોડી રાત સુધી વાતો કરતાં કરતાં બન્ને જણાં ઊંઘી ગયાં.

સવારે તારાચંદ સુંદરીના ઓરડામાં ગયો તો એણે જોયું કે સુંદરી સ્ત્રીના વેશમાં સોડ તાણીને સૂતી હતી. એણે સુંદરીને બોલાવી, પછી હલાવી, પણ એ ન બોલી કે ન ચાલી. એના મોં પરથી એણે કપડું ખસેડયું તો એ કપાળે હ થ દઈને બેસી ગયો. સુંદરી હમેશને માટે ઊંઘી ગઈ હતી. એના ચહેરા પર કોઈ સ્વર્ગીય કિરણ રમી રહ્યું હતું અને હોઠ પર સફળતાનું સ્મિત હતું. કાલવાળો રૂમાલ એની છાતી પર પડેલો હતો અને તે એણે વિયોગની વેળાએ કોઈ પોતાના પ્રાણ કરતાં યે પ્યારા સાજનનો હાથ પકડી લે તેમ પકડી રાખ્યો હતો. એ રૂમાલનો રંગ લાલ હતો. એટલે શામદાસને એકદમ તો ન સમજાયું કે બીજી કોઈ વસ્તુ પણ એ રંગને વધારે ઘેરો બનાવી રહી હતી. રૂમાલની નીચે એને કાલવાળી એ જ કટારની મૂઠ દેખાઈ. બાબુના હૈયામાંથી એક ચીસ નીકળી ગઈ, અને એ વિલાપ કરવા લાગ્યો. ત્યાં તો એની નજર ટિપોય પર પડેલા કાગળ પર પડી, સુંદરીનો આખરી પત્ર આ પ્રમાણે હતો:

"મારાં માનનીય પિતાજી,

"હું જાણું છું કે તમે ભારે ધીરજ અને હિંમતવાળા છો, અને તમે આધ્યાત્મિક જ્ઞાન પણ પ્રાપ્ત કરેલું છે. હું આટલી જલદી તમારાથી વિખૂટી પડી રહી તેનું કંઈ તમને ઓછું દુ:ખ થશે નહિ. પણ પિતાજી, મારી હાલતનું અનુમાન કરશો તો તમારા દિલને જરૂર શાન્તિ મળશે.

"તમે જાણો છો કે મારા જીવનાધાર વિના મેં આ બે-અઢી વર્ષ ગાળ્યાં છે અને તે એટલા જ માટે કે એમનો હુકમ પાળવાનો હતો. એમના હુકમમાં એ

તાકાત હતી કે એમના વિયોગમાં પણ હું જીવતી રહી. નહિ તો એમના વિયોગમાં એકાદ શ્વાસ લેવાનું પણ મારે માટે મુશ્કેલ બની જાત.

"પણ પિતાજી, આટલું હોવાં છતાં એક વાતે મારું દિલ વારંવાર ગોથાં ખાઈ જાય છે. મારાથી એક પાપ થઈ ગયું છે—પાપ જ નહિ, બલકે મારા માલકના હુકમનું ઉલ્લંઘન પણ. તે માટે તો વાહેગુરુજી મને સજા દેશે જ, પણ ડર છે કે એ પણ મને માફ તો નહિ જ કરે.

"એ પાપ છે પાલાસિંહ અને એના સાથીઓના જીવ લેવાનું. પણ ત્યારે હું આંધળી બની હતી. ક્રોધ અને પ્રતિહિંસાએ મારી અક્કલ પર પડદો પાડી દીધો હતો. એમણે (મારા પતિએ) મને સમજાવવાની પાર વિનાની કોશિશ કરી અને હું સમજી પણ ખરી. પણ મને કોણ જાણે શું યે થઈ ગયું હતું. અને એમ જ લાગતું હતું કે એમના મૃત્યુનો બદલો લેવાનો એના કરતાં મોટો બીજો કોઈ રસ્તો હતો નહિ. પણ મને આજે ખબર પડી છે—પિતાજી, તમને જોઈને મારી આંખો ખૂલી ગઈ છે કે બદલો લેવાનો સૌથી સારો અને કુદરતી માર્ગ તો મેં તમારો જે રીતે બદલો લીધો એ જ છે. અર્થાત્ જે રીતે મારી રચનાઓ વાંચતાં વાંચતાં તમારા જીવનની કાયાપલટ થઈ ગઈ છે એ જ હથિયાર જો મેં ખૂનીઓ પર અને સમાજ પર ચલાવ્યું હોત, દિલને બદલે દિમાગથી અને છરીને બદલે કલમથી કામ લઈને આગળ વધતી આવી હોત તો એ લોકોની જિંદગી પલટાઈ જાત, એટલું જ નહિ પણ બીજા માર્ગભૂલ્યા લોકોને પણ સાચો રસ્તો મળી જાત.

"પણ વીતેલો વખત હવે હાથ નહિ આવે. એટલે મારા પ્યારા પિતાજી, તમે એ સરજનહારની આગળ એ જ પ્રાર્થના કરજો કે મારા પર રહેમ કરે.

"એમણે મને હુકમ કર્યો હતો કે જ્યાં સુધી એમની ઘરડી માની જવાબદારીમાંથી મુક્ત ન થઈ જાઉં ત્યાં સુધી એમની પાસે ન જાઉં. હવે તમે મળી ગયા છો અને હું હમેશને માટે મારી સાસુ વિશે બેફિકર થઈ ગઈ છું. આજથી એ ચિંતા તમારે માથે છે.

"એ ઉપરાંત મારી મા પ્રત્યેની એક ફરજ મારે માથે બાકી હતી તે પણ પૂરી કરી રહી છું. એનો આત્મા—જે તમારા લોહીથી શાન્ત થવા ઈચ્છતો હતો તે તમારાં આંસુથી વધારે શાન્ત થશે. મને તેની પૂરી ખાતરી છે.

"ચોથી મારી પોતાની ફરજ મારે માથે હતી. તે ફરજ હતી મારી આપવીતીને નવલકથારૂપે લખીને, કઠોર અને નિર્દય સમાજનું જીવતુંજાગતું ચિત્ર ખેંચીને દુનિયાની સામે મૂકવાની. એ કામ પણ પૂરું થઈ ગયું છે. હવે મારી જિંદગીની બધી ફરજો પૂરી કરીને મારા શરીરનાં ઠીકરાંને એ સમાજને માથે ઠોકીને મારા પ્રિયતમનાં ચરણોમાં જઈ રહી છું.

"મારા પ્રિય પિતાજી! તમે જ તો રાતે કહ્યું હતું: 'બેટી, તારા અસલી રૂપમાં તને જોઈને હું ખુશ થઈશ.' તો આશા છે કે તમારું એ વચન તમે જરૂર પાળશો અને મને મારા આ અસલી સ્વરૂપમાં જોઈને ખુશ થશો.

"જીવતી રહીને મારા પિતાની છત્રછાયામાં રહેવાનો આનંદ માણી શકી નહિ. પણ પિતાજી! મારું જીવન માળ વિનાનો ચરખો કાંતવા જેવું હતું. અને વળી તૂટેલું દિલ અને જોડેલી ખીલી છેવટે કેટલા ઘા ખમી શકે? સૌથી મોટી વાત તો એ કે અત્યારે તો મારી સ્થિતિ ભાગેડું ખૂની જેવી છે. ફાંસી પર ચડવાને બદલે છરી ખાઈ લેવાનું મને વધારે સુખદ લાગી રહ્યું છે. મેં તમને વચન આપ્યું હતું કે જીવીશ ત્યાં સુધી હું તમારી પાસે જ રહીશ. તો તમે જુઓ છો કે મેં મારું વચન છેવટ સુધી પાળી બતાવ્યું છે. તે ઉપરાંત તમે કેટલી યે વાર નવલકથાનો અધૂરો કાંડ પૂરો કરવાનું કહ્યું છે. તમે જાણો છો કે મારી જિંદગી અને મારું પુસ્તક મૂળે તો એક જ વસ્તુ છે. એટલે મારી નવલકથાના અધૂરા કાંડનો બાકીનો ભાગ પૂરો થઈ જાય છે તે સાથે જ મારા જીવનની નવલ-કથાના અધૂરા કાંડનો પણ આખરી હિસ્સો પૂરો થઈ જાય છે.

"તો મારા પૂજ્ય પિતાજી! આશીર્વાદ આપો કે સ્વર્ગમાં જઈને મારા પ્રિય-તમની કોટે વળગીને આ લાંબા વિયોગનાં દુ:ખોને ભૂલી જઉં અને અનંતકાળ સુધી એ જીવનાધારનાં ચરણોની સેવા કરતી રહું.

"મારા પ્રિય પિતાજી! તમારી બેટીના આખરી પ્રણામ. જીવનમાં પહેલી અને છેલ્લી વાર મળીને સદાને માટે વિખૂટી પડી રહેલી રસ્તાની એક મુસાફર—

તમારી સુંદરી"